૭૦
૭૨
ગુજ (૨)

સદ્ગુરુ શ્રી રાઘવજીભાઈ કૃત

પંચીકરણ



CC-0. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પુસ્તકમાં કયા કારણથી યુવાનોને વૃદ્ધાવસ્થા જલદી આવે છે? વૃધ્ધોએ કયા વ્યાયામ પ્રયોગ, કઈ વનસ્પતિના કલ્પનો ઉપયોગ અને મનની કયા પ્રકારની ભાવનાથી શરીર મરણ પર્યન્ત નિરોગી રહે તે વિષય દર્શાવેલો છે. ગ્લેજ ઉત્તમ કાગળ, સુંદર સ્વચ્છ છપામણ હાલ છપાય છે. જેઓ ગ્રાહક થવા ઇચ્છા રાખતા હોય તેઓ પોતાનું નામ નોંધાવી શકશે. પુસ્તક તૈયાર થયે ગ્રાહકોને ખબર આપવામાં આવશે.

સરલ યોગ શિક્ષા—કર્ત્તા ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતા. આ પુસ્તકમાં ગ્રહસ્થાશ્રમી સાધકો માટે યોગની સરસ ક્રિયાઓ પ્રગટ થઈ છે! ઋષિ મુનિઓએ એવાસરસ પ્રયોગો બનાવ્યા છે કે—

ગ્રહસ્થાશ્રમી જનો તેનો સહેલાઇથી ઉપયોગ કરી શરીર નિરોગી બનાવી ભગવદ્દર્શન કરી શકે છે. ભોગ—મોક્ષના અધિકારી બની શકે છે. જે જે બાબતો ન સમજાય તે સર્વ ચિત્રો આપી સમજાવવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. ગ્લેજ ઉંચા કાગળ, સ્વચ્છ છપામણ છપાય છે. જેઓ ગ્રાહક થવા ઇચ્છા રાખતા હોય તેઓ પોતાનું નામ નોંધાવી શકશે. પુસ્તક તૈયાર થયે ગ્રાહકોને ખબર આપવામાં આવશે.

શ્રી રામકૃષ્ણ પરમહંસ—કર્ત્તા ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતા. સુધારાવધારા સાથે આવૃત્તિ બીજી પુષ્ટ ૯૭૫ ૧૧ ચિત્રો મજબુત જાડુ પુંઠું ચીકણા કાગળ. વિશ્વવંદ્ય સ્વામી વિવેકાનંદજીના ગુરૂદેવનું સંપૂર્ણ વિસ્તૃત જીવન ચરિત્ર તથા ૭૫૦ ઉપદેશામૃત સહિત કિમત રૂા. ૮–૦–૦ પોસ્ટેજ૦–૧૨–૦ આના જુદા.

વેદાન્તનાં સંસ્કૃત હીન્દી અને ગુજરાતી પુસ્તકો મળવાનું ઠેકાણું.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે—બુકસેલર

ત્રણ દરવાજા—અમદાવાદ.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ૐ

સદ્‌ગુરૂ શ્રી રામબાવા તથા શ્રી શંકરાચાર્ય કૃત.

પંચીકરણ.

[શિઘ્રબોધિની ગુજરાતી ટીકા, દોહા, ચોપાઇ આદિ સહિત.]

ભાષાન્તર કર્તા:

વેદાન્તકવિ હીરાલાલ જાદવરાય બુચ,

ભાવનગર.

भिद्यन्ते हृदयग्रन्थिः छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् द्रष्टे परावरे ॥
देहाभिमाने गलिते विज्ञाते परमात्मनि ।
यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः ॥

પ્રકાશક:

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, બુકસેલર

ત્રણ દરવાજા—અમદાવાદ.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અસ્તિ ભાતિ પ્રિયેથી આ પ્રસરેલું એક બ્રહ્મ છે,
અન્વય બ્રહ્મ છે સૌમાં, દ્વૈતનો વ્યતિરેક છે;
એકજ છે અદ્વય બ્રહ્મ, બીજું નોખું નથી અહીં,
હીરો હું બ્રહ્મ તો, બીજી અનુક્રમણિકા નહીં.

वेदान्तकवि.

तावद्गर्जन्ति शास्त्राणि जम्बुका विपिने यथा।
न गर्जति महामाया यावद्वेदान्त केसरी॥

× × × ×

अखंडानन्दबोधेन शिष्यसंताप हारिणे।
सच्चिदानन्दरुपाय रामाय गुरुवे नमः॥

(છાપવા–છપાવવાના સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે.)

આવૃત્તિ ૨ જી પ્રત ૨૦૦૦ સંવત ૧૯૯૩

સુદામા પ્રિન્ટીંગ પ્રેસમાં જયંતિલાલ માધવલાલ મ્હેતાએ છાપ્યું.
સીવીલ ઇસ્પીતાલ સામે, પાનાભાઈની વાડી, ઘીકાંટા–અમદાવાદ.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

अनुक्रमणिका.

यत्राकाशावकाशः कलयति च कलामात्रतां यत्रकालो ।
यत्रैवाशावसानं ब्रह्मदिह विराट् पूर्वमर्वानिवास्ते ।
सूत्रं यत्राविरासीन्महदपि महतस्तद्धि पूर्णाच्चपूर्णम् ।
सम्पूर्णादर्णवादेरपि भवति यथा पूर्णमेकार्णवाम्भः ॥

भूतेष्वात्मानमात्मन्यनुगतमखिलं भूतजातं प्रपश्ये-
त्प्रायः पाथस्तरंगान्वय वदथचिरं सर्वमात्मैव पश्येत् ।
एकं ब्रह्मादितीयं श्रुतिशिरसि मतं नेह नानास्ति किंचित् ॥
मृत्योराप्नोति मृत्युं स इह जगदिदं यस्तु नानेव पश्येत् ।

आदौ मध्ये तथांते जनिमृति फलदं कर्म मूलं विशालम् ॥
ज्ञात्वा संसारवृक्षं भ्रमपद मुदिताशोकतानेक पत्रम् ।
कामक्रोधादिशाखं सुत पशु वनिता कन्यका पक्षिसंघं ॥
छित्वाऽसगासिनैनं पटुमतिरभितश्चिंतयेद्वासुदेवम् ।

यावान्पिण्डो गुडस्य स्फुरति मधुरीमैवास्ति सर्वोऽपितावा ॥
न्यावान्कर्पूरपिण्डः परिणमति सदा न्मोद एवात्र तावान् ।
विश्वं यावद्विभाति द्रुमनगनगरा रामचेत्याभिरामं ॥

तावच्चैतन्यमेकं प्रविकसति यतस्तत्तदात्मावशेषम् ।
स्मृत्या लोकेषु वर्णाश्रम विहितमदो नित्य काम्यादिकर्म ॥
सर्वं ब्रह्मार्पणं स्यादिति निगमगिरः संगिरंतेति रम्यम् ।
यन्नास्नानेत्र जिह्वाकर चरणशिरः श्रोत्रसंतर्पणेन ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

यंभातं चिद्घनैकं क्षितिजल पवनादित्य चन्द्रादयोये ।
भाषा तस्यैव चानु प्रविरल गतयो भांति तस्मिन्वसंति ॥
विद्युत्पुंजोग्नि संघो प्युडुगण विततिर्भासयेत्किं परेशं ।
ज्योतिः शान्तं ह्यनन्तं कविमजममरं शाश्वतं जन्मशून्यम् ॥

तद्ब्रह्मैवाहमस्मीत्यनुभवउदितो यस्यकस्यापिचेद्वै ।
पुंसःश्रीसद्गुरुणामतुलितकरुणापूर्ण पीयूषदृष्ट्या ॥
जीवन्मुक्तः स एव भ्रमविधु रमना निर्गते नाद्युपाधौ ।
नित्यानन्दैकधाम प्रविशति परम नष्ट सन्देहवृत्तिः ॥

किं ज्योतिस्ते ववस्वाह निरविरिहमे चन्द्रदीपादिरात्रौ ।
स्यादेवं भानुदिपादिक परिकलने किं तवज्योतिरस्ति ॥
चक्षुस्तन्मीलने किं भवति च सुतरां धीर्धियः किं प्रकाशे ।
तत्रैवाहं ततस्त्वं तदसि परमकं ज्योतिरस्मि प्रभोहम् ॥

कंचित्कालं स्थितः को पुनरिहं भजते नैवदेहादि संघ ।
यावत्प्रारब्धभोगं कथमपि ससुखं चेष्टते संग बुद्धया ॥
निर्द्वंद्वो नित्यशुद्धो विगलीतममताहंकृतिर्नित्यतृप्तो ।
ब्रह्मानन्द स्वरुपः स्थिरमति रचलो निर्गताशेषमोहः ॥

नोदेहो नेन्द्रियाणि क्षरमति चपलं नो मनो नैव बुद्धिः ।
प्राणो नेवाहमस्मीत्यखिल जडमिद वस्तुजातं कथं स्याम् ॥
नाहंकारो न दारागृह सुतसुजनक्षेत्र चित्तादि दूरे ।
साक्षीवित्प्रत्यगात्मा निखिल जगदधिष्ठानभूतः शिवोऽहम् ॥

॥ शंकर ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

पंचीकरण रहस्य.

સમગ્ર નિગમાગમોકત પુરૂષાર્થ ચતુષ્ટય વિષે જન્મ મરણાદિદુઃખની અત્યન્ત નિવૃત્તિપૂર્વકપરમાનન્દની પ્રાપ્તિરૂપ મોક્ષ નામનો પરમ પુરૂષાર્થ કહેવાય છે. આ મોક્ષનું સાચું સાધન કેવળ ભેદ રહિત આત્મજ્ઞાનજ છે એમ વેદમાન્ય છે. આ વિષયમાં સર્વની એક વાક્યતા છે. હવે એવું અભેદજ્ઞાન મેળવવા વાસ્તે અધિકાર પરત્વે અનેક પ્રક્રિયાઓ હોય છે તોપણ તે અભેદજ્ઞાન તત્પદને ત્વંપદના શોધનને આધીન છે. તત્પદ ઇશ્વર વાચક છે ને ત્વંપદ જીવ વાચક છે. આ ઉભયપદનું લક્ષ્ય રહસ્ય સમજવા માટે અદ્વૈત પરમાત્માનાં જ્ઞાનનાં નિરૂપણવાળું માત્ર એક વેદાન્ત શાસ્ત્રજ પ્રબળ ઉપાય છે. શ્રવણ મનન નિદિધ્યાસદ્વારા વેદાન્તશાસ્ત્રનાં ચિન્તનથીજ નિર્દોષ તત્ત્વજ્ઞાન થાય છે. બ્રહ્મ વિદ્યાને પ્રતિપાદન કરનારાં ઉપનિષદ્, ગીતા ને બ્રહ્મસૂત્ર એ પ્રસ્થાન ત્રયમાં પ્રાકૃત મનુષ્યોનો પ્રવેશ ન થાય તેટલા વાસ્તે અનાદિકાળથી ભારતવર્ષમાં મહાત્માઓ પ્રકરણ ગ્રન્થોની રચના અનેક ભાષામાં કરતા આવ્યા છે. જેમ કર્મશાસ્ત્રનો આરમ્ભ **अथातो धर्म जिज्ञासा** થી થાય છે તેમ વેદાન્તશાસ્ત્રનો આરમ્ભ **अथातो ब्रह्म जिज्ञासा** થી થાય છે. નિષ્કામ કર્મયોગ કર્મશાસ્ત્રની અવધિ છે તે વેદાન્ત શાસ્ત્રમાં માત્ર તે હૃદયશુદ્ધિનું સાધન છે. ઉપાસનાનું પણ તેમજ છે. શ્રવણાદિ જ્ઞાનનાં સાધન છે અને મહા વાક્ય વિચાર એ જ્ઞાનનું સાક્ષાત સાધન છે. વિવેકાદિ સાધનોથી અધિકારી થવાય છે. સદ્ગુરૂ એ એક અસાધારણ સાક્ષાત્ જ્ઞાનનું સાધન છે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સાધન ચતુષ્ટય સમ્પન્ન મુમુક્ષુ ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ વિષે મોક્ષને શ્રુતિસ્મૃતિ પ્રમાણદ્વારા નિત્ય જાણે અને બીજા ત્રણને અનિત્ય જાણે. આમ જાણીને નિદિધ્યાસરૂપ સમાધિમાં પ્રવૃત થાય, મુમુક્ષુ સન્યાસીઓને આ સમાધિ સુલભ છે. જીવ બ્રહ્મની એકતારૂપ જ્ઞાનથી અ સમાધિ સતત્ અભ્યાસ છે. વૃત્તિજ્ઞાન પ્રમાણ-જન્ય હોવાથી પ્રમાણોનું જ્ઞાન અગત્યનું છે. અજ્ઞાત વસ્તુને જણાવનાર જ્ઞાનનું કારણ એ પ્રમાણ છે. જ્ઞાન વૃત્તિરૂપ છે. આવાં વૃત્તિરૂપ જ્ઞાનના બે ભેદ છે. એક પારમાર્થિક ને બીજું વ્યાવહારિક, તત્ત્વમસિ આદિ મહા વાયક જન્ય વૃત્તિરૂપ જ્ઞાન પારમાર્થિક છે. વ્યવહારિક વૃત્તિરૂપ જ્ઞાનના પ્રમા અને અપ્રમા એવા બે ભેદ છે. અપ્રમાના સ્મૃતિ અને અનુભવ એમ બે ભેદ છે. સ્મૃતિરૂપ અપ્રમાના યથાર્થ ને અયથાર્થ એવા બે ભેદ છે. યથાર્થ સ્મૃતિ પણ વળી આત્મગોચર અનાત્મગોચર ભેદથી બે પ્રકારની છે. તે વિષે આત્મગોચર યથાર્થ સ્મૃતિ તત્વમસિઆદિ મહાવાક્યના અનુસન્ધાનરૂપ છે ને બીજી અનાત્મગોચર યથાર્થ સ્મૃતિ "શુકિતરૂપ્યની પેઠે દૃશ્ય હોવાથી પ્રપંચ મિથ્યા છે" "જે આમ નથી તે તેમ નથી. જેમ આત્મા" ઇત્યાદિ અદુષ્ટાનુમાન સિદ્ધ પ્રપંચ મિથ્યાત્વનાં અનુસન્ધાનરૂપ છે. અયથાર્થ પ્રમાનાં બીજાં નામ સંશય, વિપર્યય ને તર્ક છે. તે આત્માને અનાત્મા ઉભયને વિષય કરે છે. દેહાદિથી હું ભિન્ન છું કે નહિ! ભિન્ન છતાં કર્તા ભોક્તા છું કે નહિં! અકર્તા છતાં બ્રહ્મની સાથે એકતા છે કે નહિં ઇત્યાદિ આત્મગત અસમ્ભાવના છે. સ્થાણું છે વા પુરૂષ છે ઇત્યાદિ અનાત્મગત અસ-મ્ભાવના છે. હું કર્તા છું ઇત્યાદિ અને રજ્જુમાં સર્પ છે ઇત્યાદિ વિપરીત જ્ઞાન છે. યથાર્થ અપ્રમા પણ સુખાદિ વિષયક જ્ઞાન સ્મૃતિજ્ઞાન, ઇશ્વરજ્ઞાન વગેરે છે. યથાર્થ પ્રમા પ્રત્યક્ષ, અનુમિતિ, ઉપમિતિ શાબ્દી, અર્થાપત્તિ, અભાવ એ ભેદથી છ પ્રકારની છે. પ્રમાનું જે કરણ તે પ્રમાણ કહેવાય છે. પ્રમાણ અજ્ઞાત વસ્તુને જણાવનાર છે. પ્રત્યક્ષ પ્રમાનું કરણ ઇન્દ્રિયોપ્રત્યક્ષ પ્રમાણ છે, પ્રત્યક્ષપ્રમા જ્ઞાનગત ને જ્ઞેયગત એમ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

બે પ્રકારની છે. એમાં યોગ્ય વર્તમાન વિષયચેતન, વૃત્તિ ચેતન; ને અન્તઃકરણ-ચેતન; એમની એક દેશમાં અને એક કાળમાં સ્થીતિ હોવાથી જે અભેદ, તે જ્ઞાનગત પ્રત્યક્ષ છે. આવાં ચેતનની સાથે કલ્પિત વિષયોનો જે અભેદ તે વિષયગત પ્રત્યક્ષ છે; તે પ્રત્યક્ષ પુનઃ નિર્વિકલ્પને સવિકલ્પ એમ બે પ્રકારનું છે. નિર્વિકલ્પક અખંડ વસ્તુને વિષય કરનારૂં જ્ઞાન છે. ત્રિકાલાબાધ્ય વસ્તુ તે અખંડ વસ્તુ છે. તેના જ્ઞાનમાં વિશેષ્યતા, પ્રકારતા ને સંસર્ગતારૂપ વૈશિષ્ટ્ય જ્ઞાન નથી તેથી તેને સંસર્ગાનવગાહી યથાર્થજ્ઞાન કહે છે. વિશિષ્યતા વગેરેથી યુકતજ્ઞાન તે સવિકલ્પક કે સપ્રકારક કહે છે. તત્ત્વમસ્યાદિ વાક્યથી થતું જ્ઞાન નિર્વિકલ્પક છે કેમકે વિશિષ્ટ ચેતનનું જીવ તથા ઇશ્વરનું ગ્રહણ કર્યા વિના સંસર્ગ રહિત શુદ્ધ ચેતનનું ગ્રહણ કરે છે. આમ છે તેથી એક ઇન્દ્રિયથી, બીજું શબ્દથી, અને ત્રીજું સાક્ષીથી એમ પ્રત્યક્ષ જ્ઞાન ત્રણ પ્રકારે થાય છે. અવિદ્યા, અવિદ્યા વૃત્તિ, અન્તઃકરણ અંતઃકરણ-વૃત્તિ એમાં પ્રતિબિમ્બત પામેલું ચેતન સાક્ષી છે. અનુમતિનું કરણ વ્યાપ્તિજ્ઞાન તે અનુમાન છે, અવિનાભાવ સમ્બન્ધજ્ઞાન તે વ્યાપ્તિજ્ઞાન છે, જેના વિના જે ન રહે તેનું નામ અવિનાભાવ સમ્બન્ધ છે. જેમ અગ્નિ વિના ધૂમ રહેતો નથી. આ અનુમાન સ્વાર્થ ને પરાર્થ ભેદથી બે પ્રકારનું છે, સ્વાર્થાનુમાન પોતાની અનુમિતિનું હેતુ છે, પરાર્થાનુમાન ન્યાય સાધ્ય છે, ન્યાય નામ અવયવના સમુદાયનું છે, અહિં પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, એ ત્રણ અવયવ છે, જેમ "પ્રપંચ મિથ્યા છે" પ્રતિજ્ઞા છે, 'દ્રશ્ય છે તેથી' એ હેતુ છે અને 'સ્વપ્નની પેઠે' એ ઉદાહરણ છે, સાદૃશ્ય જ્ઞાનરૂપ ઉપમિતિનું કારણ ઉપમાન છે, જેમ ગાયના જેવો રોઝ (ગવય) છે, અહીં ગવયમાં રહેલું ગાયનું સાદૃશ્ય જ્ઞાન કારણ છે, ગોમાં રહેલું ગવયનું સાદૃશ્ય જ્ઞાન ફળ છે, શાબ્દી પ્રમાનું કરણ તે શબ્દપ્રમાણ છે, તે પ્રત્યક્ષાદિ અન્ય પ્રમાણથી અબાધિત તાત્પર્યને વિષય કરનાર સસર્ગને જણાવનારૂં વાક્ય છે, છે, વાક્યાર્થ જ્ઞાનમાં આકાંક્ષા, યોગ્યતા, આસત્તિ, તાત્પર્યજ્ઞાન એ ચાર

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કરણ છે, પદાર્થોનું પરસ્પર જિજ્ઞાસાના વિષયત્વમાં યોગ્યપણું છે તે આકાંક્ષા, તાત્પર્યના વિષયભૂત સમ્બન્ધનું બાધરહિતપણું તે યોગ્યતા છે. સંસર્ગ તે અભેદ અને અનુયોગિત પ્રતિયોગિતા વગેરે છે. **नीलो घटः** એ સમાન વિભક્તિ સ્થળમાં અભેદ છે. **नीलो न घटः** ઇત્યાદિ સ્થળમાં નીલમાં અનુયોગિતા ને ઘટમાં પ્રતિયોગિતા છે, વ્યવધાન વિના પદથી થતું પદાર્થનું જ્ઞાન આસત્તિ છે. શક્ય ને લક્ષ્ય એમ પદાર્થ બે પ્રકારના છે, શક્તિના વિષયને કહે છે ને લક્ષણના વિષયને લક્ષ્ય કહે છે, શક્તિ એટલે પદ અને પદાર્થનો સમ્બન્ધ છે, શક્તિ તેના જ્ઞાનકાર્ય ઉપરથી અનુમાન ગમ્યા થાય છે, એ શક્તિ જાતિમાં રહે છે, વ્યક્તિનું ભાન ધર્મ અને ધર્મિનું તાદાત્મ્ય છે, તેથી એકજ જ્ઞાનથી થાય છે, અથવા વ્યક્તિ લક્ષણાથી જણાય છે, લક્ષણાના કેવળ લક્ષણાને લક્ષિત લક્ષણા એમ બે ભેદ છે, તેમાં કેવળ લક્ષણા પણ જહતી, અજહતી, જહદજહતી એટલે ભાગત્યાગ એમ ત્રણ છે, શક્યાર્થનો ત્યાગ કરીને તેના સમ્બન્ધી અર્થનું ગ્રહણ જ્યાં થાય ત્યાં જહતી, લક્ષણા છે જેમ ગંગામાં ગોષ્ટ છે, અહીં ગંગાપદના શક્યાર્થ પ્રવાહમાં ગોષ્ટની સ્થતિનો સમ્ભવ ન હોવાથી શક્યાર્થને તજી તેના સંબંધી તીરનું ગ્રહણ છે, શક્યાર્થની સાથે બીજા અર્થનું પણ જ્યાં ગ્રહણ થાય ત્યાં અજહતી છે જેમ 'રાતો દોડે છે' અહીં રાતાનું દોડવું ન બનવાથી રાતા રંગવાળો ઘોડો દોડે છે એમ શક્યાર્થ રકતતાની સાથે બીજા અર્થ ઘોડાનું ગ્રહણ કર્યું છે. શક્યાર્થના એક ભાગનો ત્યાગ કરી બીજા ભાગનું જ્યાં ગ્રહણ થાય છે ત્યાં ભાગત્યાગ લક્ષણા છે, 'તે આ દેવદત્ત છે' અહીં તે અને આ શબ્દનો વાચ્યાર્થ તે કાળવિશિષ્ટ ને આ કાળવિશિષ્ટ દેવદત્ત છે તે બન્નેની એકતા ન હોવાથી દેવદત્તના પિંડરૂપ એકાંશનું ગ્રહણ કર્યું છે અથવા **तत्वमसि** વાક્યમાં તત્ પદનો વાચ્યાર્થ માયાવિશિષ્ટ ચેતન ઇશ્વર, ત્વમ્પદનો વાચ્યાર્થ અન્તઃકરણ વિશિષ્ટ ચેતન જીવ ઉભયનું તાદાત્મ્ય ન હોવાથી ચેતનરૂપ એકાંશનું ગ્રહણ કર્યું છે. વાસ્તે તેવા સ્થળમાં ભાગત્યાગ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

લક્ષણા છે. **द्विरेको रौति** ઈત્યાદિ સ્થળમાં દ્વિરેફપદની શક્તિ રેફદ્વયમાં છે. તેનો સમ્બન્ધ ભ્રમર પદમાં છે; તેનો સમ્બન્ધ મધુકરમાં છે, માટે શક્ય પરમ્પરા સમ્બન્ધમાં લક્ષિત લક્ષણા છે એને જ ગૌણી કહે છે. આવા પ્રકારે વિવિધ પદાર્થનું જ્ઞાન આસત્તિ છે. જે વાક્ય વિવક્ષિતાર્થથી ભિન્ન અર્થની પ્રતીતિની ઈચ્છાથી ઉચ્ચારેલું નહિ હોવા છતાં તે ઉચ્ચારેલા વાક્યના અર્થની પ્રતીતિ ઉચ્ચારથી થતી હોય તેનું નામ તાત્પર્ય છે. તે તાત્પર્ય વેદમાં મીમાંસામાં બતાવેલી યુક્તિથી જાણ્યું જાય છે. અથવા ઉપક્રમ, ઉપસંહાર, અભ્યાસ, અપૂર્વતા, ફલ, અર્થવાદ ને ઉત્તપત્તિ આ છ લિંગથી થાય છે. વેદાન્તનું તાત્પર્ય છ લિંગથી જણાય છે તેનું સવિસ્તર કથન આ ગ્રન્થના અન્તિમ ભાગમાં આવશે. લોકમાં પ્રકરણાદિથી તાત્પર્ય દેખાય છે, વેદ અપૌરૂષેય છે. પૂર્વ પૂર્વ સૃષ્ટિમાં જે જે વેદો છે તેને જ ઈશ્વર અપ્રયત્ન સાધ્ય શ્વાસોશ્વાસની પેઠે પ્રકટ કરે છે. એ વેદમાં વર્ણ, પદ, વાક્યની આનુપૂર્વી સર્વદા એકજ હોય છે. વર્ણ નિત્ય, સુક્ષ્મ ને વિભુ છે. તેનો આવિર્ભાવ તિરોભાવ ધ્વનિથી થાય છે. ઉપપાદ્ય જ્ઞાનથી જે ઉત્તપાદકની કલ્પના તેનું નામ અર્થાપત્તિ. જેમ અત્યન્ત જાડો દેવદત્ત દીવસે ખાતો નથી ત્યાં રાત્રી ભોજનની કલ્પના થાય છે. જેના વિના જેની સ્થીતિ ન હોય તે તેનું ઉપપાદ્ય છે. જેમ રાત્રી ભોજન વિના સ્થૂલતા, જેના વિના જે ન થાય તે તેનું ઉપપાદક છે, જેમ રાત્રી ભોજન. આ અર્થાપત્તિ દુષ્ટ અને શ્રુત એમ બે પ્રકારની છે. શ્રુતાર્થાપત્તિ પણ અભિહિતાનુપપત્તિ ને અભિધાનાનુપપતિ એ બે પ્રકારે કહી છે, અભાવ પ્રમાનું કારણ તે અનુપલબ્ધિ છે. ન કારના અર્થની પ્રતિતિનો વિષય તે અભાવ. અથવા તો સમ્બન્ધ અને સાદૃશ્યથી ભિન્ન છતાં પ્રતિયોગીની અપેક્ષા રાખે તે. જ્ઞાનના કારણથી અજન્ય અભાવના અનુભવનું અસાધારણ કારણ અનુપલબ્ધિ છે. અહીં અનુપલબ્ધિ યોગ્ય હોવી જોઈએ. જો અહિં ઘટ હોય તો ઉપલબ્ધિ થવી જોઇએ. આમ તર્કથી અભાવના પ્રતિયોગીની યોગ્યતા સમજવાની છે. ધર્મ વિગેરેનો

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અભાવ અનુપલબ્ધિ પ્રમાણથી જણાય નહીં કારણ કે તેમાં યોગ્યતા નથી, પણ અનુમાનથી ધર્માદિનો અભાવ જાણવો. આમ છ પ્રમાણ અને પ્રમાનું સ્વરૂપ છે, આ પ્રમાણમાં રહેનારૂં જે પ્રમાણ્ય જેનું નામ પ્રમાત્વ છે તે સ્વતઃસિદ્ધ છે. નયાયિકોની પેઠે ગુણાદિ અન્ય વસ્તુની અપેક્ષાથી પરતઃસિદ્ધ નથી કેમકે છ પ્રમાણમાં અનુગત એક ગુણ છેજ નહીં, તેઓ દોષાભાવને ગુણ માને છે. દોષાભાવ અભાવ પદાર્થ છે તેથી તે ગુણ નથી. અમારા સિદ્ધાન્તમાં તો દોષભાવ સહકારી છતાં જ્ઞાન સામાન્ય સામગ્રી-જન્યત્વ સ્વતઃ પ્રામાણ્ય છે તેથી પ્રામાણ્યના સંશયમાં દોષયુકતતા હોવાથી સ્વતસ્ત્વ નથી. આવા પ્રકારે વૃત્તિજ્ઞાનનું નિરૂપણ છે. જાબાળશ્રુતિ પરમહંસને સંન્યાસી જણાવે છે ત્યાં જીવ બ્રહ્મની એકતા જે વિચારમાં છે અર્થાત્ હું બ્રહ્મ છું એમ અખંડ બ્રહ્માકર વૃત્તિરૂપ સમાધિનું સ્વરૂપ જેમાં છે એવી સમાધિ આ પ્રકારે છે.

પૂર્વે લક્ષ્યાર્થ ને વાચ્યાર્થ એમ બે વિભાગ કહ્યા તેમ અહીં પણ ઓંકારમાંના અકાર, ઉકાર અને મકારરૂપ ત્રણ પદના વાચ્ય ને ત્રણ પદના સમુદાયરૂપ વાકયના વાચ્યને જણાવે છે. આથી શુદ્ધ બ્રહ્મ ઓંકારનું લક્ષ્ય છે એમ સમજવાનું છે. અવિદ્યા વિશેષણવાળું બ્રહ્મ ચેતન ઓંકારનું વાચ્ય છે તેમજ સત્ એ શબ્દનું પણ વાચ્ય છે. સત્ શબ્દ જ્ઞાન ને આનંદનો પણ બોધક છે. આથી સત્‌ચિત્ આનન્દ એ બ્રહ્મનું સ્વરૂપ છે અને તે અસત્ જડ ને દુઃખની વ્યાવૃતિદ્વારા ચેતનના સ્વરૂપને જણાવે છે તેથી આ બ્રહ્મનું સ્વરૂપ લક્ષણ છે. અવિદ્યા વિશેષણવાળા આ શબ્દથી પર જે અવિદ્યાનું અધિષ્ઠાન ચેતન છે તે બ્રહ્મ છે. આ બ્રહ્મનું તટસ્થ લક્ષણ છે. સ્વરૂપભૂત છતાં બીજાની વ્યાવૃત્તિ કરે તે સ્વરૂપ લક્ષણ ને સ્વરૂપથી જુદાં રહેતાં છતાં વસ્તુ જે જણાવે તે તટસ્થ લક્ષણ છે. અહીં અવિદ્યા ચેતનનું વિશેષણ છે એમ કહ્યું પણ કોઇ સ્થળે અવિદ્યા વિશેષણ છે ને કોઈ સ્થળે ઉપાધિ છે. કાર્યમાં અનુગત છતાં બીજાની વ્યાવૃત્તિ કરે તે વિશેષણ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

છે. જેમાં **निलो घटः** અહીં 'નીલ' ઘટરૂપ કાર્યમાં રહે છે છતાં શુકલાદિની વ્યાવૃત્તિ કરે છે. 'ઘટાકાશ' અહીં ઘટ આકાશની ઉપાધિ છે. કેમકે ઘટ આકાશમાં અનુગત નહીં છતાં મહાકાશની વ્યાવૃત્તિ કરે છે. આ પ્રમાણે વિશેષણરૂપે ને ઉપાધિરૂપે અવિદ્યા ચેતનમાં રહે છે. જ્યારે વિશેષણ હોય ત્યારે જીવ ને ઈશ્વર એમ ચેતનના બે વિભાગ થાય છે. જ્યારે અવિદ્યા કે અવિદ્યાનું કાર્ય ઉપાધિ હોય ત્યારે જીવ સાક્ષી કુટસ્થ ઈશ્વર સાક્ષી બ્રહ્મ એમ કહે છે. ઉકત અવિદ્યા વિશિષ્ટ ચેતનથી માયા તથા અવિદ્યા એમ મુલાવિદ્યાના બે વિભાગ થયા તેમાં માયા અવ્યકત કહેવાય છે. અવિદ્યા મહતત્ત્વ કહેવાય છે. શુદ્ધ સત્વગુણપ્રધાન વિક્ષપ શકિત યુકત માયા છે ને મલિન સત્વપ્રધાન આવરણ શકિતવાળી અવિદ્યા છે અને તે બન્નેના સમુદાયરૂપ જે મૂલાવિદ્યા છે તે શુદ્ધ ચેતનમાં રહેલ છે. તે શુદ્ધ ચેતનને આવરણ કરે છે. એ અવિદ્યાથી માયાના કાર્યો થયાં. તે કાર્યવિદ્યાથી શુદ્ધ અહંકાર થયો. તે અહંકારથી અનુક્રમે આકાશાદિ અપંચીકૃત પંચ મહાભૂત થયાં. આ પંચ મહાભૂતના આકાશમાં શબ્દ, વાયુમાં શબ્દ સ્પર્શ, તેજમાં શબ્દ-સ્પર્શરૂપ, જળમાં શબ્દ–સ્પર્શ–રૂપ–રસ ને પૃથ્વીમાં શબ્દ–સ્પર્શ–રૂપ રસ—ગન્ધ એ ગુણો સુક્ષ્મ રૂપે રહ્યા છે. આવા ગુણવાળાં અપંચીકૃત પંચ મહાભૂતને સુક્ષ્મભૂતો પણ કહે છે. આ સુક્ષ્મભૂતોથી પંચીકૃત પંચ મહાભૂત થયાં. પંચ મહાભૂતમાંથીજ આખું જગત્ ઉત્પન્ન થયું છે. એટલે સત્વ, રજ ને તમ આ ત્રણ ગુણ રૂપ અજ્ઞાન છે ને તેના કાર્યરૂપ પંચભૂત પણ ત્રિગુણાત્મક છે. એ વિષે પ્રત્યેક ભૂતના સાત્વિક ભાગમાંથી અનુક્રમે શ્રોત્રાદિ જ્ઞાન ઈન્દ્રિયો ને તેના દિશાઆદિ દેવતાઓ થયા. સમસ્ત પંચભૂતના સાત્વિકાંશથી મન, ચિત્ત, અહંકાર ને બુદ્ધિ-રૂપ અન્તઃકરણ ને તેના ચન્દ્રમા આદિ દેવતા પ્રકટ થયા. પ્રત્યેક ભૂતના રાજસાંશથી વાગાદિ કર્મેન્દ્રિયો ને તેના અગ્નિ આદિ દેવતા ઉત્પન્ન થયા. સમસ્ત ભૂતના રાજસાંશથી પ્રાણની વૃત્તિરૂપ પંચ પ્રાણ પેદા થયા. આ સૂક્ષ્મ ભૂતના તમાસાંશમાંથી પંચીકૃત પંચભૂત

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ચૌદ લોક, જરાયુજ આદિ શરીરો, જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, મૂર્છા ને મરણ એ પાંચ અવસ્થાઓ પેદા થયાં. વળી અજ્ઞાન, આવરણ (**अभानापादक असत्वापादक अज्ञान**) ભ્રાન્તિ (અધ્યાસ) પરોક્ષજ્ઞાન, અપરોક્ષજ્ઞાન, શોકનાશ, ને અતિ હર્ષ એ સાત અજ્ઞાનની અવસ્થા, શુભેચ્છા, સુવિચારણા, તનુમાનસા, સત્વાપત્તિ, અસંસક્તિ, પદાર્થાભાવિની, અને તુરીયા આ સાત જ્ઞાનની ભૂમિકાઓ થઈ. આ સમગ્રનો બ્રહ્મમાં અધ્યારોપ એટલે અધ્યાસ કે કલ્પિત તાદાત્મ્ય સમ્બન્ધ છે. એક વસ્તુમાં બીજી વસ્તુનું ભાન ને વ્યવહાર તેને અધ્યાસ કહે છે. વ્યવહાર અભિજ્ઞા, અભિવદન, ઉપાદાન ને અર્થ ક્રિયાકારિત્વ એમ ચાર પ્રકારનો છે. આ અધ્યાસને અનિર્વચનીય ખ્યાતિ કહેવાય છે. જેમ શુક્ત્ય વચ્છિત્ર ચેતન નિષ્ઠ અવિદ્યાના તામસાંશ પરિણામથી અનિર્વચનીય રજત તથા અન્તઃકરણ ચેતનનિષ્ઠ અવિદ્યાનાં સાવિત્કાંશ પરિણામથી રજતનું અનિર્વચનીય જ્ઞાન થાય છે અથવા તો વૃત્તિ વિષયદેશમાં જઈ વિષયચેતન, ને અન્તઃકરણ ચેતનની એકતા કરે છે. ત્યારે પ્રમાતા ચેતનમાં રહેનારી અવિદ્યાનું તામસાંશ પરિણામ રજત અને સાત્વિકાંશ પરિણામ રજતનું અનિર્વચનીય જ્ઞાન થાય છે, એમ **इदं रजतम्** એવું જ્ઞાન અને વ્યવહાર થાય છે. આ અધ્યાસ અર્થાધ્યાસ ને જ્ઞાનાધ્યાસ એમ બે પ્રકારનો છે. જ્ઞાનનો અનિર્વચનીય વિષય અર્થાધ્યાસ છે. અનિર્વચનીય વસ્તુની પ્રતીતિ એ જ્ઞાનાધ્યાસ છે. આ અર્થાધ્યાસ પણ સમ્બન્ધમાત્રાધ્યાસ, સમ્બન્ધ વિશિષ્ટ સમ્બન્ધિનો અધ્યાસ, કેવળ ધર્માધ્યાસ, ધર્મવિશિષ્ટ ધર્મ્યધ્યાસ, અન્યોન્યાધ્યાસ એમ અનેક પ્રકારનો છે. જેમ દર્પણ અને બિમ્બ વ્યાવહારિક છે છતાં દર્પણમાં મુખનો સમ્બન્ધ માત્રજ અનિર્વચનિય છે. અહીં સમ્બન્ધ--માત્રાધ્યાસ છે. અનાત્મ સમ્બન્ધ વિશિષ્ટ આત્માનો અનાત્મામાં અધ્યાસ તે સંબંધ વિશિષ્ટ સબંધ્યધ્યાસ છે. કેમકે શુદ્ધ આત્મા વિષે સંબંધ વિશિષ્ટ સંબંધીપણું નથી જેથી અનાત્મામાં અધ્યાસ થાય. હું કાણો છું ઈત્યાદિ ધર્મ્યાધ્યાસ છે. કારણ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કે ઈન્દ્રિયધર્મ કાણત્વાદિનો ચેતનમાં અધ્યાસ છે. ઇન્દ્રિયનો નથી. જો ઇન્દ્રિયનો અધ્યાસ માને તો **इन्द्रिय महं** એમ પણ ભાસે પણ તેમ ભાસતું નથી; માટે ઈન્દ્રિયનો અધ્યાસ નથી. બ્રાહ્મણત્વ ધર્મવિશિષ્ટ દેહનો અધ્યાસ તે ધર્મવિશિષ્ટ ધર્મ્યધ્યાસ છે. અવિદ્યા સ્વરૂપથી આત્મામાં અધ્યસ્ત છે. સમ્બન્ધ વિશિષ્ટ આત્મા અવિદ્યામાં અધ્યસ્ત છે એમ આત્મા અને અવિદ્યાનો અન્યોન્યાધ્યાસ છે. આ સઘળા અધ્યાસો શુકિત રજતાદિ સ્થળમાં યથા સમ્ભવ જાણી શકાય છે. આથી શુકિત રજતાદિ સ્થળમાં કે પ્રપંચમાં જે ભ્રાન્તિ થાય છે તેને અસત ખ્યાતિ કહે છે કેમકે શુકિત દેશમાં કે દેશાન્તરમાં રજત્ અસત્ છે. એથી અસત્ની ખ્યાતિ એટલે ભાન અને વ્યવહાર છે એમ માધ્યમિક બુદ્ધ કહે છે. ક્ષણિક વિજ્ઞાનરૂપ આત્મા છે તેજ વિષયમાં આકારરૂપ છે છતાં **इदंता** રૂપે બાહ્ય વસ્તુના સમાન ભાસે છે તેથી **इदंरजतम्** એમ આત્મારૂપ ક્ષણિક વિજ્ઞાનની બહારના જેવી ખ્યાતિ તે આત્મખ્યાતિ છે. વળી આ રજત નથી એવી રીતે બાધ સ્થળમાં ઇદંતાનો બાધ થાય પણ રજતનો બાધ નથી કેમકે રજત વિજ્ઞાનનો આકાર છે, ઇત્યાદિ ક્ષણિક વિજ્ઞાનવાદી યોગાચારનું કથન છે. ભ્રમ સ્થળમાં દોષથી દેશાન્તરસ્થ રજત શુકિતદેશમાં અન્યથા ભાસે છે તેથી અન્યથા ખ્યાતિ છે. પ્રમાતૃદોષ ભય લોભાદિ, પ્રણાણદોષ કાચ કામલાદિ, પ્રમેયદોષ સાદૃશ્ય આદિ છે. આમ કહેનાર કર્ણાદ વિગેરેનો વાદ છે. શુકિત દેશમાં રજતનો ભાસ નથી પણ રજતત્વધર્મનો ભાસ થાય છે તેથી અન્યથા ખ્યાતિ છે. આમ ચિન્તામણિકાર કહે છે. ભ્રમ સ્થળમાં **इदं** અને **रजतम्** એમ જ્ઞાન થાય છે ત્યાં **इदं** નું પ્રત્યક્ષજ્ઞાન છે ને **रजत** નું સ્મૃતિજ્ઞાન છે, છતાં દોષથી બન્ને જ્ઞાનનો વિવેક ન હોવાથી આ રજત છે એવો વ્યવહાર કરે છે. એ બન્ને જ્ઞાન સત્યજ છે વાસ્તે શુકિતમાં રજતની ખ્યાતિ નથી એ પણ વ્યવહારજ છે વાસ્તે અહીં અખ્યાતિ છે. આમ પ્રભાકરો માને છે. સર્વ વસ્તુમાં સર્વના અવયવો હોય છે તેથી શુકિતમાં સદુપે

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

રહેતા રજતના અવયવજ દોષથી ભાસે છે માટે ભ્રમ સ્થળમાં સત્ખ્યાતિ છે એમ રામાનુજાદિનું કથન પણ અસંગત છે; એમ સિદ્ધ થાય છે. જો શુકિતમાં રજત સત્ય હોય તો **नेदं रजतम्** એવો બાધ ન થાય ને અસત હોય તો ભાસે નહીં તથા ઉભય રૂપતામાં તો પરસ્પર વિરોધ રહેલો છે તેથી સત અસતથી વિલક્ષણ મિથ્યારૂપ શુકિતરજતાદિ છે. આજ પ્રમાણે અનાત્મમાત્ર બ્રહ્મજ્ઞાનથી બાધ પામે છે જેથી સત્ નથી, ભાસે છે તેથી અસત્ નથી, ઉભયરૂપતા વિરૂદ્ધ હોવાથી થાયજ નહિં માટે સદસત્ વિલક્ષણ અનિર્વચનીયજ છે. આવી રીતે આરોપ જે અધ્યાસ તે અનાત્મ માત્રમાં સિદ્ધ છે. આ આત્માનો આરોપ પોતાની સત્યતા જણાવવાને નથી પણ અધિષ્ઠાન રૂપ આત્માને જણાવવાને છે. આથીજ આત્માથી આકાશાદિ ભૂતો ઉત્પન્ન થાય છે, આત્મામાં લય પામે છે એમ વદનારી શ્રુતિઓ સૃષ્ટિરૂપ અર્થની સાધક નથી, પણ અધિષ્ઠાન રૂપ આત્માનીજ સાધક છે. આ ઉપરથી જે જગતના અધ્યાસનું અધિષ્ઠાન તે બ્રહ્મ છે એટલે જગતની સૃષ્ટિ. સ્થીતિ ને લયનો કર્તા તે બ્રહ્મ છે જગતનું એટલે અભિન્ન નિમિત્તોપાદન કારણ તે બ્રહ્મ છે તે સિદ્ધ થયું. આવા પ્રકારે અધ્યારોપ છે, અધ્યારોપિત વસ્તુનો નિષેધ તે અપવાદ કહેવાય છે. જેમ આ રજત છે એવું શુકિતમાં આરોપિત રજતનો **नेहं रजतम्** આ રજત નથી એવો નિષેધ. એ પ્રમાણે બ્રહ્મમાં આરોપિત પ્રપંચ ને તેનું કારણ અવિદ્યાનો **नेह नानास्ति कचिंन**બ્રહ્મરૂપ અધિષ્ઠાનમાં ભેદ નથી અથવા પ્રપંચ નથી એમ આરોપિત પ્રપંચનો નિષેધ છે એજ પ્રપંચનો અપવાદ છે. આથી બ્રહ્મમાં જગત અને જગતનો અભાવ ઉભય રહેલું છે. એકજ અધિકરણમાં એકજ વસ્તુનો ભાવ ને અભાવ રહે તેનું નામ મિથ્યા છે. માટે જગત મિથ્યા છે. અભાવ અધિકરણનું સ્વરૂપ હોવાથી દ્વૈતાપત્તિ નથી, આથી એમજ સિદ્ધ થાય છે કે પ્રપંચ મિથ્યા છે ને તેનું અધિષ્ઠાન બ્રહ્મ છે. વાસ્તે બ્રહ્મ પ્રપંચાત્યાન્તાભાવરૂપ નિષ્પ્રપંચ છે અથવા પ્રપંચાત્યન્તાભાવોપલક્ષિત છે. પ્રકારે અધ્યારોપ ને અપવાદ-

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

દ્વારા બ્રહ્મનું સ્વરૂપ સમજવાનું હોય છે. અપંચીકૃત પંચમહાભૂતથી પંચીકરણ થયું છે. આ પંચીકૃત ભૂત, તેના કાર્યરૂપ ચૌદ લોક, ચારે પ્રકારનાં સ્થૂલ શરીર, એ તમામનું નામ **વિરાટ** છે, આ વિરાટ આત્માનું સ્થૂલ શરીરની અવસ્થા જાગ્રત કહેવાય છે. પોતે પોતાના દેવતાના અનુગ્રહવાળી ઇન્દ્રિયોથી તે અન્તઃકરણથી સ્વસ્વ વિષયનું ગ્રહણ કરવું તેનું નામ જાગ્રત છે. આ પ્રમાણે અધ્યાત્મ, અધિદૈવ ને અધિભૂત એ ત્રિપુટી રૂપે દેખાતું વિરાટ શરીર તે જાગ્રદાવસ્થા બન્નેનુંજ અભિમાની ચેતન **વિશ્વ** નામવાળું છે. વિરાટ શરીર, જાગ્રદાવસ્થા ને વિશ્વ આ ત્રણ ૐકારમાંના **અ**કારનાં વાચ્ય છે. તાત્પર્ય કે સ્થૂલ ઉપાધિવાળું ચેતન વ્યાષ્ટિ સમષ્ટિનું અભિમાની હોવાથી જીવેશ્વર નામથી પ્રસિદ્ધ છે. છતાં ઉપાધિભેદથી તેનો ભેદ છે, વાસ્તવ ભેદ નથી. વળી વાચ્ય વાચકનો તાદાત્મ્ય સમ્બન્ધ છે તેથી અભેદ છે. વાસ્તે આ સઘળું સ્થૂલ **અ** કાર છે. અપંચીકૃત પંચ ભૂત, તેનું કાર્ય જે પંચ પ્રાણ, દશ ઇન્દ્રિયો ને મન તથા બુદ્ધિ આ સત્તર તત્ત્વોરૂપ ભૂતોના કાર્યરૂપ લિંગ શરીર તે **હિરણ્યગર્ભ** કહેવાય છે. છે. આ હિરણ્યગર્ભ શરીર આત્માનું સૂક્ષ્મ શરીર છે.

ઇન્દ્રિયો લય થાય ત્યારે જાગ્રત વિગેરેના સંસ્કારથી થયેલું જ્ઞાન તે વિષય તે સ્વપ્ન કહેવાય છે. સૂક્ષ્મ શરીર અને સ્વપ્નનું અભિમાની ચેતન **તેજસ્** છે એટલે વાચ્ય છે. સૂક્ષ્મ દેહ, સ્વપ્ન તેજસ એ ત્રણ ૐકારમાંના ઉકારના વાચ્ય છે. અહીં પણ વ્યષ્ટિ સમષ્ટિ ભેદથી **સૂત્રાત્મા** અગે **તેજસ** એવો ચેતનમાં ભેદ છે. જેમ **વિશ્વ** ને **વિરાટ** છે, તેમ. આમ છતાં પૂર્વવત્ અભેદજ સમજવાનો છે. સ્થૂલ ને સૂક્ષ્મ બન્ને શરીરના કારણરૂપ જે અજ્ઞાન તે આત્મામાં રહે છે તે આત્માને આવરણ કરે છે. તેજ અજ્ઞાન ચેતનનાં પ્રતિબીમ્બવાળું હોવાથી **અવ્યાકૃત** એટલે કારણાવસ્થાને પામેલું કહેવાય છે. અહીં અજ્ઞાન તથા ચેતન બન્ને નિરવયવ છે તો પણ નિરવયવ આકાશમાં નિરવયવ શબ્દના પ્રતિબિમ્બની પેઠે અજ્ઞાનમાં ચેતનનું

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પ્રતિબિમ્બ થઇ શકે છે. આ પ્રતિબિમ્બ દર્પણમાંના પ્રતિબિમ્બના સમાન નથી પણ ચેતનના ધર્મનું અજ્ઞાનમાં અનુવર્તમાનપણું છે. આ અજ્ઞાન આત્માનું કારણ શરીર છે. આ કારણ શરીરરૂપ અજ્ઞાન સત નથી. કેમકે તેની બ્રહ્મ જ્ઞાનથી નિવૃત્તિ થાય છે. તે અસત્ નથી કેમકે હું અજ્ઞાની છું એમ તે ભાસે પણ છે. અસત્ હોય તે વંધ્યાપુત્ર કે નરશ્રંગની પેઠે કોઇપણ અધીકારણમાં પ્રતીતિને યોગ્યજ ન હોય ને તે અજ્ઞાન સદસત્‌રૂપ પણ નથી કેમકે સત્‌અસત્‌નો પરસ્પર વિરોધ છે તો બન્ને એકનું સ્વરૂપ ક્યાંથી થાય! અજ્ઞાન સત્ પણ નથી કારણકે તે ત્રણે કાળમાં વિદ્યમાન જેવો આત્મા છે તેવું નથી વળી આ અજ્ઞાન આત્માથી કે પ્રપંચથી ભિન્ન નથી કેમકે જે ભિન્ન હોય તે સત્ છે કે અસત્ એમ પ્રશ્ન થાય છે. બન્ને પણ પૂર્વોકત પ્રકારે ન બને. સદસદ્રુપતા તો અસિદ્ધજ છે, વળી ભેદ તો મિથ્યા સિદ્ધ થઇ ચૂકયો છે તે અજ્ઞાને ભિન્ન નથી. ચેતનથી કે પ્રપંચથી તે અજ્ઞાન અભિન્ન પણ નથી કેમકે ભેદ સિદ્ધ હોય તોજ અભેદ સિદ્ધ થાય છે, ભેદાભાવરૂપ અભેદ તો સિદ્ધાન્તમાં બ્રહ્મરૂપ છે તેથી અભિન્નઅજ્ઞાન સદ્વસ્તુ છે એમ પણ સિદ્ધ થતું નથી અર્થાત્ ભેદાભાવ વિશિષ્ટ અજ્ઞાનની સિદ્ધિ નથીજ અને ભિન્નભિન્ન રૂપ તો પરસ્પર વિરૂદ્ધ હોવાથી બનેજ નહીં. વળી આ અજ્ઞાન પ્રપંચનું કારણ હોવાથી અને અનાત્મા હોવાથી નિરવયવ નથી. કાર્ય ન હોવાથી સાવયવ નથી. સાવયવ ને નિરવયવ બન્ને સ્વરૂપ એકમાં તો વિરોધને લીધે સમ્ભવેજ નહી. જો કે અજ્ઞાન સત અસત આદિ સ્વરૂપે નિરૂપણ કરવું અશકય છે તો જ્ઞાનનો અભાવ અજ્ઞાન એમ કહીએ તો વિરોધ ન આવે એમ શંકા થાય પણ જ્ઞાન માત્રનો અભાવ તે અભાવ છે એમ ન કહેવાય કેમકે હું અજ્ઞાની છું. એવું જ્ઞાન થાય છે ત્યારે જ્ઞાન માત્રનો અભાવ તે અજ્ઞાન હોય તો આવું જ્ઞાન ક્યાંથી થાય? વળી વિશેષ જ્ઞાનનો અભાવ તે અજ્ઞાન છે એમ પણ કહેવાય નહીં કેમકે સામાન્ય જ્ઞાનના અભાવની અપેક્ષાથી વિશેષ જ્ઞાનનો અભાવ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સિદ્ધ થાય છે, એવો નિયમ છે. જ્યારે સામાન્ય જ્ઞાનના અભાવની સિદ્ધિ નથી ત્યારે વિશેષ જ્ઞાનનાં અભાવની તો સિદ્ધિ ક્યાંથી જ હોય? વાસ્તે કેવળ જ્ઞાનનો અભાવ અજ્ઞાન નથી, પણ કેવળ બ્રહ્મ ને આત્માના એકત્વ જ્ઞાનથી નિવૃત્તિ પામનારૂં ભાવરૂપ અજ્ઞાન છે. આ આત્માનું કારણ શરીર છે. સર્વ પ્રકારના જ્ઞાનનો લય થાય ત્યારે બુદ્ધિની કારણરૂપ અજ્ઞાનમાં જે સ્થીતિ તે સુષુપ્તિ છે. કારણ શરીર ને સુષુપ્તિ બન્નેના અભિમાની ચેતનનું નામ **प्राज्ञ** છે. કારણદેહ, સુષુપ્તિને પ્રાજ્ઞ એ ત્રણ ૐકારમાંનાં મકારનું વાચ્ય છે. અહીં નામ ને રૂપ વાચારમ્ભણ માત્ર એટલે મિથ્યા છે એમ શ્રુતિએ કહ્યું છે. તે ઉપરથી વિશ્વ, તેજસ, પ્રાજ્ઞ વિગેરે નામ મિથ્યા છે. આ રીતે **ओम**કારરૂપ વાક્યમાંના **अ, उ, म** આ ત્રણે પદનું વાચ્ય કહ્યું ને હવે તેનો લય પ્રકાર કહે છે કે—અકારનું વાચ્ય સ્થૂલ પ્રપંચ વાચકની સાથે ઉકારમાં ઉકારનું વાચ્ય સૂક્ષ્મ પ્રપંચ પોતાના વાચક સાથે મકારમાં ને મકારનું વાચ્ય અજ્ઞાન પોતાના વાચ્ય સાથે ઓંકારમાં, ઓંકારનું વાચ્ય અવિદ્યા સબળ બ્રહ્મ નિર્ગુણ બ્રહ્મમાં સમાધિના પૂર્વકાળમાં લય કરી ફરી હું નિત્ય શુદ્ધ બુદ્ધ મુક્ત સ્વરૂપ બ્રહ્મ છું, અજ્ઞાન કે અજ્ઞાનનું કાર્ય નથી એવું વૃત્તિ વ્યાપ્તિથી બ્રહ્મરૂપે સ્થિત થવું તેનાથી વિદેહ કૈવલ્ય મોક્ષ થાય છે, આથી સ્થૂલ પ્રપંચનો અપંચીકૃતભૂતમાં લય થાય છે તે સૂક્ષ્મ ભૂતમાંના પૃથ્વીનો જળમાં, જળનો તેજમાં, તેજનો વાયુમાં વાયુનો આકાશમાં, આકાશનો માયામાં ને માયાનો નિર્ગુણ બ્રહ્મમાં લય થાય છે. આ લય નિત્ય, નૈમિતિક, પ્રાકૃત ને આત્યન્તિક એમ ચાર પ્રકારનો છે. સર્વકાર્યનો સૂતેલા પુરુષની દૃષ્ટિએ સુષુપ્તિમાં લય થાય છે તેથી સુષુપ્તિને જ નિત્ય પ્રલય કહે છે. બ્રહ્માની રાત્રીરૂપ નિમિત્તથી સર્વ કાર્યનો જે લય તે નૈમિત્તિક પ્રલય કહે છે. હિરણ્યગર્ભને પ્રારબ્ધકર્મની સમાપ્તિમાં વિદેહ કૈવલ્ય થાય ત્યારે તે લોકવાસી પ્રાણિઓનો માયારૂપ પ્રકૃતિમાં જે લય છે તે પ્રાકૃત લય છે. આ ત્રણે પ્રલયોમાં પ્રાણીઓના અદૃષ્ટ નિમિત્ત છે ને બ્રાહ્મસાક્ષાત્કારથી

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અજ્ઞાનસહિત જગત્‌ની જે નિવૃત્તિ તે આત્યન્તિક પ્રલય કહેવાય છે. આ પ્રલયનું નિમિત્ત બ્રહ્મજ્ઞાન છે. બ્રહ્મજ્ઞાની મનુષ્ય "હું નિત્ય શુદ્ધબુદ્ધમુક્ત સ્વરૂપ છું, આવી વૃત્તિથી સંતત હું અન્નમય કોશરૂપ સ્થૂલદેહ નથી, હું પ્રાણમય કોશ નથી, હું મનોમય કોશ નથી, હું વિજ્ઞાનમય કોશ નથી ને આ ત્રણે કોશના સમુદાય રૂપ સૂક્ષ્મ શરીર નથી. અજ્ઞાનરૂપ આનન્દમય કોશ પણ હું નથી. જાગ્રદાદિ અવસ્થાઓ હું નથી. પંચ ભૂત, પંચ પ્રાણ, પંચ કર્મઈન્દ્રિય, પંચ જ્ઞાન ઈન્દ્રિય, અન્તઃકરણ ચતુષ્ટય, કામ કર્મ ને અવિદ્યા; આ પરલોકગમન સાધનવાળી હું અષ્ટપુરી પણ નથી, હું તો એ સર્વેનો સાક્ષી છું." એમ પોતાના સ્વરૂપના અનુસન્ધાનરૂપ સમાધિ કરતો હોવાથી વિદેહમુક્તિ પામે છે. આ પંચીકરણનો ફલિતાર્થ છે.

આ પંચીકરણાત્મક વેદાન્ત ગ્રંથમાં મહાત્મા **રામગુરૂના** દોહા ચોપાઈ વિગેરે દાખલ કરેલ છે. આ સાધુપુરૂષ કચ્છ, કાઠીયાવાડ ને ગુજરાતમાં અમર નામના કરી ગયા છે. આ મહાત્મા શ્રી રામગુરૂનું જન્મવૃત્તાન્ત પંચદશીમાં તેમના શિષ્યવર્ય પંડિત **પીતામ્બરજીએ** કરેલું છે. આ બ્રહ્મનિષ્ઠ મહાત્મા સંવત ૧૮૪૦ ની વિક્રમની સાલમાં દક્ષિણ હૈદ્રાબાદ શહેરમાં જન્મ્યા હતા. એમના પ્રસિદ્ધ શિષ્યો વિષે **શ્રીજયકૃષ્ણવ્યાસ, વિશ્વનાથ ગુરૂ, બાપુરામ ગુરૂ** ને **સુખલાલ ગીરી** એ મુખ્ય છે. જેઓની કીર્તિ અનુક્રમે સુદામાપુરીમાં, મુંબઈમાં જામનગરમાં કચ્છ—માંડવીમાં ને વડોદરામાં બહું વિશેષ છે, આખા મુંબઈ ઇલાકામાં આ ચાર શિષ્યોની પ્રશંસા બહુવાર થયેલી છે. આ ગ્રન્થનાં પ્રુફો વાંચવા મને પૂર્ણ તક ન હોવાથી સમ્ભવિત દોષો માટે ક્ષમા.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

છેવટમાં આ વેદાન્ત પંચીકરણ કે જે ઉક્ત પુરૂષોની ઉત્તમોત્તમ પ્રસાદીરૂપ છે તે શ્રોતાવર્ગને નિઃશ્રેયસનું દ્વાર થઈ પડે ને સમગ્ર જીવો આનાં પરિશીલનથી પરમ સુખને પ્રાપ્ત કરે એમ ઇચ્છું છું. શ્રીશંકરાચાર્ય દ્વાદશ રત્ન વિગેરે મારાં પ્રસિદ્ધ પુસ્તકોમાં કેટલાક વિષયોનું વિગતવાર સ્ફોટન મેં કરેલું છે. છેવટમાં તો—

जातं मय्येव सर्वं पुनरपि मयि तत्संस्थितं चैव विश्वं
सार्वं मय्येव याति प्रविलयमिति तद्ब्रह्म चैवाहमस्मि ।
यस्य स्मृत्या च यज्ञाद्यखिल शुभ विधौ सुप्रयातीह कार्यम्
न्यूनं सम्पूर्णतां वै तमहमिति मुदै वाच्युतं सन्नतोऽस्मि ॥

॥ शंकराचार्यः ॥

ભાવનગર
કાર્તિક પૂર્ણિમા.

વિદ્વજ્જનમંડળાનુરાગી સેવક,
વેદાન્તકવિ હીરાલાલ જાદવરાય બુચ.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha



अपञ्चीकृत पञ्चभूत	व्यष्टि सत्त्वगुण कार्य		समष्टिसत्त्वगुण कार्य		व्यष्टि रजोगुण कार्य		समष्टि रजोगुण कार्य
	अध्यात्म	अधिदैव	अध्यात्म	अधिदैव	अध्यात्म	अधिदैव	
ऊकाश	श्रोत्र	दिशा	अंतःकरण	सूर्य	वाक	अग्नि	प्राण
वायु	त्वक	वायु	मन	चंद्र	हस्त	इन्द्र	अपान
तेज	नेत्र	सूर्य	चित्त	नारायण	पाद	विष्णु	समान
जल	रसना	वरुण अश्विन	बुद्धि	ब्रह्मा	उपस्थ	प्रजापति	उदान
पृथ्वी	घ्राण	कुभार	अहंकार	रुद्र	पायु	यम	व्यान

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

चेतन

मोक्ष
परमानन्दप्राप्ति
शोकनाश
अपरोक्षज्ञान
निदिध्यासन
मनन
श्रवण
मुमुक्षुता
शमादिषटसंपत्ति
वैराग्य
सदसद्विवेक

मूलअज्ञान

मोक्षमार्ग

जीव

अविद्या वा अन्तःकरण

संसारमार्ग

तमोगुण कार्य अधिभूत			समष्टि त.गु. पञ्चीकृतभूत	पञ्च-भूत	पृथ्वी	जल	तेज	वायु	आकाश
ज्ञानेंद्रिं विषय	कर्मेंद्रिय विषय	अंतःकरण विषय							
शब्द	वचन	स्फुरण	आकाश	पृथ्वी	अस्थि	रुक्ष	आलस्य	संकोच	कटयाकाश
स्पर्श	आदान	संकल्प	वायु	जल	मांस	वीर्य	कान्ति	चलन	उदराकाश
रुप	चलन	चिन्तन	तेज	तेज	नाडी	मूत्र	क्षुधा	उद्गमन	हृदयाकाश
रस	आनन्दहे-तुस्त्र्यादि	निश्चय	जल	वायु	त्वचा	स्वेद	तृषा	धावन	कण्ठाकाश
गन्ध	विसर्जन	अभिमान	पृथ्वी	आकाश	रोम	लाला	निद्रा	प्रसारण	शिराकाश

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ગુજરાતી ભાષામાં પ્રકટ થએલો વેદાન્તનો ગ્રન્થ,

દત્તાત્રય ગીતા

(અવધૂત ગીતા.)

શ્લોક, ગુજરાતી ટીકા તથા વિવેચન સાથે.

વેદાન્ત વિષયનો આ એક ઘણો મહત્વનો ગ્રંથ છે. સંસારમાં એવો કોઇ પંડિત કે મહાત્મા સન્યાસી નથી કે જે ગુરૂ દત્તાત્રયજીના નામથી અવિજ્ઞાન હોય. આ અવધૂતગીતામાં બ્રહ્માત્મવાદના પ્રકાશ પૂર્વક દ્વૈતઅદ્વૈતથી રહિત કેવળ તત્વજ સ્વભાવથી જ શુદ્ધબુદ્ધ મુકત સ્વરૂપ છે એમ દર્શાવેલું છે. પરસ્પર વિચારોનાં ખંડન મંડનથી મહાત્મા દત્તાત્રેય સ્વાનુભવરૂપ ખંડનમંડન રહિત, કેવલાદ્વૈત, દ્વૈતાદ્વત શિશુદ્ધાદ્વૈત, શુદ્ધાદ્વૈત ઇત્યાધિ ઉપાધિઓ રહિત, શુદ્ધચેતનરૂપ એકજ વસ્તુ બ્રહ્મ છે તેનું આ અવધૂત ગીતામાં યથાર્થ ધ્યાન છે. આમ આત્મનિરૂપણ અમર શબ્દનું વ્યાખ્યાન, બ્રહ્મ અને આત્માનો ઐક્યભાવ, બ્રહ્માત્વનું સ્વરૂપ, આત્મજ્ઞાનનો ઉપદેશ, અવધૂત અને શિષ્યનો સંવાદ, ગુણાવગુણ સ્વરૂપનું નિર્દ્વભાવનું કથન, સ્થુલ સુક્ષ્મસ્વરૂપ, પંચમહાભૂતોની પરિસ્થિતિ, જ્ઞાનભેદ, વર્ણન, ગુરૂપ્રસાદના પ્રભાવનું કથન, જીવશિવનું બ્રહ્મૈક્ય કથન, જીવને ગગનનું સામ્યત્વ, જીવ સઘળા પદાર્થોથી રહિત છે એવું સંદર્ભપૂર્વક વર્ણન, સંસારનો ત્યાગ કરવા વાસ્તે ઉપદેશબ્રહ્મને જીવની સર્વ વ્યાપકતા, પ્રણયના, સ્વરૂપનું વર્ણન. વર્ણાક્ષરનું ને બ્રહ્માના સામ્યભાવનું વર્ણન. વિગેરે ઉપદેશરૂપ વર્ણન આદિ બ્રહ્મજ્ઞાનથી છલોછલ ભરેલો ગ્રંથ ખાસ વાંચવાની ભલામણ છે. જ્ઞાનો વિષય હોવા છતાં ભાષા સહેલી રાખવામાં આવેલી છે. કાગળ ઉંચા એન્ટીક, સુંદર છપાઇ તથા પાકું સોનેરી પુઠું છતાં **કીંમત** માત્ર રૂ. ૩–૦–૦ પોષ્ટેજ ૬ આના.

મળવાનું ઠેકાણું :—

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર

ત્રણ દરવાજા—**અમદાવાદ.**

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ॐ तत्सत् सद्गुरु परमात्मने नमः

श्री वेदान्त पंचीकरण.

मंगलम्.

કામાદિ રાક્ષસ રિપૂ, શાન્તિ સીતા સંગાથ;
બાંધી ભવસાગર વિષે, તત્વ બોધની પાજ. ૧
એવા મંગળ રૂપ છે, સદ્ગુરુ શ્રીમદ્ રામ;
હીરો જેના અનુગ્રહે, હું પોતે ભગવાન. ૨

અનુષ્ટુપ

પંચીકરણ વ્યાખ્યાની, સદ્ગુરુ રામ યોગીની;
ગુજર્જરોનાં ભલાં વાસ્તે, ઠીક આ શિઘ્ર બોધિની. ૧
યથા બુદ્ધિ લખું હીરો, સ્મરી ગૌરી ગજાનન;
નમુ હીરો નિજાત્મા જે સચ્ચિદાનન્દ લક્ષણ. ૨

અતિ શાન્તિ એટલે [illegible] વૃત્તિ-રૂપી સીતાજીથી શોભાયમાન, કામ ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ રૂપી રાક્ષસોના રિપૂ, સંસાર-સાગરમાં તત્વજ્ઞાન રૂપ સેતુબંધને બાંધનારા એવા બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય સદ્ગુરૂ કે જેના પ્રસાદથી હું પોતે જ

---

१ यस्य प्रसादादहमेव विष्णुः मध्येय सर्वं परिकल्पितं च ।
इत्यं विजानामि सदात्मरुपं तस्यांघ्रिपद्मं प्रणतोंऽस्मि नित्यम् ।

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ભગવાનરૂપ બન્યો છું અને જેઓ સર્વદા મંગળમૂર્તિ છે તેમને પ્રણામ કરૂં છું. ૧–૨

અધિકારી, વિષય, સંબંધ ને પ્રયોજન એ ચાર અનુબંધવાળા ગ્રંથમાં વિવેકી પુરૂષોની પ્રવૃતિ થાય છે. તો આ પંચીકરણનો અધિકારી કોણ છે તો કહીએ છીએ કે –વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ ને મુમુક્ષુતા એ ચાર સાધનને જેણે મેળવેલાં છે તે આ ગ્રંથનો અધિકારી છે. આ આત્મસ્વરૂપ નિત્ય છે ને તેથી વ્યતિરિક્ત સર્વ અનિત્ય છે, એવો જે નિશ્ચય તે વિવેક. આલોક પરલોકના ભોગવિષે ઇચ્છાના અભાવને વૈરાગ્ય કહે છે. શમ, દમ, ઉપરિત, તિતિક્ષા શ્રદ્ધા ને સમાધાન તે શમાદિ છ સંપત્તિ કહેવાય છે. સર્વ વાસનાનો ત્યાગ તે શમ, શબ્દાદિ બાહ્ય વિષયોથી ઇંદ્રિયોનો નિગ્રહ તે દમ, સર્વ પ્રપંચથી નિવૃત્તિ તે ઉપરથિ, શીતોષ્ણાદિ દ્વંદ્વધર્મની સહનતા તે તિતિક્ષા બ્રહ્મનિષ્ઠ

---

१ नित्यवस्तु एकं ब्रह्म तद्व्यतिरिक्तं सर्वमनित्यम् । अयं हि नित्यानित्यवस्तुविवेकः ॥ इहस्वर्गभोगेषु इच्छाराहित्यं विरागः ॥ मनोनिग्रहः शमः चक्षुरादिबाह्येन्द्रियनिग्रहः दमः स्वधर्मानुष्ठानमेव उपरमः । शीतोष्णसुखदुःखादिसहिष्णुत्वम् तितिक्षा । गुरुवेदान्तवाक्ये विश्वासः श्रद्धा । समाधानं चितैकाग्रता । मोक्षोमेभूयादितीच्छा मुमुक्षुता ॥१॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શ્રોતિય સદ્ગુરૂનાં અને વેદાંત શાસ્ત્રનાં વચનોમાં ભક્તિ તે શ્રદ્ધા અને એક સલ્લક્ષ્ય સમજવામાં ચિત્તની જે એકાગ્રતા તે સમાધાન. સંસાર બંધનથી છુટી જવાની જે ઇચ્છા તેનું નામ મુમુક્ષુતા. આ ચાર સાધનવાળો અધિકારી કહેવાય છે. પ્રત્યગાત્માની પરમાત્માની એકતારૂપ આ પંચીકરણનો વિષય છે. પંચીકરણનો અને અદ્વિતીય બ્રહ્મનો પ્રતિપાદક પ્રતિપાદ્ય ભાવરૂપ સંબંધ છે. આ પંચીકરણના જ્ઞાનના અને પંચીકરણનો જન્યજનક ભાવરૂપ સંબંધ છે. અજ્ઞાન અને જ્ઞાનનો નિવર્ત્યનિવર્ત્તક ભાવ સંબંધ છે. આ પંચીકરણનું પરમાનંદસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ તથા અજ્ઞાનસહિત સમગ્ર જન્માદિ અનર્થની નિવૃત્તિરૂપ પરમ પ્રયોજન હોવાથી આનો પ્રારંભ સફળ છે. મહાત્મા રામગુરૂએ માત્ર સાડત્રીશ ચોપાઈમાં સમગ્ર બ્રહ્મવિદ્યાનું રહસ્ય સુલભ કરી આપ્યું છે.

नित्यं शुद्धं निराभासं निराकारं निरंजनम् । नित्यबोधं चिदानन्दं गुरुं ब्रह्म नमाम्यहम् ॥ गूढा विद्यां योगमाया देहमज्ञानसम्भवम् । उदयं स्वप्रकाशेन गुरुशब्देन काथ्यते ॥ २ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

॥ श्री गणेशाय नमः ॥

चौपाइः—घणा दहाडानो भ्रम थयो जीवने,
एटले देह माने पोते आपने ।
ते सारु फरे चोराशी लक्ष योनिने,
फरि फरि पामे जन्म मरणने ॥ ९ ॥

અનુવાદઃ-ઘણા દા'ડા, તણો થયો છે, જીવને ભય આ ખરે,
પોતાને દેહ માનીને ચોરાશી લક્ષમાં પડે.
તરે જન્મે અને પાછો, મરે જન્મ ફરી ફરી,
હીરો જાણું ભવાબ્ધિને, સદ્ગુરૂ નાવથી તરી.

ટીકા-અવિદ્યોપાધિક પ્રત્યગાત્મારૂપ જીવને અનાદિ કાળનો ભ્રમ એટલે ભૂલ થવાથી પોતે જીવાત્માએ પોતાને આપને 'આ દેહ હું છું' એમ માની લીધેલ છે પણ ખરૂં જોતાં પોતે તો એક સચ્ચિદાનંદરૂપ બ્રહ્મ સ્વરૂપ છે પણ દેહરૂપ નથી. તેણે ભ્રમથી હું દેહ, હું મનુષ્ય, હું ક્ષત્રીય એમ માની લીધું છે.

દૃષ્ટાંત—કોઇ એક બ્રાહ્મણ ઘણી ભાંગ પીને તેના કેફથી પોતાનું બ્રાહ્મણપણું ભૂલીને હું શૂદ્ર છું, વૈશ્ય છું, ક્ષત્રિય છું એમ વિપરીત વદતો હતો. જો કે તેમ વદવા છતાં તે કાંઈ બ્રાહ્મણ ટળીને અન્ય વર્ણનો થઇ ગયો ન હતો ;પરંતુ બ્રાહ્મણ જ હતો છતાં માયાના નિશાથી એમ બોલતો હતો. પછી કોઈ સજ્જન

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વૈદે તેને ઘી પાયું ને તેનો નિસો ઉતર્યો ત્યારે તે પોતાનું બ્રાહ્મણપણું સ્વભાવથી જ જાણતો હોવાથી વિપરીત પ્રલાપ કરતો બંધ થયો. હવે તે કોઇ કાળે 'હું શુદ્રાદિક છું' એમ માનવાનો નહી. કેફ ઉતર્યો કે વિપરીત બુદ્ધિ મટી ગઇ.

सिद्धांत—પ્રત્યગાત્મા અજ્ઞાનરૂપ કેફથી અવિદ્યા કલ્પિત સ્થૂલ સૂક્ષ્મકારણ આદિના કલ્પિત સંબંધથી પોતનું પરમાર્થિક સચ્ચિદાનંદ સ્વરૂપ વિસરીને હું માણસ છું, બ્રાહ્મણ છું, ક્ષત્રિય છું, વૈશ્ય છું, ગૃહસ્થ છું ત્યાગી છું, પુરૂષ છું, સ્ત્રી છું, જન્મું છું, અને મરૂં છું, એમ વિપરીત અધ્યાસ કરે છે. પોતે ખરૂં જોતાં, સમગ્ર દેહાદિકનો દ્રષ્ટા સાક્ષી બ્રહ્મરૂપ છે છતાં અજ્ઞાનથી જાણતો નથી. હવે જ્યારે એ અજ્ઞાનીને બ્રહ્મનિષ્ઠ ગુરૂ બ્રહ્મવિદ્યાના ઉપદેશથી ઘી પાય ત્યારે તેનો અજ્ઞાનરૂપ કેફ જાય. આમ થયા પછી તે હું મનુષ્ય છું ઇત્યાદિ અનેક કલ્પનાઓ કરશે નહીં પરંતુ હું સચ્ચિદાનંદ બ્રહ્મજ છું એમજ નિશ્ચયથી તે માનશે. જ્યાં સુધી સર્વાધિષ્ઠાનરૂપ સચ્ચિદાનંદરૂપ બ્રહ્મ કે જે પોતાનું જ વાસ્તવિક રૂપ છે તેને જાણ્યું નથી ત્યાં સુધી જ અનાદિ અજ્ઞાનથી 'હું દેહ છું' ઇત્યાદિ મનાય છે.

પ્રજ્ઞાનંદ ગુરૂ મળ્યા, કરી અવિદ્યા શાંત,
હીરો હરિરૂપે થયો, એ પ્રત્યક્ષ પ્રમાણ.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

દૃષ્ટાંત—કોઇ ભરવાડ તરત જન્મેલા સિંહનાં બચ્ચાંને પોતાને ત્યાં લાવીને દુધ પાઇને ઉછેરવા લાગ્યો, તે આખો દીવસ તે બચ્ચાંને બકરાંના ટોળામાં ફેરવતો ને સાયંકાળે બકરાંઓની સાથેજ ઘેર લાવતો. નિત્યપ્રતિના સર્વ પ્રકારના આહારના, વિહારના, અને રમતગમતોના બકરાંના જ સહવાસથી તે સિંહનું બચ્ચું પોતાને પણ એક બકરૂં જ છે એમ દ્રઢ માનવા લાગ્યુ ને પોતાનું અસલ, સિંહરૂપ વિસરી ગયું. આ પ્રમાણે ઘણા દહાડાના પરિચયથી તે સિંહને બકરાંનો અભ્યાસ દઢ થઇ ગયો. એક દીવસ બકરાંઓના ટોળામાં તે સિંહ ઉભો હતો તેવામાં પર્વતમાંથી એક બીજો સિંહ બહાર આવ્યો, તે બકરાંના ટોળામાં પેલા અજ્ઞાની સિંહને જોઇને આશ્ચર્ય પામી તે સિંહે ગર્જના કરી. આથી સઘળાં બકરાં નાસી ગયાં ને તેની સાથે પેલો અભ્યાસવાળો સિંહ પણ નાસવા લાગ્યો, આથી પેલા પર્વતના સિંહે બુમ પાડીને તે સિંહને ઉભો રાખ્યો. પર્વતનો સિંહ બોલ્યો કે, હે ભાઈ! તું તો સિંહ છે છતાં બકરાંના ટોળામાં કેમ રહે છે! પેલાએ જવાબ આપ્યો કે, હું તો કાંઈ સિંહ નથી, તું સિંહ હો તો ભલે હો. હું તો બકરો છું. તું તો સિંહ છો, એમ મને ખોટી વાત કહેવી નહીં. પર્વતના સિંહે વિચાર્યું કે 'આને જન્મથી જ બકરાંની સોબત થઇ છે ને ભર-

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વાડ તેને બકરો કહીને બોલાવે છે તેથી હું બકરો છું તેવો મિથ્યા અધ્યાસ દઢ થયો છે પછી પર્વતના સિંહે કહ્યું, કે ભાઈ! જરા વિચાર કરી તું જો તો ખરો. બકરાંના અંગો ને તારાં અંગો મેળવી જો. તું મોટો છે તે નાનાં છે. પેલા અધ્યાસવાળા સિંહે કહ્યું, ભાઇ હું મોટો બકરો છું. તેણે કહ્યું, ભાઈ ફરીથી વિચાર કરિ જો. તારાં અંગોનાં ને મારાં અંગનાં લક્ષણ મેળવી જો તો તે મળતાં આવશે. આમ છતાં એના માનવામાં ન આવ્યું ત્યારે છેવટે તળાવમાં પ્રતિબિંબ બતાવીને પેલો સિંહે તે બકરા રૂપી સિંહને તેના સ્વરૂપનું ભાન આપ્યુ ને સમજાવ્યો કે લાંબા વખતના ભરવાડના ને બકરાંના સંસર્ગથી તને ખોટું અભિમાન થયું છે માટે 'હું બકરો છું' એ અભિમાન તજીને 'હું સિંહ છું' એમ તું નિશ્ચય કર. પરિણામે પોતે સિંહ છે એમ નિશ્ચય થતાં આટલો સમય નાહક બકરો બન્યો, એમ તે સિંહને પશ્ચાત્તાપ થયો. મને નાહક બંધન થયું હતું પણ હવે કોઇ દીવસ બકરાંનો સંગ ન કરૂં પણ નાશ કરૂં એવો નિશ્ચય કરી તે બકરાંનો ત્યાગ કરી સિંહની સાથે સુખે ફરવા લાગ્યો.

सिद्धांत—દેહદષ્ટા આત્માએ અનાદિકાળનું સ્વ-સ્વરૂપનું અજ્ઞાન છે તેથી તથા કામ કર્માદિકના

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સંબંધથી અવિદ્યાકલ્પિત દેહેન્દ્રિયાદિના સંઘાતરૂપ બકરાંના સમુદાયમાં આવી અધ્યાસ કરીને હું મનુષ્ય છું, હું પુરૂષ છું, હું સ્ત્રી છું, હું બ્રાહ્મણાદિ વર્ણ છું, બ્રહ્મચર્યાદિ આશ્રમી છું, એમ માની લીધું છે અને પોતાનું સ્વભાવિક સ્વરૂપ સાક્ષી, દ્રષ્ટા ને સચ્ચિદાનંદ સ્વરૂપ છે તેને તે વિસરી ગયો છે. તેને ભરવાડના સમાન ગુરૂ પણ ભેદવાદી મળ્યો છે કે જે 'તું સંસારી છો, દેહ છો, કર્ત્તાભોક્તા છો, એવો અવળો બોધ કરીને અજ્ઞાનને જ દ્રઢ કરાવે છે, આથી પણ અજ્ઞાની જીવાત્મા પોતાના સ્વરૂપને વિસરીને 'હું દેહાદિક છું' એવો મિથ્યાધ્યાસ દ્રઢ કરીને બેઠો છે પરંતુ તે અજ્ઞાની જીવને પૂર્વના કોઇ અનંત પુણ્યકર્મનો ઉદય થાય તેથી અને તે પુણ્ય કર્મના ફળપ્રદાતા જગદીશ્વરના અનુગ્રહથી જ્યારે વેદાન્તશાસ્ત્રના યથાર્થવેત્તા કોઇ બ્રહ્મનિષ્ઠશ્રોત્રિય શ્રીરામ ગુરૂ સમાન સદ્ગુરૂ મળે ત્યારે તે ગુરુ તેનાં સારાં લક્ષણો તથા મુમુક્ષુતા જોઇને પેલા સિંહના સમાન આ પ્રમાણે પૂછે.

ગુરુ—તું કોણ છો! બ્રહ્મસ્વરૂપને તુ જાણે છે?

શિષ્ય—હું તો મનુષ્યુ છું. હું થી બ્રહ્મસ્વરૂપ કેવી રીતે જણાય.

ગુરુ—હે ભ્રાત ! આ તારો દેહ મનુષ્ય છે. દેહનો દ્રષ્ટા તું આત્મા દેહથી ન્યારો છે, મનુષ્ય નથી. તું

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

બ્રહ્મસ્વરૂપ છો છતાં અજ્ઞાનથીજ " બ્રહ્મસ્વરૂપ કેમ જણાય " એમ કહે છે.

શિષ્ય—હે મહારાજ ! તમે કહો છો કે " તું બ્રહ્મ છે " પણ હું બ્રહ્મ કેમ હોઇ શકું ! હું તો સંસારી, સુખી, દુઃખી, કર્ત્તા ભોક્તા છું તેથી તમારી વાત મને ગળે ઉતરતી નથી.

ગુરુ—હે મુમુક્ષુ ! જરા વિચાર કરી જો કે આ તારા દેહમાં જે અહંકાર છે તે સંસારી સુખી, દુઃખી, કર્ત્તા, ભોકતા ને દૃશ્ય છે પણ તું તો તેને દૃષ્ટા છે. દેહનાં લક્ષણ બકરાનાં સિંહ સાથે ન મળે તેમ તારા આત્મા સાથે એકે પણ મળતાં નથી. બ્રહ્મનાં સત્, ચિત્ આનંદાદિ લક્ષણો તારા આત્મસ્વરૂપમાં મળે છે. જેમ સિંહના લક્ષણ સિંહ સાથે મળ્યાં તેમ. જેમ બ્રહ્મ સત્ય છે તેમ તું પણ જાગ્રદાદિ અવસ્થાત્રયમાં સત્યરૂપ છે તથા જેમ બ્રહ્મ જ્ઞાનરૂપ છે તેમ તું ત્રણે અવસ્થામાં અવસ્થાને જાણતો હોવાથી જ્ઞાનરૂપ છે. જેમ બ્રહ્મ આનંદરૂપ છે તેમ તું પણ પરમ પ્રેવાસ્પદ છો તેથી જ પરમ આનંદરૂપ છો. વળી તું બ્રહ્મની તુલ્યે અસ્તિ-જાયતે આદિ છ વિકાર રહિત છો. આ તારો દેહ દૃશ્ય, અસત્, જડ ને દુઃખરૂપ હોવાથી વિકારવાળો છે તેથી આ દેહ સાથે તારે કાંઇપણ વાસ્તવિક સંબંધ નથી. કેવળ તારા સ્વરૂપના અજ્ઞાનથી સુખ, દુઃખ, કર્તૃત્વ,

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ભોકતૃત્વ વિગેરે અંતઃકરણના ધર્મો ભ્રાંતિથી આત્મામાં તેં માની લીધેલા છે. વસ્તુતાથી તું શુદ્ધ બ્રહ્મરૂપ છો. તારા વિષે સંસાર નથી. શ્રીમદ્ભાગવતના એકાદશ સ્કંધના ૨૦ મા અધ્યાયમાં ભગવાનનું ઉદ્ધવજીપ્રતિ ઉપદેશ વચન છે કે શોક, હર્ષ ભય, લોભ, મોહ, તૃષ્ણા, જન્મ, મૃત્યુ આદિ શબ્દથી કર્તૃત્વ ભોકતૃત્વ આદિ, એ સઘળો ધર્મવ્યવહાર અહંકારમાં દેખાય છે, આત્મામાં નથી કેમકે સુષુપ્તિ–સમાધિ આદિ અવસ્થામાં પણ જો અહંકાર લીન થયો હોય છે તો એ સુખ દુઃખ આદિ ધર્મ પ્રતીત થતા નથી, ને જાગ્રતમાં એ અહંકાર હોય છે તેથી તે પ્રતીત થાય છે જેથી તે ધર્મ અહંકારમાં જે તે આત્મા તો નિર્વિકાર છે. ઉકત પ્રકારનો જ્યારે ગુરૂ ઉપદેશ આપે ત્યારે શિષ્ય વિચાર કરી દેહાધ્યાસ તજી 'હું બ્રહ્મ છું' એવો પાકો નિશ્ચય કરે ને સંસાર દુઃખથી છૂટો થાય. આ પ્રમાણે પ્રથમ ચોપાઈના પૂર્વાર્દ્ધમાં અનાદિકાળના અજ્ઞાનથી જીવને દેહાધ્યાસ થયાની વાત કરી અને હવે ઉત્તરાર્ધમાં એ દેહાધ્યાસનું જન્મમરણાદિ સંસાર રૂપ ફળ બતાવે છે કે–"તે સારુ ફરે ચોરાશી લક્ષ યોનિને" જે સારૂ પોતાના સ્વરૂપને વિસરીને દેહમાં અધ્યાસ

---

१ शोकहर्षभयक्रोधलोभमोह स्पृहादयः । अहंकारस्य दृश्यन्ते जन्ममृत्युश्चनात्मनः ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કર્યો છે તે સારૂં ચોરાશી લક્ષયોનિમાં ફરી ફરી આવાગમન કરે છે અને જન્મમરણ પામે છે. અહીં એક આંધળાની આખ્યાયિકા કહીએ છીએ.

દ્રષ્ટાન્ત–કોઈ એક આંધળાને નાના પ્રકારનાં દુઃખથી ગામની બહાર જવાની મરજી થતાં તેણે બહાર જવાનો રસ્તો કોઇને પૂછયો ત્યારે ગામને દરવાજો એકજ હોવાથી ગામના ગઢની દિવાલને હાથ લગાડી ચાલવા માંડે એટલે દરવાજો આવે ત્યાંથી બહાર નીકળી જાય એમ સુચના થતાં તેણે તેમ કર્યું. આ પ્રમાણે તે આંધળો કોટની દિવાલને હાથ લગાડી ચાલવા લાગ્યો ને ચાલતાં ચાલતાં જ્યારે દરવાજો આવ્યો ત્યારે તે આંધળો દાદરનો રોગી હોવાથી તેને ઘણીજ ચળ આવી. આથી હાથ ઉપાડીને તે ખંજવાળવા લાગ્યો ત્યાં પેલો દરવાજો ચાલ્યો ગયો ને હાથ મુકે ત્યાં તો પાછી દિવાલ શરૂ થઇ. દરવાજો પાછળ રહી ગયો. આ પ્રમાણે કર્મધર્મ સંયોગે જ્યારે જ્યારે દરવાજો આવે ત્યારે ત્યારે તેને ખરજ ઉપડે અને ખંજવાળીને હાથ મેલે ત્યાં દિવાલ આવે. આથી ઘાણીના બળદની પેઠે તે આંધળો આખો દિવસ ચાલ્યો પણ દરવાજોજ ન આવે. તે મહાસંકટ ભોગવે છે માર્ગમાં કાંટા વાગે છે, ગામની ગટરમાં પડી જાય છે, તાપથી તપે છે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વાયુથી આંખોમાં ધુળ પડે છે, ને હેરાન થાય છે. કોઇ ડાહ્યા માણસે ખરૂં કારણ શોધી કહાડી અન્તે તેને દરવાજા બહાર કાઢી દીધો ત્યારે તે સુખી થયો.

સિદ્ધાન્ત–આંધળાને સ્થાને અજ્ઞાની સમજી લેવો. ગઢના સ્થાને ચોરાશી લાખ યોનીઓ માની લેવી. દરવાજાના સ્થળે મનુષ્યદેહ માનવો. બ્રહ્મનિષ્ઠગુરૂ ત્યાં માર્ગદર્શક માનવા અજ્ઞાનરૂપ અંધતાથી મોક્ષદ્વારરૂપ મનુષ્ય દેહમાં મોક્ષસાધન કરવું જાણતો ન હોવાથી અજ્ઞાની જીવ નાનાપ્રકારના વિષયભોગ અને અસદાચરણરૂપી ખરજથી આખો જન્મારો નકામો કાઢે છે. જેમ દાદરપર ખરજ મીઠી લાગે છે તેમ નાના પ્રકારના વિષયભોગ ભોગવવા અજ્ઞાનીને મીઠા લાગે છે. આથી મરવાની ઘડીસુધી વિષયલાલસા મેલીને એ અજ્ઞાની પરમેશ્વરમાં પ્રીતી કરતો નથી. આમ છતાં જ્યારે પ્રાણ પોબારા ગણી ગયા એટલે મનુષ્યદેહરૂપી મોક્ષદ્વાર ગયું અને ચોરાશી લક્ષ યોનિરૂપ કિલ્લો હાથ આવ્યો, તેમાં બળદ, ઘોડા, ગધેડા આદિનાં પશુ શરીરો ધારણ કરીને તે મહા દુઃખ ભોગવે છે. મનુષ્યદેહમાં આત્મજ્ઞાન સમ્પાદન ન કર્યું તેનું ફળ ચોરાશી લક્ષ યોનિમાં ભ્રમણ કરીને ફરી ફરી જન્મમરણને પામે છે. પ્રબોધસુધાકર નામના ગ્રન્થમાં ભગવત્પાદ શંકરાચાર્ય

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કહેછે કે--૧. આત્મજ્ઞાનવિના આયુષ્ય ક્ષય થતાં મનુષ્ય-દેહોનો નાશ થયા પછી મૂળનાં પાપ કર્મોથી પશ્ચાદિ દેહોને ધારણ કરીને તેઓને પશુઆદિના અવતારમાં દેહનું પણ પુરૂં જ્ઞાન નથી રહેતું તો પરમાનન્દરૂપ બ્રહ્મનું જ્ઞાનતો ત્યારે ક્યાંથીજ થાય અર્થાત્ બ્રહ્મજ્ઞાનને યોગ્ય માત્ર એકજ મનુષ્ય દેહ છે જેથી મોક્ષદ્વાર હોવાથી દુર્લભ કહ્યો છે. ૨. વિવેકચુડામણિના પ્રારમ્ભમાંથીજ નરદેહનું માહાત્મ્ય શંકરે બતાવ્યુ છે. પશુ શરીરનાં કષ્ટોનું વર્ણન કરીએ તો એક સંકટપુરાણ થાય. અહો ! જીવ જ્યારે માતાના ઉદરમાં ગર્ભવાસ કરે છે ત્યારે તેને ત્યાં અવર્ણનીય કષ્ટ થાય છે એ વાત આયુર્વેદથી જાણી જાય છે ને ગર્ભવાસ એક નરકવાસ છે. એ દુઃખ માતાને તથા ગર્ભનેજ અનુભવમાં આવે તેમ છે. બાલ્યાવસ્થામાં પરાધીનતાથી, યૌવનાવસ્થામાં સ્ત્રીઆદિ વિષયોની તૃષ્ણાથી ને વૃદ્ધાવસ્થામાં અશ-

[1]नरदेहाऽतिक्रमणात् प्राप्तौ पश्चाऽऽदिदेहानाम् ॥ स्वतनोरप्यज्ञानं परमार्थं स्याऽत्र का वार्ता । सततं प्रवाह्यमाणै वृषभैरुष्ट्रैः स्वरैः गजैः महिषैः ॥ हाकष्टं श्रुत्वानैः श्रान्ते नो शक्यते वक्तुम् ।

[2]जन्तुनां नरजन्मदुर्लभमतः पुंस्त्वं ततो विप्रता । तस्मा द्वैदिक धर्ममार्ग परता विद्वत्वमस्मात्परम् । आत्मानात्म विवेचनं ह्यनुभवो ब्रह्मात्मना संस्थितिः । मुक्तिर्नो शतजन्मकोटिसुकृतैः पुण्यै : विना लभ्यते.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ક્રિતથી ને રોગોથી તથા સ્ત્રીપુત્રઆદિથી થતા અના-
દરથી મહાદુઃખ થાય છે. આ અનુભવ સ્વસંવેદ્ય છે.
એકી હારે અસંખ્ય વીંછીના ડંખના સમાન તથા
જીવતા માણસના હાથપગ વિગેરે કરવતીથી કાપ્યાના
સમાન મૃત્યુ સમયની પીડા થાય છે. મનુષ્ય દેહ એ
પુણ્યપાપનાં સમાનપણાથી પ્રાપ્ત થાય છે તેથી કોઇ
પુણ્યપાપ તોળીને કરતું નથી પરન્તુકાકતાલીય ન્યાયથી
જ્યારે પાપપુણ્યનો સરખો યોગ થઇ જાય છે ત્યા જ
મોક્ષદ્વારરૂપ આ મનુષ્ય કાયા મળે છે. આથી આ શરીર
મહાદુર્લભ છે. હવે અધિકપુણ્યથી સ્વર્ગ એટલે દેવ
શરીર પ્રાપ્ત થાય છે પરન્તુ તે કાયાથી મોક્ષ સાધન
ન થતું હોવાથી ક્ષીણે પુણ્યે મૃત્યુલોકે વિશન્તિ પાછું મત્યુ
લોકમાં પતન થઈ મનુષ્યદેહ મળે ત્યારેજ પરમાન્દ
રૂપ મોક્ષ મળે છે. કેવળ પાપનાં કારણથી ફળયોનિમાં
પશુ, વૃક્ષ, જન્તુ આદિનાં શરીરો મળે છે જેમાં આ-
ત્મસાધન થતું ન હોવાથી તે તો માત્ર અશુભકર્મનાં
ફળ ભોગવવા વાસ્તે ફળયોનિજ છે. તમોગુણી દ્વારવાળું
ફળયોનિ નામનું પશુઆદિક અધમ લોકનું સ્થાન આ
જગતમાં દોષદ્રષ્ટિ કરવાથી મળે છે. દોષદ્રષ્ટિવાળો પ્રાણી
પશુ શરીરનેજ પામે છે. આવિ દ્રષ્ટી ધુવડની હોય છે.
દોષદ્રષ્ટિ ફળયોનિની ચાવી સમાન છે. ગુણદ્રષ્ટિ સ્વર્ગ
દ્વારની કુંચી છે ને ભ્રમરામાં હોય છે. યથાર્થ દ્રષ્ટિએ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

મનુષ્યજન્મ દ્વારની કુંચી છે અને જે દ્રષ્ટિ હંસની હોય છે. મોક્ષની કુંચી સમદ્રષ્ટિ છે કે જે દ્રષ્ટિ ગગનમાં તદાકાર થતાં ચક્રવાક પક્ષીને હોય છે. આ પ્રકારે જેવી દ્રષ્ટિ રાખીએ તેવા લોકમાં ગમન થાય છે. યથાર્થ દ્રષ્ટિ રાખવાથી મનુષ્ય થયાઅને હવે સમદ્રષ્ટિ સાધો તો મોક્ષ ને ગુણદ્રષ્ટિ સાધો તો સ્વર્ગ મળે પણ દોષ દ્રષ્ટિ સાધો તો તો પાછા પસુના પસુજ થવું પડે. મનુષ્યદેહની દુર્લભતા વિષે એક દ્રષ્ટાંત કહીએ છીએ. કોઇએક ખેડુત પોતાના ત્રણ વરસના બાળકને ખેતરમાં સાથે લઇ જતો હતો અને આસપાસની વહેતી નદીમાંથી કેટલાક પાંચીકાનો ઢગલો કરી તેની પાસે બાળકને બેસાડી ખેતીકામ કરતો હતો. ખેતરમાં કાગડા વિગેરેને ઉડાડવા વાસ્તે પેલા પાંચીકાઓને ગોફણમાં ચડાવી ચડાવી ફેંકતો હતો. આ પ્રમાણે તે ખેડુતનું રોજકામ ચાલતું હતું. તેણે પાંચીકાનો તમામ ઢગલો કાગડા ઉડાડવામાં વાપરી દીધો ને તેમાંથી એકાદ બે પાંચીકા તેના બાળકના હાથમાં એક દિવસ રહી ગયા તે તેની મા ભાત દેવા આવી ત્યારે છોકરાને લઈ નિત્ય નિયમપ્રમાણે જતી હતી. ગામનું બજાર આવ્યું ત્યાં કેટલાક ઝવેરીઓએ છોકરાના હાથમાંના બે પાંચીકા જોઇ બાઇપાસે થોડા રૂપીઆ બદલ માગ્યા તેથી બાઈ ચકિત થઇ ગઇ. છેવટે એ બે પાંચીકાની બે કરોડ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કૃપિઆ માગણી થઈ ત્યારે બાઇએ ઘણી ઘેર આવ્યા પછી આ વાત કરી તેવામાં તો ગામના રાજાએ અરધું રાજ્ય તે બે પાણા બદલ આપવાનું કહ્યું પરન્તુ આથી પેલા ખેડુતને સંતોષ ન થતાં તે મૂર્ચ્છા ખાઈ ધરતી પર ઢળી પડયો અને કલ્પાંત કરવા લાગ્યો કે અરે રે! આવા હજારો પાંચીકા મારી પાસે હતા તે મેં નદીમાં પક્ષીઓને ઉડાડવા માટે ગોફણમાં ઘાલી ફેંકી દીધા. હવે પશ્ચાત્તાપ કરવાથી શું થાય! એ બે ચિન્તામણિઓ હતા.

સિદ્ધાન્ત અહીં ખેડુતના સ્થાને અજ્ઞાની જીવ છે, મનુષ્યદેહ રૂપી ઉત્તમ ક્ષેત્ર છે. તેમાં ૨૧૬૦૦ શ્વાસોશ્વાસરૂપી ચિન્તામણિઓ છે, પ્રત્યેક શ્વાસનું મૂલ્ય અગણિત છે. નાના પ્રકારના વિષયભોગને મેળવવામાં એ શ્વાસો અજ્ઞાની જીવે ખપાવી દીધા છે પરન્તુ તેથી આત્મ સામ્રાજ્યરૂપી મહાપદ તે ગુમાવી બેઠો છે. શ્વાસની કિમ્મત થયા પછી અજ્ઞાની પસ્તાવો કરે તેમાં શું વળે! અહો! સદગુરૂ એ ચિન્તામણિની કે પારસમણિની ઉપમાથી પણ અધિક છે કેમકે ચિન્તામણિ કે પારસમણિ પોતાના સ્પર્શથી બીજાને કાંચન બનાવે છે પરન્તુ પોતાનારૂપ બતાવતા નથી પરન્તુ સદગુરૂ તો સ્વીયં સામ્યં વિધતે શ્રિતચરણયુગે સદગુરુઃ સ્વીય શિષ્યે પ્રસંગી શિષ્ય જનોને પોતાના સમાનજ બનાવે છે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અહોહો ! અજ્ઞાનથી મનુષ્યદેહ ગુમાવીને પશુ દેહને ધારણ કરવાથી કેટલું બધું સંકટ આવી પડે છે ! શ્રી ૧ શંકરાનન્દ મુનિ કહે છે કે–આ અજ્ઞાની જીવ સંસારમાં ઘટયંત્રના સમાન કે કુંભારના ચાકડા સમાન અથવા તો ઘાણીના બળદના સમાન પરવશ થઈને જન્મે છે, બાળક થાય છે, જુવાન થાય છે, ઘરડો થાય છે. મરી જાય છે ને ફરી જન્મ પામે છે. પોતાના સ્વરૂપનાં અજ્ઞાનથી અજ્ઞાની જીવ જન્મ મરણરૂપ ઘટમાળમાં આવજાવ કર્યાજ કરે છે.

આ પ્રકારે પૂર્વોકત ચોરાશી લક્ષયોનિનાં દુઃખો ગરૂડ પુરાણાદિનાં વચનો દ્વારા સદગુરૂ મુખથી સાંભળીને શિષ્યના મનમાં મહાભય પેદા થયો ને સંસાર દુઃખ કેમ મટે ! એવી તેની જીજ્ઞાસા થઇ. પછી તે શિષ્યને સ્મરણ થતાં ગુરૂને શરણે ગયો અને જન્મ મરણાદિ દુઃખની શાન્તિ થવા વાસ્તે પ્રશ્ન પૂછવા લાગ્યો જેનું નિરૂપણ આ બીજી ચોપાઇમાં મહાત્મા શ્રી રામ ગરૂએ આ પ્રમાણે કર્યું છે.

चोपाइ---जन्ममरण केम टळशे भाइ,
साधुनो समागम करीये जाइ।

---

१ जातो बालो युवा वृद्धो मृतो जातः पुनस्तथा
बंभ्रमीस्येष संसारे घटीयन्त्रसमोऽवशः

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

जन्म केम मरण टळशे महारे,
हुं कोण छुं एवो विचार करे ते वारे ॥२॥

અનુવાદ–જનિમૃતિ જશે કેમ હે ગુરો !
સુજન સંગને સર્વદા કરો
જનિ મૃતિ કહો કેમ આ ટળે !
ટળી જશે હિરો કોણ હું સ્મરે ! ॥૨॥

ટિકા–અનેક જન્મમાં કરેલાં વૈદિક નિષ્કામ સત્કર્મોથી પ્રસન્ન થયેલા પરમેશ્વરના પ્રસાદથી વૈરાગ્ય આદિ સાધન ચતુષ્ઠય સમ્પન્ન થયેલા અધિકારી મુમુક્ષુને આવા આ જન્મમરણના મહાસંકષ્ટો કેવી રીતે નિવૃત્ત થાય એવી જે જીજ્ઞાસા પ્રકટે તો તે મુમુક્ષુએ સત્સંગ કરવો. સાધુના સહવાસમાં રહેવું. ૨

વિવેચન–અહિં શિષ્ય સદગુરૂને પ્રશ્ન કરે છે કે–

શિષ્ય–સાધુ શબ્દનો શબ્દાર્થ શું છે? શું કૌપીન કમંડલુ ને ભગવાં વસ્ત્ર માત્ર ધારણ કરીને વિશ્વમાં વિચરનારોજ સાધુ કહેવાય છે કે સાધુનાં લક્ષણો કાંઈ જુદાં છે ! સાધુને ઓળખાવી તેનો સમાગમ કરવાથી જન્મમરણનો કલેશ નિવૃત થાય તે પ્રકારે કૃપા કરીને હે ગુરો ! સાધુજનનાં લક્ષણો કહો.

ગુરૂ–હે શિષ્ય ! ભગવદ્ગીતામાં ભગવાને દર્શાવેલી અમાનિત્યવાદિ દૈવીસમ્પત્તિવાળો સાધુજન સર્વદા

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

હોય છે. સ્વધર્મનો ત્યાગ નહીં કરી જે સર્વદા શ્રોત્રીય, એટલે સમગ્ર વેદવેદાન્ત આદિ શાસ્ત્રનો જ્ઞાતા અને બ્રહ્મનિષ્ઠ એટલે બ્રહ્મ સ્વરૂપમાં નિષ્ઠાવાળો એવાં બે મુખ્ય વિશેષણો જે વિષે વર્ત્તમાન હોય તેવા સદ્ગુરૂ સાધુ મહાત્માનો સમાગમ કરવાથી સંસાર દુઃખની શાન્તિ થાયછે. વેદ વિરૂદ્ધ વર્ત્તનારા પાખંડી, ભેદવાદિ, કાન ફુંકનારા એવા અનેક આડમ્બરી સાધુઓ કાંઈ ગુરૂપદને યોગ્ય નથી. સાધુમાં અને પરમેશ્વરમાં કાંઈ પણ ફેર નથી.

શિષ્ય—બ્રહ્મનિષ્ઠ ને શ્રોત્રિય એ બે વિશેષણમાંથી એક વિશેષણવાળા ગુરૂ હોય તો તેથી કલ્યાણકારક બોધ થાય કે ન થાય ?

ગુરુ—હે તાત ? એક વિશેષણવાળા ગુરૂથી નિઃસંદેહ બોધ ન થતો હોવાથી બે વિશેષણવાળા ગુરૂને શરણે જવું. જેમ નદીને પાર ઉતરવી હોય તો આંખે દેખતો, ચાલવામાં સમર્થ ને તરવાની કળા જાણવાવાળો પુરૂષ સમર્થ છે. સામા પારના કિનારાને આંધળો દેખતો ન હોવાથી તે તરીઓ હોયને ચાલવાનિ શકિતવાળો હોય તો પણ તેના વિશ્વાસે નદી ન ઉતરાય. પાંગળો પોતે પગ વિનાનો છે જેથી જળનું પ્રમાણ જાણતો નથી અને આંખે ભલે તે દેખે છે અને આટલું

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પ્રાણી આ તરફ છે એમ કહી તે રસ્તે નદી તરવા સુચના કરે છે છતાં પણ તેના વિશ્વાસે તે સાચી વાત કરતો હોય તો પણ કોઇ નહી ઉતરવાની હિમ્મત કરે નહી. દેખતો તથા ચાલવાને સમર્થ એવો તરીયો પુરૂષજ ત્યાં વિશ્વાસપાત્ર થાય છે. અહીં બ્રહ્મ સ્વરુપને પામવાની ઇચ્છાવાળો જે મુમુક્ષુ તે પાર ઉતારનારાના સ્થાને જાણવો જન્મમરણ રુપ પ્રવાહવાળી સંસારરૂપી નદી જાણવી. એ નદીના પેલા પારરૂપ પરમાત્માની પ્રાપ્તિ જાણવી. અંધના સ્થાને કેવળ શ્રોત્રીયગુરૂ ને પાંગળાના સ્થાને કેવળ બ્રહ્મનિષ્ઠ ગુરૂ સમજવા. શ્રોત્રીયગુરૂને શાસ્ત્રાર્થ નિરૂપણ કરવારૂપી ચરણમાં જોર છે પણ તે ગુરૂ પેલા પારરૂપ બ્રહ્મસ્વરૂપને જાણતા નથી તેથી કેવળ શ્રોત્રિય ગુરૂના આશ્રયથી સ્વ સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. પાંગળાના સ્થાને કેવળ બ્રહ્મનિષ્ટ સમજવો. જેને ગુરૂપ્રસાદથી અપરોક્ષ જ્ઞાનરૂપી ચક્ષુ છે તે સંસારનદીના પાર જે પરબ્રહ્મ છે તેને યથાર્થ જાણે છે પરન્તુ તેને શ્રુતિ વાકયોના પ્રમાણો આપીને યુકિતથી બોધ આપવા રૂપી પગ નથી તેથી તે જો બીજાને બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ થવાનો ઉપાય બતાવીને "આ સંસારરૂપા નદી તુચ્છ છે ને ઇશ્વર અનુગ્રહથી ગાયની ખરીના સમાન તરવાને સહેજ છે તથા પરમાત્મા એક,

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અદ્વિતીય, અનંત, અસંગ, અક્રિય, નિર્વિકાર, નિરાકાર, નિર્ગુણ, નિત્ય પ્રત્યગાત્મા, દેહત્રયથી વિલક્ષણ, અવસ્થાત્રયના સાક્ષી, પંચ કોશાતીત. વ્યાપક, દ્રષ્ટા સ્વંજ્યોતિ, સચ્ચિદાનંદ રૂપ છે. તેના જ્ઞાનથી સંસાર નદીથી પાર કલેશ વિના સુખેથી જઇશ" એમ કહે તોપણ તે સાચો ઉપદેશ છે છતાં તેના બોલવામાં બીજા મુમુક્ષુને વિશ્વાસ બેસતો નથી કેમકે તે કાંઇ શ્રુતિસ્મૃતિનાં વાકયોનું પ્રમાણ કહેતો નથી આથી એના વાકયમાં પણ સન્દેહ રહે છે. આથી નદી પાર જનારો જેમ નેત્રવાળા ને પગવાળા પુરૂષની સહાયતાથી નદી પાર ગયો તેમ શ્રોત્રિય તથા બ્રહ્મનિષ્ટ એ બે વિશેષણવાળા ગુરૂનીજ સહાયતાથી સંસાર નદીને પાર જવાય છે વાસ્તે તેવા ગુરૂને શરણે જવું. [1]અથર્વવેદના મુંડક ઉપનિષદમાં પણ મુમુક્ષુએ સમિધાદિ ઉપહાર હાથમાં લઇ વિનયવાળા થઇ પરમાત્મતત્વનો બોધ થવા સારૂ શ્રોત્રિય તથા બ્રહ્મનિષ્ઠ એવા લક્ષણવાળા બે ગુરૂના શરણે જવું એમ સ્પષ્ટપણે કહ્યું છે તેમ ગીતામાં ચતુર્થ અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને પણ શ્રી મુખથી કહ્યું

---

१ तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठं
२ तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया । उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

છે કે–"ગુરૂને સાષ્ટાંગ નમસ્કાર કરીને બન્ધ, મોક્ષ, વિદ્યા અવિદ્યા, આત્મા પરમાત્મા, આત્મા ને પરમાત્માની એકતા ઇત્યાદી શું છે તે બાબતના પ્રશ્નો પૂછવા; પછી ગુરૂની સેવા કરીને પ્રસન્ન થએલા ગુરૂ પાસેથી પરસોત્તમ મોક્ષસાધન રૂપ જે અદ્વિતીય પરમાત્માનું જે જ્ઞાન તેને તું જાણ અને હે અર્જુન ! તે તત્વદર્શી જ્ઞાની ગુરૂ તને શાન્તિનો ઉપદેશ કરશે." વળી શ્રી મદ્ ભાગવતના એકાદશ સ્કન્ધમાં ત્રીજા અધ્યાયમાં પ્રબુદ્ધ નામના યોગેશ્વરે જનકરાયને કહ્યુંછે કે–જે કારણથી આ લોકના તથા પરલોકના વિષયભોગ સઘળા કર્મજન્ય હોવાથી, નાશવાળા છે તથા દુઃખ આપનારા છે તે કારણથી ઉત્તમ એટલે અવિનાશી પરમ સુખરૂપ કલ્યાણ એટલે મોક્ષને જાણવાની જીજ્ઞાસાવાળો જે મુમુક્ષુ અધિકારી તેણે વેદના સાચા અર્થને સમજનાર શ્રોત્રીય તથા પરબ્રહ્મનો અપરોક્ષાનુભવ કરીને સાક્ષાત્કાર કરનાર બ્રહ્મનિષ્ઠ એવા શાન્તિવાળા સદગુરૂને શરણે જવું. એવા ગુરૂના શરણે જઈને શું કરવું તો કહીએ છીએ

तस्माद्गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेयसुत्तमम्। शाब्दे परे च निष्णातं ब्रह्मण्युपशमाश्रयम् ॥ १॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કે તેમને વિનયથી આ પ્રમાણે પ્રશ્નો પૂછવા કે–હે નાથ ! "જન્મ મરણ કેમ ટળશે મહારે" હે દયાળુ ગુરૂ ! આ સંસારમાં મને જન્મ મરણ થાય છે તે કેમ ટળશે ? શું જપથી, તપથી, તીર્થથી, યજ્ઞાદિક કર્મથી મટશે કે બીજાં કોઇ સાધનથી મટશે ? વળી તે વારે એટલે આ વખતે હું કોણ છું એવો વિચાર કરે ને પછી ગુરૂને પૂછે કે હું કોણ છું ? હું આ સ્થુલ દેહ હું છું કે ઇન્દ્રીયો હું છું ? આ પ્રાણ, મન અહંકાર છે તે હું છું કે તેઓનો સમુદાય હું છું કે તે સૌથી ન્યારો હું કોઇ છું ? આ વાત કૃપાથી મને સમજાવો. આ પ્રકારે શિષ્યની વિનીત વાણી સાંભળીને સદ્દગુરૂ આ પ્રકારે શ્રી રામગુરૂનાં વચનો પ્રમાણે જન્મમરણ મટવાનો ઉપાય બતાવે છે કે–

चोपाइ—सद्दगुरु कहे स्वस्वरुप जाण एटले,
तारु जनम टळशे ए प्रमाण ॥
तारा जन्ममरणनो कागळ फाटे,
सदगुरु वचने विश्वास राखे ए माटे ॥३॥

અનુવાદ—સ્વરૂપ જાણ તું, સદ્દગુરૂ વદે,
જનિમૃતિ ટળે, એ પ્રમાણ છે;
ગુરૂ ગિરા વિષે, પ્રતિતિ રાખશે,
જનિમૃતિ દિરો લેખ ફાટશે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ટીકા-ગુરૂજી વદે કે—હે ભાઇ! પ્રથમતો તું તારા સ્વરૂપને જાણ અર્થાત્ હું સચ્ચીદાનંદ સ્વરૂપ છું. આ દેહ, ઇન્દ્રીયો પ્રાણો, મન ને બુદ્ધિનો સાક્ષી હું પોતે જ પ્રત્યગાત્મા છું તથા દેહ ઇન્દ્રિયો હું નથી અને વળી દેહના જે ધર્મો, વર્ણ આશ્રમ આદિક અને ઇન્દ્રિયોના જે ધર્મ આંધ્ય બધિરતા આદીક તે પણ મારા સ્વરૂપમાં નથી હુંતો કેવળ શુદ્ધ ચૈતન્યરૂપ છું. આવું [1]જ્ઞાન જ્યારે તને દૃઢ થશે ત્યારે તેજ ક્ષણે તારાં જન્મમરણ ટળી જશે એ વાત પ્રમાણસિદ્ધ છે. આમ અનેક શ્રૂતિઓ પણ કહે છે કે-" જ્ઞાનથીજ મોક્ષ થાય છે તે આત્માને જાણીનેજ મૃત્યુથી પાર થઇને મોક્ષ પમાય છે, ને જ્ઞાન વિના બીજો કોઇપણ મોક્ષ આપનાર માર્ગ નથી." આ પ્રમાણેજ સ્મૃતિમાં પણ કહેલ છે કે-[2]"આત્મ બોધ વિના માત્ર જપ, તપ, કર્માદીકથી મોક્ષ થતો નથી કેમકે તે સાધનો માત્ર અન્તઃકરણનિ શુદ્ધિના હેતુરૂપ છે પણ મોક્ષનું કારણ તો સ્વરૂપના વિચારરૂપ કેવલ

---

१ ज्ञानादेव कैवल्य पदमश्नुते—ऋते ज्ञानान्नमुक्तिः तमेव विदित्वा मृत्युमत्येति नान्यः पन्थाऽऽय नाय विद्यते.

२ चित्तस्य शुद्धये कर्म न तु तस्तूपलब्धये। वस्तु सिद्धिर्विचारेण न किंचित्कर्मकोटिभिः

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જ્ઞાનજ છે" જેમ રસોઈ કરવી હોય તો કાષ્ટ, વાસણ, અન્નઆદિ સાધનો છે પરંતુ અગ્નિ વિના રસોઈ બનતી નથી તેમ જ્ઞાનવિના મોક્ષ નથી. અંતઃકરણની શુદ્ધિદ્વારા નિષ્કામ કર્માદીક બ્રહ્મજ્ઞાનનાં પરોક્ષ-અવાંતર સાધનો કહેવાય છે પણ મોક્ષનુ સાક્ષાત્ અપરોક્ષ સાધન તો જ્ઞાન જ છે. આથી ચોપાઈમાં સ્વરૂપનો એનુભવ કરવાનો રામગુરૂએ યથાર્થ ઉપદેશ આપ્યો છે. આ પ્રમાણે જન્મમરણની નિવૃત્તિ માત્ર જ્ઞાનથીજ થાય છે એમ ચોપાઈના પૂર્વાર્ધમાં શ્રીરામગુરૂ ઉપદેશે છે અને આ વાત શ્રુતિ સ્મૃતિ પ્રમાણથી પ્રસિદ્ધ છે એમ પણ નિરૂપણ કરીને હવે ઉત્તરાર્ધ વિષે તે જ્ઞાન થવા સરૂં તથા જન્મમાદિ ક્લેશના કારણરૂપ પાપાદિ કર્મની નિવૃત્તિ થાય તે વાસ્તે બ્રહ્મનિષ્ટ સદ્ગરૂના ઉપદેશમાં વિશ્વાસ રાખવાનુ કહે છે તેના ફળરૂપે "તારા જન્મમરણનો કાગળ ફાટે" એમ દર્શાવે છે. આ સ્થળનો જન્મમરણનો કાગળ એ વળી શું હશે એમ આશંકાથી શિષ્ય સદગુરૂને પૂછે છે તેના ઉત્તરમાં ગુરૂજી કહે છે.

ગરૂ-આ સંસારમાં જીવાત્માનાં પાપ પુણ્ય રૂપ

बोधोऽन्यसाधनेभ्यो हि साक्षान्मोक्षैकसाधनम् ।
पाकस्य वन्हिवज्ज्ञानं विना मोक्षो न सिद्ध्यति ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સઘળાં કર્મોને યમરાજાનો મંત્રી ચિત્રગપ્ત ચોપડામાં નોંધે છે અને તે તે કર્મકર્તા જીવોને યમદુત જન્માદિ દ્વારાએ સુખદુઃખ આદિ ફળ આપે છે તેથી જીવ ચોરાશી લક્ષ યોનિમાં ફેરા ખાય છે એમ પુરાણો વદે છે. આનુ નામજ જન્મમરણનો કાગળ છે. આ જન્મ મરણનો કાગળ સચ્ચિદાનંદરૂપ પોતાના આત્માનો અનુભવ કરાવનારા સદગરૂના વચનમાં દઢ વિશ્વાસ રાખે તોજ તે ફાટી જાય છે અર્થાત્ જન્મમરણનું દુઃખ ટળે છે. આ ઉપર એક શાહુકારની આખ્યાયિકા વિદ્વાનોએ આપી છે તે આ પ્રમાણે છે.

દષ્ટાન્ત—અજ્ઞાન કુસંગતથી વ્યાપારમાં ધનનો નાશ થતાં કોઈ એક શાહુકાર કરજગ્રસ્ત થઇ જવાથી તેના લેણદારો તેને પજવતાં, કોઈ એક નોકરી ગોતીને હું મારૂં કરજ હળવે હળવે ભરી આપું તેવી ઇચ્છાથી તે શાહુકારે ગાંધીની અથવા કાપડીયા વિગેરેની હલકા પગારની નોકરી કરવા માંડી પરંતુ તેને બસો રૂપિયાનું વર્ષાસન મળે તે પેટ પુરંતુ માંડમાંડ થતું હોવાથી કરજ તો શું પણ વ્યાજ પણ તે ભરી ન શકયો. આથી વ્યાજનું વ્યાજ ચડી જતાં તે વિશેષ દેવાદાર થઇ ગયો ને લેણીયાતોનો તકાદો એક સામટો વધી પડવાથી તે શાહુકાર બહુ ગભરાયો. પછી તેના કોઈ એક દયાવાળા હિતેચ્છુ મિત્રે " આવા

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

નાના પગારથી તારૂં દેવું નહીં ભરાય. વાસ્તે તું આ ગામના પૈસાવાળા મોટા વિષ્ણુદત્ત નામના શરાફને ત્યાં નિષ્કપટ મનથી તનમનથી વગર પગારે નોકરીમાં રહે ને પગાર આપવા માંડે તો મારે હાલ 'અન્નવસ્ત્ર સિવાય પગારની જરૂર નથી' એમ તારે કહેવું અને આમ કરવાથી તારાપર તેને વિશ્વાસ આવશે તો તે તને પોતાના પુત્ર સમાન સમજીને કરજમાંથી છુટો કરશે. મિત્રનાં વચન પ્રમાણે બરાબર તે શાહુકાર વિષ્ણુદત્તની સેવા કરવા લાગ્યો તેથી તેને મુખ્ય મુનિમના હોદ્દાપર શેઠે રાખ્યો. આ પ્રમાણે બે ત્રણ વરસ થતાં તેને સારી નોકરી પર છે એમ જાણી હવે પૈસા પતશે એમ સમજી તેના લેણદારોએ પાછી ઉઘરાણી ચાલુ કરી. તેણે કોઇપણ લેણદારને કાંઈ આપ્યું નહિં અને એક દીવસ ભર બજારમાં કોઇ લેણદારે અયોગ્ય વર્તનથી પૈસાની ઉઘરાણી કરતાં તે શાહુકારનું-મુનિમનું અતિ અપમાન કર્યું તેથી તે ઘણો ગભરાઈને પોતાના શેઠને ત્યાં આવ્યો. શેઠે તેને આવો ઉદાસ ચહેરો જોઇ પૂછ્યું ત્યારે પ્રથમ તો કાંઇ ન બોલ્યો પરંતુ શેઠના અત્યાગ્રહથી તે શાહુકાર મુનિમે પોતાની સઘળી કર્મકથા કહી બતાવી ને આજનો પ્રસંગ કહી બતાવ્યો ત્યારે શેઠે નારાજ થઈને 'આ વાત તેં મને હજી સુધી કેમ ન કહી' એમ કહી ઠપકો

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આપ્યો. પછી શાહુકાર મુનિમના સવળા લેણદારોને ભેગા કરી એક બીજાનાં અરસ્પરસ ખતપત્રો ફડાવી નાંખીને વિષ્ણુદત્તે શાહુકાર મુનિમના લેણદારોને તમામ રકમ ચુકતે આપીને ભરપાયા કરાવીને તેને કરજમાંથી મુક્ત કર્યો.

સિદ્ધાંત—અજ્ઞાની જીવે કામક્રોધાદિકના સંગથી આત્મબોધરૂપી નાણું ગુમાવીને હું સંસારી, કર્ત્તા, ભોકતા છું એમ વિપરિત જ્ઞાનથી પાપપૂણ્ય આદિ કર્મોના સબંધથી યમરાજનું કરજ કરી મુકયું છે. હવે એ પાપપૂણ્યનો હિસાબ યમરાજના ચોપડામાં નોંધાયો હોવાથી તે જીવ ફરી ફરી જન્મે છે, અને મરે છે—આમ કરતાં એ મહા કર્મ બંધનરૂપ કરજ-માંથી છુટવા વાસ્તે પેલો શાહુકાર ગાંધીની નોકરી કરતો હતો તેમ કોઇ ભેદવાદી ગુરૂને શરણે જઇને ચાકરી કરે છે પરંતુ તે જન્મમરણરૂપી કરજના ભયથી મુકાતો નથી, ને ફરી ફરી એની એજ ઉપાધિ તેને રહે છે. આ પ્રમાણે સંસાર દુઃખથી પીડા પામતાં તેનાં પૂર્વનાં કોઇ મહત્પૂણ્ય યોગથી કોઇ સન્માર્ગ દષ્ટા જ્ઞાનવાન હિતેચ્છુ મિત્ર—સત્સંગી તેને મળે છે અને તે મિત્ર તેને [1]ભેદવાદી ગુરૂ કે જે માત્ર ધનનાજ

---

१ गुरुवो बहवो सन्ति शिष्य वित्तापहारका । तमेकं दुर्लभं मन्ये शिष्यहृत्तापहारकम्.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ભૂખ્યા છે તેનાથી જન્મમરણ દુઃખની નિવૃત્તિ થઇને પરમાનંદરૂપ મોક્ષની પ્રાપ્તિ થવાની નથી વાસ્તે તેનો ત્યાગ કરીને તું કોઈ એક પરમ કરૂણાળુ વૈરાગ્યવાળા બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય સદ્ગુરૂની સેવા કર અને તે સેવા પણ નિષ્કામતાથી ને નિષ્કપટ ભાવથી મન, વાણી ને કાયાથી ત્રિકરણ શુદ્ધયોગે કરીને કર કે જેથી તે તારા પર પ્રસન્ન થઇને તારા જન્મમરણનો કાગળ કે જે યમરાજના ચોપડામાં લખાયો કે તેને સત્વર ફાડાવી નાખશે. એટલે કે ઉપાય બતાવશે. એમ ઉપદેશે છે. એ મિત્રનાં વચન સાંભળી અજ્ઞાની જીવ જ્યારે બ્રહ્મવેત્તા સદ્ગુરૂને શરણે જાય છે ત્યારે સદ્ગુરૂ કૃપાથી તેને દુઃખ નિવૃત્તિનો ઉપાય બતાવે છે અને પછી તે અજ્ઞાની શિષ્ય કહે છે કે હે નાથ ! ઉનાળાના ખરા બપોરના સૂર્યના સરખો હું ત્રણ પ્રકારના આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિ ભૌતિક તાપથી તપ્યા કરું છું એવા મને આપ મારાં પુણ્યપાપાદિકની નોંધ કે જે યમરાજાને ત્યાં નોંધાય છે તેને ફાડી નાંખે એવો કોઇ ઉપાય બતાવો. સદ્ગુરૂ જણાવે છે કે–પાપ કર્મોનો પરિત્યાગ કરીને પુણ્ય કર્મો પ્રભુને અર્પણ કરીને, શમ, દમ આદિ ઉત્તમ સાધનો સાધીને અને દુર્જનજનનો સંગ તજીને જો તું મારા ઉપદેશમાં શ્રદ્ધા રાખ તો તારો જન્મમરણનો કાગળ અવશ્ય ફાટી જાય. ભાઇ ! એ ઉપદેશ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

બીજો કાંઈ નથી. પણ આ સ્થુલ દેહ દશ્ય હોવાથી હું નથી કારણ કે તે દેખાય છે, તું સ્થુલ દેહનો જોનારો દ્રષ્ટા આત્મા છે. આ સ્થુલ દેહ મરે છે, ત્યારે તેને તો બાળી દે છે તેથી તે કાંઇ કર્મને ભોગવી શકતો નથી અને તેનો સાક્ષી જે આત્મા તે તો પૂર્ણ તથા વ્યાપક છે તેથી તેને આકાશના સમાન ગમનાગમન નથી કે ફળ ભોગવવાપણું નથી પરંતુ બાકી રહેલો ચિદાભાસરૂપ જીવસંયુક્ત સૂક્ષ્મદેહ તે પાપ-પુણ્યના સંબંધથી જન્મમરણદ્વારા ઉત્તમાધમ યોનિમાં પરિભ્રમણ કરીને સુખદુઃખ ભોગવે છે. આ સૂક્ષ્મ દેહનો પણ જીવને જ્યારે પોતાના વાસ્તવિક સ્વરૂપ-ભૂત સચ્ચિદાનંદ આત્માનું અભેદ જ્ઞાન થાય છે ત્યારે નાશ થાય છે ને કર્મ પણ તમામ જ્ઞાનાગ્નિથી બળી જાય છે. આમ થતાં કર્મનો કર્ત્તા-ભોકતા કોઇ રહેતું ન હોવાથી ચિત્રગુપ્ત કોનાં પુણ્ય-પાપને યમના દરબારમાં લખે ! આથી એ ખાતું સરભર થતાં યમરાજા ફડાવી નાંખે છે. હે શિષ્ય ! આટલા વાસ્તે દેહ, ઇંદ્રિય. પ્રાણ, મન, બુદ્ધિ અને અહંકારમાંથી અહંબુદ્ધિ તજી દઇને તેમજ તેના સમુદાયમાંથી પણ તેવી મતિનો ત્યાગ કરીને તે સઘળાં દેહાદિકનો પ્રકાશક, સચ્ચિદાનંદ, નિત્યમુક્ત હું આત્મા સર્વદા અકર્ત્તા, અભોકતા છું, એમ સમજવું અને એવી પાકી સમજણથી–

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જ્ઞાનથી મુક્તિ થાય છે અને આવાં જ્ઞાન વિના મુક્તિનો કોઇપણ ઉપાય નથી. કોઇ શિષ્ય વિચાર કરી સદ્ગુરૂને પ્રશ્ન કરે છે કે–હે નાથ ! આ અનાદિ કાળનો જીવને ભ્રમ કયારે થયો છે અને અનાદિ હોય તેનો અંત કેમ આવે !

ગુરૂ કહે છે–જેવું બ્રહ્મ–આત્મા અનાદિ અને અનંત છે તેવોજ કોઇ બીજો પદાર્થ હોય તો દ્વૈત થાય અને અનાદિ અનંતનો અંત ન આવે પરંતુ વેદાંતમાં અનાદિ અનંત વસ્તુ તો એકજ બ્રહ્મ હોવાથી તેનો અંત નથી પરંતુ બ્રહ્મ શિવાયના બીજા પાંચ પદાર્થો અનાદિ છતાં શાંત છે આથી અદ્વૈતેજ સિદ્ધ થાય છે.

આ પ્રમાણે અવિદ્યા–માયા–અજ્ઞાન–ભ્રમ એ અનાદિ છે છતાં તેનો અંત હોવાથી [1]અનાદિ સાંત

---

१ जीव इशो विशुद्धा चित् तथा जीवेशयोर्भिदा ।
अविद्या, तच्चितोर्योगः षडस्माकमनादयः ॥

અર્થ–વિશુદ્ધા ચિત્ એટલે શુદ્ધ બ્રહ્મ (૧) અવિદ્યા એટલે માયા (૨) તે અવિદ્યા ને વિશુદ્ધ ચિત્નો યોગ એટલે કલ્પિત ભેદ સહિત વાસ્તવ અભેદરૂપ તદાત્મ્ય સંબંધ (૩) ઇશ્વર (૪) જીવ (૫) અને જીવ તથા ઇશ્વરનો ભેદ (૬) આ છ પદાર્થો અમારા વેદાંતમાં અનાદિ એટલે ઉત્પત્તિ રહિત છે,

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

છે તેમ ભ્રમ ક્યારે ઉત્પન્ન થયો તે અનાદિ હોવાથી કહેવાય તેમ નથી તોપણ તેની નિવૃત્તિ જ્ઞાનથી થાય

તોપણ એ છ અનાદિ પદાર્થોમાંથી એકજ અદ્વિતીય બ્રહ્મ-અનાદિ અનંત છે ને શેષ પાંચ અનાદિ સાંત છે. બ્રહ્મ અવિદ્યાનું અધિષ્ઠાન છે તેથી બ્રહ્માની ઉત્પત્તિ અવિદ્યા કે મૂલપ્રકૃતિથી સંભવતી નથી અને ઇશ્વર જીવ વિગેરેની સિદ્ધિ તો બ્રહ્મવિના સંભવતી નથી. આથી એ ચારથી બ્રહ્મની ઉત્પત્તિ સંભવે નહિં. આથી બ્રહ્મ અનાદિ નિર્વિકાર સિદ્ધ જ છે. આથી બ્રહ્મથી અવિદ્યાની ઉત્પત્તિ છે નહિં તથા ઇશ્વરઆદિની સિદ્ધિ તો અવિદ્યાની સિદ્ધિને આધીન છે. તેથી ઇશ્વરઆદિથી અવિદ્યાની અનાદિકાળના ભ્રમની ઉત્પત્તિ બને નહિં. આથી અવિદ્યા અનાદિ છે. કેવળ બ્રહ્મથી કે કેવળ માયાથી કે પરસ્પરથી કે તેઓની સ્વસિદ્ધિને અધીન જે ભેદ તેથી જીવ ઇશ્વરની ઉત્પત્તિ થાય નહિં અને અવિદ્યા તથા ચેતનના સંબંધની સિદ્ધિથી ઇશ્વર જીવની સિદ્ધિ છે, તે સંબંધ પોતે પણ અનાદિ છે, એથી સંબંધની ઉત્પત્તિ થતી નથી ને તેથી ઇશ્વર જીવ પણ અનાદિ છે. બ્રહ્મ અને અવિદ્યા અનાદિ છે તેથી તેઓનો તાદાત્મ્ય સંબંધ પણ અનાદિ છે. આથી એ સંબંધની ઉત્પત્તિ નથી અને ઇશ્વર, જીવ અને અવિદ્યા એ ત્રણની સિદ્ધિ તો સંબંધની સિદ્ધિને અધીન હોવાથી એ સંબંધની તેમનાથી ઉત્પત્તિ થાય નહિં આથી અવિદ્યા ને ચેતનનો સંબંધ અનાદિ છે. આ પાંચે વસ્તુની પોતાનાથીજ ઉત્પત્તિ માનીએ તો આત્માશ્રય દોષ આવે. આ પાંચે વસ્તુની પોતપોતાથી પણ ઉત્પત્તિ નથી. એથી એ પાંચ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

છે તેથી તે અંતવાળો છે. તે ઉપર અહીં એક સંક્ષિપ્ત કથા કહીએ છીએ.

વસ્તુની ઉત્પત્તિ નથી તેથી તે પાંચ વસ્તુનો પરસ્પર જે ભેદ છે તેની પણ ઉત્પત્તિ બને નહિં, આ પ્રમાણે છએ વસ્તુની ઉત્પત્તિ નથી. આથી એઓ સ્વરૂપે કરીને અનાદિ છે પણ તે વિષે એકજ બ્રહ્મ ત્રિકાળ અબાધ્ય હોવાથી અનાદિ અનંત છે અને અવિદ્યા, ઇશ્વર, જીવ, અવિદ્યાનો ચૈતન્ય સાથે સંબંધ અને એ અનાદિ વસ્તુનો ભેદ એ પાંચ જ્ઞાનથી બાધને પામે છે તેથી તે પાંચ પદાર્થ અનાદિ શાંત છે. પ્રપંચ એટલે વસ્તુમાત્ર અનાદિ છે એથી તેનાં બહુ સ્થાયીપણાથી તે સત્ય હશે એવી શંકા થાય તો કહીએ છીએ કે–જેમ રજ્જુમાં સર્પનો ભ્રમ થાય છે ને જીવોને સ્વપ્ન થાય છે તે અમુક કાળ પર્યંત પૂર્વ સિદ્ધ ને અનાદિ સિદ્ધ પ્રતીત થાય છે તો પણ રજ્જુનું અંતે જાગૃતનું જ્ઞાન થતાં તેમના ત્રિકાળ–અભાવ–નિશ્ચય-રૂપ બાધ થાય છે તેથી મિથ્યા છે. તેમ આ પ્રપંચરૂપ ભ્રમ પણ આરોપદશા વિષે અનાદિ સિદ્ધ ભાસે છે તે પણ અધિ-ષ્ઠાનનું જ્ઞાન થતાં એ પ્રપંચનો ત્રિકાળ–અબાધ–નિશ્ચયરૂપ બાધ થાય છે આથી પ્રપંચ મિથ્યા જ હોવાથી તેને પ્રવાહ-રૂપે કરીને અનાદિ સાન્ત કહેવાય છે.

૨ यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात् कुरुतेऽर्जुन ॥ ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुते तथा ॥१॥ હે અર્જુન! જેમ જ્વાળાથી પ્રજ્વલિત અગ્નિ કાષ્ટાદિકને બાળીને ભસ્મરૂપ કરી મેલે છે તેમ નિરન્તર અભ્યાસથી પરિપકવ–પ્રબળ થયેલો જ્ઞાનાગ્નિ પણ પાપ, પુણ્ય ને મિશ્રરૂપ સઘળાં કર્મોનો (ભસ્મ) નાશ કરે છે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જીવનસિંહ રાજાની કથા.

કોઈ જીવનસિંહ નામનો રાજા દશેરાના તહેવારમાં હાથીની પાલખીપર બેસી સ્વારીમાં નીકળ્યો હતો ત્યારે આસપાસ અટારી ઝરૂખાઓમાંથી સ્વારી જોવા હજારો માણસની મેદીની ઉભરાઈ નીકળી હતી. ચાલતી સ્વારીમાં તે રાજાના રેશમી શ્વેત વાઘાપર કોઇની મેડીમાંના ખાળનું કાળું ગંદુ પાણી પડવાથી કાળો ડાઘ થઈ ગયો અને રાજાએ ઘેર આવી જોયું તો પોતાની ભુજાપર કાળો ડાઘ દીઠો ને તેને દુર્ગંધ આવી આથી મહાકોપ કરીને રાજાએ પોતાના વસ્ત્રોપર મેલું પાણી નાંખનારને પકડીને શાસન કરવા મંત્રીને ફરમાવ્યું ત્યારે મંત્રીએ ઘણીજ તપાસ કરી પણ કોઈ પકડાયું નહિં. મંત્રી બહુ ગભરાયો અને રાજાનો ભય સહન ન થતાં પુરોહિત પાસે ગયો ત્યારે પુરોહિતે સાન્તવન કરી હિંમત ધરી મંત્રીની સાથે રાજા પાસે આવી શાન્ત શબ્દોથી આ પ્રમાણે કહ્યુ કે— હે મહારાજ ! હજારો મનુષ્યોની મેદીઓપર હજારો સ્ત્રીપુરૂષો સ્વારી જોતાં જોતાં હતાં તેમાં કોની ખાળમાંથી ખરાબ પાણી આપના પર પડયું તેનો નિર્ણય કલ્પે પણ ના થાય તેમ તે કાર્ય કોઇએ અજ્ઞાનથી કર્યું છે કે

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ઇરાદાથી કર્યું છે તેનો પણ નિર્ણય ન બને પરંતુ આ વાઘો આપ ધોબીને ધોવા આપી દો તો તેનો ડાઘ નિવૃત્ત થાય તેમાં કાંઇ શંકા નથી, વાસ્તે આ હું આપને સત્ય કહું છું તેમ સમજી કોપને શાંત કરો. રાજા સમજી ગયો ને મંત્રીના ભયનું નિવારણ થયું તથા વાઘાના ડાઘની નિવૃત્તિ થઇ. આ પ્રમાણે અજ્ઞાન જીવને અનાદિ કાળ થયાં થયું છે પરંતુ તે કયારે થયું છે, તે શા વાસ્તે થયું છે તેનો પત્તો આવે તેમ નથી કારણ કે માયા અને માયાના પદાર્થો અચિંત્ય હોવાથી તેના તર્કોને વિદ્વાનો કુસ્તર્કો કહે છે, એ અજ્ઞાન–ભ્રમ માયાની નિવૃત્તિ જીવને જ્યારે પોતાના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન બ્રહ્મનિષ્ઠશ્રોત્રીય અભેદવાદી સદ્ગુરૂ મળે છે ત્યારેજ થાય છે. પરંતુ ભેદવાદી ગુરૂ ગમે તેવો પ્રયાસ કરે તોપણ થતું નથી અને આ જ્ઞાન પ્રકટે છે કે તરત જન્મમરણરૂપ સંસારનો જ આ અનાદિ કાળનો ભ્રમ છે તે નિવૃત્તિ થઇ જાય છે. પ્રકૃતિમાં જીવનાં કર્મો ઘણા કાળનાં અસંખ્ય છે અને અજ્ઞાનનું કાર્ય દેહાધ્યાસ પણ અનાદિ કાળનો છે. સદ્ગુરૂનાં વચનમાં વિશ્વાસ રાખવાથી તરત જન્મમરણનો કાગળ ફાટી જાય છે એવો નિશ્ચય કેવા પ્રકારે થાય તો મહાત્મા રામ ગુરૂના શબ્દોમાં કહીએ છીએ કે—

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ગુરુ—એમાં વાર નહિ લાગશે જાણ,
એવું વેદવચન છે પ્રમાણ ॥
આ પંચીકરણનો વિચાર જો લહે,
તો હમણાં મુક્તિ મળશે તાહરે ॥ ૪ ॥

અનુવાદ—એમાં વાર ન લાગે જાણ,
એવું વેદ વચન છે પ્રમાણ,
પંચીકરણનો કર જ વિચાર,
હીરો મોક્ષ મળે તતકાળ. ॥ ૪ ॥

અર્થ—હે બન્ધુ ! આ અનાદિકાળનાં તારાં કર્મો, અજ્ઞાન તથા દેહાધ્યાસ છે તેની નિવૃત્તિને જ્ઞાન થયા પછી થતાં વાર જ નથી એમ તું જાણ. જેમ પૃથ્વીપર પડતમાં ભોંયરામાંનું અંધારૂં ઘણાજ કાળ થયા હોય છતાં તે અંધકાર જપથી, તપથી કે પ્રહારથી ન જાય પણ માત્ર પ્રકાશરૂપ મસાલથી જ જાય છે અને મસાલ લઇ જતાં અંધારૂં હું નહીં જઉં એમ કાંઇ કહેતું નથી, તેમ હું ઘણા કાળનું છું માટે નહિં જઉં એમ પણ કહેતું નથી કારણ કે તેનો વિરોધી જે પ્રકાશ તે થતાંજ તે તરતજ નિવૃત્ત થઈ જાય છે તેમ ઘણા કાળનું અજ્ઞાન તથા તેથી થયેલો અધ્યાસ અને કર્મો છે પણ અહંબ્રહ્માસ્મિ એવો અપરોક્ષ બ્રહ્મજ્ઞાનરૂપી દીપક જે ક્ષણે થાય છે તેજ ક્ષણે અજ્ઞાન વિગેરેની નિવૃત્તિ થઇ જાય

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

છે. અહીં વેદ વચનોનું પ્રમાણ છે. ज्ञात्वादेवं सर्व पाश हानिः દેવને જાણીને સર્વ પાશ નિવૃત્ત થાય છે. ब्रह्मविद् ब्रह्मैवभामोति બ્રહ્મને જાણનારો બ્રહ્મને જ પામે છે. तमेव विदित्वा मृत्युमत्येति नान्यं पन्थाऽऽयनाय विद्यते જ્ઞાનથી સમગ્ર પાપાદિક કર્મનો નાશ થાય છે એમ ગીતામાં શ્રીમુખે ભગવાને પણ કહ્યું છે. હવે આત્માના જ્ઞાનથી મોક્ષ થાય છે એમ નક્કી થતાં તે આત્માનું જ્ઞાન મને કેવા પ્રકારે થાય જેથી હું મોક્ષ પામું એવી જીજ્ઞાસાથી પૂછનારા શિષ્યને સદ્ગુરૂ 'આ પંચીકરણનો વિચાર કરે' ઇત્યાદિથી કહે છે કે—જો તું પંચીકરણને વિચારીશ તો જ્ઞાનથી દેહાધ્યાસ છુટી જતાં હમણાંજ આના આ શરીરમાંજ તુરતજ તને મોક્ષપ્રાપ્તિ થશે. હવે એ પંચીકરણ કે જે મોક્ષફળ આપનારૂં છે તેનો વિચાર કેવા પ્રકારે કરવો તો કહે છે કે:—

गुरु—एमां पंचभूतनो विचारज कह्यो,
जूदां जूदां तत्व बतायो ॥
सद्गुरु मुखे समजी लेजो,
ब्रह्मसुख पामे आजो ॥ ५ ॥

અનુવાદ—અલગ અલગ તત્ત્વો, પાંચ ભૂતોતણાં ત્યાં,
વિગતવાર બતાવ્યાં, સદ્વિચારે કરી જ્યાં;

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સમજણ સહુ તેની, સદ્ગુરૂ દ્વાર જાણી,
નિજરૂપ બન હીરો, બ્રહ્મ આનંદ માણી.

અર્થ—એ પંચીકરણમાં પંચભૂતનો વિચાર કહ્યો છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ તત્વો છે તેનાં બનેલાં સ્થુલ, સૂક્ષ્મ અને કારણ શરીરનાં નોખા નોખા પ્રકારથી તત્વોના વિભાગનું વર્ણન કરવામાં આવ્યું છે અને તે પાંચ ભૌતિક તત્વથી નોખો સાક્ષી તેનો દ્રષ્ટા આત્મા કહ્યો છે. બ્રહ્મનિષ્ઠ શ્રોત્રીય સદ્ગુરૂદ્વારા પંચીકરણનો અર્થ બરાબર સમજવાથી આત્મતત્વનો સાક્ષાત્કાર થતાં તે જ્ઞાને કરીને આજ દેહમાં જીવતાં છતાં બ્રહ્માનંદની જીવનમુક્તિની પ્રાપ્તિ થાય છે.

શિષ્ય—હે ગુરૂદેવ ! બ્રહ્મનિષ્ઠ ગુરૂ પાશેથી તત્વો ન સમજીએ ને આ પંચીકરણને જ વાંચી લઈએ તો શું તત્વજ્ઞાન ન થાય ?

ગુરૂ—હે ભાઇ ! સદ્ગુરૂ વિના સંશયવિપર્યાયરહિત અપરોક્ષ આત્મજ્ઞાન થતું નથી. ભલે અક્ષરમાત્ર વંચાય પરંતું શબ્દોનું તાત્પર્ય ને આત્માનો નિઃસંદેહ બોધ ગુરૂ વિના ન જ થાય. તે ઉપર અહીં એક કથા કહીએ છીએ.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શિખરમાંનુ ધન

કોઇ ધનાઢ્ય ગૃહસ્થે પોતાના પુત્રોનાં ભવિષ્યનાં ભલાવાસ્તે પોતાનાં સિદ્ધેશ્વરનાં શિખરબંધ દેવળમાં કોઇ ન જાણે તેવી રીતે ઇંડામાં ધન રાખીને ઘરના એક ચોપડામાં "સંવત્ ૧૭૨૫ ની વિક્રમ સાલમાં ઉત્તરાયણના સૂર્યમાં ચૈત્રમાસના શુકલ પક્ષમાં અષ્ટમીને દિવસે ઘડી દિવસે ચડતે રવીવારે પંદર લાખ સોના મહોરો આ ઇંડામાં રાખી છે તો જ્યારે કામ પડે ત્યારે તેનો ઉપયોગ કરવો. આ પ્રમાણે નોંધ કરી. કેટલોક કાળ ગયા પછી તે ગૃહસ્થ મૃત્યુ પામતા તેનો બાળપુત્ર મોટો થતાં તેને અચાનક વ્યાપારમાં ધક્કો લાગતાં તે છેક દુર્બળ બની ગયો ને કરજના બોજાથી અકળાઇને બાપના જુના ચોપડાઓ તપાસવા લાગ્યો ને તેથી અનાયાસે આ નોંધ જડી આવતાં દેવળને તોડી તેનું ઇંડુ ઉતરાવી જોયું તો કશું પણ ધન ન નીકળ્યું અને ઉલટું દેવળ તોડીને પાછું સમાર કામ કરવાની તેની સ્થિતિ ન હોવાથી તેની અપકીર્તિ થવા લાગી. પોતાની તપાસમાં શું કચાશ છે ? શું આ ખોટી નોંધ છે ? આમ વિચારતાં તે પુત્ર અકળાયો અને તેને પિતાનો લેખ ખોટો છે એવી વાત સૌએ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કહી છતાં ગળે ઉતરી નહિ! કેટલાક માસ પછી પોતાના કુળનો એક અનુભવી વૃદ્ધ ડોસો દેવળ ખંડિત થયું ને ધન ન મળ્યું તે એવી ચિંતાવાળા આ ગૃહસ્થના પુત્રને જોઇને ખેદ પામ્યો ને તેને ઘણી દયા આવી. ડોસાએ કહ્યું: હે ભાઈ? ધીરજ રાખ. તારા બાપનો ચોપડો સાચો છે, ને ધન પણ મળશે. પ્રથમતો આ બસો રૂપિઆ હું તને આપું છું તેથી જેવું તે શિખર હતું તેવુંજ બરાબર ઉત્તમ કારીગર પાસે ચણાવી દે ને પછી તારે ચૈત્ર શુદિ ૮ ની સવારમાં મારી પાસે આવવું. પછી પેલા છોકરાએ તે પ્રમાણે કર્યું ને તેણે કહેલા દિવસે તે તેની પાસે પણ ગયો. પછી ડોસે તથા તે પુત્ર મંદીરને પ્રદક્ષિણા કરી તે ઇંડાની પડછાયા નીચે બતાવીને પેલા વૃદ્ધે કહ્યું કે, હે ભાઇ! આ પડછાયો તે દેવાલયનું ઇંડું કહેવાય. અહીં ખોદાવીશ તો ધન મળશે. પછી તે છોકરાએ તે જમીનને ખોદાવીતો પંદર લાખ સોનામહોરો નીકળી તેથી તે ઘણોજ રાજી થયો તાત્પર્ય એ છે કે-ચોપડો ખોટો ન હતો. અક્ષર સૌ કોઇ વાંચી શકતું હતું, અર્થ પણ ઉઘાડોજ હતો પરંતુ ચૈત્રમાસની અષ્ટમીને દિવસે વાર, ઘડી દિવસ ચડતે તેમાં ધન રાખ્યું છે તે લખાણનો આશય કોઈથી સમજાયો ન હતો. તે અનુભવી વૃદ્ધે વિચાર્યું

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કે-અંતરિક્ષ ઇંડામાં ધન ન રખાયા ને એવાં નાનાં ઇંડામાં તેટલું ધન સમાય પણ નહિં તેથી પૃથ્વીમાં ઇંડાની છાયામાં ધન રાખ્યું હશે અને તે પણ લખેલા સમયેજ જે જમીનપર છાયા પડે તે જમીનમાંજ હશે પરંતુ બીજે કોઈ દિવસે પડતી છાયાની પૃથ્વીમાં તે ન નીકળે માટે લખાણનો હેતુ આમજ હોવો જોઇએ. આમ ડોસા જાણતા હતા છતાં લખાણનો આશય સમજનાર વૃદ્ધ અનુભવી પુરૂષ મળ્યો ત્યારે જ ધનની પ્રાપ્તિ થઈ. આ પ્રમાણે પરમાત્મા સર્વત્ર પરિપૂર્ણ, દેહત્રયના સ્રષ્ટા, અવસ્થાત્રયના સાક્ષી, પંચકોશાતીત, સચ્ચિદાનંદરૂપ છે અને તે વાત ખરી પણ છે ને સૌ કોઈ ગ્રંથોદ્વારા સમજી પણ શકે છે કારણ કે આ શરીર રૂપી ઇંડુ છે તેમાં સચ્ચિદાનંદ આત્મારૂપી ધન છે ને તેની શ્રુતિ-સ્મૃતિ પુરાણાદિ શાસ્ત્રોમાં નોંધ પણ છે તો પણ અનુભવ જ્ઞાનથી વૃદ્ધ એવા બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય સદ્ગુરૂ-દ્વારા શાસ્ત્રોનું તાત્પર્ય સમજ્યા વગર એ આત્મધન છે છતાં કયારેય પણ મળતું નથી. બ્રહ્મપુત્ર નારદમુનિ ચાર વેદ, ષટ્ શાસ્ત્ર અને અઢાર પુરાણો તથા સઘળી વિદ્યા ભણેલા હતા છતાં તેમને આત્મજ્ઞાન ન થયું જેથી શોકાતુર થઇને સનત્કુમારને શરણે ગયા હતા ત્યારે જ તેમના ઉપદેશથી નિરતિશય સુખરૂપ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પૂર્ણ આત્માનો અપરોક્ષ અનુભવ થતાં નારદ શોક-રહિત થયા હતા. આ વાતનો વિસ્તાર છાંદોગ્ય શ્રુતિમાં જોઈ લેવો. શુકદેવને પણ જનકથી આત્મબોધ થયો હતો આ પ્રકારે "સદ્‌ગુરૂ મુખે સમજી લેજો, તો બ્રહ્મસુખ પામે આજો" આમ કહ્યું છે. પૂર્વે કહ્યું છે તે પ્રમાણે બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂના ઉપદેશ વિના કેવળ પોતાની બુદ્ધિના વિચારથી આત્માનો સાક્ષાત્ બોધ થતો નથી તેથી ગુરૂને શરણે જઇને જે તેઓશ્રી તત્ત્વોપદેશ કરે તે ઉપદેશને મુમુક્ષુ પોતાનું મન નિશ્ચય કરીને હૃદયમાં ધારણ કરે છે, આ પ્રકાર મહાત્મા રામગુરૂ આ પ્રમાણે નિરૂપણ કરી કહે છે કે—

गुरु—मन निश्चळ करि धारणा धरे,
श्रवण मनन निदिध्यासन करे ॥
तो साक्षात्कार तुं पोते भाइ,
एमां सन्देह रहे न कांइ ॥ ६ ॥

અનુવાદ—નિશ્ચળ મનથી ધારણા, ધરવાથી તતકાળ
શ્રવણ મનન નિદિધ્યાસને, થાવું બ્રહ્માકાર;
ભ્રમરીના ધ્યાને થતો, કીડો ભ્રમરી રૂપ,
બ્રહ્મ ધ્યાનથી હું હીરો, અવિચળ બ્રહ્મસ્વરૂપ.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અર્થ—જો મનને એકાગ્ર રાખીને બ્રહ્મરૂપમાં ધારણા કરે ને શ્રવણ મનન ને નિદિધ્યાસન કરે તો તું પોતેજ સાક્ષાત્કાર અર્થાત્ બ્રહ્મજ છો ને તેમાં કશો પણ સંદેહ રહે નહિ. જેમ એક બીજા પ્રતિપક્ષી એક બીજાની છાની વાતો એકાગ્રચિત્તથી કોઇ ન જાણી જાય તેમ સાંભળે છે અને તે સમયે ટાઢ, તાપ આદિ દુઃખ હોય તો તે પણ સહન કરે છે અને સવળી વાત સાંભળી હોય તો તે બરાબર યાદ પણ રાખે છે તેમ શીતોષ્ણાદિ દ્વંદ્વોને સહન કરીને પણ ગુરૂના ઉપદેશમાં મનને એકાગ્ર રાખવું જોઇએ. જેમ ધનલોભી પુરૂષ ધન મેળવવાના ઉપાયો એકાગ્ર મનથી સાંભળે છે અને જેમ સ્વર્ગકામનાવાળા પુરૂષ સ્વર્ગ પ્રાપ્તિનાં યજ્ઞયાગાદિ કર્મો સાવધ્યાનપૂર્વક કરે છે તથા જયની ઇચ્છાવાળો મનુષ્ય જયના ઉપાયોને બરાબર સાંભળે છે તેમ મુમુક્ષુ પુરૂષ સચ્ચિદાનંદ આત્માનો બોધ થાય તે માટે ગુરૂના ઉપદેશને એકાગ્ર મનથી સાંભળે ને નિત્યપ્રતિ બ્રહ્મનિષ્ઠશ્રોત્રિય સદ્ગુરૂ મુખથી વેદાંત શાસ્ત્રનું શ્રવણ, મનન ને નિદિધ્યાસન કરે. જેમ વનમાં ગાયનનો સ્વર હરણું એકચિત્તથી સાંભળે છે તેમ એકાગ્ર મન રાખીને શ્રીગુરૂના મુખથી શબ્દોના તાત્પર્યસહિત

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વેદાંતશાસ્ત્રનું ૧ શ્રવણ કરવું. શ્રવણ કર્યા પછી તેનુંજ યુક્તિથી અને દૃષ્ટાંતથી જેમ સંશયની નિવૃત્તિ થાય તેમ ૨ મનન કરવું. જેમ ગાય વનમાં ચરી આવ્યા પછી નિરાંતે બેસીને ખાધેલા પદાર્થોને પાછો ઓગાળ કરીને તૃપ્તિ પામે છે તેમ વેદાંતશ્રવણને ફરી મનમાં યાદ લાવીને એકાન્તમાં અધિક વિચારવારૂપ મનન કરવાથી દૃઢ પ્રબોધરૂપી તૃપ્તિ થાય છે. વળી જેમ બદામ પીસ્તાં, ચારોળી, સાકર અને અન્ન

---

१ वेदान्तानामशेषाणामादिमध्यावसानतः। ब्रह्मात्मन्ये व तात्पर्यमिति धीः श्रवणं भवेत्—

સ્વતઃસિદ્ધ બ્રહ્મ અને આત્માના એકત્વવિષે સકળ વેદાંતોનું આદિ, મધ્ય ને અંતમાં બ્રહ્મરૂપ પ્રત્યગાત્મા વિષે જે તાત્પર્ય છે તેવો નિર્ણય થાય તે શ્રવણ છે.

૨. વેદાંતનો એકતારૂપ જે તાત્પર્યાર્થ તેની સમ્યભાવના માટે બુદ્ધિસ્વાસ્થ્યકારી શ્રૂતિ અવિરોધિની યુક્તિઓથી તેના અર્થનું પુનઃ પુનઃ પરિચિંતન તે મનન કહેવાય છે.

३. निरंतरं विचारो य श्रुतार्थस्य गुरोर्मुखात्। तन्निदिध्यासनं प्रोक्तं त च्चैकाग्र्येण लभ्यते॥ अपरायत बोधोहि निदिध्यासनमुच्यते॥ सजातीयप्रवाहश्च विजातीय तिरस्कृतिः॥

પૂર્વોક્ત શ્રવણ મનનથી જે જ્ઞાન અને એકતાનથી સાધ્ય જે બ્રહ્માત્મૈકય તેનું નિરંતર જે ચિંતન તે નિદિધ્યાસન સાધનકોટનું છે. તેનો પરિપાક થઇ ફળીભૂત જે સાધ્ય સાક્ષાત્કાર છે. જે સપ્તભૂમિકામાંની સત્વાપત્તિ નામની ચતુર્થ ભૂમિકા પણ ગણાય છે તેનો પણ નિદિધ્યાસન શબ્દે વ્યવહાર

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

એને જેમ ચાવી ચાવીને ખાઇએ છીએ તેમ અધિક સ્વાદ આવે છે ને પાચન થઇને શરીરની પુષ્ટિ કરે છે તેમ વેદાંતનું વારંવાર મનન કરવાથી અભેદ તાત્પર્ય સમજવારૂપી સ્વાદ આવે છે ને આત્મજ્ઞાનને દૃઢ કરે તેમ વેદાંતનું વારંવાર મનન કરવાથી અભેદ તાત્પર્ય સમજવારૂપી સ્વાદ આવે છે ને આત્મજ્ઞાનને દૃઢ કરે છે, આ પ્રકારે મનન કર્યા પછી સજાતીયના પ્રવાહરૂપ ને વિજાતીયના તિરસ્કારરૂપ નિદિધ્યાસ કરવો. આથી આત્માનો અનુભવ થાય છે. સજાતીય પ્રવાહ એટલે હું સત્, ચિત્, આનંદ, કુટસ્થ, અક્રિય અજર, અમર, પૂર્ણ, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્તરૂપ આત્મા છું એવાં જ્ઞાનરૂપ વૃત્તિનો જે પ્રવાહ અને વિજાતીય પ્રત્યયનો તિરસ્કાર એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર તે હું નહિં તેમ બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ ને સંન્યાસી તે પણ હું નહીં તેમજ પુરૂષ, સ્ત્રી, બાળક, યુવાન. વૃદ્ધ, સુખી, દુઃખી, કર્ત્તા ને ભોકતા પણ હું નહિ;

થાય છે તેનું લક્ષણ આ છેઃ—દેહાદિ વિજાતીય પ્રત્યય—વૃત્તિના તિરસ્કારપૂર્વક બ્રહ્માત્મૈકત્વાકાર સજાતીય પ્રત્યયના પ્રવાહથી ધ્યાન ધ્યેયાકાર—વૃત્તિ રહિત બ્રહ્માકારમાત્રતાએ કરી જે સ્ફૂરણ અને નિદિધ્યાસ નામની સમાધિ પણ કહે છે. અપરાધિન બોધ અથવા બોધ્યવિષય રહિત સ્વતંત્રબોધ અથવા અનાત્મવૃત્તિ વિસરજન જ નિદિધ્યાસન કહેવાય છે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આ પ્રકારે જ્ઞાનપૂર્વક જે દેહાધ્યાસનો પરિત્યાગ એટલે તિરસ્કાર તેનું નામ વિજાતીય તિરસ્કાર. હે ભ્રાત ! આત્મા નિર્વિકાર શુદ્ધ બ્રહ્મરૂપ છું." એવો સાક્ષાત્કાર થાય છે તેમાં જરાપણ સંદેહ નથી અને પૂર્વે બીજી ચોપાઇમાં જન્મમૃત્યુની નિવૃત્તિ વાસ્તે જે "જન્મમરણ કેમ ટળશે માહરે" એમ પ્રશ્ન કર્યું હતું તેનો પૂર્વે "સદ્ગુરુ કહે સ્વરૂપ જાણ" એ વચનથી સંક્ષિપ્ત બોધ કહ્યો હતો અને હવે વિસ્તારથી કહેવા વાસ્તે ગુરૂ કહે છ કે—

ગુરુ—પ્રથમ બંધન શું છે તે જાણવામાં આવે તો તેને મટાડવાનો ઉપાય થાય પણ ન જાણ્યું હોય તો તેનો ઉપાય ક્યાંથી થાય ! રોગનું કારણ તથા રૂપ જાણ્યા વગર વ્યાધિનો કશોપણ પ્રતિકાર થાય નહીં તેમ બંધન જાણ્યા વગર બંધન ટળે નહીં.

શિષ્ય—હે ગુરૂ મહારાજ ! એ બંધન શું છે અને શાથી થાય છે તેની મને ખબર નથી તો બંધન અને બંધનની નિવૃત્તિનો ઉપાય શું છે તે મને બતાવો.

ગુરુ—હું મારૂં એ બંધ છે, હું મમ નહીં એ મોક્ષ;
બંધ મોક્ષ ગુણથી દિસે, પ્રકૃતિથી ગુણજોગ.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અધ્યસ્ત સમસ્ત પ્રપંચ આ, પ્રકૃતિને પરિણામ;
બ્રહ્મ વિષે પરમાર્થથી હીરો બ્રહ્મ તમામ.

હે શિષ્ય—આ દેહ હું છું અને દેહાદિક મારાં છે એમ જાણવું તેજ બંધનનું રૂપ છે અને એ સ્વરૂપના અજ્ઞાનથી થાય છે તેથી સ્વરૂપનું અજ્ઞાન એજ બંધનનું કારણ છે અને દેહ ઈંદ્રિયાદિક હું નહીં અને તે મારા પણ નહિં એમ જે દેહાદિકમાંથી અહંતામમતાની જે નિવૃત્તિ થાય તેજ મોક્ષ, શાસ્ત્રમાં અર્દ્ધા શ્લોકમાં કહ્યું છે કે—

अहं ममेति बन्धो नाहं ममेति मुक्तता ॥

શિષ્ય કહે છે—હે નાથ ! એ અહંતામમતા કેમ જાય !

ગુરુ—હે ભાઈ! સાધનોથી તેની નિવૃત્તિ થાય છે.

શિષ્ય—હું જે સાધનો કરૂં છું તેમાં હું દેહને મારો દેહ એવી અહંતામમતા રહે છે ને મટતી નથી કારણ કે ત્યાગ કરૂં તો હું ત્યાગી છું, યોગ કરૂં તો હું યોગી છું, તપ કરૂં તો હું તપસ્વી છું એમ મને અભિમાન થાય છે તેથી જે જે સાધનો થાય છે તે તે સાધનોમાં તો મને અહંતામમતા રહે છે છતાં તમે કહો છો કે સાધનથી મટે છે તો તે કેમ મટે ! તે કહો.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ગુરુ—દેહાદિકમાંથી એની નિવૃત્તિ માટે વિવેક તથા વિચાર વિના તેં જે સાધનો કહ્યાં તે કાંઇ મુખ્ય સાધનો નથી કેમકે આત્મા અનાત્માના વિવેક વિના તો એ સાધનો અહંતામમતાને બમણી કરનારાં છે. કારણ કે પ્રથમ જે જાતિ તથા જે વર્ણમાં છે તેનું તો હૃદયમાં દૃઢ અભિમાન છે ને વળી અવિવેકથી કાંઇ કોઇ પંથનો વેષ લીધો તો તો તેનું પણ અભિમાન થાય છે. આથી વિવેકાદિ સાધન વિના ત્યાગથી પણ અભિમાન વધે છે. જ્યારે હું ગૃહસ્થાશ્રમી હતો ત્યારે નમ્રતાથી કોઇ મહાત્માનું સેવન કરવા ઇચ્છતો હતો પણ ત્યાગી થયા પછી તો હું ત્યાગી થયો એટલે સહુ મને માને ને મારો આદરસત્કાર કરે એમ અવિવેકથી અભિમાન વધ્યું અને તેને જો કોઇ ઉપદેશ કરે તો કાન ન ધરે કેમકે પોતે ત્યાગી છે. આથી એવું બન્યું કે મીંદડું કાઢયું ત્યાં ઉંટ પેઠું. કોઇ ડોશીના આંગણામાં બિલાડું મરી જતાં ડોશીએ અંદરનાં બારણા બંધ કરી આંગણાનાં બારણાં ઉઘાડાં રાખી બિલાડીને ટોપલામાં નાખી ગામની બહાર નાંખવા ગઇ. પછી જેવી ન્હાઇ ધોઇને તે ઘેર આવી ને જુએ છે તો પોતાની ઉઘાડી ડેલીમાં આંગણામાં એક ઉંટ મરેલું પડયું હતું. હવે એ ઉંટ કાઢવાની ડોશીને મહાચિંતા પડી.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આવી રીતે વિના વિચારે દેહાભિમાન કાઢવાનો યત્ન કરવાથી ત્યાગના અભિમાનરૂપ ઉંટીયું પેસી જાય છે તે પછી નીકળવું કઠણ પડે છે માટે જીજ્ઞાસા, અધિકાર ને વિધિ વિના કેવળ વેષ ધારણ કરવાથી કે સકામ જપાદિક બીજાં સાધનોથી કાંઇ અહંતામમતાનાં બંધનની નિવૃત્તિ થતી નથી, હે શિષ્ય ! વિવેકાદિ સાધનવાળા થઇ સદ્‌ગુરૂને શરણે જઇ તેમના ઉપદેશથી આત્મા અનાત્મના સ્વરૂપનાં જ્ઞાનથી અજ્ઞાનની જ્યારે નિવૃત્તિ થાય છે ત્યારે અહંતામમતાની નિવૃત્તિ થાય છે. હવે આત્માનાત્મ વિચાર આવા પ્રકારે થાય છે કે–આ દેહ પંચભુતનું કાર્ય હોવાથી અનાત્મા છે અને ઘટ સમાન દસ્ય છે તેથી ઘટ દ્રષ્ટા જેમ ઘટથી નોખો છે તેમ દેહનો દ્રષ્ટા હું આત્મા હોવાથી દેહથી નોખો છું. આ દેહ જડ છે ને હું ચેતન છું. દેહ વિકારી છે અને હું નિર્વિકાર છું, દેહ ક્રિયાવાળો સંગવાળો મલિન છે અને હું આત્માતો અક્રિય અસંગ નિર્મળ છું આથી દેહ હું નથી અને જ્યારે દેહ હું નથી ત્યારે દેહમાં કલ્પિત બ્રાહ્મણાદિ ચાર વર્ણો, બ્રહ્મચર્યઆદિ ચાર આશ્રમો તેમજ બાલ, યૌવન, સ્થુળ, વૃદ્ધ, કૃશ,

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

હ્રસ્વ, દીર્ઘ, શ્યામ, ગૌર આદિ જેટલા દેહના ધર્મો છે તે સઘળા મારા આત્મામાં નથી. આવો વિચાર કરવાથીજ અહંતામમતાની નિવૃત્તિ થાય છે. હવે દેવશર્મા, વિષ્ણુશર્મા ને શિવશર્મા આદિ જે જે નામ છે તે પણ દેહમાં માત્ર વ્યવહાર સિદ્ધિ અર્થે કલ્પિતજ છે એમ ખબર નથી તેથી દેહમાં કલ્પિત નામનું તે આત્મામાં અભિમાન રહેલું છે તેને પણ વિવેકથી વિચારદ્વારા નિવૃત્ત કરવું જોઇએ. જો કોઇ તને કહે કે 'તું કોણ છો ! ત્યારે તું એમ કહે કે હું વિષ્ણુદત્ત છું હવે અહીં તું વિચારી જો. આ તારા સ્થુલદેહનું વિષ્ણુદત્ત એવું નામતો આ દેહનો જન્મ થયા પછી દશમે કે બારમે વાસરે પાડયું છે ને આ દેહ જ્યારે જનમ્યો ત્યારે વિષ્ણુદત્ત જનમ્યો એમ કોઇથી કહેવાયું ન હતું અને વળી કોઈ કહે કે આ દેહમાં વિષ્ણુદત્ત કોણ તો ત્યારે હાથ મુકીને બતાવી પણ શકાતું નથી કે આ દેવદત્ત. વિષ્ણુદત્ત કે કોઈ છે. જયાં જયાં હાથ મેલે ત્યાં ત્યાં મસ્તક, મુખ, ખભા, પેટ, ચરણ વિગેરે અવયવોજ બતાવાય છે આથી જ્યારે દેહનું નામજ દેહમાં સિદ્ધ થતું નથી ત્યારે દેહથી નોખો જે તું આત્મા તેનું દેવદત્ત કે વિષ્ણુદત્ત એવું નામતો કયાંથીજ હોય

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

હોઇ શકે ! હે શિષ્ય ! દેહથી જુદો હું આત્મા છું એમ સમજવા માટે તને કહું તે સાંભળ.'

ગુરુ—તું જે એમ કહે છે જે મારાં પૂર્વજન્મનાં કરેલાં કર્મો હું આ જન્મમાં ભોગવું છું ને હાલ હું જે કરૂં છું તે કરીશ ને બીજા જન્મમાં ભોગવિશ. તારાંજ કથનથી વિચારી જો કે આ તારો સ્થુલદેહ પૂર્વે ન હતો અને હમણાંજ જનેતાના ઉદરમાંથી નવો ઉત્પન્ન થયો છે અને કર્મોનો કરનારો જે તું તે પૂર્વે આ દેહથી અળગો કોઇ હતો અને આ દેહનાં કરેલાં કર્મોનો તું ભોક્તા દેહથી જુદો રહે છે એમ સિદ્ધ થાય છે તેથી આ સ્થુલ દેહ આત્મા નથી એવો તને શું અનુભવ નથી થતો ! વળી "મારો દેહ છે, મારો હાથ છે, મારૂં મસ્તક છે," એમ તું વદે છે પણ કાંઇ હું હાથ, હું માથું, હું પગ એમ તારાથી બોલાતું નથી. જેમ મારૂં ઘર, મારૂં ખેતર, મારી ગાડી, ઇત્યાદિ વસ્તુઓ મારી છે એમ બોલાય છે ને બોલનારો પુરૂષ પદાર્થોથી અળગો દેખાય છે, આવા ૧ વિચારથી પણ

---

१ नोत्पद्यते विनाज्ञानं विचारेणान्य साधनैः ॥ यथा पदार्थमानं हि प्रकाशेन् विना क्वचित् ॥ कोहं कथमिदं जातं कोवैकर्त्तास्य विद्यते उपादानं किमस्तीह विचारः सोयमीदृशः॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

દેહથી આત્મા નોખો છે એમ સિદ્ધ થાય છે. જેમ

नाहं भूतगणो देहो नाहं चाक्षगणाःस्तथा ॥ एतद्विलक्षणः कश्चिद्विचारः सोयमीदृशः ॥ अहमेकोऽपि सूक्ष्मश्च ज्ञाता साक्षी सदव्ययः तदहं नात्र सन्देहो विचारः सोयमिदृशः ॥ आत्मा विनिष्कलोह्येको देहो बहुभिरावृतः तयो रैक्यं प्रपश्यन्ति किमज्ञानमतः परम् ॥ आत्मा नियामकश्चान्तर्देही वाह्यो नियम्यकः तयोरैक्यं प्रपश्यन्ति किमज्ञानमतः परम् आत्मा ज्ञानमयः पुण्यो देहो मांसमयोऽशुचिः॥ तयोरैक्यं प्रपश्यन्ति किमज्ञानमतः परं ॥ आत्मा प्रकाशकः स्वच्छो देहस्तामस उच्यते ॥ तयोरैक्यं प्रपश्यन्ति किमज्ञानमतः परम् ॥ आत्मा नित्योहि सद्रुपो देहोऽनित्यो ह्यसन्मयः । तयोरैक्यं प्रपश्यन्ति किमज्ञानमतःपरम् ॥ आत्मा ज्ञानमयः पुण्यो देहोमांसभयोऽशुचिः॥ तयोरैक्यं प्रपश्यन्ति किमज्ञानमतः परं ॥ आत्मा प्रकाशकः स्वच्छो देहस्तामस उच्यते ॥ तयोरैक्यं प्रपश्यन्ति किमज्ञानमतः परम् ॥ आत्मा नित्योहि सद्रुपो देहोऽनित्यो ह्यसन्मयः। तयोरैक्यं प्रपश्यन्ति किमज्ञानमतःपरम् देहोहभित्ययं मूढो धृत्वा तिष्ठत्यहोजनः ॥ ममायमित्यपि ज्ञात्वा घट द्रष्टैव सर्वदा ॥ ब्रह्मैवाहं समः शान्तः सच्चिदानन्दलक्षणः ॥ नाहं देहो ह्यसद्रूपो ज्ञानमित्युचते बुधैः । निर्विकारो निराकारो निरवद्योऽहमव्ययः ॥ नाहं देहो ह्यसद्रूपो ज्ञानमित्युच्यते बुधैः ॥ स्वदेहे शोभनं सन्तं पुरुषाख्यं च सम्मतम । किं मूर्ख शून्यमात्मानं देहातीतं करोषिभोः ॥ अहं शब्देन विख्यात एक पत्र स्थितः परः स्थूलस्त्वनेकतां प्राप्तः कथं स्याद्देहकः पुमान् । अहं दृष्टृतया सिद्धो देहो दृष्यतया स्थितः। ममायमिति निर्देशात्कथं स्या-

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ઘરમા આડસર, વળીઓ, થાંભલાઓ, બારીઓ, કમાડો, ઈંટ, પત્થર ને ગારાથી ચણેલી દિવાલો હોય છે. તે ઉપર ભાતભાતના રંગો દીધા હોય છે અને આવા અનેક પદાર્થોના સમુદાયરૂપ ઘરમાં વસનારો પુરૂષ જેમ ઘરરૂપ હોતો નથી પણ ઘરથી નોખો હોય છે અને હું ઘર છું એમ તે કહેતો પણ નથી તેમ આ દેહરૂપ ઘર છે તેમાં કરોડ, રજ્જુ તે આડસરના સ્થાને છે, પાંસળીઓ રૂપી છાપરાની વળીઓ છે, હસ્તપાદ રૂપી થાંભલાઓ છે અને શેષ રહેલાં હાડકાં તથા માંસ, ઇટ તથા પત્થર અને ગારાના સ્થાને છે ને રાતી, ધોળી ને

देहकः पुमान् " अहंविकारहीनस्तु देहो नित्यविकारवान्। इति प्रतीयते साक्षात्कथं स्यादेहकः पुमान् यस्मात्परमिति श्रुत्या तया पुरुषलक्षणम्। विनीर्णीतं विमूढेन कथं स्यादेहकः पुमान्॥ सर्व पुरुषः एवेति सूक्ते पुरुषसंज्ञिते। अप्युच्यते यतः श्रुत्या यथंस्यादेहकः पुमान्। असंगः पुरुषः प्रोक्तो बृहदारण्यकेऽपि च। अनन्त मल संश्लिष्टः कथं स्यादेहकः पुमान् तत्रैव च समाख्यातः स्वयंज्योतिर्हिपुरुषः। जडःपरप्रकाश्योऽसौ कथं स्यात्देहकः पुमान्। प्रोक्तोऽपि कर्मकांडेनह्यात्मा देहाद्विलक्षणः नित्यश्च तत्फलंभुंक्ते देहपातादनन्तरम् लिंगं चानेकसंयुक्तं चलं दृश्यं विकारि च। अव्यापकमसद्रूपं तत्कथं स्यात्पुमानयम् एवं देहद्वयादन्य आत्मापुरुष इश्वरः। सर्वात्मा सर्वरूपश्च सर्वातोऽहमव्ययः॥४०॥

अपरोक्षानुभूति.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કાળી ચામડીરૂપ રંગરોગાન છે તથા આંખ, કાન, નાક ને મુખ વિગેરે ઇન્દ્રિયોરૂપી બારીઓ છે અને ઘરના છાપરા પર જેમ ઘાબાથી ઘાસ ઉગે છે તેમ અહીં રોમરૂપી ઘાસ ઉગ્યું છે. આવા દેહરૂપી ઘરનો દ્રશ્ય જે તું આત્મા તે દેહરૂપ નથી પરંતુ દેહથી ન્યારો છે તેથી પૂર્વોક્ત વિચારથી હું દેહ છું એવું અભિમાન છુટી જાય છે. આ સિવાય દેહાભિમાન મટવાનો બીજો કોઈ ઉપાય નથી.

શિષ્ય—હે નાથ ! દેહમાંથી અહંતા મટવાનો પ્રકાર હું સમજી ગયો પણ આ દેહ હું નથી એમ જાણતાં અહંતા જાય છે તોપણ આ દેહ મારો છે એમ મમતા તો રહે છે, આ મમતા દૃષ્ટાંતથી અનુભવમાં પણ આવે છે. જેમ ઘટનો જોનાર ઘટ નથી પણ ઘટ મારો છે એમ તો કહેવાય છે તેમ ઘરમાં વસનારો હું ઘર નહીં પણ ઘર મારૂં છે એમ તો કહેવાય છે. દેહનો દ્રષ્ટા હું દેહ નથી પણ આ દેહ મારો છે એમ કહેવાથી મમત્વ તો દેખાય છે માટે મમતાના ત્યાગનો ઉપાય કહો.

ગુરુ—હે ભ્રાત ! જેમ દેહ તું નથી તેમ દેહ તારો પણ નથી કારણ કે તે દેહ તો પંચભુતોનો છે પણ તું અજ્ઞાનથી મારો છે એમ કહે છે. જેમકે ઘડો છે પૃથ્વીનો

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

છતાં તું મારો કહે છે, જેમ ઘર, પત્થર, લાકડાં, ચુનો વિગેરેનું છે છતાં તું ભુલથી મારૂં કહે છે. આ પ્રમાણે અસ્થિ, માંસ, ત્વચા, નાડી ને રૂધિર વિગેરેથી બનેલો ભૌતિક દેહ છે તેને તું મારો છે એમ કહે છે તો ત્યાં તારી મોટી ભૂલ છે કેમકે ઉત્તમ જાતિવાળો મનુષ્ય હાડકાં ચામડાં મારાં છે એમ ન કહે ને તું તો ભુલથી હાડકાં ચામડાનો દેહ મારો છે ને તે દેહ તે હું છું એમ માને છે તો આવી તારી વિપરીત માન્યતાજ બંધનનું કારણ છે. આ પ્રમાણે પંચભુતના પરાયા દેહને તું મારો એમ કહે છે તેથી તે પાંચે ભુત તને પીડા આપશે. જ્યારે લોક કલ્પિત ખોટા ભુતના વળગાડથી તું વેદનાને પામે છે ત્યારે આતો પ્રસિદ્ધ પંચમહાભુતોનો દેહ તેમાં જો તું મમતા કરીશ તો એ ભુતો તને કેમ છોડશે ! પારકી વસ્તુનાં મમત્વથી શું સુખ થાય છે ! રાવણને સીતાથી તેમજ કૌરવોને પાંડવોનાં રાજ્યથી કેવો લાભ થયો છે તેનો તુંજ વિચાર કર. અહીં એક પંચની વાડીનો દાખલો સાંભળવા જેવો છે તો સાંભળ કહું છું.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પંચની વાડીની વાર્તા

કોઇ ધનવાળા ગૃહસ્થે સપ્તાહ તથા સ્વસ્તિવાચન અને બ્રાહ્મણભોજન-જ્ઞાતિભોજન વિગેરે ધર્મ કાર્યો કરવા વાસ્તે પોતાના ઘરમાં સાંકડ હોવાથી પંચની વાડીની જગ્યા થોડા દિવસ માટે પંચની પાસે માગી લીધી; પછી તેણે તે વાડીમાં સહકુટુમ્બ નિવાસ કર્યો. લોભાદિ દુર્ગુણને વશ થઇ થોડા દીવસ પછી શુભકાર્ય કર્યું નહીં અને વિશાળ જમીનના આનંદથી તે વિશેષ સમય સુખથી વાડીમાં રહ્યો. પંચે વાડીનું મકાન ખાલી કરવા માટે કહેવરાવ્યું ત્યારે 'આ વાડી તો મારી છે' એમ કહી ભોગવટાથી ધણી થઇને તે બેઠો અને તેને રૂબરૂમાં બોલાવ્યો તો પણ તે બહાનાંઓ કાઢી કાઢીને પંચની પાસે પણ ન ગયો. પંચે થોડા માસ ધિરજ રાખી પરંતુ ઉલટો તે તો વાડીનો ધણી થઇને બેઠો તેથી પંચે તેના પર કબ્જા માટે ફરિયાદ માંડી ત્યારે ન્યાયાધીશે વાડી સુપ્રત કરવા બાબત પૂછતાં 'વાડી મારી છે ને તેમાં પંચનું કાંઇ લાગતું વળગતું નથી' એમ જવાબ મળતાં સાક્ષીપત્ર ખત-પત્ર વિગેરે કશું પણ તેની પાસે નહીં નીકળવાથી તેને કોર્ટે કેદમાં નાંખ્યો અને વાડી સોંપે ત્યારે છુટે એમ દર્શાવ્યું, અહીં પણ આ જીવરૂપી ધનવાળા

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પુરૂષે મોક્ષ વાસ્તે સત્કાર્ય કરવાની ઇચ્છા થતાં પોતાના દેવ ગંધર્વ આદિ શરીરમાં અધિક ભોગ હોવાથી આત્મજ્ઞાન ન થાય તથા પશુ, પક્ષી આદિનાં શરીરમાં મૂઢતાના યોગે આત્મજ્ઞાન ન થાય તેથી મોક્ષદ્વાર ભૂત આ મનુષ્ય દેહરૂપી વાડી-ઘર પંચભૂતો પાસેથી માગી લીધો ને તેમાં આવીને નિવાસ કર્યો. આમ છતાં મનુષ્ય શરીરમાં અનેક વિષય ભોગની લાલચોની આશકિતમાં સપડાઇને મોક્ષ થવાનો વિચાર કે સત્ય કાર્યો કરવાં વિસરી ગયો અને ઉલટો પંચભૂત દેહ મારો છે એમ માની પારકી માયાનો ધણી થઇને બેઠો-પંચભૂતોએ શાસ્ત્રદ્વારાએ વારંવાર કહેવરાવ્યું કે આ પંચભૂતનો દેહ તારો નથી, માટે તેમાં તું મમત્વ મેલી દે. આમ છતાં તેણે શાસ્ત્ર વચનોનો અનાદર કરીને તથા કોઈ સ્નેહી, સત્યરૂપ, સન્મિત્ર કે સદ્‌ગુરૂ વેદાન્ત શ્રવણ કરવાનો ઉપદેશ કરે તો ત્યાં આડાંઅવળાં બહાનાં બતાવીને અને હાલ સમય નથી એમ કહી વાતને ઉડાવી દેવા લાગ્યો છેવટે પંચભૂતોએ આજકાલમાં આત્મવિચારદ્વારા મોક્ષ સાધન કરીને તું અમારો દેહ પાછો આપી દેજે એમ કહી ઘણાં વર્ષો વાટ જોઇ છતાં તેણે કાંઇપણ વિચાર ન કર્યો ત્યારે પંચભૂતોએ યમરાજા પાસે ફરીયાદ કરી અને જાહેર કર્યું કે-આ અજ્ઞાની જીવ જે

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કારણથી આ દેહ અમારી પાસેથી માગીને લઈ ગયો હતો તેમાંનું કશું પણ કરતો નથી તે ઉલટો અમારા દેહનો ધણી થઈ બેઠો છે વાસ્તે અમારો દેહ અમને પાછો અપાવો, યમરાજાએ પોતાના દૂતદ્વારા તે અજ્ઞાનીને તેડાવ્યો ત્યારે તેણે વ્યાકુળતાથી બેભાન થઇ યમ મંદીરમાં જવાની તૈયારી કરી પણ તે સમયે તેનાથી 'મારે હાલ કામ છે તેથી આવી નહીં શકાય' એમ કહી ન શકયો ને સ્ત્રી, પુત્ર, મિત્ર આદિ પરિવારને પોકાર કરતાં તજીને પોતે યમરાજાના દૂત સાથે યમ લોકમાં આવ્યો ત્યારે ધર્મ રાજાએ પુછયું કે 'આ પંચભુતનો દેહ ભૂતોને શા વાસ્તે તું સોંપતો નથી ? ત્યારે તેણે ઉત્તર આપ્યો કે 'આ દેહતો મારો છે તેમાં ભૂતોનું શું લાગે વળગે !' ત્યારે પંચભૂતોએ જાહેર કર્યું કે આ સ્થૂલદેહ તથા સૂક્ષ્મદેહ અમારો છે ને તેમાં ચાર વેદ, અઢાર પુરાણ, વિગેરે સઘળા શાસ્ત્રોની સાક્ષી આપી અને તે અજ્ઞાની જીવથી મારો દેહ છે. એમ સિદ્ધ ન થયું આથી યમરાજાએ તે અજ્ઞાનીને પરાયો દેહ પોતાનો માનવાથી ચોરાશી લક્ષયોનિરૂપી કારાગ્રહમાં નાંખ્યો ને એવો ઠરાવ બહાર પાડયો કે– પંચભૂતનો દેહ સુપ્રત કર્યા વિના તેમાં બહારજ ન નીકળાય. હે શિષ્ય ! આ પ્રમાણે પંચભૂતના દેહને

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તું મારો દેહ છે એમ વૃથા ન માન અને એઓને સોંપી દે. આથી દેહ દશ્ય છે તેથી તે હું નહીં અને તે પંચભુતનો છે તેથી મારો નહીં એમ વિવેકથી તું દેહમાંથી અહંતા મમતાનો પરિત્યાગ કર. હે શિષ્ય ! આકાશ, વાયુ, તેજ, આપ અને પૃથ્વી એ પાંચ ભુતો કહેવાય છે અને તેમાં વિચાર કરી તપાસતાં આ દેહમાં જે કઠણ ભાગ છે તે પૃથ્વીનો રસરૂપ ભાગ છે તે જળનો, ઉષ્ણ ભાગ છે, તે તેજનો, ગમનાગમન રૂપ ક્રિયા કે જે વાયુથીજ થાય છે તે ક્રિયામાત્ર ભાગ વાયુનો અને શરીરમાં પોલાણ ભાગ છે તે આકાશનો છે. હવે પંચભૂતો નોખાં નોખાં સમજવામાં સુગમ પડે તેટલા વાસ્તે નીચે પ્રમાણે તેનું કોષ્ટક લખીએ છીએ, સ્થુલ દેહનાં પચીશ તત્વો કહેવાય છે. પ્રત્યેક ભુતનાં પાંચ પાંચ તત્વો મળીને પચીશ તત્વો થાય છે તેની સમજણ આ કોષ્ટકમાં નીચે આપીએ છીએ.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

૧ સ્થુલ દેહનાં તત્વોનું કોષ્ટક.

આકાશનાં	વાયુનાં	તેજનાં	આપનાં	પૃથ્વીનાં
કામ	ચલન	ક્ષુધા	શુક્ર	અસ્થિ
ક્રોધ	વલન	તૃષા	શોણિત	માંસ
શોક	ધાવન	આલસ્ય	લાળ	ત્વચા
મોહ	પ્રસારણ	નિદ્રા	મૂત્ર	નાડી
ભય	આકુંચન	કાન્તિ	સ્વેદ	રોમ.

૧ આકાશનાં તત્વો

કામ-ક્રોધ-શોક-ભય-મોહ એ સઘળાંહૃદયાકાશમાં પેદા થતાં હોવાથી આકાશનાં તત્વો હોવાથી તેનો તું જાણનાર છે. તે તત્વો તું નથી ને આકાશનાં હોવાથી તારાં પણ નથી પરંતુ તું તેનો દ્રષ્ટા છે. આ પાંચ તત્વો બંધનદ્વારા જાહેર રીતે પીડાકારક જાણીને તેનો ત્યાગ કરવો. કામથી રાવણની પાયમાલી થઈ છે એમ જાણી તેને તજવો. ક્રોધ તો રાક્ષસથી પણ નઠારો છે કારણકે રાક્ષસ પારકું લોહી પીયે છે

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ત્યારે ક્રોધી તો પોતાનું અને પરનું લોહી પીનારો છે. રાક્ષસનું બળ રાત્રે હોય છે પરંતુ ક્રોધ રાક્ષસ તો સવળા સમયે બળવાળો છે. ક્રોધી પોતે ભયથી કંપે છે ને બીજાને કંપાવે છે. વળી ક્રોધથી દુર્વાસા સમાન મહામુનિને અંબરીશના પ્રસંગમાં મહા વિપત્તિ વોરવી પડી હતી, એક વિદ્વાન્ કહે છે કે જો તને તારા પ્રતિપક્ષી પર ક્રોધ થાય છે તો તે ક્રોધ તારા પોતાના પર કેમ નથી થતો કારણકે શત્રુ કરતાં પણ ક્રોધ ભાવના સહસ્ત્રગણી દુઃખ આપનારી નીવડી છે. શોક, મોહ ને ભય એઓ પણ કામ ક્રોધના સગાજ ભાઇઓ સરખોજ સંતાપ આપનારા છે વાસ્તે તેનો પરિત્યાગ કરાવો. તેમાંથી અહંતાનો અને મમતાનો ત્યાગ કરવો. આ કામાદિ પાંચ તત્ત્વો ખરૂં જોતાં સૂક્ષ્મ દેહનાં છે પરંતુ એઓનો પ્રસિદ્ધ આવેશ સ્થુલ દેહમાં દેખાતો હોવાથી સ્થુલ દેહના તત્વોમાં ગણાવ્યાં છે.

---

૨ વાયુનાં તત્વો

ચલન એટલે ચાલવું, વલન એટલે વળવું, ધાવન એટલે દોડવું, પ્રસારણ એટલે પહોળા થવું અને આકુંચન એટલે સંકોચાવું, વલનને સ્થાને કોઇ ઉત્ક્રમણ એટલે ઉભું થવું એ તત્વ પણ ગણાવે છે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તાત્પર્ય એ પાંચે વાયુનાં તત્વોનો જાણનારો તું તે તત્વોથી જુદો દ્રષ્ટા હોવાથી તે તું નથી અને તે તારાં પણ નથી, વાયુ વિના ચલનાદિ ક્રિયાઓ નથી બનતી તેથી તે તત્વો વાયુનાં વર્ણવ્યાં છે. તું તેનો સાક્ષી છે.

---

૩ તેજનાં તત્વો

ક્ષુધા એટલે ભુખ લાગવી, તૃષા એટલે તરસ લાગવી, આળસ્ય, નિદ્રા ને કાન્તિ એટલે તેજ એ પાંચે વિભાગ પ્રસિદ્ધપણે અનુભવથી તેજના દેખાય છે કારણ કે જઠરમાં અગ્નિ પ્રબળ થયા વગર ક્ષુધા લાગતિ નથી. ઉષ્ણકાળે અગ્નિરૂપ ઉષ્ણતાના જોરથી તૃષા વધારે લાગે છે, તેમજ આળસ અને નિદ્રા પણ ગરમીના સમયમાં વિશેષ થાય છે ને નિદ્રાથી અન્ન પચે છે તેથી તે અગ્નિના ભાગ છે. કાન્તિ એટલે તેજ તે તો પ્રસિદ્ધ તેજનો ભાગ છે.

---

૪ આપનાં તત્વો

આપનાં-જળનાં શુક્ર એટલે વીર્ય , શોણિત એટલે લોહી, લાલા એટલે લાળ પડે છે તે, મૂત્ર અને સ્વેદ એ પાંચે તત્વો જળરૂપ હોવાથી જળનાં કહ્યાં છે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

૫ પૃથ્વીનાં તત્વો

અસ્થિ એટલે હાડકાં, માંસ, ત્વચા એટલે ચામડી, નાડી એટલે નસોને રોમ એટલે રૂવાડાંએ પાંચ પૃથ્વીનાં તત્વો છે ત્યાં એ હેતુ છે કેઃ—જે સમયે સ્થુલ દેહમાંથી પ્રાણ જાય છે તે સમયે આકાશાદિ ચારે ભુતોના વિભાગો પોત પોતમાં ભળી જાય છે તે પ્રસિદ્ધ દેખાય છે. જુઓ મુડદામાં માત્ર પૃથ્વીનાંજ તત્વો દેખાય છે અને જ્યારે દાહ ક્રિયા થાય છે ત્યારે ભસ્મ રૂપે, દફન ક્રિયા થાય તો માટી રૂપે ને જનાવરો ખાય તો વિષ્ટા રૂપે પૃથ્વીમાં ભળી જાય છે તેથી એ તત્વો પૃથ્વીનાં છે. તેથી તારાં ન હોવાથી તું તેનો સાક્ષી છે. પૂર્વોક્ત પચીસ તત્વના સ્થુલ દેહને પંચીકૃત પંચ મહાભુતનું કાર્ય કહેવાય છે. અપંચીકૃત મૂળ આકાશાદિ પંચભુતોનું જ્યારે પંચીકરણ થાય છે ત્યારેજ આવો અપંચીકૃત સ્થુલ દેહ તેનાં તત્વો સહીત નિપજે છે. હવે પંચીકરણ કોને કહીએ ને તેથી પંચીકૃત પંચ મહાભુત કેવા પ્રકારે થાય છે તે સમજવા સારૂં નીચેનું કોષ્ટક કહીએ છીએ.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આ પંચીકૃત પંચ મહાભૂતોનું ૨

—પંચીકરણ—

૧/૨ આકાશ	૧/૨ વાયુ	૧/૨ તેજ	૧/૨ જળ	૧/૨ પૃથ્વી
૧/૮ વાયુ	૧/૮ આકાશ	૧/૮ આકાશ	૧/૮ આકાશ	૧/૮ આકાશ
૧/૮ તેજ	૧/૮ તેજ	૧/૮ વાયુ	૧/૮ વાયુ	૧/૮ વાયુ
૧/૮ જળ	૧/૮ જળ	૧/૮ જળ	૧/૮ તેજ	૧/૮ તેજ
૧/૮ પૃથ્વી	૧/૮ પૃથ્વી	૧/૮ પૃથ્વી	૧/૮ પૃથ્વી	૧/૮ જળ
૧ પંચીકૃત આકાશ.	૧ પંચીકૃત વાયુ.	૧ પંચીકૃત તેજ	૧ પંચીકૃત જળ	૧ પંચીકૃત પૃથ્વી

અર્થ—આ પ્રમાણે સ્થુલ શરીર ઉત્પન્ન કરવામાંજ પંચ મહાભુતનું પંચીકરણ થાય છે. ઇશ્વરેચ્છાથી

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

એક એક ભુતના બે બે ભાગ થયા તેમાંથી સર્વ ભુતનો એક એક ભાગ નોખો રહ્યો ને બાકી રહ્યો જે એક એક ભાગ તેઓના દરેકના ચાર ચાર ભાગ થયા અને પોતપોતાનો જે અરધો અરધો ભાગ રહેલો છે તેને મુકીને બીજા ચાર ભૂતના અરધા અરધા ભાગ સાથે પાંચ ભુતોના પોતાના ચાર ચાર ભાગમાંથી એક એક ભાગનો જે મિલાપ તેનું નામ પંચીકરણ. આ પંચીકૃત પંચ મહાભુતમાંથી આ પચીશ તત્વનો સ્પષ્ટ જણાતો સ્થુલ દેહ થાય છે અને હવે તે સ્થુલ દેહનાં પચીશ તત્વોને પણ પંચીકરણની રીતે સમજવા સારૂ નીચે આ કોષ્ટક *લખીએ છીએ.

---

* ઇશ્વરેચ્છાથી પ્રત્યેક ભૂતના બે ભાગ થયા એટલે કેઃ—

(પ્રથમ) $\frac{1}{2}$ આકાશ, $\frac{1}{2}$ વાયુ, $\frac{1}{2}$ તેજ, $\frac{1}{2}$ જળ, $\frac{1}{2}$ પૃથ્વી જુદાં રહ્યાં.

(બીજું) $\frac{1}{2}$ આકાશ, $\frac{1}{2}$ વાયુ, $\frac{1}{2}$ તેજ, $\frac{1}{2}$ જળ, $\frac{1}{2}$ પૃથ્વી. તેમાંથી દરેકના ચાર ચાર ભાગ થયા એટલે કે—

(૧) $\frac{1}{8}$ આકાશ $\frac{1}{8}$ આકાશ $\frac{1}{8}$ આકાશ $\frac{1}{8}$ આકાશ.
(૨) $\frac{1}{8}$ વાયુ $\frac{1}{8}$ વાયુ $\frac{1}{8}$ વાયુ $\frac{1}{8}$ વાયુ
(૩) $\frac{1}{8}$ તેજ $\frac{1}{8}$ તેજ $\frac{1}{8}$ તેજ $\frac{1}{8}$ તેજ
(૪) $\frac{1}{8}$ જળ $\frac{1}{8}$ જળ $\frac{1}{8}$ જળ $\frac{1}{8}$ જળ
(૫) $\frac{1}{8}$ પૃથ્વી $\frac{1}{8}$ પૃથ્વી $\frac{1}{8}$ પૃથ્વી $\frac{1}{8}$ પૃથ્વી

પોત પોતાનો અરધો અરધો ભાગ જુદો રહેલો છે તેને મુકીને

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

બીજા ચાર ભૂતના અરધા અરધા ભાગ સાથે પાંચ ભૂતોની પોતાના ચાર ચાર ભાગમાંથી એક એક ભાગનો જે મિલાપ તે પંચીકરણ એટલે કે:—

(૧) $\frac{૧}{૨}$ આકાશ + $\frac{૧}{૮}$ વાયુ + $\frac{૧}{૮}$ તેજ + $\frac{૧}{૮}$ જળ + $\frac{૧}{૮}$ પૃથ્વી

(૨) $\frac{૧}{૨}$ વાયુ + $\frac{૧}{૮}$ આકાશ + $\frac{૧}{૮}$ તેજ + $\frac{૧}{૮}$ જળ + $\frac{૧}{૮}$ પૃથ્વી

(૩) $\frac{૧}{૨}$ તેજ + $\frac{૧}{૮}$ આકાશ + $\frac{૧}{૮}$ વાયુ + $\frac{૧}{૮}$ જળ + $\frac{૧}{૮}$ પૃથ્વી.

(૪) $\frac{૧}{૨}$ જળ + $\frac{૧}{૮}$ આકાશ + $\frac{૧}{૮}$ વાયુ + $\frac{૧}{૮}$ તેજ + $\frac{૧}{૮}$ પૃથ્વી.

(૫) $\frac{૧}{૨}$ પૃથ્વી + $\frac{૧}{૮}$ જળ + $\frac{૧}{૮}$ તેજ + $\frac{૧}{૮}$ વાયુ $\frac{૧}{૮}$ આકાશ.

આ પાંચેના આડા સરવાળાથી એક એક પંચીકૃત મહાભૂત થાય છે અને તેને અનુક્રમે તત્વ ગણનાથી આ પ્રકારે સમજાય છે કે—

(૧) $\frac{૧}{૨}$ શિરાકાશ + $\frac{૧}{૮}$ પ્રસારણ + $\frac{૧}{૮}$ નિદ્રા + $\frac{૧}{૮}$ લાલા + $\frac{૧}{૮}$ રોમ = આકાશ.

(૨) $\frac{૧}{૨}$ ધાવન વાયુ + $\frac{૧}{૮}$ કંઠાકાશ + $\frac{૧}{૮}$ તૃષા + $\frac{૧}{૮}$ સ્વેદ + $\frac{૧}{૮}$ ત્વચા = વાયુ.

(૩) $\frac{૧}{૨}$ ક્ષુધાતેજ + $\frac{૧}{૮}$ હૃદયાકાશ + $\frac{૧}{૮}$ ઉત્ક્રમણ + $\frac{૧}{૮}$ મૂત્ર + $\frac{૧}{૮}$ નાડી = તેજ.

(૪) $\frac{૧}{૮}$ વીર્ય રૂપ જળ + $\frac{૧}{૮}$ ઊદરાકાશ + $\frac{૧}{૮}$ ચલન + $\frac{૧}{૮}$ કાન્તિ + $\frac{૧}{૮}$ માંસ = જળ.

(૫) $\frac{૧}{૨}$ અસ્થિરૂપ પૃથ્વી + $\frac{૧}{૮}$ શોણિત + $\frac{૧}{૮}$ આળસ્ય + $\frac{૧}{૮}$ સંકોચન + $\frac{૧}{૮}$ કટયાકાશ = પૃથ્વી.

આ પ્રમાણે આકાશ, વાયુ, તેજ જળ ને પૃથ્વી પંચકૃત મહાભૂતો થયાં. અજ્ઞાની એટલે અભણ લોકોને પંચીકરણ સમજાવવાનો આ પ્રકાર છે કે—ચાળીશ રૂપિઆભારના એક શેર ચોખા, એક શેર ઘઊં, એક શેર દાળ, એક શેર મગ, ને એક શેર બાજરી એમ પંચ ધાન્ય લઇ તેની પાંચ ઢગલીઓ કરવી. પૂર્વોક્ત ક્રમ પ્રમાણે પ્રત્યેકના બે બે સરખા ભાગ કર્યા તેથી વીશ વીશ રૂપિઆ ભારના

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પંચીકૃત પંચ મહાભૂતથી થયેલા સ્થુલ-દેહનાં પંચીકૃત પચીશ તત્વોની સમજણનું કોષ્ટક ૩.

આડું વાંચતાં પંચીકૃત તત્વો ને ઉભું વાંચતાં અપંચીકૃત તત્વો સમજાય છે.

પંચભુત	પૃથ્વીનાં	જળનાં	તેજનાં	વાયુનાં	આકાશનાં
પૃથ્વીનાં	અસ્થિ	શોણિત	આલસ્ય	સંકોચન	કટયાકાશ
જળનાં	માંસ	શુક્ર	કાન્તિ	ચલન	ઉદરાકાશ
તેજનાં	નાડી	મૂત્ર	ક્ષુધા	ઉત્ક્રમણ	હૃદયાકાશ
વાયુનાં	ત્વચા	સ્વેદ	તૃષા	ધાવન	કંઠાકાશ
આકાશનાં	રોમ	લાલા	નિદ્રા	પ્રસારણ	શિરાકાશ

એ અરધા શેર ચોખા, એ અરધા શેર ઘઉં, એ અરધા શેર દાળ, એ અરધા શેર મગ ને એ અરધા શેર બાજરી, એમ દશ ઢગલીઓ થઈ. તેમાંથી પ્રત્યેક ધાન્યની વીશ રૂપિયા ભારની અરધા અરધા શેરની એકેક ઢગલી એમની એમ રાખી મુકી, તે પાંચ આખી રહી. હવે બાકીની વીશ રૂપિયા ભારના અરધા અરધા શેરની પાંચ ઢગલીઓ રહ તે દરેકના ચાર ચાર ભાગ કર્યા એટલે એકેક ઢગલી

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પૃથ્વી અને પૃથ્વીનાં તત્વો.

અર્થ

પૃથ્વીનો—અસ્થિ મુખ્ય ભાગ છે કેમકે તે પૃથ્વીની તુલ્યે કઠણ છે તેથી પૃથ્વીનો અરધો ભાગ જાણવો અને બાકીના અરધા ભાગના ચાર ભાગ થયા જેવા ૧ શોણિત, ૨ આળસ્ય, ૩ સંકોચન, ૪ કટયાકાશ. હવે તે ચાર ભાગ જળ આદિ બીજા ચાર ભૂતમાં ભળ્યા તે કહીએ છીએ.

૧ શોણિત—એટલે લોહિનો રંગ લાલ છે, તે પૃથ્વીનો ભાગ છે પણ જળમાં ભળ્યો તેથી જળનાં તત્વોમાં કહ્યો છે.

પાંચ રૂપીઆ ભારના નવટાંકની એવી પ્રત્યેક ધાન્યની ચાર ચાર ઢગલીઓ થઇ તેથી કુલ વીશ ઢગલીઓ નવટાંક નવટાંકની થઈ. હવે ચોખાની જે પ્રથમ નોખી રાખેલી ૨૦ રૂ. ભારના—અરધા શેરની ઢગલી છે તે ને તેમાં તવટાંક ઘઉં, નવટાંક દાળ, નવટાંક મગ અને નવટાંક બાજરી એ રીતે ચાર વાનાં નવટાંક નવટાંક મેળવવાથી એ ચારે મળી વીશ રૂપિઆ ભાર—અર્ધો શેર થયું. તે એકત્ર કરતાં ચાળીશ રૂપિઆ ભાર—શેર એક થાય. આ પ્રમાણે અનુક્રમે સર્વ ધાન્યની ભેળવણી કરવી આ પદ્ધતિએ જે ખીચડું તૈયાર થાય છે તે પંચીકરણ કહેવાય છે. સોળ ભાગ કરી ગણિત રીતિથી લખીએ તો— ૧૬ = (૮ + ૮) = (૮ × [૪ × ૨]) = ૧૬.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

૨ આળસ—પૃથ્વી પેઠે આળસમાં જડતા હોવાથી પૃથ્વીનો ભાગ છે પણ તેજમાં ભળવાથી તેજનો કહ્યો છે.

૩ સંકોચન—પૃથ્વીની તુલ્યે જડતાનો હેતુ હોવાથી પૃથ્વીનો ભાગ છે પણ વાયુને મળ્યો તેથી વાયુનો ગણાય છે-

૪ કવ્યાકાશ—પૃથ્વીનો ભાગ જે મળ તેને રાખે છે માટે પૃથ્વીનો ભાગ છે પણ આકાશને મળ્યો તેથી આકાશનો કહ્યો છે.

જળ અને જળનાં તત્વો

જળનો—મુખ્ય ભાગ વીર્ય છે. તેનું કારણ એ છે કે-જળ જેમ શ્વેત છે ને વૃક્ષાદિકને ઉત્પન્ન કરે છે તેમ વીર્ય પણ શ્વેત છે ને ગર્ભને ઉત્પન્ન કરે છે તેથી તે ભાગ જળનો છે, હવે બાકીના અરધા ભાગના ચાર ભાગ થયા. જેમકે ૧ માંસ, ૨ કાન્તિ, ૩ ચલન ને ૫ ઉદરાકાશ.

માંસ—દ્રવીભૂત હોવાથી જળનું છે પણ પૃથ્વીનાં તત્વો સાથે મળ્યું તેથી પૃથ્વીનું કહ્યું.

૨ કાન્તિ—જળના સબંધથી તેમાં ફેરફાર થતો

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

હોવાથી કાન્તિ જળની છે પણ તેજ સાથે મળી તેથી તેજની કહી છે.

૩ चलन—પાણીની પેઠે ચલાયમાન હોવાથી તે જળનું છે પણ વાયુ તત્વ સાથે ભળવાથી વાયુનું કહ્યું છે.

૪ उदराकाश—જળને રહેવાનું સ્થાન છે તેથી તે જળનું છે પણ આકાશમાં ભળવાથી આકાશનું કહ્યું.

તેજ અને તેજનાં તત્વો.

તેજનો—મુખ્ય અરધ ભાગ ક્ષુધા છે તેનો હેતુ એ છે કે જે ઉદરમાંથી અગ્નિ પ્રબળ થયાથી ક્ષુધા લાગે છે તેથી ક્ષુધા તેજનો ભાગ છે. બાકીના અરધા ભાગમાંથી ચાર ભાગ થયા જેવા કેઃ-૧ નાડી, ૨ મૂત્ર, ૩ ઉત્ક્રમણ, ૪ હૃદયાકાશ તે પૃથ્વીઆદિ બીજા ચાર ભુતોમાં ભળ્યા તે કહીએ છીએ.

૧ નાડીથી--જ્વરની પરિક્ષા થાય છે વાસ્તે તે તેજની છે પણ પૃથ્વી તત્વમાં ભળી તેથી પૃથ્વીની કહી છે.

૨ મૂત્ર--ઉષ્ણ છે તેથી તેજનું છે પણ જળના તત્વમાં ભળ્યું તેથી જળનું કહેવાયું,

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

૩ ઉત્ક્રમણ--ઉત્ક્રમણમાં અગ્નિની પેઠે ઉર્ધ્વ-ગતિ છે તેથી તેજનું છે પણ વાયુના તત્વમાં મળ્યું તેથી વાયુનું થયું.

૪ હૃદયાકાશ--સર્વદા હૃદયમાં ઉષ્ણતા રહે છે તેથી તેજનું છે પણ આકાશ તત્વમાં ભળ્યું તેથી આકાશનું કહેવાયું.

વાયુને વાયુનાં તત્વો.

વાયુનો—પોતાનો અરધ ભાગ મુખ્ય ભાગ તે ધાવન નામનો વાયુ છે કેમકે જે વાયુની પેઠે વેગથી દોડાય છે વાસ્તે ધાવન વાયુ વિભાગ છે. બાકીના વાયુના અરધા ભાગમાંથી ચાર વિભાગ થયા તે એ કે-૧ ત્વચા, ૨ સ્વેદ, ૩ તૃષા અને ૪ કંઠાકાશ. તે પૃથ્વીઆદિ અન્ય ભૂતોમાં આ પ્રમાણે ભળ્યા.

૧ ત્વચાથી—સ્પર્શ થાય છે તેથી વાયુની છે, પણ પૃથ્વીના તત્વ સાથે મળી તેથી પૃથ્વીની કહી.

૨ સ્વેદ—ઘણા શ્વાસોશ્વાસ રૂપી પવનથી પરસેવો થાય છે ને પવનથી પાછો સુકાય છે માટે તે વાયુનો છે પણ જળના તત્વ સાથે ભળ્યો તેથી જળનો કહેવાયો.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

૩ તૃષા—વાયુથી શોષ થઇ તૃષા ઉત્પન્ન થાય છે તેથી વાયુની છે પણ તેજનાં તત્વ સાથે મળી તેથી તેજની કહેવાઇ.

૪ कंठाकाश—વાયુગમનાગમનનું સ્થાન છે માટે વાયુનો ભાગ છે પણ આકાશના તત્વ સાથે મળ્યો તેથી આકાશનો કહેવાયો છે.

આકાશને આકાશના તત્વો.

આકાશનો--પોતાનો મુખ્ય અરધ ભાગ છે તે શિર અકાશ છે કારણ કે મસ્તકમાં જે પોલાણ છે તે આકાશરૂપ છે અને એના બાકીના અરધા ભાગમાંથી ૧ રોમ, ૨ લાલા, નિદ્રા, ૪ પ્રશારણ તે પૃથ્વી આદિ બીજાં ચાર ભૂતો વિષે ભળ્યાં તે કહું છું.

૧ રોમ કાપવાથી કષ્ટ થતું નથી તેથી તે આકાશનાં છે પણ પૃથ્વીના તત્વ સાથે મળ્યાં તેથી પૃથ્વીનાં કહ્યાં

૨ લાલા--શિર આકાશમાં નીચે આવે છે તેથી તે આકાશની છે પણ જળ તત્વ સાથે મળી તેથા જળની કહી.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

૩ નિદ્રા--શુન્ય સ્વભાવવાળી હોવાથી આકાશની છે પણ તેજનાં તત્વ સાથે મળી તેથી તે તેજની કહેવાઈ છે.

પ્રસારણ—વ્યાપકતાવાળું હોવાથી આકાશનું છે પણ વાયુ સાથે મળ્યું ને વાયુથીજ શરીર પહોળું થાય છે તેથી તે વાયુનું કહેવાય છે,

આ પ્રકારે પચીશ તત્વોમાં પંચીકરણ નિરૂપણ કર્યું છે તે ગૌણ પક્ષથી સમજાય છે. તે પંચીકૃત પંચ મહાભુતમાંથી જે સ્થુલ દેહ થયો છે તે મુખ્ય પક્ષ છે. પ્રથમ કોષ્ટકમાં તે તત્વો કહ્યાં છે પણ માત્ર આકાશનાં તત્વમાંજ બે પક્ષો છે તેમાં કામ ક્રોધાદિ પ્રથમ પક્ષ છે ને શિરાકાશ આદિ અદ્વિતિય પક્ષ છે. આ બધું નિરૂપણ કરવાનો તાત્પર્ય તો એટલોજ કે એ તત્વો પંચભુતનાં કાર્ય હોવાથી જડ છે તથા પરિણામી, વિકારીને અસત્ય છે ને હું તેઓને જાણનારો દ્રષ્ટા નિર્વિકારી અસંગ આત્મા છું તેથી તે તત્વોના સમુદાય રૂપ સ્થુલ દેહ હું નથી. એ તત્વો પંચભુતનાં હોવાથી મારાં નથી. આમ સમજીને તેમાંથી અહંતા મમતા રૂપ અધ્યાસને તજીને તે તત્વોમાંથી તું કોણ છો તેનો વિચાર કર, ઉપરનાં પચીશ તત્વો મળીનેજ દેહ એવું નામ થયું છે પરંતુ તે તત્વોનું વિવેચન

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કરી નોખાં નોખાં કર્યાં હોય તો તેમાં કાંઈ દેહ સિદ્ધ થાય તેમ નથી. જેમ પાષાણ, ઈંટ, લાકડાં, ચુનો વિગેરે પદાર્થોનો ભેળ થવાથી 'ઘર' એવું નામ પડયું પણ તે પદાર્થોનું પૃથક્કરણ કરીએ તો ઘર સિદ્ધ થાય નહીં. જેમ ઘોડાગાડી અનેક પદાર્થોની બનેલી છે પરંતુ ગાડી એવું નામ ખરી રીતે સિદ્ધ થતું નથી કેમકે જ્યાં હાથ અડાડીએ ત્યાં ધરી, કમલ, પરણાં, સુપડી, આગળના બે પૂલો ઇત્યાદિ ગાડીના વિભાગો કહેવાય છે પણ ગાડી નામ સિદ્ધ થતું નથી અને પરિણામે લોઢું લાકડુંજ છે તેમ મનુષ્ય શરીરમાં હાથ અડાડી તપાસીશ તો કાન, નાક, હાથ, પગ, ખભા, ગોઠણ, પેટ, છાતી, માથું એમ અવયવો કહેવામાં દેહ તો સિદ્ધજ થતો નથી પરંતુ પૃથક્કરણ કરતાં પંચ ભૂતોમાં તમામ છે જેથી દેહની સિદ્ધિ થતી નથી તો દેવદત્તઆદિ નામની તો સિદ્ધિજ ક્યાંથી થાય ! નામ રૂપની કલ્પનાઓ તો માત્ર વ્યવહાર સિદ્ધિ વાસ્તેજ છે ને ખરૂં જોતાં નામ રૂપ પંચ ભૂતાત્મકજ છે જેથી પંચભૂતોના દેહમાં અહંતા મમતા ઘટી ન શકે ને તે ભુતો પણ નાશવંત જડ હોવાથી પારમાર્થિક સત્ય તો અસ્તિ ભાતિ પ્રિય સ્વરૂપે સચ્ચિદાનંદ આત્માજ છે ને તે આત્માજ તું પોતેજ છો એમ અનુભવ કરવા રૂપ પંચીકર-

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ણનો ઉપયોગ છે. આ સ્થુલ દેહને અન્નમય કોશ કહ્યો છે તેથી અન્નમય કોશથી પણ આત્માને ન્યારો જાણવો. માતા પિતા જે અન્ન ખાય છે તેનાં પરિણામમાંથી પેદા થતાં રૂધિર ને વીર્યના સંબંધથી આ સ્થુલ દેહ પેદા થયો છે અને જનમ્યા પછી માતાપિતાએ ખાધેલા અન્નના પરિણામથી દૂધ થાય છે. તે દૂધનું પાન કરીને સ્થુલ દેહ વધે છે ને વળી આ સ્થુલદેહ અન્ય જીવોને અન્નરૂપ ભક્ષ્ય છે ને અન્ન ખાધા વગર તે જીવતો નથી તથા જ્યારે મરે છે ત્યારે પણ અન્નરૂપ પૃથ્વીમાં લય પામે છે માટે એને અન્નમય કહ્યો છે. જેમ તરવારને ઢાંકવાને મ્યાન, અન્નને ઢાંકવાને ભંડાર છે તેમ અન્નમય શરીરથી દેહ ઢંકાય છે માટે તેને અન્મય કોશ કહ્યો છે. આ અન્નમય કોશ દૃશ્ય છે ને હું તેનો દ્રષ્ટા આત્મા તેથી ન્યારો છું તેથી હું અન્નમય કોશાતીત છું આવા પ્રકારનો સદ્દગુરૂ દ્વારા મુમુક્ષુએ નિશ્ચય કરવો. આ પ્રમાણે સ્થુલ દેહનું વર્ણન કર્યું ને હવે તેની અવસ્થા કહીએ છીએ કે—શ્રી સદ્દગુરૂના શબ્દોમાં કહેવાય છે—

गुरु—जाग्रत अवस्था नेत्र स्थान,
वैखरी वाचा स्थूल भोग जान ॥
क्रियाशक्ति रजोगुण मान,
× अकार मात्रा विश्व अभिमान ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અર્થ—જાગ્રત અવસ્થા એટલે જાગીએ છીએ તે અને ઇંદ્રિયોથી પ્રસિદ્ધ શબ્દાદિ વિષયોનું જે જ્ઞાન થાય છે તે. આ જાગ્રદાવસ્થાનો વ્યવહાર નીચેના કોષ્ટક ૪ થા પ્રમાણે બેંતાળીસ તત્વોથી થાય છે.

જાગ્રદાવસ્થાનો વ્યવહારને તેનું કોષ્ટક. ૪

પાંચ જ્ઞાનેન્દ્રિયોનાં નામ	તેના વિષયોનાં નામ	તેના દેવતાઓનાં નામ
શ્રોત્ર	શબ્દ	દિશા
ત્વચા	સ્પર્શ	વાયુ
ચક્ષુ	રૂપ	સૂર્ય
જિહ્વા	રસ	વરૂણ
ઘ્રાણ	ગન્ધ	અશ્વિનીકુમાર

×हरिः ॐ॥ ॐमित्येतदक्षरमिद ँ सव्व तस्योपव्याख्यानं भूतं भवद्भविष्यदिति सर्वमोङ्कार एव। यच्चान्यत्त्रिकालातीतं तदप्योङ्कार एव सर्व ँ ह्येतद्ब्रह्मायमात्मा ब्रह्म सोऽयमात्मा चतुष्पात्॥ आगरितस्थानो बहिःप्रज्ञः सप्ताङ्ग एकोन विंशति मुखः स्थूल-मुखैश्वानरः प्रथमः पादः

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પાંચ કર્મેન્દ્રિયોનાં નામ	તેના વિષયોનાં નામ	તેના દેવતાઓનાં નામ
વાણી	વચન	અગ્નિ
પાણી	આદાન	રૂદ્ર
પાદ	ગમન	ઉપેન્દ્ર
શિશ્ન	આનંદ	પ્રજાપતિ
ગુદા	વિસર્ગ	મૃત્યુ

ચાર અંતઃકરણનાં નામ	તેના વિષયોનાં નામ	તેના દેવતાઓનાં નામ
મન	સંકલ્પ	ચંદ્રમા
બુદ્ધિ	નિશ્ચય	બ્રહ્મા
ચિત્ત	ચિંતન	નારાયણ
અહંકાર	અભિમાન	રૂદ્ર

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ઉપર કહેલાં બેતાળીશ તત્વમાંથી જો એક તત્વ ઓછું હોય તો તેટલો વ્યવહાર ઓછો થાય છે. તે જાગૃત અવસ્થામાં જાગવાથી તે શયન પર્યંત જે કાંઈ વ્યવહાર થાય છે તે સઘળાનો જાણનારો હું સાક્ષી છું એમ સમજવું, આ અવસ્થાનું સ્થાન નેત્ર છે કારણ કે વિશેષે કરીને જાગ્રદાવસ્થાનો વ્યવહાર નેત્રથી થાય છે, આ અવસ્થામાં વૈખરી વાણી છે. વૈખરી વાણી એટલે કંઠ, તાળવું, જીભનો મૂળ ભાગ, દાંત ઓષ્ઠ, નાક, છાતી અને મસ્તક એ આઠ સ્થાનથી પ્રસિદ્ધ રીતે જે કાંઇ મનુષ્ય બોલે છે તેનું નામ વૈખરી વાચા છે. વળી જાગ્રદઅવસ્થામાં સ્થુલ ભોગ પ્રસિદ્ધ સુખદુઃખાદિ ભોગ થાય છે. અહીં શરીરની ક્રિયારૂપ વ્યવહાર થાય છે તે ક્રિયા-શક્તિ છે. અભિમાનથી રાગ દ્વેષ આદિથી જે રાજસી ક્રિયા થાય છે તે રજોગુણ કહેવાય છે. ૐ કારનો આકાર અક્ષર એજ માત્રા છે ને વિશ્વ અભિમાન એટલે આ અવસ્થામાં બુદ્ધિમાં જે આત્માનો આભાસ એટલે કે હું કર્તા ભોકતા એમ અભિમાન કરનારો જીવ છે તે. આ સઘળાં તત્ત્વોને તું જાણતો હોવાથી તે તું નથી પરંતુ તે તો જાગ્રદવસ્થાનાં છે; તારાં નથી પણ તું તો તેના દ્રષ્ટા સાક્ષી છે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ગુરુ—ઉપલાં પચ્ચીશ ને આ અષ્ટ,
એવાં તત્વ તેંત્રીસ સ્પષ્ટ ।
એ દૃશ્ય તું દ્રષ્ટા જાણ,
એ તું કેમ થાઈશ વેદ પ્રમાણ ॥૮॥

અર્થ—પૂર્વોક્ત સ્થુલદેહનાં પચીશ કામ ક્રોધ આદિ તત્વો ને આ નેત્રસ્થાન આદિ જાગ્રદાવસ્થાનાં આઠ તત્વો મળી તેત્રીશ તત્વો થયાં. આ સઘળાં તત્વોને તું જાણે છે તેથી તે દૃશ્ય છે તું જાણનારો દ્રષ્ટા છે. એ તત્વો જે છે તે તું નથી ત્યાં વેદનું પ્રમાણ છે. વળી 'ભગવત્પાદ શંકરાચર્યજી પણ વાક્યવૃત્તિ વિષે " જેમ ઘટનો દેખવાવાળો કોઈ પ્રકારે ઘટ રૂપ થાય નહીં તેમ દેહનો દ્રષ્ટા જે હું આત્મા છું તે કયારે પણ દેહરૂપી થતો નથી એ રીતે નિશ્ચય કરવો " એમ કહે છે. જેમ ઘડો પંચભુતથી થયેલો છે તથા જડ છે ને દ્રશ્ય છે તેમ આ તારો દેહ પણ પંચભુતથી ઉત્પન્ન થયો છે, તે દ્રશ્ય છે તથા જડ છે, તેથી તે ઘટ સમાન છે ને તેનો દ્રષ્ટા તું ચૈતન્ય છે. કોઇ શંકા કરે કે—ઘડો જેવો થયો તેવોજ રહે છે પણ કાંઈ વધતો ઘટતો નથી ને દેહ

---

१ घटद्रष्टा घटाद्भिन्नः सर्वथा न घटो यथा । देहद्रष्टा तथा देहो नाहमित्यवधारयेत् ॥ १ ॥ शंकर.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તો વધે ઘટે છે તેથી તે ચૈતન્ય છે તેને ઘડાના જેવો કેમ કહેવાયે. તો કહીએ છીએ કે–દેહ વધે છે તેથી કાંઇ તે ચૈતન્ય ન કહેવાય. જેમ ભીંતપર થોડી થોડી ઈંટ મુકીએ તો વધે છે ને ઉકેડા પર હમેશ કચરો નાંખે તો તે પણ વધીને મોટો થાય છે તેથી તે કાંઈ ચૈતન્ય ન કહેવાય. આ પ્રમાણે દેહમાં પણ અન્ન, પાણી, શાક, મેવા વિગેરે નિત્ય કચરો પડે છે તેથી વધે છે આમ વધે તેથી ચૈતન્ય ન કહેવાય. જેમ લોઢામાં અગ્નિના સંબંધથી દાહકતા થાય છે. તેમ ચૈતન્યરૂપ આત્માના સંબંધથી દેહમાં ચૈતન્યતા પ્રતીત થાય છે પણ પોતાની મેળે ચૈતન્ય નથી. આથી દેહ જડ છે ને તું તેનો દ્રષ્ટા તેથી ન્યારો ચૈતન્ય, અજર, અમર, આત્મા છે.

શિષ્ય—હે ગુરૂ મહારાજ ! હું જનમ્યો છું ને મરવાનો પણ ખરો અને તમે મને અજર અમર કહો છો તે કેમ મનાય તે કહો.

ગુરુ—યાસ્કાચાર્ય કહે છે કે દેહમાં જન્માદિ છ વિકાર છે પણ આત્મામાં નથી. સાંભળ.

दुहो.

जायते अस्ति वर्द्धते विपरीणमते जोय,
अपक्षीयते विनश्यति, षट् विकार कही सोय. ॥९॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અર્થ—જન્મે છે, જન્મ્યા પછી જે વધે છે, જુવાન થાય છે, વૃદ્ધ થાય છે ને વિનાશ થાય છે એ છ વિકારો કહેવાય છે પણ—

દુહો.

ए षट विकार देहने कह्या, तुं पोते निर्विकार,
गुरु वाक्ये विश्वास करी, अनुभव मनमां धार ॥१०॥

અર્થ—પૂર્વોક્ત જન્માદિ છ વિકાર આ સ્થુલદેહને થાય છે પણ તું તો તે સ્થુલ દેહ નથી. તું તો પોતે નિર્વિકાર આત્મા છે. દેહ વિકારી છે તેથી કાંઇ આત્મા વિકારી થાય નહીં. જેમ મૃત્તિકામાંથી ઘડો થયો તેથી જે ઘટમાં પોલો ભાગ–આકાશ છે તે કાંઇ નવું થયું–જનમ્યું એમ કહેવાય નહીં. ઘટ થાય પછી આ ઘટ છે એમ કહીએ છીએ, પછી ઘટને ટીપીને વધારે છે, પકવ્યા પછી પરિણામ અવસ્થા થઇ ને પછી કાણું પડયું એટલે વૃદ્ધ થયો અને ફુટી ગયો એટલે તે ઘડો નાશ થયો. આમ છતાં તે ઘડામાંના આકાશને તેવો કોઇ પણ વિકાર થતો નથી કારણ કે તે આકાશ તો નિરવયવ, અસંગ ને નિર્લેપ છે. આ પ્રમાણે દેહ જન્મે છે, જન્મ પછી વધે છે, જુવાન થાય છે, ઘરડો થાય છે ને મરે છે પણ તું આત્મા એ છ વિકારથી રહિત, નિર્વિકાર, નિરવયવ, ને અસંગ છે તેમ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ભગવદ્ગીતાના બીજા અધ્યાયમાં ભગવાને પોતે પણ નિરૂપણ કર્યું છે કે—[1]આ અપરોક્ષ રૂપ આત્મા કોઈ કાળે જન્મતો કે મરતો નથી. આ આત્મા જન્મીને ફરીથી અસ્તિ રૂપ અન્ય વિકારને પામતો નથી. આ આત્મા અજ—અજન્મા છે, નિત્ય વિપરિણામ રૂપ ચોથા વિકારથી રહિત એક રૂપ છે, શાશ્વત એટલે અપક્ષય રૂપ પાંચમાં વિકાર રહિત સર્વદા છે. પુરાણ એટલે વૃદ્ધિ લક્ષણ રૂપ ત્રીજા વિકારથી રહિત અનાદિ સિદ્ધ થાય છે. વળી શાસ્ત્રાદિકે શરીરનો નાશ થાય છે પણ કાંઇ આત્માનો નાશ થતો નથી, આથી હે શિષ્ય ! તું ગુરૂ વાક્યમાં વિશ્વાસ રાખીને હું નિર્વિકાર શુદ્ધ આત્મા છું એવો અનુભવ તારા મન વિષે દૃઢ ધારણ કર.

આ પ્રકારે આ આત્મા સ્થુલદેહથી ભિન્ન છે એવો ઉપદેશ ગુરૂએ શિષ્યને કર્યો તેથી સ્થુલદેહમાંથી તેનો અહંતા મમતારૂપ અધ્યાસ છુટી ગયો પરંતુ સ્થુલદેહથી ભિન્ન જે સૂક્ષ્મ દેહ છે તે મારૂં આત્માનું કદાચ સ્વરૂપ હશે એમ ભ્રાંતિ થતાં શિષ્ય ગુરૂને કહે છે કે—

---

१ न जायते म्रियते वा कदाचिन्नाय भूत्वा भविता वा न भूयः ॥ अजो नित्यः शाश्वतोयं पुराणो, नहन्यते हन्यमाने शरीरे ॥ गीता ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શિષ્ય--*સ્થૂલ દેહ તે હું નહીં, સૂક્ષ્મદેહ હું જાણ ।
સદ્‌ગુરુ કહે તે તું નહિં, લિંગ દૃશ્ય વખાણ ॥૧૧॥

અર્થ—હે નાથ ! આપના ઉપદેશથી હું સ્થુલદેહ નથી એમ મને અનુભવ થયો પણ હું સૂક્ષ્મ દેહ તો હઇશ એમ દેખાય છે.

ગુરુ—હે ભ્રાત ! તે સૂક્ષ્મદેહ પણ તું નથી કેમકે તે લિંગદેહ તારો દૃશ્ય છે ને તેનો તું દ્રષ્ટા છે તેથી તે તું નહિં. ॥૧૧॥

આ પ્રમાણે સદ્‌ગુરૂએ લિંગદેહ દૃશ્ય છે એમ કહીને સૂક્ષ્મદેહમાંથી અધ્યાસ છોડવાને શિષ્યને ઉપદેશ કર્યો પરંતુ લિંગદેહનાં વિશેષ તત્વોનું વર્ણન કરીને ભિન્ન આત્માનો જેમ સ્પષ્ટ અનુભવ થાય તેમ ન કહ્યું તેથી તે શિષ્ય ફરીવાર લિંગદેહનેજ આત્મા માનીને પૂછે છે કે—

શિષ્ય--સ્વામી સ્થૂલદેહ તે હું નહિ,
પણ સૂક્ષ્મદેહ તે હું સહી ।
ગુરુ કહે તે કેમ થાઇશ ભાઈ,
પથમની પેઠે વિચારો જાઈ ॥૧૨॥

---

* રસાદિ પંચીકૃતભૂતસમ્ભવં ભોગાત્ય યં દુઃખસુખાદિ કર્મણાં ।
શરીરમાદ્યન્તવદાદિ કર્મજં માયામયં સ્થૂલમુપાધિમીલમનઃ ॥શંકર॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અર્થ--પંચભુતનાં પચ્ચીશ તત્વોના સમુદાય રૂપ નામ માત્ર અને ભૌતિક સ્થુલદેહ છે તે તો હે નાથ ! હું નથી કેમકે તે અતિ મલિન રૂપ વીર્ય અને રૂધિરમાંથી પેદા થયો છે ને અસ્થિ, માંસ આદિથી અતિ અપવિત્ર પદાર્થોવાળો છે ને તેનાં નવે દ્વારમાંથી દુર્ગંધો સ્રવ્યા કરે છે. તેના સંબંધથી ઉત્તમ મેવાઆદિ પદાર્થો પણ વિષ્ટા રૂપ થાય છે ને વસ્ત્રાદિ પણ મેલાં થઇ જાય છે. આ પ્રમાણે પ્રત્યક્ષ અશુચિ દેખાતો આ સ્થુલદેહ હું નથી પણ તે દૃશ્ય છે ને હું દ્રષ્ટા છું. હું સ્થુલ દેહ નથી તેથી તેનો બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈષ્ય, શુદ્ર એવા ચાર વર્ણ, બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ ને સંન્યાસ એ ચાર આશ્રમ એ પણ મારી વિષે નથી. એથી સ્થુલ, કૃશ, શ્યામ, શ્વેત, બાલ, યુવા, વૃદ્ધ એવા સ્થુલ દેહના ધર્મ પણ મારામાં નથી એવો મને દૃઢ અનુભવ થયો છે પણ સ્થુલ દેહ વિષે જે બોજો ×સૂક્ષ્મદેહ તે તો 'હું સહી' હું છું કારણ કે સ્થુલ દેહથી ગમનાગમન, શ્રવણ વિગેરે જે વ્યવહાર થાય છે તે સૂક્ષ્મદેહના આધારથીજ થાય છે. કારણ કે જે નેત્રદ્વારા જુએ છે, મુખદ્વારા બોલે છે, શ્રવણદ્વારા

× सूक्ष्मं मनों बुद्धि दशेन्द्रियैर्युतं प्राणैर पंचीकृतभूतसम्भवं ॥
भोक्तुः सुखादेरनु साधनं भवेत् । शरीरमन्यद्धि दुरात्मनो बुधाः

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સાંભળે છે ઇત્યાદિ સૂક્ષ્મદેહની ઇંદ્રિયોથી સ્થુલદેહનો સઘળો વ્યવહાર થાય છે. પ્રાણવાળા સૂક્ષ્મદેહથી સ્થુલદેહ જીવે છે નહીં તો તે વિના ન જીવાય. આથી સ્થુલદેહમાં સૂક્ષ્મદેહનું પ્રાધાન્યપણું છે અને વળી સ્થુલદેહમાં જ્યાં સુધી સૂક્ષ્મદેહ હોય છે ત્યાં સુધી આ મારો પિતા, માતા, ભાઇ કાકો ઇત્યાદિ સંબંધ રહે છે. સૂક્ષ્મદેહ નીકળી જાય તો તે સંબંધ રહેતો નથી. ને તરત સ્થુલદેહને બાળી દે છે વાસ્તે સૂક્ષ્મદેહ હું છું એમ જણાય છે. વળી હું બોલું છું, સાંભળું છું, દેખું છું ઇત્યાદિ સૂક્ષ્મદેહમાં અહંપ્રત્યય પણ દેખાય છે તેથી પણ સૂક્ષ્મદેહ હું હઇશ એમ મને જણાય છે.

गुरु—હે ભ્રાત ! સૂક્ષ્મદેહ પણ ભૌતિક જડ અને દ્રશ્ય છે ને તેનો તું દ્રષ્ટા છે વાસ્તે તે તું નથી. સૂક્ષ્મદેહ પંચ મહાભુતનો છે તેથી તારો નથી પણ તું તેનો સાક્ષી છે. તેના અનુભવ માટે સ્થુલદેહનો જેમ વિસ્તારથી વિચાર કર્યો તેમ તેનો પણ વિસ્તારથી વિચાર કરી જો તો ખાત્રી થશે કે તું સૂક્ષ્મદેહ નથી પણ તેનો દ્રષ્ટા આત્મા છો.

शिष्य—એ સૂક્ષ્મદેહનાં તત્વો કેટલાં છે! તે કયાં કયાં ભુતમાંથી કયાં કયાં તત્વો થયાં છે! આ સઘળું નિરૂપણ કરી બતાવો.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ગુરુ--સૂક્ષ્મદેહનાં તત્વો અતંઃકરણ પંચક, પ્રાણ-પંચક, જ્ઞાનેન્દ્રિય પંચક, કર્મેન્દ્રિય પંચક અને વિષય પંચક એ રીતે પચીસ છે ને તે તત્વો આકાશ, વાયુ, તેજ, આપ અને પૃથ્વી એ પંચમહાભુતમાંથીજ અનુક્રમે ઉત્પન્ન થયાં છે આ તત્વોના વિભાગને વિસ્તારથી સમજવા સારૂં નવ પ્રક્રિયા તથા એક કોષ્ટક આ નીચે નિરૂપણ કરૂં છું તો તેના ઉપરથી તારો સૂક્ષ્મદેહમાંથી અધ્યાસ છુટી જશે. કોષ્ટકમાં પ્રથમ, બીજી ને ત્રીજી પ્રક્રિયામાં પૂર્વથી પશ્ચિમ તરફ તત્વ વિચાર કરવાનો છે અને ચોથી, પાંચમી છઠ્ઠિ ને સાતમી પ્રક્રિયામાં ઉત્તરથી દક્ષિણ તરફ અનુક્રમથી વાંચીને તત્વનો વિચાર કરવાનો છે. આ નવ પ્રક્રિયા સમજાયા પછી તુ સૂક્ષ્મદેહ નથી એમ અનુભવ પૂર્વક કહી શકીશ અને સૂક્ષ્મદેહનો પણ હું દ્રષ્ટા આત્મા છું એમ તને અનુભવ થશે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સૂક્ષ્મદેહના વિચારનું કોષ્ટક. ૫

પૂર્વ

સંખ્યા	પંચમહાભુત	આકાશનાં અન્તઃકરણ કર્તા ભોક્તા	વાયુનાં પ્રાણ પંચક વાહન	તેજનાં જ્ઞાનેન્દ્રિય પંચકદ્વાર	આપનાં કર્મેન્દ્રિય પંચક સેવક	પૃથ્વીનાં વિષય પંચક ભોગ
૧	આકાશ.	**અંતઃકરણ** પ્રથમ સ્ફૂરણ દેવતા વિષ્ણુ.	સર્વાંગ સ્થાનમાં રહીને **વ્યાન** સર્વ દેહની સંધીને વાળવારૂપ કર્મ કરે છે.	**શ્રોત્ર** દેવતા દિશાથી શબ્દ સંભળાય છે. તે વિના બહેરો શબ્દ સાંભળે નહીં	**વાચા** દેવતા અગ્નિથી શબ્દ બોલે છે તે વિના મુંગો.	શબ્દ
૨	વાયુ	**મન** સંકલ્પ વિકલ્પાત્મક છે. ચંદ્રમા દેવતાથી સંકલ્પ કરે છે.	**સમાન** વાયુ નાભિમાં રહે છે તે અન્નરસને રોમ રોમમાં નાડીદ્વારા એ પ્રવેશ કરાવે છે.	**ત્વચા** દેવતા વાયુથી સ્પર્શ, શીત, ઉષ્ણ, મૃદુ, કઠિનતા આદિ જણાય છે.	**પાણી** દેવતા ઇન્દ્રિય પદાર્થની લેવ દેવ કરે છે, તે વિના કુંઠો.	સ્પર્શ

પશ્ચિમ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પૂર્વ

૩	તેજ	બુદ્ધિ નિશ્ચયાત્મક દેવતા બ્રહ્મા, તેથી નિશ્ચય થાય છે.	**ઉદાન** કંઠ સ્થાનમાં રહે છે. કર્મ, અન્ન-રસના વિભાગ કરે છે. હિતા નાડીમાં સ્વપ્ન હેડકી દેખાડે છે.	**ચક્ષુ**–દેવતા સૂર્યથી રૂપ જુએ છે. તે વિના આંધળો.	**પાદ** દેવતા ઉપેન્દ્રથી ગમન કરે છે, આવે છે. જાય છે તે વિના પાંગળો.	રૂપ
૪	આપ	**ચિત્ત**-ચિન્તનાત્મક દેવતા નારાયણથી સ્મરણ કરે છે.	**પ્રાણ** હૃદયસ્થાનમાં રહે છે. એકવીશ હજાર છસો શ્વાસો ચ્છવાસ રૂપ કર્મ કરે છે.	**જીહ્વા** દેવતા વરૂણ તેનોથી રસસ્વાદ જણાય છે તે વિના ન જણાય.	**શિશ્ન** દેવતા પ્રજા-પતિ તેણે કરીને મૂત્ર ત્યાગ ને રતિભોગ થાય છે. તે વિના નપુંસક.	રસ
૫	પૃથ્વી	**અહંકાર** અહંપણું દેવતા રૂદ્ર તેણે કરી અહંકાર થાય છે.	**અપાન**ગુદાસ્થાનમાં રહે છે તે માલનો ઉત્સર્ગ કરવારૂપ કર્મ કરે છે.	**ઘ્રાણ** દેવતા અશ્વિની-કુમાર તે વડે સુગંધ દુર્ગંધ જણાય નહીં તો ન જણાય.	**ગુદા** દેવતા મૃત્યુ–યમ તે વડે મલનો ઉત્સર્ગ થાય છે.	ગંધ

પશ્ચિમ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પ્રક્રિયા ૧ લી.

આકાશનાં—અંતઃકરણ પંચક. કર્ત્તા ભોક્તા પાંચ તત્વો–અંતઃકરણ, મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર છે. વાયુનાં પ્રાણઆદિ વાહન પાંચ તત્વો–વ્યાન, અપાન, ઉદાન, પ્રાણ ને સમાન છે.

તેજનાં—જ્ઞાનેન્દ્રિય પંચક. દ્વાર રૂપ પાંચ તત્વો-શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જિહ્વા ને ઘ્રાણ છે.

આપનાં—કર્મેન્દ્રિય પંચક. સેવકરૂપ પાંચ તત્વો–વાચા, પાણિ, પાદ, શિશ્ન ને ગુદા છે.

પૃથ્વીનાં—વિષય પંચક. ભોગરૂપ પાંચ તત્વો-શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ને ગંધ છે. આ પંચવિષય પાંચે ભુતોમાં પોતાનો તથા પરનો ગુણ ભળતાં આ પ્રમાણે થાય છે. આકાશનો ગુણ શબ્દ છે, વાયુનો ગુણ શબ્દ તથા સ્પર્શ છે, તેજના ગુણ શબ્દ, સ્પર્શ તથા રૂપ છે, આપના ગુણ શબ્દ, સ્પર્શ, રૂપ, ને રસ છે, પૃથ્વીના ગુણ શબ્દ, સ્પર્શ રૂપ, રસ ને ગંધ છે. એક ગુણવાળું આકાશ, બે ગુણવાળો વાયુ, ત્રણ ગુણવાળું તેજ, ચાર ગુણવાળું આપ ને પાંચ ગુણવાળી પૃથ્વી તેમાં એક ગુણ પોતપોતાનો મુખ્ય છે. આ પંચવિષયો ભોગ રૂપે હોવાથી ખાસ કરીને પૃથ્વીના છે. તાત્પર્ય

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કે આ સઘળા તત્વોને તું જાણે છે તેથી તે તું નહીં ને પંચભુતનાં હોવાથી તારાં નહીં પણ તું તો સર્વેનો દ્રષ્ટા છે.

પ્રક્રિયા ૨ જી.

અંતઃકરણ—એટલે દેહમાં જ્ઞાન સુખ આદિનું સાધન-રૂપ કરણ ઈંદ્રિય. જે કાંઈ કામ કરવાનું પ્રથમ સ્ફુરણ થાય છે તે અંતઃકરણ છે ને તેના દેવતા વિષ્ણુ છે તેથી સ્ફુરણ થાય છે.

મન—એટલે સ્ફુરણ થયું તેનો કરવું કે ન કરવું તેના નિશ્ચયનો જે સંકલ્પ વિકલ્પ થાય છે તે અને તે મનના દેવતા ચંદ્રમાથી સંકલ્પ વિકલ્પ થાય છે.

બુદ્ધિ—એટલે ધારેલ કાર્યનો નિશ્ચય કરવો તે, તે બુદ્ધિના દેવતા બ્રહ્મા છે તેથી નિશ્ચય થાય છે.

ચિત—એટલે કેવા પ્રકારે આ કાર્ય કરૂં તો સારૂં થાય એમ ચિંતવન થાય તે. ચિત્તના દેવતા નારાયણ છે તેથી ચિંતવન થાય છે.

અહંકાર—એટલે આ કાર્ય હું કરીશ એવું જે અભિમાન થાય તે અહંકારના દેવતા રૂદ્ર છે તેથી અહંકાર થાય છે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આ પ્રમાણે અંતઃકરણ સ્વરૂપે એક છતાં વૃત્તિ: ભેદે ને કાર્ય ભેદે નોખું નોખું થયું છે. જેમ એક બ્રાહ્મણ રસોઇ કરતાં રસોયો, ભણાવતાં પાઠક, જ્યોતિષથી જ્યોતિષી, ને નાડી જાણતાં વૈદ્ય કહેવાય છે. મતલબ અંતઃકરણ તું નહીં ને ભૂતોનું છે તેથી તારૂં નહીં પણ તું દ્રષ્ટા સાક્ષી ન્યારો છે.

૨ પ્રાણ પંચકનું વ્યાખ્યાન.

વ્યાન—નામનો વાયુ શરીરના સર્વ સ્થાનમાં રહી સઘળા સાંધાઓ વાળવારૂપ કર્મ કરે છે.

સમાન—નામનો વાયુ નાભિસ્થાનમાં રહે છે ને અન્ન જળ વિગેરેને મનુષ્ય ખાય છે તે પાકીને તેના ત્રણ ભાગો સ્થુલ, મધ્યમ ને સૂક્ષ્મ થાય છે તેમાં અન્નનો ઘણો સૂક્ષ્મ ભાગ થાય છે તે શરીરમાં હૃદયપર આવીને મન બુદ્ધિને પુષ્ટ કરે છે ને જળનો સૂક્ષ્મવિભાગ પ્રાણને પુષ્ટ કરે છે. અન્નજળનો ત્રીજો જે સ્થુલ ભાગ તે મૂત્ર વિષ્ટા રૂપ અસર થાય છે ને તે ગુદાને લિંગ-દ્વારા બહાર નીકળી જાય છે. હવે બાકી રહેલા અન્નના ને જળના મધ્યમ વિભાગને એટલે રસને સમાનવાયુ નાડીદ્વારા આખા શરીરમાં રોમરોમ પહોંચાડે છે. આથી આખો દેહ પુષ્ટ થાય છે. સમાનવાયુ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

રૂપી માળી દેહરૂપ બગીચામાં અવયવ તથા રોમરૂપી વૃક્ષને અન્નજળના રસરૂપી પાણીને નાડીદ્વારા પહાંચાડીને શરીર પુષ્ટ કરે છે.

ઉદાન—નામનો વાયુ કંઠસ્થાનમાં રહે છે ને ખાધેલ અન્નના નોખા નોખા વિભાગ કરે છે તથા હિતા નામની નાડીમાં હેડકીને સ્વપ્નને દેખાડે છે.

પ્રાણ—નામનો વાયુ હૃદયમાં રહી રાત દિવસ ૨૧૬૦૦ શ્વાસોચ્છવાસરૂપી ક્રિયા કરે છે.

અપાન—નામનો વાયુ ગુદાસ્થાનમાં રહી મળત્યાગ રૂપ કર્મ કરે છે.

આ પ્રમાણે પાંચે પ્રાણો નોખી નોખી ક્રિયાઓ કરે છે તેથી તે ક્રિયાઓ આત્માની નથી પણ તું એ સૌનો સાક્ષી છે.

---

૩ જ્ઞાનેન્દ્રિય પંચકનું વ્યાખ્યાન.

શ્રોત્ર—તેના દેવતા દિશા છે તેથી સાંભળે છે. તેના વિના બહેરો, શબ્દ સંભળાય નહીં.

ત્વચા—તેના દેવતા વાયુ તેથી શીત, ઉષ્ણ, કોમળ અને કઠિન સ્પર્શ જણાય છે.

ચક્ષુ—તેના દેવતા સૂર્ય છે તેથી નાના પ્રકારનાં રૂપ જુએ છે. નહિં તો આંધળો કહેવાય.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જિહ્વા—તેના દેવતા વરૂણ તે વડે છ રસોના સ્વાદ પરખાય છે નહિં તો અરસિક.

ઘ્રાણ—તેના દેવતા અશ્વનીકુમાર તેથી સારી માઠી ગંધની ખબર પડે છે, નહિં તો ન પડે.

આ પાંચ જ્ઞાનેન્દ્રિયોને તું જાણતો હોવાવી તું તે નહિં, પરંતુ તે દૃશ્ય છે ને તું તેનો દ્રષ્ટા છે.

---

૪ કર્મેન્દ્રિય પંચકનું વ્યાખ્યાન.

વાચા—એટલે વાણી તેના દેવતા અગ્નિ તે વડે શબ્દનો ઉચ્ચાર થાય છે, નહિં તો મુંગો, ન બોલાય.

પાણિ—એટલે હાથ તેના દેવતા ઇંદ્ર તે વડે પદાર્થને લેવાય દેવાય, નહિં તો ઠુંઠાથી કાંઇ ન થાય.

પાદ—એટલે પગ તેના દેવતા વિષ્ણુ-ઉપેન્દ્ર તે વડે હલાય ચલાય, નહીં તો પાંગળો થાય.

શિશ્ન—એટલે ઉપસ્થ તેના દેવતા પ્રજાપતિવડે મૂત્ર ત્યાગ ને રતિભોગ થાય, નહીં તો નપુંસક કહેવાય.

ગુદા—તેના દેવતા મૃત્યુ-યમ તે વડે મળનો ત્યાગ થાય, નહિં તો બંધકોશ થઇ મરી જવાય.

એ પાંચે કર્મની ઇંદ્રિયોને તું જાણે છે તેથી તું તે નહિં. તું તેઓનો સાક્ષી છે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

૫ વિષયપંચકનું વ્યાખ્યાન.

શબ્દ, સ્પર્શ, રુપ, રસ ને ગંધ એ પાંચ વિષયોથી આત્મા ભિન્ન છે. એ વિષયરૂપ નથી એમ જાણ. એ પાંચ વિષયોમાં જે આસક્ત થઇ સપડાય છે તેઓને બંધન થાય છે માટે તેને તજવા. એક એક વિષયમાં આસક્ત થવાથી એકેએક પ્રાણી પાયમાલ થાય છે તો પાંચેમાં આસક્ત મનુષ્યોનો નાશ કેમ ન થાય!

શબ્દ—વિષયમાં હરણની ખુવારી થાય છે. હરણને વાજીંત્રનું ગાયન સંભળાવતાં જલદીજ નજીકમાં આવે છે કે તરતજ પારધી મારી નાંખે છે.

સ્પર્શ—વિષયમાં હાથી સપડાય છે. તે એવી રીતે કે ખાડામાં લાકડાની બનાવટી હાથણી રાખે છે, હાથી ત્યાં સ્પર્શલોભથી ખેંચાય છે કે તરતજ ખાડામાં પડી મરી જાય છે ને તેના દાંત પારધી લઇ લે છે.

રુપ—વિષયમાં પતંગિયાંનો નાશ થાય છે તે આપણે નજરો નજર દેખીએ છીએ.

રસ—વિષયમાં માછલાંઓ મરે છે. માછલાને પક-

---

* कुरंग मातंग पतंग मृग मीनाइता पंचभि रेव पंच। एकः प्रमादी स कथं न हन्यते य सेवते पंचभि रेवपंच ॥ रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं, भास्वानुदेष्यति हसिष्यति चक्रवाकी । इत्थं विचिन्तयति कोशगतेद्विरेफे, हन्त नलिनो गज मुज्जहार ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ડવાની જાળમાં લોહના આંકડાપર સ્વાદીષ્ટ પદાર્થ લગાડેલો હોય છે. જે ખાવા જતાં માછલાં કાંટામાં વીંધાઇને જાળમાં જકડાઇ જાય છે.

ગંધ—વિષયથી ભ્રમરની ખુવારી થાય છે. મોટા મોટા લાકડાંના માલવડાને ખોતરી તેમાં ઘર કરવાની અદ્ભૂત શકિત વાળો ભ્રમરો સ્નેહથી-પ્રેમથી કમલમાં એવો લીન થઇ જાય છે કે સાંજે કમળ બીડાતાં છતાં તેમાંથી બહાર નીકળી શકતો નથી અને પ્રેમ પાશમાં કમળમાં કેદ થએલો ભ્રમર સવારે તે કમળ હાથી આવી ખાઈ જાય છે ત્યારે કમલની સાથેજ ખવાઇ જાય છે. આથી ગંધ વિષય દુઃખનો હેતુ છે કસ્તુરીની ગંધથી કસ્તુરીમૃગની અંતે ખુવારી થાય છે.

આથી આ પાંચે વિષયોમાં દોષદષ્ટિ કરીને તેનો ત્યાગ કરવો જોઇએ કહ્યું છે કે,

*મન નામે મહાવાઘ, વિષયારણ્યમાં ફરે,
ન ત્યાં સુજ્ઞે હીરો જાવું જાવાથી આપદા પડે.

---

* सुषुप्तिकाले मनसि प्रलीने नैवास्ति किंचित्सकल-प्रसिद्धेः । अतो मनःकल्पित एव पुंसः संसार एतस्य न वस्तुतोऽस्ति । न ह्यस्त्य विद्या मनसोऽतिरिक्ता । मनोऽह्यविद्या भवबन्ध हेतुः । तस्मिन्विनष्टे सकलं विनष्टं विजृम्भितेऽ-स्मिन्सकलं विजृम्मते । स्वप्नेऽथ शून्ये सृजति स्वशकत्या भोक्तादि विश्वं मन एव सर्वम् तथैवजाग्रत्यपि नो विशेषस्त त्सर्वमेतन्मनसो विजृम्भणम् ॥ शंकर ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પ્રક્રિયા ૩ જી.

અંતઃકરણ પંચક, જ્ઞાનેન્દ્રિય પંચક ને કર્મેન્દ્રિય પંચકમાં અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવ એવી ત્રિપુટીથી ક્રિયા થાય છે તેને તું જાણતો હોવાથી તે તું નથી. તું તેનો સાક્ષી છે.

ત્રિપુટી કાર્ય સમજવાનું કોષ્ટક ૬

	સંસ્થા	अध्यात्म	अधिभूत	अधिदैव
અંતઃકરણ પંચક	૧	અંતઃકરણ	સ્ફુરણ	વિષ્ણુ
	૨	મન	સંકલ્પવિકલ્પ	ચંદ્રમા
	૩	બુદ્ધિ	નિશ્ચય	બ્રહ્મા
	૪	ચિત્ત	ચિંતન	નારાયણ
	૫	અહંકાર	અભિમાન	રૂદ્ર
જ્ઞાનેન્દ્રિય પંચક	૬	શ્રોત્ર	શબ્દ	દિશા
	૭	ત્વચા	સ્પર્શ	વાયુ
	૮	ચક્ષુ	રૂપ	સૂર્ય
	૯	જીહવા	રસ	વરૂણ
	૧૦	ઘ્રાણ	ગંધ	અશ્વિની કુમાર
કર્મેન્દ્રિયપંચક	૧૧	વાચા	વચન (વદવું)	અગ્નિ
	૧૨	પાણિ	આદાન (લેવુંદેવું)	ઇંદ્ર
	૧૩	પાદ	ગમન (જવુંઆવવું)	ઉપેંદ્ર
	૧૪	શિશ્ન	આનંદ રતિભોગ)	પ્રજાપતિ
	૧૫	ગુદા	વિસર્ગ (મળત્યાગ)	યમ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અન્તઃકરણ અધ્યાત્મ, સ્ફુરણ અધિભૂત અને વિષ્ણુ અધિદૈવ એ ત્રણથી ક્રિયા થાય. એ ત્રણમાં એક-ન્યુન હોય તો ક્રિયા ન થાય. આ પ્રમાણે તમામ તત્વોની ત્રિપુટિ સમજવી. ત્રણમાં એક કે બે ન્યુન હોય તો ક્રિયા થાય નહીં. પશુ સમાન, બહેરો, મુંગો, આંધળો, પાંગળો, નપુંસક ઇત્યાદિમાં ત્રિપુટીની ન્યુનતા હોવાથી જાણવું. તાત્પર્ય એ ત્રિપુટિને તું જાણે છે તેથી તું તે નહીં, તેનો સાક્ષી છે. કૈવલ્ય ઉપનિષદ્‌ના ૧૮ મા મંત્રમાં કહ્યું છે કે–ત્રણ ધામવિષે જે ભોગ્ય, ભોક્તા ને ભોગ છે તે સર્વથી હું આત્મ-સ્વરૂપે નિરાળો સાક્ષીરૂપ ચિદ્રુપ છું ને સદા મંગળરૂપ છું. ત્રણ ધામ એટલે સમસ્ત ત્રિપુટિ વર્ગ છે તેનો હું સાક્ષી છું. સર્વ ત્રિપુટિથી અતીત તુરીયરૂપે આત્મ-સ્વરૂપ હું છું. કેટલીક ત્રિપુટીઓ આ પ્રમાણે છે, કોષ્ટકમાં કહી તે પંચદશ ત્રિપુટી. જાગ્રત સ્વપ્ન, સુષુપ્તિ એ અવસ્થાત્રય, સ્થુલ, સૂક્ષ્મ, કારણ એ શરીરત્રય. વિશ્વ, તેજસ, પ્રાજ્ઞ એ વ્યષ્ટિ અભિમાની ચેતનત્રય. વૈશ્વાનર, હિરણ્યગર્ભ ને ઇશ્વર એ સમષ્ટિ અભિમાની ચેતનત્રય. સત્વગુણપ્રધાન, મલિન સત્વગુણપ્રધાન અને તમોગુણપ્રધાન એ પ્રકૃતિત્રય. સત્વ, રજસ અને તમસ એ ગુણત્રય. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ દેવત્રય. સર્વના સાધકરૂપ ઓંકારની અ+ઉ+મ એ માત્રાત્રય.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સ્ત્રી પુરૂષ ને બાળક એ વ્યવહાર જાતિત્રય. હવ્ય, કવ્ય અને ગાર્હપત્ય એ અગ્નિત્રય. ઐં હ્રીં ક્લીં એ શક્તિત્રય. સ્વર, ઉદાત ને અનુદાત એ સ્વરત્રય. ભુઃ, ભુવઃ ને સ્વર્ગ એ લોકત્રય. કાશી, મથુરા ને પ્રયાગ એ પુષ્કરત્રય. માયાવિશિષ્ટ, અવિદ્યા વિશિષ્ટ ને તેમઃ પ્રધાન વિશિષ્ટ એ બ્રહ્મત્રય. ત્રિપદી ને ત્રિવર્ણ આ જે કાંઈ સઘળું ત્રિપુટિરૂપ જગત્ છે તે મારા વિષે આત્માવિષે અધ્યસ્ત છે અને સર્વનું અધિષ્ઠાન હોવાથી હું આપરૂપ છું એમ સ્વાનુભાવ કરવો. આ પ્રકારે ત્રિપુટિથી જે ભોગ્ય છે એટલે જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિમાં સ્થુલ, સૂક્ષ્મને કારણ શરીરરૂપ ભોગ્ય છે ને તેના ભોકતા અનુક્રમે વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ છે. ને શબ્દાદિ પંચ વિષયોરૂપ ભોગ છે. આથી જાગ્રતમાં સ્થુલદેહ ભોગ્ય, વિશ્વાત્મા ભોક્તા અને પંચ વિષયાકાર વૃત્તિ ભોગ છે, સ્વપ્નમાં સૂક્ષ્મદેહ ભોગ્ય, તૈજસ, ભોક્તા ને સૂક્ષ્મતન્માત્રાકાર વિષયાકાર વૃત્તિ ભોગ છે. સુષુપ્તિ અવસ્થાના કારણદેહ ભોગ્ય છે. પ્રાજ્ઞ ભોકતા છે, ને અજ્ઞાન વિષયાકાર વૃત્તિ ભોગ છે. આ પ્રમાણે અવસ્થાત્રય, દેહત્રય, ભોકતાત્રય ને ભોગત્રયથી નિરાળો તુરીય સાક્ષી સ્વરૂપ આત્મા હું છું કારણ કે મારા વડેજ સર્વનું ભાન થાય છે. આવો નિશ્ચય થવા ત્રિપુટિની સમજણ છે. સ્પષ્ટ વ્યવહારવાળી જાગ્રદ-

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વસ્થામાં જ્ઞાનના વિષયભૂત શબ્દ આદિ પંચ વિષયો નોખા નોખા ધર્મવાળા હોવાથી તેઓ એક બીજાથી નોખા નોખા છે પરંતુ તેઓથી નોખુ રહેલું જે તેઓનું જ્ઞાન તે એકરૂપ હોવાથી ભેદ પામતું નથી અથવા ઘટમાં પટ નહીં ને પટમાં ઘટ નહિં એમ અન્યોન્યાભાવ થતો નથી. આ પ્રમાણે સ્વપ્નાવસ્થામાં પણ સમજવું. આ સ્વપ્નાવસ્થામાં વિષયો સ્થિર રહેતા નથી પણ જાગ્રદવસ્થામાં સ્થિર રહે છે વાસ્તે તે બે અવસ્થાનો ભેદ છે પણ તે બે અવસ્થાનું જ્ઞાન તો એકરૂપ છે તેથી ભેદ પામતું નથી. સૂઈને ઉઠેલા પુરૂષને સુષુપ્તિ અવસ્થાના અજ્ઞાનનો 'હું સુખે સૂતો હતો તેથી કાંઈ જાણતો નથી' એમ જે બોધ થાય છે તે સ્મૃતિ કહેવાય છે અને તે સ્મૃતિ અનુભવેલા વિષયની છે કેમકે તે અજ્ઞા તે કાળમાં અનુભવેલું છે. તે બોધ [જાગ્યા પછી થતી સ્મૃતિ] જ્ઞાન વિષયથી ભિન્ન છે પણ સ્વપ્નાના જ્ઞાનની તુલ્યે જ્ઞાનથી ભિન્ન નથી તેથી ત્રણે અવસ્થામાં જ્ઞાન તો એકજ છે અને એ પ્રમાણે સર્વત્ર કાળમાં જ્ઞાન તો એકજ છે. અનેકવાર જાતાં આવતાં માસ, વર્ષ, યુગ ને કલ્પ એ વિષે જ્ઞાન એક છે તેથી એ ઉત્પન્ન થતું નથી તેમ નાશ પામતું નથી. એ જ્ઞાન સ્વયં પ્રકાશ છે આ જ્ઞાન આત્મા જ છે ને તે આત્મા હું પોતેજ છું એમ વિવેકથી અનુભવ કરવો.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આ પ્રમાણે જ્ઞાન કહો કે આત્મા કહો તેનુ સાક્ષિપણુ સર્વ ભોગ્ય પદાર્થોથી પ્રમાણ, યુકિત ને અનુભવથી સર્વત્ર સિદ્ધજ છે ને ભોગથી ને ભોકતાથી પણ આત્માનું નિરાળાપણું, સાક્ષીપણું, અન્વયવ્યતિરેક દ્રષ્ટાન્તથી અનુભવવાં આવે છે અન્વય ને વ્યતિરેકથી પંચકોશનો વિવેક થતાં સ્વાત્માનો ઉદ્ધાર કરી મુમુક્ષુ જીવ પરબ્રહ્મને પામે છે સર્વમાં અનુવૃત્તિ થવી તે અન્વય છે ને વ્યાવૃત્તિ થવી તે વ્યતિરેક છે. ૧૧ ૧૨ ૧૩ ૧૪ એ અંકોમાં ૧૧ ના આંકડામાં પ્રથમ એકડો, ને બીજો પણ એકડો, ૧૨ ના આંકડામાં પ્રથમ એકડો ને બીજો બગડો, ૧૩ ના આંકડામાં પ્રથમ એકડો ને બીજો ત્રગડો, ૧૪ ના આંકડામાં પ્રથમ એકડો ને બીજો ચોગડો છે, આ અંકો વિષે પ્રથમ આંકડામાં એકડાની અનુવૃત્તિ છે, એટલે ૧૧, ૧૨, ૧૩. ૧૪ એ સઘળામાં એકડો તો એકનો એકજ છે અને બીજા આંકડામાં એકડાની વ્યાવૃત્તિ છે એટલે ૧૧ માં એકડો, ૧૨ માં બગડો, ૧૩ માં ત્રગડો ને ૧૪ માં ચોગડો છે, આ પ્રમાણે અનુવૃત્તિ ને વ્યાવૃત્તિ છે. હવે સ્વપ્નાવસ્થામાં સ્થુલદેહનું અભાન છતાં જે આત્માનું ભાન થાય છે તે અન્વય કહેવાય છે અને આત્માનું ભાન છતાં અન્યનું જે અભાન થવું તે વ્યતિરેક કહેવાય છે. સ્વપ્નમાં

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જયારે કાંઈ ભાન નથી હોતું ત્યારે પણ આત્મ સ્વરૂપનું ભાન હોય છે જ કેમકે સ્વપ્નમાં અનુભવ કરતા વિષયઆદિકના સાક્ષિરૂપે આત્મસ્વરૂપનું સ્ફુરણ રહે છે અને સ્વપ્નાવસ્થામાં જાગ્રદવસ્થાની ને સ્થુલદેહની અપ્રતીતિ છે. આનું નામ અન્વય વ્યતિરેક છે. સ્વપ્નાવસ્થામાં સ્થુલદેહ ને જાગ્રતની અપ્રતીતિ ને આત્મસ્વરૂપની પ્રતીતિ તેમજ સુષુપ્તિમાં પણ સ્વપ્નાવસ્થા અને સૂક્ષ્મદેહની અપ્રતીતિ ને આત્મસ્વરૂપની પ્રતીતિ છે, આ પ્રમાણે એક બીજી અવસ્થામાં એક બીજાની અપ્રતીતિ, એક બીજા દેહમાં એક બીજાની અપ્રતીતિ અને એક બીજા દેહના જે કોશો છે તે કોશોની એક બીજામાં અપ્રતીતિ, એટલે કે દેહ, અવસ્થાને કોશનો વ્યતિરેક છે પરન્તુ સર્વાવસ્થામાં સર્વકોશમાં, સર્વદેહમાં બ્રહ્મ અર્થાત્ આત્મા તો સાક્ષિરૂપે અન્વયપેરૂ વ્યાપક એનો એજ છે ને તેની કયારે પણ અપ્રતીતિ નથી જેથી ભોગથી ને ભોકતાથી ને ભોગ્યથી અચળ જે ચિન્માત્ર ચિદ્રુપ છે ને સદા મંગળ સ્વરૂપ છે તે હું આત્મા છું એમ સમજવું. અનુભવથી પણ આત્માનું ભોકતા, ભોગ અને ભોગ્ય એ ત્રિપુટીથી વિલક્ષણપણું પ્રતીત થાય છે કારણ કે મારૂં સ્થુલ શરીર, મારૂ સૂક્ષ્મ શરીર કે મારૂં કારણ શરીર એમ કહેવાથી ભોગથી વિલક્ષણ-

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પણું દેખાય છે. મારાં ઘર, પુત્ર, કલત્ર, મિત્ર પરિવાર ઇત્યાદિ ભોગ્ય કહેતાં ભોગ્યથી વિલક્ષણપણું દેખાય છે ને મારો જીવ બચાવો, મારો જીવ સ્વપ્નામાં હતો, મારો જીવ ઘોર નિદ્રામાં હતો એમ કહેવાથી વિશ્વ-તૈજસ-પ્રાજ્ઞ એ ભોક્તાત્રયથી તુરીય સાક્ષી હું આત્મા અલગ છું એમ અનુભવ થાય છે.

પ્રક્રિયા ૪ જી.

હવે પ્રથમ જે અન્તઃકરણ આદિ પચીશ તત્વો કહ્યાં તે બધાં તત્વો પંચમહાભુતના સાત્વિક, રાજસ ને તામસ ભાગમાંથી થયાં હોવાથી તે પંચમહાભુતનાં છે ને તેનો તું દ્રષ્ટા છે. હવે પંચમહાભુતના સાત્વિક ભાગમાંથી પાંચ અંતઃકરણ ને પાંચ જ્ઞાનેન્દ્રિયો, રાજસ ભાગમાંથી પાંચ પ્રાણ, તથા પાંચ કર્મેન્દ્રિયો થઇ છે, ને તામસ ભાગમાંથી પાંચ વિષયો થાય છે. પંચભુતનાં સાત્વિક, રાજસ તથા તામસ ભાગમાંથી થયેલાં નોખાં નોખાં તત્વોને સમજવા માટે નીચેનું કોષ્ટક છે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કોષ્ટક ૭

પંચભૂત	સાત્વિક ભાગમાંથી		રાજસ ભાગમાંથી		તામસ ભાગમાંથી
	અંતઃકરણ પંચક	જ્ઞાનેન્દ્રિય પંચક	પ્રાણ પંચક	કર્મેન્દ્રિય પંચક	વિષય પંચક
આકાશનાં	અંતઃકરણ	શ્રોત	વ્યાન	વાચા	શબ્દ
વાયુનાં	મન	ત્વચા	સમાન	પાદ	સ્પર્શ
તેજનાં	બુદ્ધિ	ચક્ષુ	ઉદાન	પાણી	રૂપ
આપનાં	ચિત્ત	જિહ્વા	પ્રાણ	શિશ્ન	રસ
પૃથ્વીનાં	અહંકાર	ઘ્રાણ	અપાન	ગુદા	ગંધ

આકાશના સાત્વિક ભાગમાંથી અંતઃકરણ ને શ્રોત્ર, રાજસ ભાગમાંથી વ્યાન વાયુ ને વાચા ને તામસ ભાગમાંથી શબ્દ વિષય થયો છે. આ પ્રમાણે વાયુ આદિ ચાર ભુતોના સાત્વિક આદિ ભાગમાંથી મન ત્વચા આદિ તત્વો થયાં છે. જેમ ગીતામાં सत्वात्संजायते ज्ञानं સત્વગુણથી જ્ઞાન થાય છે તેમ અંતઃકરણ પંચકથી સુખદુઃખનું જ્ઞાન થાય છે ને શ્રોત્રાદિ જ્ઞાનેન્દ્રિયોથી શબ્દાદિ વિષયોનું જ્ઞાન થાય છે તેથી તે સૌની ઉત્પત્તિ ભુતોના સાત્વિક ભાગમાંથી કહી છે. જેમ રજોગુણથી ક્રિયા થાય છે તેમજ પાંચ પ્રાણ ને

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પાંચ કર્મેન્દ્રિયોથી પણ પ્રસિદ્ધ ક્રિયા થાય છે વાસ્તે તેઓની ઉત્પત્તિ ભુતોના રાજસભામાંથી કહી છે હવે પાંચ વિષયમાં જ્ઞાન ન હોવાથી કેવળ જડરૂપ છે તેથી તામસ ભાગમાંથી થયા એમ કહ્યું છે. તાત્પર્ય એ સૌ તત્વોને તું જાણે છે તેથી તે તું નહીં. તે પંચભૂતનાં છે તેથી તારાં નહીં. તું અકર્ત્તા, અભોકતા, એઓનો સાક્ષી આત્મા છે.

પ્રક્રિયા ૫ મી.

જ્યારે આત્મા અકર્ત્તા અભોકતા સાક્ષી છે ત્યારે દેહમાં કર્ત્તા કોણ ને સુખદુઃખનો ભોકતા કોણ ને ભોગવવાનાં શાં શાં સાધનો છે! આ શંકાના સમાધાનમાં સદ્ગુરૂ કહે છે કે–પાંચ અંતઃકરણ કર્તાભોકતા, પાંચ પ્રાણ કર્ત્તાભોકતાનાં વાહન, પાંચ જ્ઞાનેંદ્રિય તેઓના દ્વાર, પાંચ વિષયો તેઓના ભોગ અને પાંચ કર્મેન્દ્રિય તેઓના સેવક છે. તું એ સૌને જાણનારો અકર્ત્તા અભોકતા સાક્ષી આત્મા છો.

---

૧ અંતઃકરણ કર્ત્તાભોક્તા.

આકાશનું—અંતઃકરણ કર્ત્તાભોક્તા વ્યાન વાહન પર બેસી શ્રોત્રદ્વારમાં આવી શબ્દાદિ વિષયરૂપ ભોગને

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ભોગવે છે એટલે શ્રોત્રદ્વારા અનુકુળ પ્રતિકુળ શબ્દ સાંભળી અંતઃકરણમાં સુખદુઃખરૂપી ભોગ થાય છે ને વાચા સેવક તેની સેવા કરે છે તેથી અંતઃકરણ કર્ત્તાભોકતા છે ને તું આત્મા તેનો જાણવાવાળો છે.

---

૨ મન કર્ત્તાભોકતા.

વાયુનું—મન કર્તા-ભોકતા, સમાન વાહનપર ચડીને ત્વચા દ્વારમાં આવીને સ્પર્શ વિષયને ભોગવેછે ને પાણી-હાથ સેવક સેવા કરે છે એટલે ત્વચાને ઠંડી જણાય તો હાથ વસ્ત્ર ઓઢાડે છે, પરસેવો થાય તો પંખો હલાવે છે, ઇત્યાદિ સેવા કરે છે. ત્વચાપર કોમળ ચંદન આદિ અનુકુળ સ્પર્શથી તે કઠણ તથા ઉષ્ણ આદિ પ્રતિકુળ સ્પર્શથી સુખ તથા દુઃખ મનમાં થાય છે તેથી સુખદુઃખનું ભોકતા મન છે ને તેનો તું જાણવાવાળો આત્મા સુખી દુઃખી નથી.

૩ બુદ્ધિ કર્ત્તાભોકતા.

તેજની—બુદ્ધિ કર્ત્તાભોકતા, ઉદાન વાહનપર બેસી ચક્ષુદ્વારમાં આવી રૂપ વિષયને ગ્રહણ કરે છે તથા પાદ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સેવક તે રૂપ જોવા ખેંચી જાય છે તેથી ચક્ષુથી પ્રિય, અપ્રિય. પદાર્થ દેખવાથી બુદ્ધિ સુખદુઃખની ભોકતા થાય છે પણ તું તેનો જાણનારો દ્રષ્ટા આત્મા અભોકતા છો.

---

૪ ચિત્ત કર્ત્તાભોકતા.

આપનું——ચિત્ત કર્ત્તાભોકતા પ્રાણ વાહનપર બેસીને જિહ્વા દ્વારમાં આવીને રસ વિષયને ભોગવે છે તથા શિશ્ન સેવક રસનો ત્યાગ કરે છે એટલે જીભથી મધુર આદિ અનુકુળ રસ તથા કટુ આદિ પ્રતિકુળ રસ ચાખવાથી સુખદુઃખ થાય છે તે ચિત્તને થાય છે પણ તું તેનો દ્રષ્ટા અભોકતા છે.

---

૫ અહંકાર કર્ત્તાભોકતા.

પૃથ્વીનો—અહંકાર કર્ત્તાભોકતા, સમાન વાહનપર બેસી ઘ્રાણદ્વારમાં આવી ગંધ વિષયને ભોગવે છે ને ગુદા સેવક મળનો ત્યાગ કરે છે એથી નાસીકાથી

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પુષ્પ, અત્તર આદિ અનુકુલ સુગંધીને અને પ્રતિકુળ દુર્ગંધીને ગ્રહણ કરે છે વાસ્તે અહંકાર સુખદુઃખનો ભોક્તા છે. તું એનો જાણનારો, અભોક્તા છે ને તારા વિષે કાંઇ સુખઃદુખ નથી. આ પ્રકારે કર્તા ભોક્તાની પ્રક્રિયાનાં નિરૂપણ પછી હવે સદ્ગુરૂ આકાશઆદિ પાંચ મહાભૂતનાં એકએકનાં પાંચ પાંચ તત્વોને કહી બતાવે છે. નીચેનાં કોષ્ટકમાં આંક વાંચવાથી કર્ત્તા ભોક્તાની પ્રક્રિયા વાહન, દ્વાર, સેવકને ભોગ સહીત બરાબર સમજાય છે અને ઉભું વાંચવાથી સૂક્ષ્મદેહનાં પચીશ તત્વો અવળાં વંચાય છે.

કોષ્ટક ૮

પંચભૂત	આકાશના	વાયુનાં	તેજનાં	જળનાં	પૃથ્વીનાં
પૃથ્વીનાં	અહંકાર	અપાન	ઘ્રાણ	ગુદા	ગંધ
જળનાં	ચિત્ત	પ્રાણ	જિહવા	શિશ્ન	રસ
તેજનાં	બુદ્ધિ	ઉદાન	ચક્ષુ	પાદ	રૂપ
વાયુનાં	મન	સમાન	ત્વચા	પાણી	સ્પર્શ
આકાશનાં	અંતઃકરણ	વ્યાન	શ્રોત	વાચા	શબ્દ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પ્રક્રિયા ૬

જેમ સ્થુલદેહમાં પંચીકૃત ભૂતને પંચીકૃત તત્વોના ભેદથી બે પ્રકારે તત્વ ગણના થઇ છે તેમ સૂક્ષ્મ દેહમાં પણ એક એક ભૂતનાં એક એક તત્વ સાથે ભળી સમગ્ર વ્યવહાર સિદ્ધ થતો હોવાથી બે પ્રકારે તત્વ ગણના સમજાવાય છે.

આકાશનાં તત્વો.

અંતઃકરણ, વ્યાન, શ્રોત, વાચા ને શબ્દ એ પાંચ આકાશનાં તત્વો છે તેમાં અંતઃકરણ હૃદયાકાશમાંથી ઉત્પન્ન થાય છે માટે આકાશનું, વ્યાન સર્વાંગમાં આકાશવત્ વ્યાપ્યો હોવાથી આકાશનો, આકાશના શબ્દ ગુણને સાંભળતી હોવાથી શ્રોત્ર ઇંદ્રિય આકાશની, જે આકાશના ગુણ શબ્દનો ઉચ્ચાર કરતી હોવાથી વાણી ઇંદ્રિય આકાશની અને શબ્દ આકાશનોજ પ્રસિદ્ધ ગુણ છે.

વાયુનાં તત્વો.

મન, સમાન, ત્વચા, પાણિ ને સ્પર્શ એ પાંચ વાયુ તત્વો છે. વાયુ સમાન ચંચળ છે તેથી મન

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વાયુનું છે. સમાન પોતેજ વાયુરૂપ છે, વાયુના સ્પર્શ ગુણને જાણતી હોવાથી ત્વચા ઇંદ્રિય વાયુની છે, વાયુનો ગુણ જે સ્પર્શ છે તેનાથી થાય છે વાસ્તે પાણિ ઇંદ્રિય વાયુની છે. સ્પર્શ વાયુનો પ્રસિદ્ધ ગુણ હોવાથી વાયુનો છે. તું તેનો સાક્ષી છે.

તેજનાં તત્વો

બુદ્ધિ, ઉદાન, ચક્ષુ, પાદ ને રૂપ એ પાંચ તેજનાં તત્વો છે તેમાં બુદ્ધિ તેજોમય પ્રકાશવાળી હોવાથી તેજની છે, ઉદાન વાયુ કંઠમાં અન્નજળના વિભાગ કરીને જઠરાગ્નિમાં પહોંચાડે છે તેથી તેજનો છે, ચક્ષુ ઇંદ્રિય તેજનો ગુણ રૂપ છે તેને દેખે છે તેથી તેજની છે, પાદ ઇંદ્રિયમાં વિશેષે કરી ગરમી રહે છે ને તેજના ગુણ રૂપને જોવા સઈ જાય છે માટે તેજની છે ને રૂપ તો પ્રસિદ્ધ તેજનો ગુણ છે તેથી તેજનું છે. જે આ પાંચ તત્વો તેજનાં હોવાથી તું તેનો સાક્ષી છે,

આપનાં તત્વો.

ચિત્ત, પ્રાણ, જિહ્વા, શિશ્ન ને રસ એ પાંચ તત્વો આપનાં છે. ત્યાં જળની પેઠે દ્રવીભૂત થતાં ચિત્ત

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જળનું તત્વ છે, શ્રુતિમાં પણ 'જળમય પ્રાણ છે' એમ કહ્યું છે ને પ્રાણવાયુ જળ વગર રહેતો નથી માટે જળનો છે. જીહ્વા ઇંદ્રિય જળનો ગુણ રસ છે તેને ચાહે છે ને સદાકાળ ભીની રહે છે તેથી જળની છે, શિશ્ન ઇંદ્રિય મૂત્રરૂપ જળને તજે છે માટે જળની છે તે રસ જળનો પ્રસિદ્ધ ગુણ હોવાથી જળનો છે. તું પાંચેનો જ્ઞાતા સાક્ષી છે.

પૃથ્વીનાં તત્વો.

અહંકાર, અપાન, ઘ્રાણ, ગુદા ને ગંધ એ પાંચ પૃથ્વીનાં તત્વો છે તેમાં અહંકાર પૃથ્વીના સમાન ભારે ને જડ હોવાથી પૃથ્વીનો છે, અપાનવાયુ પૃથ્વીનો ભાગ જે મળ તેને ગુદાદ્વારા કાઢે છે માટે પૃથ્વીનો છે, પૃથ્વીનો ગુણ જે ગંધ તેને પારખતી હોવાથી ઘ્રાણ ઇંદ્રિય પૃથ્વીની છે ને ગુદા ઇંન્દ્રિય પૃથ્વીનો ભાગ જે મળ તેનો ત્યાગ કરે છે માટે પૃથ્વીની છે. ગંધ તો પૃથ્વીનો પ્રસિદ્ધ ગુણજ છે. તું સૌનો સાક્ષી છે.

આ પ્રમાણે પચીશ તત્વોનો જ્ઞાતા રાજા તું આત્મા છે તેથી તે તત્વો તું નહીં ને તારાં પણ નહીં. તું તો ન્યારો છે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શંકા–પ્રથમ પ્રક્રિયામાં આકાશનાં પાંચ અંતઃકરણ, વાયુનાં પાંચ પ્રાણ, તેજની પાંચ જ્ઞાનેન્દ્રિય, આપની પાંચ કર્મઇન્દ્રિય ને પૃથ્વીના પાંચ વિષય એમ પચીશ તત્વો બતાવ્યાં અને આ છઠ્ઠી પ્રક્રિયામાં આ પ્રકારે નોખી રીતે તત્વગણના કરી તેનું શું કારણ હશે !

સમાધાન–યદ્યપિ મુખ્યત્વે કરી આ પંચીકૃત પંચ મહાભૂતમાંથી સત્તર તત્વોનો એટલે કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો, પ્રાણો ને મન તથા બુદ્ધિ એમ સત્તર તત્વોનો સૂક્ષ્મદેહ વેદાંત પ્રકરણોમાં કહ્યો છે તાથાપિ મુમુક્ષુને સ્થુલ રીતે નોખી નોખી પ્રક્રિયાના વિસ્તારથી સમજવા માટે આ પંચીકરણમાં સૂક્ષ્મદેહનાં કોષ્ટકમાં પચીશ તત્વો કહ્યાં છે ને તેમાં આકાશનાં તત્વોને વાયુ આદિમાં ભળવાથી ને વાયુ આદિનાં તત્વોને આકાશ આદિ ભૂતોમાં ભળવાથી પ્રથમ તથા છઠ્ઠી પ્રક્રિયામાં નોખા નોખા પ્રકારે નિરૂપણ કરેલું છે પણ ત્યાં સમજણ તો એજ છે કે–જે તત્વો સૌ ભૌતિક છે તેથી અનાત્મારૂપ દૃશ્ય છે ને આત્મા તેથી અળગો છે. વળી વેદાંત શાસ્ત્રમાં જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, પ્રાણ, મન ને બુદ્ધિ મળી સત્તર તત્વનો સૂક્ષ્મદેહ કોઈ સ્થળે કહ્યો છે ને કોઇ સ્થળે ચિત્ત તથા અહંકાર બે વધારે ગણીને ઓગણીશ તત્વોનો કહ્યો છે ને કોઇ ઠેકાણે

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

*અષ્ટ પુરીમાં સત્તાવીશ તત્વનો સૂક્ષ્મદેહ કહ્યો છે ત્યાં પાંચ જ્ઞાનેન્દ્રિયનું એક પૂર, કર્મેન્દ્રિયનું બીજું પૂર, અંતઃકરણ ચતુષ્ટયનું ત્રીજું પૂર, પાંચ પ્રાણનું ચોથું પૂર, પંચમહાભૂતનું પાંચમું પૂર, અવિદ્યાનું છઠું પૂર, કામ સાતમું પૂર ને કર્મ એ આઠમું પૂર છે. આ સર્વ તત્વોનો તું દ્રષ્ટા છે ને તે તત્વો જડ, દશ્ય, વિકારી ને આનાત્મા છે. હે ભાઈ! વેદાંતમાં જેને જે પ્રક્રિયાથી જ્યાં બોધ થાય ત્યાં તે પ્રક્રિયા બળવતી ને પ્રમાણભૂત ગણાય છે.

પ્રક્રિયા ૭ મી

હે શિષ્ય! જેમ સ્થુલ દેહનો અન્નમયકોશ કહ્યો છે ને તેનાથી તું આત્મા ભિન્ન છે તેમજ આ સૂક્ષ્મ-દેહમાં પ્રાણમય, મનોમય ને વિજ્ઞાનમય એમ ત્રણ કોશ છે ને તું તેથી નોખો કોશાતીત છે. પાંચ પ્રાણ તથા પાંચ કર્મેન્દ્રિયો મળીને પ્રાણમયકોશ, અવવા તો પાંચ પ્રાણ ને પાંચ ઉપપ્રાણ મળીને પ્રાણમય કોશ કહેવાય છે. એ પાંચ ઉપપ્રાણ નાગ, કર્મ, કૃકલ, દેવ-

---

* वागादि पञ्च श्रवणादि पञ्च प्रागादि पंचाभ्र मुखानि पंच बुद्धया द्वविद्यायि कामकर्मणी पुर्यष्टकं सूक्ष्म शरीर प्राहुः ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

દત્ત ને ધનંજય છે, નાગથી ઓડકાર થાય છે, કુર્મથી આંખ મીંચાય છે ને ઉઘાડાય છે, કૃકલથી છીંક થાય છે, દેવદત્તથી બગાસું આવે છે અને ધનંજય આખા દેહમાં રહી દેહને પુષ્ટ કરે છે, ધનંજય મુડદામાં–શબમાં રહીને તેને ફુલાવે છે. આ દશ વાયુ પ્રાણરૂપ હોવાથી પ્રાણમય કહેવાય છે તે આત્માને ઢાંકે છે માટે પ્રાણમય કોશ કહેવાય છે. એ પ્રાણમય કોશનો તું દ્રષ્ટા અળગો છે અને તે કોશમાં મનોમય કોશ છે. પાંચ જ્ઞાનેન્દ્રિય ને મન મળીને મનોમય કોશ કહેવાય છે. તે મનોમય કોશથી તું ભિન્ન આત્મા છે તેથી તે દશ્ય મનોમય કોશ તું નહીં પણ તું તેનો દ્રષ્ટા છે, આ મનોમય કોશની અંદર વિજ્ઞાનમય કોશ છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો ને બુદ્ધિ એ છ મળી વિજ્ઞાનમય કોશ કહેવાય છે. તેનો તું દ્રષ્ટા જાણનારો આત્મા જુદો છે. આ રીતે સૂક્ષ્મદેહના કોશ તું નહીં પણ તે કોશત્રયથી તું જુદો છે. આ પ્રમાણે જ્યારે કોશત્રય રૂપ સૂક્ષ્મદેહ તું નથી ત્યારે તું કર્ત્તાભોક્તા નથી ને સુખદુઃખ તારામાં નથી પણ તે તો અંતઃકરણમાં છે સાંભળવું, જોવું વિગેરે પાંચ જ્ઞાનેન્દ્રિઓના ધર્મ છે. બોલવું, લેવું, દેવું ઇત્યાદિ પાંચ કર્મેન્દ્રિયોના ધર્મ છે. ક્ષુધા, તૃષા એ પ્રાણના ધર્મ છે. એ સર્વે તું માં નથી પણ તું સઘળા કોશથી ન્યારો અસંગ સાક્ષી આત્મા છે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

असंगोऽयं पुरुषः એમ શ્રુતિ પણ વદે છે. હવે સ્થુલ-દેહને જેમ જાગ્રદા અવસ્થા કહી તેમ સૂક્ષ્મદેહની સ્વપ્ન અવસ્થા છે. સદ્ગુરૂ રામ સ્વામી કહે છે કે—

+स्वप्न अवस्था कंठ स्थान,
मध्यमा वाचा प्रविविक्त भोग जाण,
ज्ञानशक्ति सत्वगुण मान,
उकार मात्रा तैजस अभिमान ॥ १३ ॥

અર્થ—સૂક્ષ્મદેહની સ્વપ્નાવસ્થા છે. જાગૃતમાં જે વિષય જોયા સાંભળ્યા હોય તેનો જે સંસ્કાર અંતઃકરણમાં રહ્યો હોય છે તેથી નિદ્રાકાળે ગાડી, ઘોડા, રસ્તા, નદી, નાળાં, પર્વત, સમુદ્ર, સ્ત્રી પુત્રાદિ, કુટુંબ, વ્યવહાર, હાનિ, લાભ, સુખ,દુઃખ આદિ જે પ્રપંચ દેખાય છે તે કશું પણ નથી છતાં પ્રત્યક્ષની પેઠે જણાય છે તેને સ્વપ્નાવસ્થા કહે છે. તે અવસ્થા તું જાણે છે તેથી તે તું નથી ને તે સૂક્ષ્મદેહની હોવાથી તારી પણ નથી. તું તેનો સાક્ષી છે. કંઠમાં હિતા નામની નાડીમાં સ્વપ્ન થતું હોવાથી સ્વપ્નાવસ્થાનું કંઠસ્થાન છે, ત્યાં મધ્યમા નામે વાણી છે. પ્રવિવિક્ત એટલે સકળ વાસનામય ભોગ છે. જેમ કર્પૂર, કેસર આદિ સુગંધ વસ્તુનાં પાત્રોમાં વસ્તુ ન હોવા છતાં સુગં-

+ स्वप्नस्थानोऽन्तः प्रज्ञः सप्ताङ्ग एकोनविंशतिमुखः प्रविविक्तभुक्त जसो द्वितीयः पादः ॥४॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ધનો સંસ્કાર જાણવામાં આવે છે તેમ સ્વપ્નવસ્થામાં જાગૃતના સ્થુલભોગ નિવૃત્ત થાય છે છતાં જાગ્રત સ્થુલભોગના સંસ્કારરૂપ સૂક્ષ્મભોગ સ્વપ્નમાં અનુભવથી જાણ્યા જાય છે. જાગ્રતમાં ભોગથી પુષ્ટિ ને શસ્ત્ર પ્રહારથી લોહીનો સ્રાવ થાય છે તેમ સૂક્ષ્મ ભોગથી સ્વપ્નમાં થતું નથી. માત્ર સુખદુઃખનો ભોગ સ્વપ્નામાં છે. વાસ્તે તેને સૂક્ષ્મભોગ કહ્યો છે. જ્ઞાન શકિત એટલે સ્વપ્ન પદાર્થને જાણવા એજ શકિત સ્વપ્નામાં છે ને સ્વપ્નાવસ્થામાં સત્વગુણ છે જ્યાં જે શાસ્ત્રમાં જાગૃતમાં સત્વગુણ કહ્યો છે ત્યાં હેતુ એવો છે કે-જાગ્રત અવસ્થામાં વિષયોનું જ્ઞાન થાય છે તે શમ, દમ આદિ દૈવી સંપત્તિ સંપાદિત કરીને મુમુક્ષુતાથી અંતઃકરણપૂર્વક સદ્ગુરૂને શરણે જઈ શ્રવણ, મનન આદિ કરે તો આત્માનું જ્ઞાન પણ થાય છે તેથી જાગૃતમાં સત્વગુણ કહ્યો છે પણ અહીં રજોગુણ કહેવાનું એ કારણ છે કે-જાગ્રતમાં વિશેષ કરીને ક્રિયા થાય છે જે રજોગુણનું કાર્ય છે. સ્વપ્નમાં તો કેવળ વિષયોનું જ્ઞાનજ થાય છે જે સત્વગુણનું કાર્ય છે માટે જાગૃતમાં રજોગુણ ને સ્વપ્નમાં સત્વગુણ કહ્યો છે सत्वात्सं जायते ज्ञानं એમ ગીતામાં પણ કહેલ છે. હવે પ્રણવની એટલે ૐકારની 'ઉકાર' એવી સ્વપ્નમાં માત્રા છે ને 'તૈજસ' નામનો ત્યાં અભિમાની જીવ છે જે સુખ-

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

દુઃખને ત્યારે ભોગવે છે. પૂર્વોક્ત સ્નાન આદિ આઠ તત્વોનો તું દ્રષ્ટા છે તેથી તે તત્વો તું નહીં ને સ્વપ્ન-અવસ્થા આદિ તત્વો તારાં નહીં. તું તેઓનો સાક્ષી જ્ઞાતા આત્મા છે.

ए मळीने तेत्रीस तत्व जाण,
तुं एनो द्रष्टा छो सुजाण।
तुं ए दृश्य तत्व नहिं दोई.
भिन्न भिन्न विचारो जोई ॥ १४ ॥

સૂક્ષ્મદેહનાં પચ્ચીશ તત્વો ને સ્વપ્નાવસ્થાના આ આઠ મળી આ તેત્રીસ તત્વો થયાં તેનો તું દ્રષ્ટા છે ને એ દૃશ્ય તત્વ તું નથી તું એ તત્વોને જુદાં જુદાં વિચારીને જોઈશ તો તું એ તત્વોથી ભિન્ન જ્ઞાનરૂપ છે તેમ અનુભવ થશે.

* જેમ ઘટનો દ્રષ્ટા ઘટથી ભિન્ન છે પણ કાંઇ ઘટરૂપ નથી તેમ દેહ દ્રષ્ટા આત્મા દેહથી ભિન્ન છે તે કાંઇ દેહરૂપ નથી. માટેજ રામગુરૂ પણ કહે છે કે—

घट द्रष्टा ज्यौ घट नहीं,
प्रगट हि न्यारो देख।
त्यों देह द्रष्टा तुं आतमा,
न्यारो भिन्न विशेष ॥ १५ ॥

---

* घट द्रष्टा घटाद्भिन्नो सर्वथान घटो यथा।
देह द्रष्टा तथा देहो नाहं मित्य वधारयेत् ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આ પ્રમાણે સ્થુલસૂક્ષ્મ એ દેહદ્વયથી આત્મા ભિન્ન છે એમ અનુભવ કરાવ્યા પછી હવે રામગુરૂ કારણ-દેહથી પણ આત્માનું ભિન્નપણું અનુભવથી દર્શાવે છે કે—

ત્રીજો કારણ દેહ અજ્ઞાન,
તેનો તું દ્રષ્ટા પોતે સ્વરુપ જ્ઞાન ।
તેથી વિલક્ષણ તું આત્મા જાણ,
તે તું નહિ અનુભવ પ્રમાણ ॥૧૬॥

અર્થ----સ્થુલદેહ અને સૂક્ષ્મદેહની અપેક્ષાથી ત્રીજો કારણદેહ છે તે અજ્ઞાનરૂપ કહેવાય છે. અજ્ઞાનમાંથી સ્થુલ અને સૂક્ષ્મ એ બે દેહરૂપીકાર્ય થયાં છે તેથી દેહદ્વયનું અજ્ઞાન કારણ થતાં અજ્ઞાનનું જ નામ કારણ-દેહ પડયું છે અને જેમ સ્થુલદેહનો અને સૂક્ષ્મદેહનો તું દ્રષ્ટા છે તેમજ કારણદેહનો પણ તું દ્રષ્ટા છે. તું પોતે જ્ઞાનસ્વરૂપ આત્મા હોવાથી અજ્ઞાનરૂપ ત્રીજો કારણદેહ પણ તું નથી. અહીં શંકા થાય છે કે-સ્થુલદેહ ને સૂક્ષ્મદેહનાં તત્વો અનુમાનથી પ્રસિદ્ધ જાણવામાં આવે છે પણ ત્રીજા કારણદેહરૂપ જે અજ્ઞાન થયું તે પ્રત્યક્ષ દેખાતું નથી ને અનુમાનથી પણ જણાતું નથી ત્યારે એ અજ્ઞાન દશ્ય છે ને હું દ્રષ્ટા છું તેવો કેમ અનુભવ થઇ શકે ? તો કહે છે કે-કારણદેહરૂપ અજ્ઞાનનો તું ત્રણ પ્રકારે આ પ્રમાણે

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

દ્રષ્ટા છો. પ્રથમ તો તું એમ કહે છે કે 'હું સ્થુલદેહને ને સૂક્ષ્મદેહને જાણું છું પણ હું મને નથી જાણતો જે હું કોણ છું' એનું નામજ અજ્ઞાન છે. આ અજ્ઞાનનો તું દ્રષ્ટા છે કેમકે જે હું મને નથી જાણતો એમ જે કહેવાય છે તે કહેવુંજ જ્ઞાન વિના બનતું નથી અને 'હું મને નથી જાણતો' એમ જેણે જાણ્યું તેજ તું પોતે આત્મા જ્ઞાનરૂપ છે. જ્ઞાન વિના એમ જાણવું ને કહેવું સંભવેજ નહિ. જો તું જ્ઞાનરૂપ ન હોય ને અજ્ઞાની જડરૂપ હોય તો "હું મને નથી જાણતો" એમ કહેવું તારાથી કેમ બને! જેમ માટીનો ઘડો જડ તથા જ્ઞાનહીન છે તેથી 'હું મને જાણતો નથી' એમ કોઇ ચખને કહેતો નથી અને તું તો કેમ કહે છે તેથી 'હું મને નથી જાણતો' એમ તારૂં બોલવું એજ અજ્ઞાન છે. આ અજ્ઞાન તારૂં દ્રશ્ય છે ને તું એનો દ્રષ્ટા છે. બીજો પ્રકાર એ છે કે—તુ એમ કહે છે કે 'હું અજ્ઞાની છું' તે કહેવાથી એમ સિદ્ધ થાય છે જે અજ્ઞાનને પ્રથમ દ્રશ્યરૂપે તેં પોતે જાણ્યું છે ત્યારપછી તેનો પોતામાં અધ્યારોપ કરી 'હું અજ્ઞાની છું' એમ કહે છે. આથી પણ અજ્ઞાનને જાણવાવાળો જ્ઞાનરૂપ તું આત્મા અજ્ઞાનથી જુદો છે અને જો અજ્ઞાનથી તું નોખો ન હોય તો 'હું અજ્ઞાની છું' એમ કહેવું ન બને. જેમ સ્થુલદેહના જાડા, પાતળા, કાળા,

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ગોરા ઈત્યાદિ ધર્મોને તું જાણે છે કે આ મારો દેહ જાડો, પાતળો, કાળો ને ગોરો છે ને તે સ્થુલદેહ અને તેના ધર્મોને જાણનાર તું પોતે આત્મા તેનાથી નોખો છે એમ સિદ્ધ થાય છે તો પણ ભૂલથી હું જાડો, પાતળો છું એમ માની બેસે છે તેમજ અજ્ઞાનને દૃશ્ય સમજીને ભુલથી 'અજ્ઞાની છું' એમ અધ્યારોપ કરે છે તેથી વિચાર કરીને અનુભવથી જોઇશ તો એ અજ્ઞાનને જાણવાવાળો તું તેનાથી નોખો છે તથા જો તું જ્ઞાનરૂપ આત્મા અજ્ઞાને જાણવાવાળો અજ્ઞાનથી નોખો ન હોય તો "હું અજ્ઞાની છું" એમ કહેવું તથા જાણવું કદી સિદ્ધ ન થાય. ત્રીજો પ્રકાર એ છે જે અજ્ઞાનનાં કાર્ય જે અસત્‌રૂપ ને અભાનરૂપ આવરણ છે તેને તું જાણે છે.

शिष्य—અસત્ આવરણ અને અભાન આવરણ કોને કહીએ તે કૃપા કરીને કહો.

गुरु—હે શિષ્ય ! તને કોઈ પૂછે જે "તું આત્માને જાણે છે" ત્યારે તું એમ કહે છે જે 'આત્મા છે કયાં કે હું આત્માને જાણું' એટલે કે આત્મા છે પણ નહીં ને આત્મા દેખાતો પણ નથી એવું તારૂં કહેવું છે. અહીં આત્મા છે નહીં એનુ નામ "અસદાવરણ" ને આત્મા દેખાતો નથી એમ જે કહે છે એનુંજ નામ 'અભાનાવરણ' સમજવું. અહીં આત્મા છે નહીં તથા ભાસતો પણ નથી એવું જેણે જાણ્યું તેજ તું

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આત્મા છે અને વળી એમ કહે છે કે 'હું આત્મા નથી, હું મનુષ્ય કર્તાભોકતા છું, હું પ્રશ્નોત્તર જાણતો નથી' ઇત્યાદિ જે અજ્ઞાનનાં કાર્યો તે તમામને તું જાણવાવાળો છે વાસ્તે અજ્ઞાન જે ત્રીજો કારણદેહ નથી વિલક્ષણ તું નોખો આત્મા જ્ઞાનરૂપ છે તેથી તે અજ્ઞાન-રૂપ કારણદેહ તું નથી એમ જાણ. આ પ્રકારે ત્રણ પ્રકારથી તું કારણદેહ નથી એવો અનુભવ તને મેં બતાવ્યો અને શ્રુતિમાં પણ તેવો કારણદેહ વિષે અનુ-ભવ થાય છે. આ આત્મા સૂર્યની પેઠે સ્વયંપ્રકાશ છે ને અજ્ઞાનથી ભિન્ન છે એમ શ્રુતિ કહે છે. હવે આ કારણદેહના આઠ તત્વો નીચે સુષુપ્તિ અવસ્થાનાં કોષ્ટકનાં જે તત્વો છે તેથી જાણી લેવું.

* કારણદેહનાં તત્વોનું કોષ્ટક.

અવસ્થા	સ્થાન	વાચા	ભોગ	શક્તિ	ગુણ	માત્રા	અભિ-માની
સુષુપ્તિ	હૃદય	પશ્યંતિ	આનંદ ભોગ	દ્રવ્ય શક્તિ	તમોગુણ	મકાર માત્રા	પ્રાજ્ઞા-ત્મા
૧	૨	૩	૪	૫	૬	૭	૮

* यत्र सुप्तो न कंचन कामं कामयते न कान्चन स्वप्नं पश्यति तत्सुषुप्तम्। सुषुप्तस्थान एकीभूतः प्रज्ञानघन एवाऽनन्दमयोह्यानन्द भुक चेतो मुखः प्राज्ञस्तृतीय पादः ॥ श्रुति ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ઉપરનાં કોષકને અનુસરીને રામગુરૂ ચોપાઇથી કારણદેહનાં તત્વો બતાવે છે કે:—

સુષુપ્તિ અવસ્થા હૃદયસ્થાન,
પશ્યંતી વાચા આનંદ ભોગ જાણ ॥
દ્રવ્ય શક્તિ તમો ગુણ માન,
મકાર માત્રા પ્રાજ્ઞ અભિમાન ॥ ૧૭ ॥

કારણદેહની સુષુપ્તિ અવસ્થા છે. ઇન્દ્રિયઆદિ સહુ વૃત્તિવાળી બુદ્ધિ જ્યારે અજ્ઞાનમાં લયતા પામી રહે છે ત્યારે જાગૃતનો ને સ્વપ્નનો જુદો જુદો વ્યવહાર જરાપણ પ્રતીત થતો નથી એવી ગાઢ નિદ્રા છે તેનું નામ સુષુપ્તિ. આ સુષુપ્તિનો તું દ્રષ્ટા છે. કારણ કે સુષુપ્તિથી જ્યારે તું જાગે છે ત્યારે કહે છે કે-સુખમહમસ્વાપ્સં ન કિંચિદવેદિષં" હું સુખે સુતો હતો અને કાંઇ જાણતો નથી "આમ સ્મૃતિ થાય છે એથી એમ જણાય છે કે સુષુપ્તિ અવસ્થામાં સુખ શિવાય બીજું કાંઇ નથી ને તેનો ત્યારે અનુભવ કરવાવાળો તું આત્મા છે ત્યારેજ જાગીનેજ એમ કહે છે પણ જો ત્યારે સુખનો ને પ્રપંચના અભાવનો અનુભવ ન કર્યો હોય તો જાગીને હું આજ સુખે સુતો હતો તે બીજું મેં કાંઇ ન જાણ્યું' એમ તારાથી કહેવાત નહીં. શાસ્ત્રમાં પણ નિયમ છે કે, જેનો અનુભવ કરીએ તેની સ્મૃતિ થાય છે. જેમ કોઇ કાશી ગયો હોય ને

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ત્યાં વિશ્વનાથનું મંદીર ને મણિકર્ણિકાનો ઘાટ જોયાં હોય તોજ તે પુરૂષને જ્યારે દેશમાં આવે છે ત્યારે તે દેખાવનું સ્મરણ થાય છે તેમ સુષુપ્તિમાં શુખ છે ને બીજું કાંઇ નથી એમ અનુભવ કર્યો છે ત્યારેજ એમ જાગીને જણાવાય છે. જેમ રાતે ચોકી-વાળો સિપાઇ રસ્તાપર ઉભો હોય ને તેને કોઇ પુછે કે ભાઇ! રાતે બાર વાગે આ રસ્તાપર કોણ જતું હતું? તો સિપાઇ કહે છે કે–તે વખતે તો કોઇ પણ હતું નહીં. આમ કહે છે તેથી એ સ્પષ્ટ દેખાય છે કે કોઇ ન હતું એમ જાણવાવાળો તે સિપાઇ હતો તોજ તે કહી શકે છે. જો તે ન હત તો તે તેવો પ્રત્યુત્તર આપી ન શકત. આજ પ્રમાણે નિદ્રા સમયે કોઇ દ્વૈત પ્રપંચ નથી પરંતુ તે પ્રપંચના અભાવનો જાણનાર આત્મા છે એમ સિદ્ધ થાય છે. અહીં શંકા થાય છે કે સુષુપ્તિ અવસ્થાનો જાણનાર આત્મા છે ત્યારે તે સમયેજ નિદ્રામાંજ હું સુષુપ્તિ અવસ્થાને જાણું છું એમ તો તે કહેતો નથી ને જાગ્યા પછી સવારમાંજ કહે છે તો તેનું શું કારણ છે? આ પ્રશ્નના ઉત્તરમાં કહીએ છીએ કે–આ અવસ્થામાં ઇન્દ્રિયો, મન, બુદ્ધિ અદિનો અજ્ઞાનમાં લય થયો હોવાથી તે સમ-યનો અનુભવ જણાવવાને વાણી આદિ સાધન ન હોવાથી તેમજ શ્રોતા પણ ન હોવાથી આ અનુભવ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જાગ્યા પછીજ જણાવાય છે. જેમ કુવામાં પડી ગયેલું સોનાનું ઘરેણું કોઇપણ મનુષ્ય જળમાં ડુબકી મારી કાઢે છે અને તે વસ્તુ તેને જળમાં દેખાય છે ને હાથમાં આવે પણ છે છતાં તેને થતો આનન્દ જળની બહાર આવ્યા પછી (જળમાં મન વાણી આદિ સાધનની પ્રવૃત્તિ ન હોવાથી) જણાવી શકે છે તેમ આ પ્રમાણે સુષુપ્તિ અવસ્થાનો દ્રષ્ટા આત્મા છે. આ અવસ્થાનું હૃદય સ્થાન છે, પશ્યંતિ વાચા છે, આનંદ ભોગ છે. જાગ્રત આદિ વ્યવહાર અનુકુળ પદાર્થો ઉત્પન્ન થવાના કારણ રૂપ દ્રવ્ય શક્તિ છે, પ્રણવની ત્રીજી માત્રા મકાર અક્ષર એજ માત્રા છે, ને પ્રાજ્ઞ અભિમાની છે. આ આઠ તત્વોનો તું જાણનાર હોવાથી તે તત્વો તું નહીં અને તે કારણ દેહનાં હોવાથી તારાં નહીં, તું તો તેનો સાક્ષી છે, આ પ્રમાણે કારણ દેહનું દ્રષ્ટાપણું શ્રી રામ ગુરૂ ચોપાઇથી કહે છે કે—

ए कारणदेहना आठ तत्त्व कही,
बीजां तत्त्व एमां नहीं ॥
तुं एनो साक्षी सच्चिदानन्द,
नित्य निरन्तर परमानन्द ॥ १८ ॥

આનો અર્થ પુર્વોકત સ્પષ્ટજ છે, વિશેષમાં આ કારણ દેહમાં આનન્દમય નામનો પાંચમો કોશ છે. આ કારણ શરીર રૂપ અવિદ્યામાં જે મલિન તત્વ છે

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તેમાં પ્રિય, મોદ ને પ્રમોદ એ ત્રણ પ્રકારની વૃત્તિથી જે આનન્દ થાય છે તેને આનન્દમય કોશ કહેવાય છે પોતાને ઇષ્ટ એટલે ગમતા પદાર્થોને જોઇને જે આનંદ થાય તે પ્રિય, તે ગમતા પદાર્થોની પ્રાપ્તિ થવાથી જે આનન્દ પ્રકટે તે મોદ ને તે ગમતા પદાર્થોને ભોગવ્યાથી જે આનન્દ ઉપજે તે પ્રમોદ કહેવાય છે. આ પ્રકારે વિષય સમ્બન્ધથી જે પ્રિય, મોદ ને પ્રમોદ રૂપ ત્રણ પ્રકારની જે વૃત્તિ થાય છે તેને આનન્દમય કહેવાય ને તે વિષય જન્ય આનન્દથી શુદ્ધ નિર્વિકાર આનન્દ રૂપ આત્મા જણાતો નથી ને ઢંકાયો છે તે પ્રિય આદિ ત્રણ પ્રકારના આનન્દવાળું જે અવિદ્યામાં મલિન સત્વ છે તેની આનન્દમય કોશ એવી સંજ્ઞા છે. એ આનન્દમય કોશનો પ્રકાશક સઘળા આનન્દનો મૂળભૂત આનન્દરૂપ તું આત્મા કોશરૂપ નથી પણ તું આત્મા એ કારણ દેહનો, તેનાં તત્વોનો ને આનન્દમય કોશનો સાક્ષી છે. વળી તું નિત્ય નિરન્તર ભેદ રહિત એવો પરમાનન્દ રૂપ છે.

શિષ્ય—હે મહારાજ! હું સચ્ચિદાનંદ કેમ છું તે મને સ્પષ્ટ રીતે સમજાવો. સત્, ચિત ને આનન્દનો અર્થ કહો.

ગુરુ—જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થામાં તથા ભૂત, ભવિષ્ય ને વર્ત્તમાન એ ત્રણ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કાળમાં તું આત્મા છે તેથી સત્ છે ને જાગ્રદાદિ અવસ્થાત્રયને જાણે છે તેથી ચિત અને સદાકાળ આત્મા પરમ પ્રેમાસ્પદ રૂપ છે તેથી આનંદ છે. જાગ્રત અવસ્થામાં જાગતાંથી તે સુતાં સુધી જે કાંઇ વ્યવહાર થાય છે તે સર્વને તું જાણે છે તથા જાગ્રતમાં જે શબ્દ સ્પર્શાદિકનું જ્ઞાન થાય છે તથા ગમનાદિક જે ક્રિયા થાય છે તે સર્વ વ્યવહારને જ્ઞાનપૂર્વક તું કહી દેખાડે છે તેથી જાગ્રતમાં જાણવાવાળો તું સદ્રૂપ આત્મા છે. જો તું સદ્રૂપ આત્મા ન હોય તો જાગ્રતનો વ્યવહાર કાંઇપણ તારાથી કહી શકાય નહીં ને જણાય પણ નહીં, આથી તું સદ્રૂપ છે. જાગ્રતનો તું જાણનાર છે તેથી તું ચિદ્રૂપ છે તથા જાગ્રત્ અવસ્થામાં સ્ત્રી, પુત્ર દેહ, ઇંદ્રિયો ને પ્રાણથી પણ આત્મા અધિક પ્રિય છે તેથી આત્મા આનન્દ રૂપ છે. પંચદશીમાં તેમજ મારાં પોતાનાં ભાગ્યોદય ભુમિકા નામનાં કાવ્યમાં કહ્યું છે કે ×આત્માજ સૌથી વહાલો છે ને આત્માને

×आत्मनः कामाथ सर्व पियं भवती त्यादि श्रुती वचनानी प्रमाणानिः—

ધનાઢયોને લક્ષ્મી, અતિવ પ્રિય લાગે પણ અરે
હણે કો પુત્રોને, તુરત લખ કોટી ધન ધરે,
ધનોથી પોતાનાં, ફરજન સદા પ્રિય સમજે,
હણે પોતાને જો, તુરત સુત માયા મન તજે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

લઇનેજ સઘળું વહાલું છે. યાજ્ઞવલ્કય અને મૈત્રેયીનો સંવાદ ઉપનિષદ્‌માં છે તે આ વાતને સુસ્પષ્ટ કરે છે.

અહો માટે દીસે, તનય થકી કાયા પ્રિય ઘણી,
દિસે સ્વાર્થી એવી, ક્ષણિત, પ્રિત સંસારિક તણી,
નિશાળે મ્હેતાજી, સમય પર સોટી શિશુ પરે;
ઉગામે વિદ્યાર્થિ, નયન મુખ આડા કર ધરે.
વહાલી ઇન્દ્રિયો, અવયવ વિષે એમજ દિસે,
બચાવો ઇન્દ્રિનો, સકળ ખટકેથીજ કરશે.
કિધી ચોરિ ચોરે, ધનિકજન માર્યો ખડગથી,
લખી રાયે ફાંસી, ખુન બદલ ઈન્સાફ બળથી.
ગધેડે બેસારી, પુર જન વિષે, ફેરવ મને,
જઉં કાળે પાણી, દિલ પર દયા ના નૃપ તને!
અરે! કાપી લે તું, શ્રવણ મમ નાસા નરપતિ?
ઉડાવી દે ખડગે, ઉભય મમ કાંડાં મહીપતિ,
બચાવી દે મારા, ભુપતિ પણ પ્રાણો દય કરી,
ભલે જીવું ત્યાંની, અરપ પગ બેડી ભય ભારી,
બચાવા પ્રાણોને, અરજ અદકી ચોર કરતો.
ન ચિંતા નાસાદિ, અવયવ કપાતાંજ કરતો,
અહો ઈન્દ્રિયોથી, અતિવ પ્રિય પ્રાણો સહુ સ્મરે,
બચાવે પ્રાણોને, વિકલ તન થાતાં પણ ખરે;
જુઓ! કેવે આડે, વિષમ બહુ પંથે જગ જતું,
ખરૂં વ્હાલું શું છે, યદપિ નવ તે તો સમજતું.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આ પ્રમાણે સ્વપ્નાવસ્થામાં પણ આત્મા છે તેથી સત્ય છે. તે સ્વપ્નને જાણે છે ને સઘળું સ્વપ્ન જાગીને કરી દેખાડે પણ છે. આથી આત્મા ચૈતન્ય રૂપ છે. સ્વપ્નમાં પણ પોતાનો આત્મા સર્વથી પ્રિય છે વાસ્તે સ્વપ્નાવસ્થામાં પણ સચ્ચિદાનન્દ રૂપ તું આત્મા છે તેમજ વળી સુષુપ્તિ અવસ્થામાં કાંઇ પ્રપંચ નથી ને તે પ્રપંચના અભાવને જાણવાવાળો સુખ રૂપ સચ્ચિદાનન્દ તું આત્મા છે એમ સિદ્ધ થાય છે. આમ વિચારતાં સ્થુલ, સૂક્ષ્મ ને કારણ દેહનો તું દ્રષ્ટા છે તેમજ જાગ્રત્ સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાનો તું સાક્ષી છે. વળી અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનન્દમય એ પાંચ કોશથી પણ ન્યારો તું આત્મા સચ્ચિદાનન્દ રૂપ છે તેથી હે શિષ્ય! આવાં જ્ઞાનથીજ તને મોક્ષ થશે. આત્માના જ્ઞાનથીજ મોક્ષ થાય છે ત્યાં બ્રહ્મનામાવળિનું પ્રમાણ પણ છે. દેહત્રય, અવસ્થાત્રય ને પંચકોશનું વિવેચન કરીને હું સાક્ષીભુત આત્મા ન્યારો છું એમ જે જાણે તેજ વિદ્વાન ને મુક્ત છે. આવું વેદાન્તનું નગારૂં છે.

વદે કોઇ કોશી ઘડપણ તણા તાપ પડતાં,
મરૂં તો છુટું હું, પરમ સુખ પામુંજ અદકાં;
"અહો વાલી વસ્તૂ, મરણ પછી તો કોણજ હશે!
હીરો સ્વાનુભૂતિ, નિરમળ નિજાત્માજ ઠરશે."

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

હવે પૂર્વે જે દેહત્રય, અવસ્થાત્રય, ને પંચકોશ વિગેરેનું વ્યાખ્યાન કર્યું તે દેહાદિક સમગ્રનો તું દ્રષ્ટા છે એવું તને વિશેષ જ્ઞાન દર્શાવ્યું પણ તે વિશેષ જ્ઞાન વૃત્તિજન્ય હોવાથી મનની વૃત્તિમાં પેદા થતું હોવાથી પરિચ્છિન્ન છે ને મટી જાય છે તેથી તેવાં વિશેષ જ્ઞાનથી અજ્ઞાનનું નિવારણ કરવું અને અજ્ઞાનનું કાર્ય જે દેહાધ્યાસ છે તેને પણ નિવૃત કરવો, પછી તે વિશેષ જ્ઞાનને પણ કલ્પિત સમજી વાસ્તવિક પરિપૂર્ણ સામાન્ય જ્ઞાન રૂપ બ્રહ્મ સ્વરૂપમાં સ્થીતિ કરવી એજ મોક્ષનું સાધન છે. આથી કેટલીક પ્રક્રિયાઓમાં વિશેષ જ્ઞાનનેજ ચોથા દેહ રૂપે કલ્પેલ છે ને અહીં રામગુરૂ પણ તે કલ્પના કરે છે કે—

चोथो महाकारण देह ज्ञान स्वरुप,
તેનો તું પ્રકાશક શુદ્ધ સ્વરુપ ॥

તેહનાં તત્ત્વ કહું સુજાણ,
તે તું શ્રવણ કર વિન કાન ॥ ૧૯ ॥

ટીકા—દેહત્રયની અપેક્ષાથી ચોથો કહ્યો અજ્ઞાન તથા અજ્ઞાનના કાર્ય રૂપ દેહાદિક પ્રપંચ તેની અત્યંત નિવૃત્તિનું જે મહા કારણ છે તેથી મહાકારણ દેહ કહ્યો. તે મહાકારણ દેહનું સ્વરૂપ જ્ઞાન સ્વરૂપ છે વાસ્તે

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

બ્રહ્મનિષ્ટ ગુરૂદ્વારા વેદાન્ત શાસ્ત્રના શ્રવણથી હું દ્રષ્ટા સાક્ષી છું એવું જે વિશેષ જ્ઞાન મનની વૃત્તિમાં થયેલું છે તેનું નામજ ચોથો મહાકરણ દેહ છે અને તેનો તું દ્રષ્ટા પ્રકાશક આત્મા શુદ્ધ સ્વરૂપ છે.

હવે એ મહાકારણદેહનાં તત્વો તું કાન વિના કહું છું તે સાંભળ. કાન વિના સાંભળવાનો અર્થ એવો છે કે વગર સમજાવે સાંભળવું તે કાન વિના સાંભળવું કહેવાય છે. મહાકારણ દેહનાં તત્વોનું કોષ્ટક આ પ્રમાણે છે. અને રામગુરૂ ચોપાઇથી આ પ્રમાણે કહે છે.

અવસ્થા	સ્થાન	વાણી	ભોગ	શક્તિ	ગુણ	માત્રા	અભિમાની
તુરીયા	મૂર્દ્ધની સ્થાન	પરા	આનંદાવભાસ	ઇચ્છા શક્તિ	શુદ્ધ સત્વ	મકાર	પ્રત્યગાત્મા

❀ तुर्यावस्था मूर्द्धनिस्थान,

परावाचा आनन्दावभास भोग जाण ॥

---

* नान्तः प्रज्ञं न बहिः प्रज्ञं नोभयतः प्रज्ञं न प्रज्ञानधन न प्रज्ञं नाप्रज्ञम् । अदृष्ट म व्यवहार्य्य म ग्राह्य म लक्षण म चिन्त्य म व्यपदेश्य मेकात्म्य प्रत्यय सारं प्रपंचोपशमं शान्तं शिवमद्वैतं चतुर्थं मन्यन्ते । स आत्मा स विज्ञेयः ॥७॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

इच्छा शक्ति शुद्ध सत्व गुण मान,
अर्द्धमात्रा प्रत्यगात्मा अभिमान ॥२०॥

તુર્યાવસ્થા એટલે ચોથી અવસ્થા તેનો તું પ્રકાશક તુર્યાતિત છો. ત્રણ અવસ્થાની આપેક્ષાએ ચોથી તુર્યા કહેવાય છે પણ વસ્તુતઃ તુર્ય એવું નામ નથી તેથી તું તુર્યાતીત છે. * શ્રી તોટકાચાર્ય ભગવાન કહે છે કે—

यदि जागरित प्रभृति त्रितयं,
परिकल्पित मात्मनि मूढ धिया ॥
अभिधान मिदं तदपेक्ष्य भवेत्,
परमात्मा पदस्य तुरीया मिति ॥

જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ અવસ્થાત્રયને મૂઢ બુદ્ધિવાળા પુરૂષે આત્મામાં કલ્પેલી છે ને તેની અપેક્ષાથી પરમાત્માનું ચોથું તુરીય એવું નામ પડ્યું છે.

શિષ્ય—હે મહારાજ ! અસ્તિ, ભાંતિ ને પ્રિયરૂપે તું સામાન્ય જ્ઞાનરૂપ આત્મા જગત્માં વ્યાપક છે પણ અસ્તિ, ભાંતિ ને પ્રિય કોને કહિયે ?

ગુરુ—હે શિષ્ય ! આ પંચભૌતિક પદાર્થોમાં પાંચ અંશો જેવા કે અસ્તિ, ભાંતિ, પ્રિય, નામ ને રૂપ એ સ્પષ્ટ રીતે જોવામાં આવે છે. ઘટોઽસ્તિ ઘડો છે એમ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કહેવાથી ઘટવં અસ્તિતા સત્તા દેખાય છે, અયં ઘટો ભાતિ—'આ ઘટ ભાસે છે' એમ કહેવાથી ઘટમાં ભાસવાપણું દેખાય છે. ઘટઃ પ્રિયોઽસ્તિ ઘટ પ્રિય છે એમ કહેવાથી ઘટમાં પ્રિયતા જણાય છે. ઘટ એવું નામ છે ને સાંકડો, પહોળો, ચપટો, ગોળ એ ઘટનું રૂપ છે. આ પ્રમાણે પટ ને પાંચ ભૌતિક તમામ જગતમાં આ પાંચ અંશો દેખાય છે. એ વિષે અસ્તિ, ભાતિ ને પ્રિય એ ત્રણ અંશો બ્રહ્મરૂપ છે ને બીજા નામરૂપ બે અંશો વ્યભિચારી એટલે કલ્પિત જગત્‌નાં સ્વરૂપ રૂપ એટલે મિથ્યા છે. ઘટપટાદિ પદાર્થોમાં પ્રથમ ત્રણ અંશો એકજ છે ને નામરૂપ અંશો તો નોખા નોખા હોય છે. એકનાં નામરૂપ અન્યમાં નથી. ઘટનાં નામરૂપ પટમાં નથી ને પટનાં નામરૂપ ઘટમાં નથી. આથી સઘળાં નામરૂપ કલ્પિત છે પણ પ્રથમના ત્રણ અંશો તો સર્વત્ર સર્વથા સર્વદા સરખાજ રહ્યા છે. આ બ્રહ્માંડમાં કોઇ પદાર્થ એવો નથી કે જેમાં એ ત્રણ અંશો સરખા ન હોય.

આથી અસ્તિ, ભાંતિ ને પ્રિયરૂપથી બ્રહ્મનું સર્વાત્મપણું નિશ્ચય થાય છે. સર્વ બ્રહ્માંડમાં એ ત્રણ અંશોથીજ બ્રહ્મનો અનુભવ પણ થાય છે. અસ્તિ એટલે સત્ ભાતિ એટલે ચિત્ ને પ્રિય એટલે આનન્દ, એમ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

બ્રહ્મ-આત્માનો અભેદ અનુભવ જણાય છે. આથી સામાન્યરૂપ આત્મા તું બ્રહ્મરૂપ છો ને બ્રહ્મરૂપ તારાં આત્માનાં અજ્ઞાનેથી નામ ને રૂપ બે અંશરૂપ જગત્ ભ્રાત ! જ્ઞાન બે પ્રકારનાં છે. એક સામાન્યજ્ઞાન અજ્ઞાનનું વિરોધી નથી પણ ઉલટું અજ્ઞાનનો પ્રકાશ કરે છે. જેમ સૂર્ય પ્રકાશ કાષ્ટ, તૃણ, તુલ વિગેરે સર્વ પદાર્થોપર પડે છે. એ પ્રકાશરૂપ તડકામાં સામાન્યરૂપે અગ્નિ છે પણ એ અગ્નિ કાષ્ટાદિને બાળતો નથી પરન્તુ ઉલટો દેખાડે છે પણ જ્યારે એજ તડકામાં આગીયો કાચ ધરીએ તો વિશેષ અગ્નિ ઉત્પન્ન થઈ કાષ્ટ આદિને બાળી દે છે તેમ સામાન્યજ્ઞાન સહુ મનુષ્યોમાં છે પણ હું અજ્ઞાની છું, હું મનુષ્ય છું. હું મને જાણતો નથી, હું કર્તા ભોકતા છું, ઇત્યાદિ અજ્ઞાન તથા તેના કાર્યભૂત દેહાધ્યાસ તેનું વિરોધિ નથી. એટલે કે અજ્ઞાન અને તેના કાર્યને નિવૃત્ત કરતું નથી, પણ ઉલટું અજ્ઞાનને તેનાં કાર્યસહિત દેખાડે છે. જો સામાન્ય જ્ઞાન અજ્ઞાનનું વિરોધિ હોય તો કાર્યસહિત અજ્ઞાનની પ્રતીતિ થાય નહિ અને થાય છે વાસ્તે સામાન્યજ્ઞાન અજ્ઞાનનું વિરોધી નથી તું આત્મા એ સામાન્યજ્ઞાન રૂપ છે તેમાં અજ્ઞાને કરી કલ્પિત નામરૂપ ભાસે છે. જ્યારે બ્રહ્મનિષ્ઠશ્રોત્રિય

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સદ્ગુરૂના ઉપદેશથી હું સચ્ચિદાનંદ બ્રહ્મ છું એવા વિશેષ જ્ઞાનનો બુદ્ધિમાં ઉદય થાય છે ત્યારે તેજ વખતે હું અજ્ઞાની છું ને કર્તાભોક્તા આદિ છું એવો અજ્ઞાનથી થયેલો અધ્યાસ નિવૃત્તિ પામે છે. જેમ કાષ્ટમાં રહેલો સામાન્ય અગ્નિ કોઇને બાળતો નથી પણ તેજ કાષ્ટની સાથે બીજું કાષ્ટ ઘસીને વિશેષ અગ્નિ પ્રકટે તો તેથી ઉત્પન્ન થતો વિશેષ અગ્નિ એ બન્ને કાષ્ટને બાળી ભસ્મ કરે છે તેમ સામાન્ય જ્ઞાન પ્રાણિમાત્રમાં છે તથાપિ તે કોઇનાં અજ્ઞાનને નિવૃત્ત કરતું નથી પણ ગુરૂ ઉપદેશથી હું બ્રહ્મ છું એવું વિશેષજ્ઞાન થાય તો તે વિશેષજ્ઞાન અજ્ઞાન તથા તેના કાર્યભુત દેહાધ્યાસને નિવૃત્ત કરે છે. આથી અદ્વિતીય સામાન્યજ્ઞાન રૂપ આત્મા એક ને સત્ય છે ને વિશેષજ્ઞાન તો ગુરૂ શાસ્ત્રના ઉપદેશથી વૃત્તિદ્વારા પેદા થાય છે અને અજ્ઞાનને તથા તેના કાર્યભુત દેહાધ્યાસને મટાડીને પાછું તે વૃત્તિજન્ય વિશેષજ્ઞાન પોતે પણ શમી જાય છે. તેથી નોખું ન રહેતું હોવાથી દ્વૈત ન કહેવાય. એક કેવળ સામાન્યજ્ઞાનરૂપ સચ્ચિદાનન્દ આત્માજ અવશેષ રહે છે. જેમ ચોમાસામાં મૃત્તિકાના સંગથી નદીઓનું પાણી મલિન થાય છે પણ તે પાણીમાં કતકરેણુનો ભુકો નાંખીએ તો તે ભુકો પાણીને નિર્મળ કરીને પોતે પણ તળીયે બેસી

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જાયછે તેમ ગુરૂબોધજન્ય વિશેષજ્ઞાન અજ્ઞાનને મટાડી પોતે પણ નિવૃત્ત થતું હોવાથી એક સામાન્ય જ્ઞાનરૂપ આત્માજ અવશેષ રહે છે, હવે અવસ્થાત્રય વિના આત્માનું તુરીય નામ નથી કહેવાતું તેથી તેને તુર્યાતીત કહ્યો છે. આથી આત્મા પાંચમો છે એમ કહેવાની મતલબ નથી. જેમ કોઇ પુરૂષનું પુત્રની અપેક્ષાએ પિતા એવું નામ પડે છે પણ પુત્રનો અભાવ થવાથી પછી પિતા નામ કહેવાતું નથી પણ તે પુરૂષજ છે તેમ અવસ્થાત્રયની અપેક્ષાએ આત્માને તુર્ય કહે છે પણ અવસ્થાના અભાવમાં તો આત્મા જ છે. જો કે તુરીય એવો આત્મા નખશિખા પર્યન્ત વ્યાપક છે તેથી સર્વત્ર પણ તુર્યા અવસ્થાનું મૂર્ધનિસ્થાન સહુથી ઉત્તમ છે તેથી આત્માનું સ્થાન પણ ઉત્તમ કહેવું જોઇએ માટે કહ્યું છે. આ મહાકારણદેહની પરા એટલે શબ્દ ઉચ્ચારની પ્રથમાવસ્થા નામે વાચા છે. ગુરૂશાસ્ત્રદ્વારા આત્માનું યથાર્થજ્ઞાન થતાં હું કૃતાર્થ છું, હું ધન્ય છું, મારાં જન્માદિક દુઃખો મટી ગયાં છે એવો વિશેષ આનંદનો અનુભવ તેનું નામ આનન્દાવભાસ ભોગ કહેવાય છે. જ્ઞાન થતાં નિર્વિકલ્પ સુખનો અનુભવ કરવાની ઇચ્છા તે ઇચ્છા શક્તિ છે. રજોગુણ તમોગુણના સમ્બન્ધરહિત શુદ્ધ સત્વગુણ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તેનું નામ શુદ્ધ સત્વગુણ સમજવો. આ અવસ્થામાં ×પ્રણવની અર્ધમાત્રા છે.

અને હું દ્રષ્ટા છું એવું જે અભિમાન તેને પ્રત્યગાત્મા અભિમાન કહેવાય છે. આ મહાકારણ દેહનાં આઠે તત્વોને તું પ્રકાશક છે ને તત્વો વિશેષ જ્ઞાન રૂપ છે. સામાન્ય જ્ઞાન સ્વરૂપ પૂર્ણાત્મા છે. આ પ્રમાણે રામગુદ્દ કહે છે કે—

एवां सर्व मळीने ब्याशी तत्त्व कही ।
तुं एनो जाणनार स्व प्रकाश सही ।
अहं ब्रह्मस्मि यह दृढ होई, ।
एज साक्षात्कार कहीए सोई ॥२२॥

× सोऽयमात्माऽध्यक्षर मोङ्कारोधिमात्रम् पादा मात्रा मात्राश्च पादा अकार, उकार, मकार इति ॥ जागरितस्थानो वैश्वानरोऽकारः प्रथमा मात्राऽऽराप्तेरादि मत्वाद्वाऽऽप्नोति हवै सर्व्वान् कामनादिश्च भवति य एवं वेद स्वप्नस्थानतैजस उकारो द्वितीया मात्रोन्कर्षादभयत्वा द्वोत्कर्षति हवै ज्ञान सन्तनि समानश्च भवति नास्या ब्रह्मवित्कुले भवति य एवं वेद ॥ भुषुप्तस्थानः प्राज्ञो मकार स्तृतीया मात्रा । मितेरपीतेर्वा मिनोति वा इद ँ सर्व्वंम प्रीतिश्च भवति य एवं वेद ॥ अ मात्रश्चतुर्थोऽव्यवहार्य्यः प्रपञ्चोपशमः शिवोऽद्वैत एव मोङ्कार आत्मैव सविशत्यात्मनाऽऽत्मानं य एवं वेद य एवं वेद ॥

॥ उपनिषद् ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પૂર્વોક્ત સ્થુલદેહનાં અવસ્થા સહિત તેત્રીસ તત્વ, સૂક્ષ્મદેહનાં અવસ્થા સહિત તેત્રીસ તત્વ, કારણ દેહનાં આઠ તત્વ, મહાકારણ દેહનાં આઠ તત્વ એમ સરવાળે બ્યાશી તત્વો થાય છે તેનો તું જ્ઞાતા સાક્ષી દ્રષ્ટા સ્વયંપ્રકાશ પ્રત્યગાત્મા છે. આવો જ્યારે નિશ્ચય થાય ત્યારે તેજ નિશ્ચયને સાક્ષાત્કાર એટલે અપરોક્ષ બ્રહ્મજ્ઞાન કહેવાય છે. જ્ઞાન બે પ્રકારનાં છે તેમાં એક અપરોક્ષ બ્રહ્મજ્ઞાન ને બીજું પરોક્ષ બ્રહ્મજ્ઞાન, એ વિષે પર બ્રહ્મ સત્ય રુપ છે, એ રીતે બ્રહ્મને આત્માથી ભિન્ન જાણે છે તે જ્ઞાનને પરોક્ષ જ્ઞાન અને તે નિર્વિકલ્પ બ્રહ્મ હું પોતેજ છું એમ અનુભવથી અભેદ રૂપ જે જાણે છે તેને અપરોક્ષ બ્રહ્મ જ્ઞાન કહેવાય છે. સાક્ષાત્કાર પણ આનેજ કહે છે. જેમ ગોળ ગળ્યો છે એમ કહેવા માત્રથી જાણવું તે પરોક્ષ જ્ઞાન અને ગોળ ખાધા પછી ગળ્યો છે એમ જાણવું તે અપરોક્ષ જ્ઞાન. શાસ્ત્રદ્વારા પરમાત્મા સચ્ચિદાનન્દ સ્વરૂપ છે તે જાણવું તે પરોક્ષ-જ્ઞાન ને ગુરૂ, શાસ્ત્ર ને યુક્તિથી અનુભવપૂર્વક અનુગ્રહ દ્વારાએ વિચાર પૂર્વક એ બ્રહ્મને સચ્ચિદાનન્દના અનુભવ પૂર્વક પોતા રૂપેજ કરી જાણવું તે અપરોક્ષ જ્ઞાન છે. આ પ્રકારે ચારે દેહથી ભિન્નરૂપ આત્મા અપરોક્ષજ્ઞાનનું જે ફળ થાય છે તે ફળ મહાત્મા રામગુરૂ કહે છે કેઃ—

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

एवा चार देहथी न्यारो होय,
तो हमणा मुक्ति सुख पामे सोय ।
सर्व व्यापक सहुथी न्यारो,
विवेक दृष्टि करी विचारो ॥२२॥

આ પ્રમાણે સ્થુલ, સૂક્ષ્મ, કારણ ને મહા કારણ એ, એ ચાર દેહથી ભિન્ન શુદ્ધ સામાન્ય ચેતન પ્રકાશક આત્મા મારૂં સ્વરૂપ છે એવા દૃઢ પ્રબોધથી જો દેહાધ્યાસનો તું ત્યાગ કર તો તને હમણાંજ જીવતાંજ મોક્ષ સુખની પ્રાપ્તિ થાય. પરસ્પર જડ ચૈતન્ય જુદાં છે એવાં વિવેક જ્ઞાનથી દ્વૈત સિદ્ધ થાય છે ને અદ્વૈતમાં વિરોધ છે એવી શંકા હે શિષ્ય ! તજવા યોગ્ય છે કારણ કે જેવું બ્રહ્મસ્વરૂપ સત્ય રૂપ છે તેવાજ જો ચાર ભૌતિક દેહ ને પ્રપંચ જુદાં હોય ને સત્ય હોય તોજ દ્વૈત સિદ્ધ થાય પરંતુ દે દેહાદિક સઘળો પ્રપંચ બ્રહ્મમાં કલ્પિત છે. જેમ દોરડીમાં સર્પ, ભુછિદ્ર કે સૂત્રધારા કલ્પિત દેખાય છે પણ તે કલ્પિત સર્પાદિકની દોરડીથી જુદી સત્તા નથી તેમ. જેમ છીપમાં કલ્પિત રૂપાની છીપથી જુદી સત્તા નથી તેમ. જેમ મૃત્તિકાથી ઘટ શરાવ વિગેરેની જુદી સત્તા નથી તેમ. જેમ સુવર્ણથી મુદ્રિકા આદિ ભુષણોની જુદી સત્તા નથી તેમ. જેમ આકાશમાં કલ્પિત શ્યામતાની આકાશથી ભિન્ન સત્તા નથી તેમ. જેમ મરૂભુમિમાં કલ્પિત મૃગ જળની

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

મરૂભુમિથી ભિન્ન સત્તા નથી તેમ. આ આત્મા વિષે પણ આ પ્રકારે કલ્પિત અસદ્રૂપ સમગ્ર પ્રપંચ દેખાય છે તેથી તે અસદ્રૂપ દેહાદિક પ્રપંચથી દ્વૈત સિદ્ધ થતું નથી કેમકે આત્માથી પ્રપંચ સહિત અજ્ઞાનની અલગ સત્તા હોતી નથી. આથી એકજ અદ્વિતીય આત્મા સત્ય છે તેથી અદ્વૈત સિદ્ધાંતમાં કાંઇ વિરોધ આવતો નથી. આથી દેહાદિક સમગ્ર જગત્ અસત્ય છે ને આત્મા એકજ સત્ય છે એવાં ॥શ્રીકૃષ્ણ પરમાત્માનાં વચનો પણ અહીં પુરાવા રૂપ છે. શ્રીકૃષ્ણ ગીતાના બીજા અધ્યાયમાં અર્જુનને ઉપદેશે છે કે-હે અર્જુન! અસદ્રૂપ એવું જે કંઈ આ ભુત ભૌતિક નામ રૂપાત્મક દેહાદિ સર્વ જગત્ છે તેનો કોઇ કાળે સદ્ભાવ નથી પણ તે સર્વદા અસદ્રૂપ છે. એક, અદ્વિતીય, અજ, અજર, અમર, સદ્ઘન, સિદ્ધન, આનન્દનવન, પરિપૂર્ણ, નિરવયવ ને નિષ્ક્રિય એવો જે સદ્રૂપ આત્મા તેનો કોઇ કાળે અભાવ નથી, સર્વ કાળ સદ્રૂપ છે. આ પ્રકારે અસત્ય જગત્ ને સત્ય આત્મા એ ઉભયનો પરમાર્થ તત્વ જ્ઞાતાએ નિર્ણય કરેલો છે. જગત્ સર્વ ખોટું છે ને આત્મા એક સત્ય છે એમ નિશ્ચય કર્યો છે. વળી

---

*नासतो विद्यते भावो ना भावो विद्यते सतः ॥ उभयो रविदृष्टर्ष्तिस्त्वनयोसतत्त्व दर्शिभिः ॥१॥ गीता. अ. २

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કાંઇ સાચું હોય તજ દેખવામાં આવે ને સાચાથીજ સુખદુઃખ થાય એવો કાંઇ નિયમ નથી, અસત્ય પણ દેખાય છે ને તેનાથી પણ સુખદુઃખ થાય છે. જેમ સ્વપ્ન અસત્ય છતાં દેખાય છે. ને તેનાથી સુખદુઃખ થાય છે, જેમ છીપમાં કલ્પેલું રૂપું, ને દોરડીમાં કલ્પેલો સર્પ અસત્ય છે તો પણ દેખાય છે ત્યારે સુખ દુઃખ થાય છે. જેમ મૃગજળ તથા આકાશમાં નીલતા અસત્ય છતાં દેખાય છે. તેમ જગત અસત્ય છે તો પણ દેખાય છે. વાસ્તે સાચુંજ દેખાય એવો કાંઇ નિયમ નથી. ઇશ્વર રચિત માયા કલ્પિત આ ભુત ભૌતિક સકળ જગત અસદ્રૂપ ભલે દેખાય તેને નિવારવાની કાંઈ જરૂર નથી કેમકે ઇશ્વર સૃષ્ટિ કોઇને બંધનકારક નથી પરન્તુ એ ઇશ્વર સૃષ્ટિ વિષે સત્ય બુદ્ધિ કરીને જીવે જે પોતાના મનથી દ્વૈત રચેલું છે તે બંધન કરે છે વાસ્તે તેની નિવૃતિ કરવી. ઇશ્વરનાં રચેલાં દેહ સ્ત્રી પુત્ર ધન વિગેરેમાં જે આ હું ને આ મારૂં એવો અહંતા મમતારૂપ જે દૃઢ અધ્યાસ થાય છે તે જીવકૃત છે. ઇશ્વરકૃત નથી તેથી તે અધ્યાસ બંધનનો તથા દુઃખનો હેતુ છે. આ દેહ કોઈને બંધન નથી કરતો પણ તે વિષે અહંતા મમતારૂપ જીવસૃષ્ટિ છે. તે બંધનનું કારણ છે, ઇશ્વર રચિત માંસમયી સ્ત્રી મરી જવાથી તે સ્ત્રીમાં જો મમત્વ ન હોય તો કોઇને દુઃખ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

થતું નથી પણ આ મારી માતા, સ્ત્રી, બેન, પુત્રી એમ જે મમત્વરૂપ ભિન્ન ભિન્ન જીવની રચેલી મનોમયી સ્ત્રીનો નાશ થવાથીજ દુઃખ થાય છે, જેમ કોઇનો ભ્રાતા દેશાવર ગયો હોય ને ત્યાં જીવતો હોય છતાં કોઇ ખબર આપે કે 'તમારો ભાઈ પરદેશમાં મરી ગયો' તો મારો ભાઈ મરી ગયો એમ માનિને પારાવાર કલેશ કરી રૂદન કરે છે પણ તેવા ખબર કોઇએ ન આપ્યા હોય ને ભ્રાતા તો મરી ગયો હોય છતાં કલેશ કે રૂદન થતાં નથી. હવે જુઓ! ઇશ્વર રચિત ભાઇ બહાર જીવે છે છતાં મનમાં મરી ગયો મનાતાં દુઃખ થાય છે ને ઇશ્વર રચિત ભાઈ બહાર મરી ગયો છે. છતાં મનમાં જીવતો માનતાં કાંઈ દુઃખ થતું નથી તેથી સર્વત્ર મનોમય દ્વૈતજ દુઃખ આપનારૂં હોવાથી તેની નિવૃત્તિ કરવી પણ ઇશ્વરરચિત દ્વૈત કાંઇ નડતું નથી આત્મજ્ઞાનથી મનોમયદ્વૈતની નિવૃત્તિ થઇ જાય છે. યોગાભ્યાસથી મનનો નિરોધ સુલભ હોવાથી આત્માજ્ઞાનથી મનોમયદ્વૈતની નિવૃત્તિ શા વાસ્તે કરવી એ શંકાના સમાધાનમાં કહીએ છીએ કેઃ—જ્ઞાનવિના કેવળ યોગાભ્યાસથી તાત્કાલીક દ્વૈતની નિવૃત્તિ થાય છે. એટલે જેટલો કાળ યોગ કરે તેટલો કાળ મન એકાગ્ર હોવાથી દ્વૈતની પ્રતીતિ ન થાય પરંતુ આત્મજ્ઞાન વિના કેવળ યોગાભ્યાસથી ફરી જન્મ જ ન થાય એવી આત્યંતિક

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

દ્વૈતની નિવૃત્તિ થતી નથી માટે આત્મજ્ઞાનનીજ મુખ્ય જરૂર છે. શ્રુતિ પણ કહે છે કે--×જ્ઞાનથી જ કૈવલ્ય મોક્ષ થાય છે, જ્ઞાનવિના મુક્તિ નથી, અને શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં પણ કહ્યું છે કે મનુષ્ય આકાશને ચર્મવત જ્યારે વીંટશે ત્યારે દેવને એટલે સ્વયંપ્રકાશ આત્માને જાણ્યાવિના દુઃખનો અંત આવશે. જેમ આકાશનો વીંટો થાય નહીં તેમ આત્મજ્ઞાન વિના કેવળ યોગાભ્યાસથી જન્માદિ દુઃખના કારણરૂપ મનોમય દ્વૈતની અત્યંત નિવૃત્તિ થાય નહીં. આ અસદ્રૂપ બાહ્યદ્વૈતનું નિવારણ કર્યા વિના કેવળ ગુરુશાસ્ત્રના ઉપદેશથી તે દ્વૈતને મિથ્યારૂપ માનવાથીજ આત્માનું જ્ઞાન થાય છે. બાહ્યદ્વૈતના નિવારણથીજ જો અદ્વૈતજ્ઞાન થતું હોય તો સુષુપ્તિકાળમાં ને પ્રલયકાળમાં પ્રાણીમાત્રને પ્રયત્ન કર્યા વિના પણ સમગ્ર બાહ્ય દ્વૈતની નિવૃતિ થાય છે. તેથી અદ્વૈત આત્માનું જ્ઞાન થાય તોજ બાહ્ય દ્વૈતની નિવૃત્તિ થાય છે. સુષુપ્તિમાં ને પ્રલયમાં તો જ્ઞાન થવાના સાધનરૂપ ગુરૂશાસ્ત્રાદિકનો અભાવ હોવાથી અદ્વૈતજ્ઞાન થતું નથી જેથી દ્વૈત ન દેખાય તોજ અદ્વૈતજ્ઞાન થાય એમ જેઓ કહે છે તે વ્યર્થ છે. ઈશ્વર રચિત દેખાતું જે બાહ્યદ્વૈત છે તે જ્ઞાનને બાધ

× ज्ञाना देव कैवल्यं पद मश्नु ते, ऋते ज्ञानान्न मुक्तिः

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કરતું નથી ઉલટું તે ગુરુશાસ્ત્રદ્વારાએ અદ્વૈત જ્ઞાન થવાનું સહાયક છે. અને તેને મિથ્યા જાણ્યાવિના અન્ય પ્રકારે તે મટાડી શકાય તેમ નથી. આ પ્રમાણે ઇશ્વરકૃત દ્વૈત ભલે હોય, તેનો દ્વેષ ન કદવો, જીવકૃત જે મનોમયદ્વૈત છે. તેનુંજ નિવારણ કરવાનું છે. વિદ્યારણ્યમુનિએ જીવકૃતદ્વૈત બે પ્રકારનું કહ્યું છે. એક શાસ્ત્રીય ને બીજું અશાસ્ત્રીય વેદાંતશાસ્ત્રાનું શ્રવણમનન આદિથી ચિંતવન કરવારૂપ શાસ્ત્રીય મનોમયદ્વૈત છે. અને તે દ્વૈતનો જ્યાં સુધી બ્રહ્મ ને આત્માના ઐકયપણાનો દૃઢ બોધ થાય નહિં ત્યાં સુધી ત્યાગ કરવો નહીં પરંતુ કામાદિકની નિઃશેષ નિવૃત્તિ થયા પછી અદ્વૈત તત્વનો દૃઢ બોધ થાય ત્યારેજ ત્યાગ કરવો. વેદાંતશાસ્ત્રના અભ્યાસદ્વારા પરોક્ષઅપરોક્ષ-જ્ઞાનપરાયણ બુદ્ધિવાળો પુરૂષ જેમ ડાંગરમાંથી ફોતરા કાઢી લઇને ફોતરાનો ત્યાગ કરેછે તેમ સમગ્ર શાસ્ત્રનો ત્યાગ કરે. +શંકરાચાર્યજી પણ કહે છે કે બ્રહ્મને જાણ્યા વિના ને બ્રહ્મને જાણ્યા પછી શાસ્ત્રાભ્યાસ નિષ્ફળ છે. આથી જ્ઞાન થયા પછી શાસ્ત્રાદિકદ્વારા સદ્વિચારમાં કાલક્ષેપ કરવાથી કાંઈ બાધ નથી કેમકે *વેદાંત, ગુરૂ ને ઇશ્વર યાવતજીવનવંદ્ય છે. વળી

* अविज्ञाते परे तत्वे शास्त्राधीतिस्तु निष्फला। विज्ञाते च परे

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જેની નિવૃતિ કરવી છે એવો સંસાર સાચોજ કયાં છે? તેથી 'જેવા યક્ષ બળિદાન' એ ન્યાયથી સ્વપ્ન કલ્પિત સિંહના દર્શને કરીને કલ્પિત સ્વપ્નની નિવૃતિ થાય છે તેમ કલ્પિત શાસ્ત્રાદિકથી કલ્પીત સંસારની નિવૃત્તિ થાય છે. એ શાસ્ત્રીય દ્વૈતના બે પ્રકાર છે તેમાં ક્રોધાદિક રૂપ અશાસ્ત્રીય દ્વૈત તીવ્ર કહેવાય છે ને મનોરાજ્યરૂપ અશાસ્ત્રીય દ્વૈતને મંદ કહેવાય છે. આ ઉભય પ્રકારના અશાસ્ત્રીય દ્વૈતોનો તો અદ્વૈત જ્ઞાન થયા પહેલાંજ ત્યાગ કરવાનો છે. વિવેકાદિ સાધન ચતુષ્ઠ અંતગતિ શમરૂપ સાધનથી કામક્રોધાદિક અશાસ્ત્રીય દ્વૈતની વાસનાનો ત્યાગ થાય છે ને સમાધાન નામના સાધનથી મનોરાજ્યરૂપ અશાસ્ત્રીય દ્વૈતનો ત્યાગ થઈ જાય છે. જેમ શાસ્ત્રીય દ્વૈતનો જ્ઞાન થયા પછી ત્યાગ ન કરવાથી બાધ આવતો નથી તેમ અશાસ્ત્રીય દ્વૈતને પણ જ્ઞાન થયા પછી ન તજવામાં આવે તો શું બાધ છે? એ પ્રશ્નના ઉત્તરમાં કહીએ છીએ કે–જ્ઞાન થયા પછી પણ જીવન્મુકિત થવા માટે અશાસ્ત્રીય દ્વૈતને તો તજવુંજ. કેમકે ક્રોધાદિથી બંધાયેલાને જીવન્મુકિત થતી

तत्त्वे शास्त्राघिति स्तु निष्फला। यावदायुस्त्रयो वन्द्याः देवान्तो गुरुरीश्वरः

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

નથી. કોઇ આત્યન્તિક દુઃખની નિવૃત્તિપૂર્વક પરમાનંદની પ્રાપ્તિ રૂપ વિદેહ મુકિતથીજ કૃતાર્થતા છે, તો જીવન્મુકિતની શી જરૂર છે એવી આશંકા કરે તો કહીએ છીએ કે–કામ ક્રોધ આદિનો ત્યાગ કરીને હું જો જીવન્મુકિત મેળવીશ તો મારા આ લોકના ભોગ જતા રહેશે એ ભયથીજ એમ વદનારો જીવન્મુકિતને તજી દેવા ચાહે છે. તેમ જો હું વિદેહ મુકત થઇશ તો મારા સ્વર્ગાદિ ભોગ જતા રહેશે એ ભયથી વિદેહ મુકિતને પણ તે કેમ નહિં તજે ! અને વિદેહ મુકિત તજી એટલે સ્વર્ગ માત્ર પ્રાપ્ત થતાં જન્માદિ દુઃખ રહિત વિદેહ મુકિત પ્રાપ્ત નહિં થાય. જ્યારે સ્વર્ગમાં ક્ષય ને સાતિ શમાદિ દોષ છે. તેથી તેનો ત્યાગ ઇચ્છે છે ત્યારે તો પોતાના સ્વભાવિક દોષ રૂપ ધર્માદિ સઘળા પુરૂષાર્થનો નાશ કરનારા ને અત્યંત દુઃખ આપનારા એવા કામ ક્રોધાદિકનો ત્યાગ શા વાસ્તે ઇચ્છતો નથી ! કોઇ એમ કહે કે–વૈરાગ્યાદિ સાધનથી અનર્થના હેતુ રૂપ કામાદિકનો મેં ત્યાગ કરેલો છે તો પછી આ લોકમાં ભોગ વાસ્તે ઉપયોગી કામાદિકને ગ્રહણ કરવાથી શું દોષ છે ! તો કહીએ છીએ કે–આત્મા તત્વને જાણ્યા પછી જો સમગ્ર કામ ક્રોધાદિકનો ત્યાગ ન થાય ને તેને વશ થઇને 'હું તત્વજ્ઞાની છું માટે મને વિધિ નિષેધ શાસ્ત્રનો ઉપદેશ નથી.'

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

એમ અભિમાન કરીને ધર્મશાસ્ત્રને તથા તેમાં દર્શાવેલા પુણ્ય કર્મોને પણ મુકાઈ જાતાં સ્વચ્છંદાચારમાંજ પ્રવૃત્તિ થાય અને એમ થવાથી પરિણામમાં અભક્ષ્યનું ભક્ષણ કરવા વિગેરેના અધર્મમાં પણ આવી જવાતાં શ્વાનનો ને તત્વજ્ઞાનીનો સરખોજ વ્યવહાર થઈ જાય અને વળી જેને તત્ત્વ જ્ઞાન થયું હોય છે તેને તો યથેષ્ટાચરણ ઘટતુંજ નથી કેમકે જેણે પૂર્વ જન્મમાં અધર્માચરણ કર્યું હોય તેનેજ આ જન્મમાં અધર્મમાં રૂચિ થઈને સ્વચ્છંદાચારમાં રૂચિ થાય છે પરંતુ તત્ત્વજ્ઞાન તો પુણ્ય કર્મો વડેજ થાય છે અને અનેક જન્મોમાં અનેક યજ્ઞ દાનાદિક પુણ્ય દ્વારાએ આ અંઃકરણ પાપ રહિત શુદ્ધ થાય છે. ને તેવા શુદ્ધ સત્વવાળાનેજ તત્ત્વજ્ઞાન થઈ મોક્ષ થાય છે. ગીતામાં પણ ભગવાન આમજ કહે છે, શ્રુતિ પણ કહે છે–કે યજ્ઞથી, અન્નધનાદિ દાનથી, મનોનિગ્રહરૂપ તપથી અથવા કૃચ્છ ચાન્દ્રાયણાદિ તપથી બ્રાહ્મણો બ્રહ્મને જાણવાની ઇચ્છા કરે છે. જેમ ક્ષુધાતુર મનુષ્ય વિષ ભક્ષણ કરતો નથી અથવા તો જેમ મિષ્ટાન ખાધા પછી વિષવાળા અન્નને ખાવાની ઇચ્છા થતી નથી તેમ વૈરાગ્યવાળા પુરૂષને યથેષ્ટાચરણમાં પ્રીતિ થતી નથી, પુણ્ય કર્માનુષ્ઠાનથી ઇશ્વરના અનુગ્રહ દ્વારાએ સર્વલોકના ભોગ વિષે વૈરાગ્ય-

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વાળો થઇને તત્ત્વજ્ઞાનને પામેલો જ્ઞાની જ્ઞાન થયા પછી યથેષ્ટાચરણમાં પ્રીતિ કરેજ નહિં. સિંહ થયા પછી શ્વાન થવાની કોણ ઇચ્છા કરે! હે શિષ્ય! મનોમય દ્વૈતરૂપ કામ ક્રોધાદિ સર્વ દોષમાં દોષદ્રષ્ટિ કરીને તેનો ત્યાગકરી ને પછી સમગ્ર અનર્થના મુળ ભુત મનોમય દ્વૈત રૂપ મનોરાજ્યનો પણ ત્યાગ કરીને સચ્ચિદાનંદ પરિપૂર્ણ પરમાત્મા વિષે અભેદ સ્થિતી રૂપ જીવન્મુકિતના આંનંદને તું પ્રાપ્ત કર. ભગવાન *ગીતામાં પણ મનોમય દ્વૈત રૂપ કામ ક્રોધાદિ બંધનકારક છે તેમ કહે છે. કામ, ક્રોધ ને લોભ એ ત્રણ નરકનાં ક્રારો રૂપ હોવાથી આત્માના પુરૂષાર્થનો નાશ કરનારાં છે. વાસ્તે એ ત્રણેનો પરિત્યાગ કરવો. કામ ક્રોધાદિની નિવૃત્તિ થયા વિના જીવન્મુકિત ન થાય વાસ્તે તેનો ત્યાગ કરીને કલ્પિત રૂપ દેહાદિ પ્રપંચથી ભિન્ન રૂપ અદ્વિતીય આત્માને ગુરૂ શાસ્ત્રના ઉપદેશથી અનુભવ કરીશ તો તને કંઠાભરણની પેઠે મોક્ષ થશે આથી એ સિદ્ધાંત ફલિત થયો કે–કલ્પિત રૂપ દેહાદિ પ્રપંચથી ભિન્નરૂપ અદ્વિતીય આત્માના જ્ઞાનથી મોક્ષની આત્મ સુખની પ્રાપ્તિ આ દેહમાંજ થાય છે. હવે સર્વત્ર જગતમાં અધિષ્ટાન રૂપે આત્મા વ્યાપક

---

*त्रिविधं नरकास्येदं द्वारं नाशन मात्मनः। कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्रयं त्यनेत ॥ गीता ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

છે ને કલ્પિત જગતથી તે જુદો છે એમ કહેવા 'સર્વ-વ્યાપક સહુથી ન્યારો' તેમ ચોપાઇમાં કહે છે. નામ રૂપાત્મક ચરાચર બ્રહ્માંડમાં આત્મા આસ્તિ, ભાતિ ને પ્રિય રૂપથી વ્યાપક હોવાથી સર્વ વ્યાપક છે. જેમ અલંકારમાં સુવર્ણ વ્યાપક છે. સહુથી ન્યારો એટલે કલ્પિત રૂપ બ્રહ્માંડથી ન્યારો છે. જેમ કલ્પિત સર્પની દોરડી જુદી છે તેમ. સ્થુલ સૂક્ષ્મ કારણ દેહમાં દ્રષ્ટા રૂપથી, જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ એ અવસ્થાત્રયમાં સાક્ષી રૂપથી ને અન્નમય આદિ પંચકોશમાં પ્રકાશ રૂપથી સચ્ચિદાનંદ આત્મા વ્યાપક છે અને એજ આત્મા અસદ્રૂપ દેહાદિ, અવસ્થા આદિ ને કોશ આદિ સમગ્ર પ્રપંચથી ન્યારો છે એમ વિચારવું એટલે કે સજાતિય, વિજાતીય ને સ્વગત ભેદ રહિત આત્માનો અનુભવ કરવો.

શ્રી સદ્ગુરૂના આવા ઉપદેશથી શ્રવણ કરેલા બોધનું મનન કરી નિદિધ્યાસ દ્વારાએ તે શિષ્યે સ્વરૂપના સક્ષાત્કારનો અનુભવ કર્યો ને બોલી ઉઠયો કે–

हुं स्थूल सूमक्ष कारण नहि, नहिं महाकारणरुप ॥
नहीं जाग्रत स्वप्न शुषुप्ति, हुं पोते शुद्ध स्वरुप ॥ २३ ॥

तुर्या साक्षि तो कोय कहे जो साक्ष्य पदारथ होय ॥
उपाधि रहित स्वरुप हुं, नहीं साक्ष्य साक्षी दोय ॥ २४ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

हुं विश्व तैजस प्राज्ञ नहिं, नहि तुर्या मुजमांय ॥
नहि द्रष्टा साक्षी नही, केवळ शुद्ध हुं भाय ॥ २५ ॥

આ સ્થુલ સૂક્ષ્મ-કારણ એવા દેહત્રય તે હું નહિ, વિશેષ જ્ઞાન રૂપ મહાકારણ દેહ પણ હું નહીં ને જાગ્રત સ્વપ્ન ને સુષુપ્તિ એ અવસ્થાત્રય પણ હું નહીં, ને એઓ મારામાં નથી. એ અવસ્થાઓ ×બુદ્ધિની છે. વાસ્તે હું તો અવસ્થાત્રયનો પ્રકાશક પોતે કેવળ શુદ્ધ નિર્મળ સ્વયંપ્રકાશ સામાન્યસ્વરૂપ આત્મા છું, જે સાક્ષીથી જણાય એવી જાગ્રદાદિ વૃત્તિઓ તથા સ્થુલ આદિ દેહોરૂપ પદાર્થો આત્માથી અળગાં સત્ય હોય તો તુરીય ને સાક્ષી એવાં આત્માનાં બે નામ કોઇ કહે પણ તે તો પરમાર્થમાં સાચાં નથી ત્યારે તુરીય ને સાક્ષી બે નામ કેમ કહેવાય! જેમ એક પુરૂષનાં નોખાં નોખાં સંબંધિઓની અપેક્ષાથી નોખાં નોખાં નામ કહેવાય છે. ભાણેજ હોય તો મામો, જમાઇ હોય તો સસરો, પુત્ર હોય તો પિતા ને ભત્રીજો હોય તો કાકો પણ સંબંધીઓ કોઇ ન હોય તો તેવા નામે તે કહેવાતો નથી જેથી નામો સઘળાં કલ્પિત છે ને પુરૂષ માત્ર સાચો છે. છાંદોગ્ય ઉપનિષદ્‌માં મૃત્તિકાના પિંડના દ્રષ્ટાંતથી આ વાત વારંવાર સમજાવી

×बुद्धेः जागरण स्वप्नः सुषुप्ति रिती वृत्तयः॥ ता येनैवानुभूयन्ते सोध्यक्षः पुरुषः परः ॥ भागवत ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

છે. આથી તુરીય સાક્ષિ આદી મારાં નામ પણ મારા સ્વરૂપમાં ઉપાધિની અપેક્ષાથી છે પણ કાંઇ વાસ્તવિક નથી. વાસ્તવિક રીતે હું જાગ્રદાદિ ઉપાધિ રહિત નિરૂપાધિસ્વરૂપ છું તેથી મારા શુદ્ધ સ્વરૂપમાં સાક્ષ્ય અને સાક્ષી એવાં બે નામ નથી. જાગ્રતનો અભિમાની વિશ્વ, સ્વપ્નનો અભિમાની તૈજસ અને સુષુપ્તિનો અભિમાની પ્રાજ્ઞ એ ત્રણે હું નથી ને તુર્યાવસ્થા એવું જે નામ તે તથા દ્રષ્ટા સાક્ષી એવાં નામ પણ મારા વિષે નથી કેમકે દ્રશ્ય તથા સાક્ષ્યની અપેક્ષાથી દ્રષ્ટા ને સાક્ષી એવાં નામ કહેવાય છે. દ્રશ્ય પદાર્થો ને સાક્ષ્ય પદાર્થો ન હોય તો દ્રષ્ટાએ નથી ને સાક્ષીએ નથી. દ્રશ્યસાક્ષ્ય વિગેરે પદાર્થો પારમાર્થિક સત્ય રહેતા નથી તેથી તે નામો તે અપેક્ષાએજ બોલાય છે. ખરૂં જોતાં હું તો કેવળ, નિષ્પ્રપંચ, સ્વયંપ્રકાશ, સ્વતઃસિદ્ધ, નિરૂપાધિક, શુદ્ધરૂપ, મનવાણીથી અગોચર હું છું." આ પ્રકારે શિષ્યનો અનુભવ સાંભળવાથી ગુરૂજી તે અનુભવ દૃઢ થાય તે વાસ્તે મનવાણીથી અગોચર બ્રહ્મસ્વરૂપને બે દુહાથી આ પ્રમાણે નિરૂપણ કરે છે કે—

ज्यां नहि पिंड ब्रह्मांड नहि, नहि एक त्यां दोय ।
प्रकृती पुरुष ज्यां नहि, स्वयंप्रकाश सत सोय ॥
वृत्ति व्याप्ति फलव्याप्ति विना, जेमनुं तेम स्वरुप ।
सदा उदित स्वप्रकाश छे, मन वाणी विन रुप ॥ २७ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જે અદ્વૈત સ્વરૂપમાં પિંડનો એટલે દેહનો સમ્બન્ધ નથી તેમજ બ્રહ્માંડનો પણ સમ્બન્ધ નથી તે અદ્વૈત-સ્વરૂપમાં એક, બે એવી ગણના પણ નથી અને જે વિષે પ્રકૃતિ એટલે માયા અને પુરૂષ એટલે અવિદ્યા ઉપાધિવાળો જીવ એ ઉભય નથી—એવું સ્વયંપ્રકાશ સત્ય અદ્વિતીય સ્વરૂપ છે એમ સમજવું.

"वृत्तिव्याप्ति फलव्याप्ति" એટલે એ આત્મસ્વ-રૂપમાં વૃત્તિવ્યાપ્તિ કે ફળવ્યાપ્તિનો સમ્બન્ધ નથી પરંતુ તે જેમનું તેમ સ્વભાવિક સ્વરૂપજ છે. અન્તઃ-કરણની વૃત્તિ ઘટાદિ પદાર્થોમાં વ્યાપીને તે પદાર્થ આકારે જે સ્ફુરે છે તેનું નામ વૃત્તિવ્યાપ્તિ કહેવાય અને ચિદાભાસના પદાર્થમાં જે વ્યાપ્તિ એટલે આ ઘટ છે એવું જે જ્ઞાન થવું એનું નામ ફળવ્યાપ્તિ કહેવાય. અજ્ઞાનની નિવૃત્તિપૂર્વક આત્માનું જે વિશેષ જ્ઞાન તેની ઉત્પત્તિ થવા માટે માત વૃત્તિવ્યાપ્તિની અપેક્ષા છે પણ ફળવ્યાપ્તિની અપેક્ષા નથી. તેમ સ્વયં-પ્રકાશરૂપ આત્માને જાણવા સારૂં વૃત્તિવ્યાપ્તિની અપેક્ષા છે પણ ફળવ્યાપ્તિની અપેક્ષા નથી. બાહ્ય જે ઘટપટાદિ પદાર્થો છે તેને જોવા માટે વૃત્તિવ્યાપ્તિ તથા ફળવ્યાપ્તિ એ ઉભયની અપેક્ષા છે.જેમ સૂર્યને જોવા માટે માત્ર નિરોગી નેત્રની અપેક્ષા છે પણ બીજા દીપાદિકની અપેક્ષા નથી તેમ સ્વયંપ્રકાશરૂપ આત્માને

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જાણવા માટે વૃત્તિવ્યાપ્તિની અપેક્ષા છે. જેમ અંધકારમાં ઘટ છે તેને જોવા માટે નેત્ર તથા દીપક બન્નેની અપેક્ષા છે. કારણકે કેવળ નેત્રથી ઘટ ન દેખાય તેમ જડ પદાર્થો ચિદાભાસ વિના કેવળ જડ જે અંતઃકરણની વૃત્તિ તેથી દેખાતા નથી, કેમ કે એકલી વૃત્તિ જડ છે. ને દ્રશ્ય પદાર્થો પણ જડ છે. તેથી જડથી જડ ભાસે નહિં. પદાર્થોને જાણવાને વૃત્તિવ્યાપ્તિને ફળ વ્યાપ્તિ બન્નેની અપેક્ષા છે કારણકે જડમાં ચેતનની સત્તા છે. પણ સ્ફુરણા નથી પણ ચેતન વસ્તુ જે આત્મા છે તેનો અજ્ઞાનની નિવૃત્તિપૂર્વક અનુભવ કરવો તેમાં માત્ર વૃત્તિવ્યાપ્તીનોજ જરૂર છે. આ મન કાંઇ આત્માનેદશ્ય પદાર્થોની પેઠે જોતું નથી પણ ચિદાભાસયુકત મનદ્વારા વિચારવાથી અવિદ્યા તથા દેહાધ્યાસની નિવૃત્તિ કરીને આત્માજ પોતે પોતાના સ્વરૂપેજ પ્રકાશે છે. જેમ દર્પણથી પુરૂષ પોતાનું મુખ પોતે જ જુએ છે પણ દર્પણ મુખને જોતું નથી પણ દર્પણ તો મુખ જોવાનું માત્ર સાધન જ છે ને મુખ જોયા પછી દર્પણને મેલી દે છે, તેમ મનની વૃત્તિથી વિચારદ્વારા અજ્ઞાનની નિવૃત્તિપૂર્વક સ્વપ્રકાશ આત્માનો અનુભવ કરીને નિવૃત્તિનો પણ ત્યાગ કરે છે તેથી ઉભય વૃત્તિઓ રહિત આત્માનું સ્વભાવિક જેવું સ્વરૂપ છે. તેવુંજ કહ્યું. આ આત્મસ્વરૂપ સદોદિત

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સ્વયંપ્રકાશ છે. જગતમાં જે ઘટપટાદિ પદાર્થો છે તે સૂર્યદીપક આદિના પ્રકાશે દેખાય છે તેથી તે પદાર્થો પરપ્રકાશ્ય છે ને જે વસ્તુ પોતે પ્રકાશરૂપ છે ને બીજાને પ્રકાશ કરે છે ને જેને પ્રકાશ આપનાર કોઈ નથી તે વસ્તુ સ્વયંપ્રકાશ છે. આવી સ્વયંપ્રકાશ વસ્તુ તો એકજ આત્મા જ છે, આત્મા સિવાય જે કાંઇ નામ રૂપાત્મક ભુતભૌતિક પ્રપંચ છે તે સર્વ પરપ્રકાશ્ય છે. જો કે *સૂર્ય, ચંદ્ર, તારા, વીજળી, અગ્નિ, આદિ પદાર્થો પોતે પ્રકાશરૂપ છે, ને બીજા ઘટાદિ પદાર્થોને પ્રકાશ પણ કરે છે તોપણ તેઓ આત્માને પ્રકાશ કરવાને સમર્થ નથી કેમકે આ આત્માના જ પ્રકાશથી તે સૂર્ય, ચન્દ્ર, તારા આદિ સર્વ પ્રકાશો દેખાય છે. તેથી તમામ જડને પરપ્રકાશ્યરૂપ છે ને આત્મા સ્વયંપ્રકાશ છે. આ આત્માથી જ અન્તઃકરણનો પરિણામરૂપ સ્વપ્નપ્રપંચ અન્ય કોઇ તેજ ત્યાં નથી છતાં દેખાય છે ને આ અનુભવ સૌને છે. બ્રહદારણ્યક ઉપનિષદ્ ને ભગવદ્ગીતા આત્માના સ્વયંપ્રકાશપણામાં પુરાવારૂપ છે. આ પ્રકારે શ્રુતિ, યુકિત ને અનુભવથી આત્મા સ્વયંપ્રકાશ છે. એમ નિશ્ચય થાય છે. અને વળી મન

---

* न तद्भासयते सूर्योन शशांको न पावकः यदगत्वा न निवर्त्तन्ते तेद्धाम परमं मम। ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते। ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य धीष्ठितम्॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આદિ ચાર અન્તઃકરણ ને વાણી આદિ દશ ઇન્દ્રિયો તેથી રહિત આત્માનું "મન વાણી બિનરૂપ" કહેવાય છે. આથી મન કે ઇન્દ્રિયોને આત્મા માનનારા પક્ષનું ખંડન થાય છે. યતો વાચો નિવર્ત્તન્તે અપ્રાપ્ય મનસા સહ–આત્માનું સ્વરૂપ મનવાણીના અવિષયરૂપ છે એમ શ્રુતિ કહે છે. હે શિષ્ય! જે વસ્તુમાં જાતિ, ક્રિયા, ગુણ, નામ, રૂપ, આદિ શબ્દવૃત્તિનાં કારણોનો સમ્બન્ધ હોય છે તેમાંજ વાણી પ્રવર્ત્તે છે પણ આત્મા તો અસંગ, અક્રિય, ને અગુણ છે માટે તેમાં જાતિ, ક્રિયા, ગુણ આદિકનો સમ્બન્ધ નથી તેથી આત્મા મનવાણીથી અગોચર છે. આ પ્રમાણે હે શિષ્ય! પરમાત્માનું નિષ્પ્રપંચ સ્વરૂપનું વ્યાખ્યાન કરવામાં આવ્યું ને હવે મહાવાક્યના અર્થનું નિરૂપણ કરૂં છું તે તું એકાગ્ર મનથી સાંભળ.

एक अभेद लक्ष्य जाणी करी,
रहीये सुख स्वरुप ।
निरन्तर महदाकाशवत्
पोते स्वयं स्वरुप ॥

હે શિષ્ય! પૂર્વોક્ત પ્રકારે મન વાણીથી અગોચર અભેદ લક્ષ્ય એટલે જીવ ઇશ્વર ભેદ રહિત લક્ષ્યાર્થ રૂપ જે આત્મા છે તેનો અનુભવ કરીને 'રહિયે સુખ સ્વરૂપ' અદ્વૈત સુખ સ્વરૂપમાં તદ્રૂપતાથી સ્થીતિ કરી

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

રહેવું અને જેમ મહાકાશ સર્વદા ભેદ રહિત, અસંગ, સર્વત્ર વ્યાપક છે. તેમજ પોતાનું આત્મસ્વરૂપ જીવ ઇશ્વર ભેદ રહિત વ્યાપક, સ્વયંપ્રકાશ ને અસંગ છે વાસ્તે હું નિર્વિકલ્પ અસંગ, સુખરૂપ બ્રહ્મ છું એવો નિશ્ચય રાખવો. હે શિષ્ય! જીવ ઇશ્વરના વાચ્ય અર્થમાં એટલે અલ્પજ્ઞતા સર્વજ્ઞતા, સુખી દુઃખી, અસમર્થ સમર્થ, અભિમાનવાન અને નિરભિમાનવાન જન્મ મૃત્યુ રહિત, અજર અમર, કર્ત્તા ભોક્તા, અકર્તા અભોક્તા ઇત્યાદિ વિરૂદ્ધ વિશેષણવાળા તે હોવાથી જીવને ઇશ્વર એ બે એક છે એમ કેવી રીતે મનાય એ શંકા થાય તો કહીએ છીએ કે–આવી શંકા तत् પદ ઇશ્વર ને त्वम् પદ જીવ એ બે પદના વાચ્યાર્થ તથા લાક્ષ્યાર્થ સમજ્યા વગરની છે કેમકે જીવમાં જે કર્ત્તૃત્વઆદિ સંસારની પ્રતીતિ થાય છે તે કેવળ અવિદ્યાકલ્પિત અન્તઃકરણઆદિ ઉપાધીના અધ્યાસથી જ થાય છે પણ જીવનનું વાસ્તવિક સ્વરૂપ શુદ્ધ સચ્ચીદાનંદ છે. કર્ત્તૃત્વ, ભોકતૃત્વ આદી અંતઃકરણન ધર્મો છે, જન્મ મરણ દેહના ધર્મો છે પણ અક્ષયરૂપ આત્મામાં એ કશું નથી. ઇશ્વરમાં જગતૂની ઉત્પત્તિ, સ્થિતી ને પ્રલય કરવા રૂપ જે કાંઈ પ્રતીત થાય છે તે માત્ર માયા ઉપાધીથીજ છે પણ ઇશ્વરનું વાસ્તવિક સ્વરૂપ તો શુદ્ધ, અદ્વિતીય, પૂર્ણ, સચ્ચીદાનંદ રૂપ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

લક્ષ્ય છે તેથી ઉપાધિના ભેદથી વિચાર કર્યા વગર જીવ ઇશ્વરનો વાચ્યાર્થ ભેદ રખાય છે પણ ઉભયનો લક્ષ્યાર્થ વિચારતાં અનુભવથી અભેદ સિદ્ધ થાય છે. સામવેદના છાન્દોગ્ય ઉપનિષદના મહાવાકયમાં પણ અભેદજ કહ્યો છે. તે તત્ત્વમસિ મહાવાકયમાં તત્ ત્વમ્ અને અસિ એ ત્રણ પદ છે. તેનો અભેદ અર્થ મહાત્મા રામગુરૂ નીચેના દોહામાં સ્પષ્ટ રીતે સમજાવે છે કે–

तत्वं मठ घटाकाशवत्, असिपद महदाकाश ॥
वे उपाधि भाग त्याग करी पोते स्वयं प्रकाश ॥२९॥

હે શિષ્ય ! જેમ એકજ મહાકાશ મઠ ઉપાધિથી મઠાકાશ ને ઘટ ઉપાધિથી ઘટાકાશ કહેવાય છે તો પણ ઘટ મઠ બે ઉપાધિ વિના જે પૂર્ણ આકાશ છે તે તો મહાકાશ કહેવાય છે તેથી એકજ અદ્વિતીય તત્વમાં માયા ઉપાધિથી તત્પદનો અર્થ ઇશ્વર ને અવિદ્યા ઉપાધિથી તત્વંપદનો અર્થ જીવ એમ કહેવાય છે તો પણ એ ઉભય ઉપાધિઓને તજીને 'તે તું છે' એમ અસિપદથી બન્નેની એકતા જાણવાથી એક અદ્વિતીય બ્રહ્મસ્વરુપ જ સ્વયંસિદ્ધ હોય છે. ઇશ્વરમાં સમર્થપણું ને જીવમાં અસમર્થપણું એ માત્ર મોટી અને નાની ઉપાધિથી છે પણ સ્વરૂપમાં નથી. જેમ મઠમાં હજારો મણ અનાજ સમાય તથા હજારો માણસો રહી શકે ને ઘટમાં તો એક માણસ કે એક મણ અનાજ પણ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સમાઇ ન શકે તેથી મઠમાંને ઘટમાં મોટી નાની ઉપાધિથી મોટું નાનું સામર્થ્ય દેખાય છે પણ તે વિષે જે આકાશ છે તેમાં મોટા નાનાપણું કે સામર્થ્ય અસામર્થ્ય એવો કોઈ ભેદ નથી તેથી ઘટમાં તે મઠમાં મહાકાશ તો ભેદ રહિત એકજ છે, નોખું નથી તેમ તત્પદ તથા ત્વંપદનો લક્ષ્યાર્થરૂપ શુદ્ધ સચ્ચિદાનન્દ બ્રહ્મ એકજ છે તેમાં ભેદ નથી. આથી કલ્પિત એવી જીવ તથા ઇશ્વરની વાચ્યાર્થરૂપ જે બે અવિદ્યા ને માયા ઉપાધિ છે તેનો ભાગ ત્યાગ લક્ષણાથી ત્યાગ કરીને તું પોતે પ્રત્યગાત્મા જીવ ઇશ્વરનો શુદ્ધ લક્ષ્ય સ્વયં સ્વરૂપ છે એમ નિશ્ચય કર. હે ભ્રાત! એક જહતી, બીજી અજહતી અને ત્રીજી જહદજહતી એટલે ભાગ ત્યાગ લક્ષણા એમ ત્રણ પ્રકારની લક્ષણા વૃત્તિઓ છે. જ્યાં વાકયના પદોનો સમગ્ર અર્થ તજાય છે તેનું નામ જહતી લક્ષણા છે. જેમ गंगायां घोषः प्रतिवसति એ વાકયનો મુખ્યાર્થ 'ગંગામાં ગાયોનો નેસ વસે છે' એવો છે. હવે આ અર્થ તપાસતાં ગંગા નદીના પ્રવાહમાં ગાયોનો નેસ રહે એ સમ્ભવ નથી તેથી એ ગંગાપદના અર્થને તજીને ગંગાનદીના કાંઠાપર ગાયોનો નેસ રહે છે એમ લક્ષણા થાય છે. હવે આ લક્ષણા तत्त्वमसि મહાવાકયમાં ઘટતી નથી કારણ કે તે જહતી લક્ષણાથી મહાવાકયના પદના આખા

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વાચ્ય અર્થનો ત્યાગ થાય ને તેથી મહાવાકયથી જ્ઞેય ને શુદ્ધ ચૈતન્ય છે તેનો ત્યાગ થવાથી મહા અનર્થ થાય છે. સિદ્ધાન્તમાં તો પદના વાચ્યાર્થ રૂપ એક અંશને મેલીને લક્ષ્યાર્થ રૂપ એક અંશને ગ્રહણ કરવો છે તે જહતી લક્ષણાથી બનતું નથી માટે જહતી લક્ષણા ગ્રહણ ન કરવી. હવે બીજી અજહતી લક્ષણા છે ત્યાં સઘળા અર્થનું ગ્રહણ થાય છે ને કાંઇ ત્યાગ થતો નથી. જેમ શોણો ધાવતિ–લાલ દોડે છે' અહીં જેમ કેવળ લાલ ગુણને દોડવું ન ઘટે તેથી લાલ ગુણ જે વિષે છે એવો ઘોડો દોડે છે તેથી લાલ ગુણ અને લાલગુણ જેમાં છે તેવો ઘોડો એ આદિ તમામનું ત્યાં ગ્રહણ થાય છે. આ અજહતી લક્ષણા મહાવાકયમાં ન ઘટે કેમકે તેથી તો પદનો વાચ્યાર્થ તથા બીજો કોઇ અધિક અર્થ એમ બન્ને અંશનું ગ્રહણ થાય છે અને મહાવાકયમાં તો તત્ત્વપદના વાચ્યાર્થનો ત્યાગ કરીને કેવળ લક્ષ્યાર્થને ગ્રહણ કરવો છે તેથી ત્યાં ત્રીજી જહદ જહતિ ભાગ ત્યાગ લક્ષણા કરવી ઘટે છે. કેમકે सोऽयं शिवदत्तः–તે શિવદત્ત આ છે" હવે આ દ્રષ્ટાન્ત સ્પષ્ટ સમજાય તેવું સંક્ષિપ્ત આખ્યાન કહીએ છીએ કેઃ—

કોઇ શિવદત્ત નામનો મનુષ્ય કાશીયાત્રાર્થે ગયો ને તેને ત્યાં કાશીના રાજા સાથે મિત્રાચારી થઇ. ઘણાં

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

દહાડા ત્યાં રહ્યા પછી શિવદત્ત સ્વદેશમાં પાછો ફર્યો. ત્યાર પછી ઘણાં વર્ષો ગયા પછી કાશીનો રાજા તીવ્ર વૈરાગ્યથી રાજપાટ તજીને વિરક્તનો વેષ ધારણ કરીને તીર્થયાત્રા કરતો કરતો તે શિવદત્તનાજ ગામમાં આવી ચડયો ને દૈવયોગે કોઈ દેવાલયમાં આવીને બેઠો. શિવદત્ત તે મંદીરમાં દર્શનવાસ્તે આવ્યો ત્યારે તે વિરક્ત રાજાને જોઈને વિચારી રહ્યો કે " કાશીમાં મેં જે રાજા દીઠો હતો તે રાજા આ વિરક્ત વેષવાળો પુરૂષજ છે એમ મને દેખાય છે " પાછી મનમાં શંકા થઇ કે " તે રાજા તો મહાસમર્થ, હુકમવાળો, સત્તાવાળો, અપરાધીને શાસન કરનારો ને પાત્રને ગ્રામ ગીરાસ આપવામાં સ્વતંત્રતાવાળો છે તેમજ તે પવિત્ર ક્ષેત્રનો નિવાસી છે ને તે કાળમાં મેં દીઠો છે પણ આ પુરૂષમાં તો તેમાંનાં એક લક્ષણ નથી કેમકે આ તો ભિક્ષુક છે. અસમર્થ છે, પરાધીન છે, આ દેશ તથા આ કાળમાં દેખાય છે તેથી તે રાજા આ પુરૂષ છે એમ તો કેમ કહેવાય ? આવો મનમાં ભ્રમ થતાં ફરીવાર વિચારીને પાછાં રાજાના શરીરનાં ચિન્હો તપાસતાં ' તેજ રાજા આ છે ' એમ મનમાં પાકો નિશ્ચય કરીને તે વિરક્ત પુરૂષ સાથે વાતો કરતાં તથા કાશી જઇને આવેલાં ગામના અન્ય મનુષ્યોના કહ્યાથી તેને નિશ્ચય થયો કે જે કાશીરાજાને મેં દીઠો હતો તેજ આ પુરૂષ છે. અહીં

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તાત્પર્ય એવું છે કે–કાશીદેશ, કાશીના રાજ્યની સમૃદ્ધિ, તે સમયનું સામર્થ્ય, તે કાળ વિગેરે ઉપાધિવાળા રાજાની આ દેશ, અસમૃદ્ધિ, અસમર્થતા ને આ કાળવાળા આ પુરૂષ સાથે 'તે રાજા આ છે' એમ એકતા કરવા જાય તો તે ન બને વાસ્તે તે કાશી દેશ તથા રાજ્ય સમૃદ્ધિ આદિને તથા આ દેશ, આ કાળ ને અસમર્થતાદિકનો ત્યાગ કરીને 'તે કાશીમાં દીઠેલો રાજા આ પુરૂષ છે' એમ કેવળ તેના પિંડ માત્રની એકતા કરવામાં આવે તો કાંઈ વિરોધ ન આવે.* શંકરાચાર્યજી સ્વાત્મનિરૂપણમાં લક્ષણાવૃત્તિના પ્રકાર બતાવે છે.

આ પ્રમાણે મહાવાક્યમાં तत् त्वं असि એ ઠેકાણે तत्पद ઈશ્વર તેનું સામર્થ્ય, સર્વજ્ઞપણું, પરોક્ષપણું,

---

*निखिलमपि वाच्यमर्थं त्यक्त्वा वृत्तिस्तदन्वितेऽन्यार्थे। जहतीति लक्षणा स्याद् गङ्गायां घोष इति वदत्र ॥ वाच्यार्थ मत्यजन्त्या यस्या वृत्तेः प्रवृत्ति रन्यार्थे। इयमजहतीति कथिता शोणी धावति वदत्र न ग्राह्या ॥ जहदजहतीति सा स्याद्या वाच्यार्थैक देशमादादाय। बोधयति चैकदेशं सोयं द्विज इति वदा श्रयेदेनाम् ॥ सोऽयं द्विज इति वाक्यं त्यक्त्वा परोक्षापरोक्षदेशाद्यम्। द्विज मात्रलक्षकत्वात् कथयत्यैक्यं पदार्थयो रूभयोः ॥ तद्वत्तत्वमसीति त्यक्त्वा परोक्षा परोक्षक्षता दीनि। चिद्धस्तु लक्षयित्वा बोधयति स्पष्ट मसि पदे नैक्यम् ॥ श्रीशकर ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વિશ્વકર્ત્તાપણું, ઇત્યાદિ વાચ્યાર્થરૂપ ઉપાધિનો ત્યાગ કરીને તથા ત્વંપદ વાચ્ય જે જીવ તેનું અસમર્થપણું, અલ્પજ્ઞતા. પરીચ્છિન્નતા ઇત્યાદિ વાચ્યાર્થ રૂપ ઉપાધિનો ત્યાગ કરીને તત્પદનો લક્ષ્ય, અદ્વિતીય, પૂર્ણાનન્દ સર્વાત્મા અને ત્વંપદનો લક્ષ્ય, કુટસ્થ સાક્ષી, અસંગ સચ્ચિદાનન્દ, એ ઉભયની એકતા 'અસિ' પદે કરીને કરીએ તો કાંઇ બાધ આવતો નથી પણ વાચ્યાર્થ ઉપાધીને લઇને એકતા કરીએ તોજ બાધ આવે છે વાસ્તે તે વાચ્યાર્થ તજીને લક્ષ્યાર્થમાં બ્રહ્મ અને આત્માનો અભેદ સમજવો. મહાવાકય પણ લક્ષ્યાર્થમાંજ એકતાનું નિરૂપણ કરે છે. જેમ ડાંગર ખાંડીને તેમાંથી ફોતરાં કાઢીને ફોતરાંનો ત્યાગ થાય છે ને તેમાંથી શુદ્ધ તાંદુલ લઈ લેવાય છે ને તેથીજ તૃપ્તિ થાય છે પણ ફોતરાં કાઢયા વિના સમગ્ર ડાંગરનો જ ત્યાગ કરે તો તેથી ક્ષુધા મટતી નથી તેમજ વળી ફોતરાંને ચોખાથી નોખાં પાડયા વગર ખાઇએ તો ડાંગર ગળે ઉતરતી નથી તેથી તેમ કરાતું નથી પણ તાંદુલને નોખા પાડીને ફોતરાંનો ત્યાગ કરવાથી ને ચોખાનો ઉપયોગ લેવાથી તૃપ્તિ થાય છે તેમ જીવ ઇશ્વરમાંથી ભાગ ત્યાગ લક્ષણા વૃત્તિથી ઉપાધિ રૂપ વાચ્યાર્થનો ત્યાગ કરીને નિરૂપાધિક એક લક્ષ્યાર્થ ગ્રહણ કરવો તેથીજ મોક્ષ સુખ પ્રાપ્ત થાય છે. હે શિષ્ય !

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જીવ ઇશ્વરની વાચ્યરૂપ ઉપાધિનો વિસ્તાર આ પ્રમાણે છે.

तत् वद उपाधि माया कही,
त्वं पद अविद्या जान ॥
बे उपाधि दृश्य त्याग करी,
पोते शुद्ध भगवान् ॥३०॥

તત્પદ ઇશ્વરની વાચ્ય ઉપાધિ માયા કહેવાય છે એટલે માયારૂપ વિરાટ, હિરણ્ય ગર્ભ ને અવ્યાકૃત એત્રણ ઇશ્વરના દેહ તથા વૈશ્વાનર, સૂત્રાત્મ અને અન્તર્યામી એ ત્રણ ઇશ્વરના દેહના અભિમાની તથા ઉત્પત્તિ સ્થીતિ ને પ્રલય એ ત્રણ અવસ્થા આ સઘળી માયા ઉપાધિ તત્પદનો વાચ્યાર્થ કહેવાય છે. ત્વંપદ જીવનની અવિદ્યા ઉપાધિ છે એટલે કે સ્થુલ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહરૂપ પરિણામવાળી જીવની અવિદ્યા, તે ત્રણ દેહના વિશ્વ, તેજસ ને પ્રાજ્ઞ એ અભિમાની અને જાગ્રત્ સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણ ત્વંપદવાચ્ય જીવની અવસ્થા છે. આ સર્વ અવિદ્યા કલ્પિત ત્વંપદ જીવનો વાચ્યાર્થ જાણવો આ પ્રકારે તે અવિદ્યા તથા માયા એ બે વાચ્યાર્થરૂપ ઉપાધિ દૃશ્ય છે તેનો ત્યાગ કરીને તું પોતે આત્મા તત્પદને ત્વંપદ એ બે પદમાં એક લક્ષ્યાર્થ રૂપ શુદ્ધ ભગવાન છે એટલે કે ઉપાધિ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

રહિત સચ્ચિદાનન્દ બ્રહ્મરૂપ છે.× ગીતામાં પણ ભગવાને હે અર્જુન ! સઘળા ક્ષેત્રોમાં–દેહોમાં દેહ, પ્રાણ, મન, ઇન્દ્રિય, બુદ્ધિ વિગેરેનો જાણનારો જે ક્ષેત્રજ્ઞ શુદ્ધ જીવ તેને હું રૂપ જાણ " એમ અર્જુન પ્રતિ પોતા સાથે ક્ષેત્રજ્ઞનું એકપણું દર્શાવ્યું છે, તેમ ભાગવતમાં પણ× પુરંજનાખ્યાનમાં જીવને ઇશ્વર સાથે પોતાનું એકત્વજ્ઞાન દૃઢ થવા સારૂં ઇશ્વરે જીવને પોતા સાથે એકતાનો ઉપદેશ કરેલો છે, કે ' હે જીવ ! હું છું તે તું છે, મારાથી તું નોખો નથી. તું છે તેજ હું છું, એમ મારૂં તથા તારૂં એકપણું વિચારી જો. જ્ઞાનીજનો આપણા બે વિષે કિંચિત્ માત્ર પણ ભેદ દેખતા નથી, પણ જીવ ઇશ્વરને એકરૂપે જાણે છે. આ પ્રમાણે શ્રુતિ સ્મૃતિ આગમાદિમાં પ્રત્યગાત્માનો પરમાત્મા સાથે અભેદ નિરૂપણ કર્યો છે તે વાસ્તે હે શિષ્ય ! તારા આત્માને તું બ્રહ્મરૂપ જાણ. હે શિષ્ય ! જન્મ મરણ, ક્ષુધા, પિપાસા, શોક ને મોહ એ છ ઉર્મિઓથી રહિત બ્રહ્મ છે એમ શાસ્ત્રમાં કહ્યું છે તે સત્ય છે અને તે બ્રહ્મરૂપ તારો પ્રત્યગાત્મા છે. પ્રત્યગાત્માને દેહથી, પ્રાણથી, અને મનથી નોખો ન જાણીને દેહાદિકના ધર્મ આત્મામાં આરોપણ કરીને

---

*क्षेत्रज्ञंचमांविद्धि: * * अहंभवान्न चान्यस्त्वं त्वमेवाहं चिचिक्ष्च भौ। न नौ पश्यन्ति कवयश्छिद्रं जातु मनगपि ॥भागवत॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

મને જન્મમરણાદિક છે એમ તેં માની લીધેલું છે પણ તે તારા આત્મામાં નથી તેનું વિવેચન સહિત કથન કરૂં છું તે સાંભળ.

जन्म मरण देहने कही, क्षुधा पिपासा प्राण।
शोक मोह मननो धर्म, पोते ब्रह्म प्रमाण॥ ३१ ॥

હે ભ્રાત! જન્મ મરણ બે સ્થુલદેહમાં કહેલી ઉર્મિઓ છે તેથી સ્થુલદેહ મરે છે ને જન્મે છે ને તેનો દ્રષ્ટા આત્મા તું જન્મતો મરતો નથી. ક્ષુધાપિપાસા એટલે ભુખ તથા તરસ એ બે ઉર્મિઓ પ્રાણની છે કેમકે ક્ષુધાતૃષાથી પ્રાણ વ્યાકુલ થાય છે. અન્નજળ વગર પ્રાણ રહેતો નથી. તું પ્રાણોનો દ્રષ્ટા છે તેથી તે ક્ષુધાપિપાસા તારા વિષે નથી. શોક અને મોહ એ બે ઉર્મિઓ મનની છે કેમકે જાગ્રદવસ્થામાં તથા સ્વપ્નાવસ્થામાં મન છે તેથી મનમાં શોક મોહ પેદા થાય છે. તું મનનો દ્રષ્ટા છે તેથી હર્ષશોક તારામાં નથી. આમ છ ઉર્મિઓ રહિત તું પોતે આત્મા છે. આવો બોધ શ્રુતિપ્રમાણથી સિદ્ધ છે. યાજ્ઞવલ્કયમુનિ પ્રત્યે કહેલો પણ ઉપનિષદમાં કહ્યું છે કે, હે યાજ્ઞવલ્કય? સાક્ષાત્ અપરોક્ષ બ્રહ્મસ્વરૂપ આત્મા મને દેખાડો ત્યારે યાજ્ઞવલ્કયે ઉત્તર આપ્યો છે કે "આ અન્તઃકરણની

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વૃત્તિઓનો પ્રકાશક અપરોક્ષ તારો આત્મા સર્વાન્તર છે" આથી કહેલો ફરી પ્રશ્ન કરેલ છે કે "કયો સર્વાન્તર આત્મા?" ત્યારે યાજ્ઞવલ્કયે કહ્યું છે કે "ક્ષુધા, તૃષા, શોક, મોહ, જરા ને મૃત્યુ એ છ ઉર્મિઓથી રહિત સર્વાન્તર આત્મા જે છે તે તું છે" વાસ્તે હે શિષ્ય! તું આત્મા બ્રહ્મરૂપ છે, શુદ્ધ છે, કર્મના ફળરૂપ જે સુખઃદુખ છે તેનો તું ભોક્તા નથી, તેથી તું જીવનમુક્ત પણ છે. કર્મ કેટલા પ્રકારનાં છે? એ કર્મનો ભોક્તા કોણ? તેની નિઃશેષ નિવૃત્તિ કેમ થાય? ને જીવન્મુકત કોણ છે? એ પ્રશ્નના ઉત્તરમાં કહેવામાં આવે છે કે– કર્મો ત્રણ પ્રકારનાં છે. સંચિત, ક્રિયમાણ ને પ્રારબ્ધ. અનેક જન્મોમાં કરેલાં પુણ્યપાપાદિક કર્મો ભોગવ્યા વિના સંસ્કારરૂપ અજ્ઞાન સહિત સૂક્ષ્મદેહમાં રહ્યાં છે તેને સંચિત કહેવાય છે. વર્ત્તમાન શરીરથી જે કાંઇ નિત્યનૈમિત્તિક વિગેરે કર્મ થાય છે તેને ક્રિયમાણ કર્મો કહેવાય છે. હવે અનેક જન્મોમાં કરેલાં જે સંચિત કર્મો છે તેમાંથી ફળ આપવાને પ્રવૃત્ત થએલાં જે કર્મોમાંથી આ વર્તમાન શરીર ઘડાયું છે ને આજ શરીરમાં જે કર્મથી સુખદુઃખ આદિનો ભોગ થાય છે તેનો પ્રારબ્ધકર્મ કહેવાય છે. આ પ્રકારે ત્રણ પ્રકારનાં કર્મો છે તેમાં સંચિત કર્મનો આત્માના અપરોક્ષ જ્ઞાનાગ્નિએ કરીને નાશ થાય છે. કમલના પત્રને જેમ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જળનો લેપ થતો નથી તેમ અપરોક્ષ જ્ઞાનીને ક્રિયમાણ કર્મનો લેપ થતો નથી. કારણકે કાયિક, વાચિક ને માનસિક જે કર્મ થાય છે તેમાં હું કર્ત્તા એવું અભિમાન જ્ઞાનિ કરતો નથી તેથી ક્રિયામણ કર્મનો પણ જ્ઞાનાગ્નિથી નાશ થાય છે. શ્રુતિમાં પણ ઇષિકાના તૃણના દ્રષ્ટાન્તથી તેમ કહ્યું છે. ભગવાને ગીતામાં પણ યથૈધાંસિ સમિદોગ્નિ૦ એ શ્લોકથી પણ ક્રિયામણકર્મનો જ્ઞાનાગ્નીથી નાશ કહ્યો છે. આથી પરમાત્માના જ્ઞાનથી સંચિત તથા ક્રિયામણ કર્મોની નિવૃત્તિ થઈ જાય છે. બાકી રહ્યું જે પ્રારબ્ધકર્મ તેનો તો ભોગથીજ નાશ થાય છે એમ ×શંકરાચાર્યજી પણ કહે છે. આ પ્રારબ્ધકર્મ દેહના માથે છે ને તેનો હું દ્રષ્ટા, એભોકતા પરબ્રહ્મરૂપ છું એવો અનુભવ થવાથી જ્ઞાની જીવન્મુકત થાય છે. પ્રારબ્ધરૂપી પવનથી દેહરૂપી પત્ર ગમે ત્યાં ઘસડાયા કરે તેથી આત્મા તો નિઃસંગ ને નિર્દોષ છે. પ્રારબ્ધકર્મ છે તેથી જીવન્મુકિત એવી મોક્ષની એક સ્થીતિ વિશ્વકલ્યાણ માટે અલ્પકાળ જ્ઞાનીની દેખાય છે. મહાત્મા રામગુરૂ કહે છે કેઃ—

देहने माथे प्रारब्ध कर्म,
हुं पोते अभोक्ता परब्रह्म।

×प्रारब्ध वलवत्तरं खलुविदां भोगेन तस्यक्षयः॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

एम जे जाणे अनुभव युक्त,
तेने कहिए जीवन्मुक्त ॥ दर ॥

સંચિત, ક્રિયમાણ ને પ્રારબ્ધ એ ત્રણ પ્રકારનાં કર્મોમાંથી પ્રથમનાં બે કર્મોનો તો જ્ઞાનથી નાશ થાય છે ને બાકી રહેલું સુખદુઃખના ભોગરૂપ પ્રારબ્ધ કર્મ તે તો દેહના માથે છે. તેમાં સ્થુલદેહ છે તે ભોગાયતન છે, ઇન્દ્રિયો છે તે ભોગ ભોગવવાનું સાધન છે, ને ચિદાભાસ સહિત જે અન્તઃકરણ છે તે સુખદુઃખ ભોગરૂપ જે પ્રારબ્ધ કર્મ છે તેનું ભોક્તા છે. પ્રારબ્ધ કર્મ ભોગવ્યા વિના નિવૃત્ત થતું નથી. જ્ઞાનીનો કે અજ્ઞાનીનો દેહ ભોગપ્રદ પ્રારબ્ધથીજ થયો છે તો પણ જ્ઞાની દેહની કે દેહના ભોગની અપેક્ષા કરતો નથી. પરન્તુ જેમ કુંભારના ચાકડાને એકવાર હાથથી ફેરવીએ પછી પોતાની મેળે અમુક કાળ તે ચક્કર ફરે છે તેમ જ્ઞાનીનું પ્રારબ્ધ તેટલા વેગવાળું હોય છે. જેટલો કાળ પ્રારબ્ધવેગ હોય છે તેટલો કાળ જ્ઞાનીને દેહસહિત સુખદુઃખાદિક ભોગ અવશ્ય થવાનો છે તે ટળતો નથી. જેમ કોઇ મનુષ્યે વૃક્ષના પત્રમાં છિદ્ર પાડવા ધનુષ્ય ખેંચીને બાણ મારીને પાંદડું વીંધ્યું પણ તે પત્રમાં છિદ્ર પડયા પછી તે મનુષ્યના મનમાં એમ થયું કે તે બાણ હવે લાંબું ન જાય તો ઠીક પણ તેમ થતું નથી કેમકે વેગના પ્રમાણમાં બાણ લાંબુ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જવાનું છે અને વેગ થઇ રહ્યા પછીજ તે બાણ પૃથ્વી પર પડવાનું છે. હાથથી છુટેલા બાણને રોકવાને સમર્થ સ્વતંત્ર પુરૂષ છતાં સમર્થ નથી તેમ જ્ઞાની પોતાનાં સંચિત તથા ક્રિયમાણ કર્મોને જ્ઞાનગ્નિથી બાળવામાં સમર્થ છતાં ભોગ આપવાને પ્રવૃત્ત થયેલાં પારબ્ધને છુટેલાં બાણની પેઠે રોકી શકતો નથી. જ્ઞાન અજ્ઞાનનું વિરોધી છે ને સંચિત ક્રિયમાણ કર્મનું વિરોધી છે, પણ પ્રારબ્ધકર્મનું વિરોધી નથી. જો પ્રારબ્ધકર્મનું વિરોધી જ્ઞાન હોય તો જેવું જ્ઞાન થાય કે તરતજ પ્રારબ્ધનો નાશ થાય ને તેથી જ્ઞાનીનો પ્રારબ્ધથી બંધાયેલો દેહ પણ તેજ સમયે નાશ પામી જાય પણ તેમ બનતું ન હોવાથી પ્રારબ્ધનું જ્ઞાન કાંઇ વિરોધી નથી એમ સિદ્ધ થાય છે. યુક્તિથી પણ એમજ દેખાય છે. જ્ઞાનોપદેષ્ટા ગુરૂ જ્ઞાની છે કે અજ્ઞાની છે? જો અજ્ઞાની કહીએ તો અજ્ઞાની ગુરૂ જ્ઞાનનો ઉપદેશ ન કરી શકે ને જ્ઞાની કહીએ તો જ્ઞાની ગુરૂને જે જ્ઞાનનો ઉપદેશ કરવો તે દેહના સમ્બન્ધ વગર તો ન જ બને અને દેહની સ્થીતિ તો પ્રારબ્ધકર્મ વિના સમ્ભવતી નથી. આથી પ્રારબ્ધકર્મ સહિત જ્ઞાની ગુરૂનો દેહ રહ્યો છેજ તો તે ગુરૂ જ્ઞાનોપદેશ કરે છે. આથી જ્ઞાન પ્રારબ્ધનું વિરોધિ નથી અને જો વિરોધિ છે એમ કહીએ તો જે કાળે ગુરૂને

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જ્ઞાન થયું તેજ કાળે ગુરૂના પ્રારબ્ધકર્મનો નાશ થવો જોઇએ ને તેથી ગુરૂના દેહનો પણ નાશ જ થવો જોઇએ ને તેમ થાય ત્યારે ગુરૂના અભાવથી જ્ઞાનના સમ્પ્રદાયનોજ ઉચ્છેદ થઈ જાય એ મહા વિરોધ આવે. આથી જ્ઞાન પ્રારબ્ધકર્મનો નાશ કરતું નથી એ માન્યતા ઠીક છે. ઉદ્દાલક, વશિષ્ઠ, પરાશર, વીતહવ્ય, વેદવ્યાસ, શુકદેવ, આદિ અદ્વૈતજ્ઞાનનિષ્ઠ જ્ઞાની ગુરૂઓ જ્ઞાનસમ્પ્રદાય પ્રવર્ત્તકો ઘણા થયા છે તેમજ જનક, ભગીરથ, શિખરધ્વજ આદિ મહારાજાઓ પણ અદ્વૈત જ્ઞાનથી જીવન્મુક્ત થયેલા છે એ વાત શ્રુતિથી પણ સિદ્ધ છે તેથી પ્રારબ્ધકર્મનો જ્ઞાનથી નાશ થતો હોય તો તેવા મુનિઓ ને રાજાઓની જીવન્મુક્તિ કહી છે તે ન સમ્ભવે. સર્વજ્ઞ ભાષ્યકારે જીવન્મુકિતનો સ્વીકાર નથી કર્યો ત્યાં તેમજ क्षीयन्ते चास्य कर्माणि तस्मिन दृष्टे परावरे એ વચનોમાં રહસ્ય જુદું જ છે જે દર્શાવવાં અહીં સ્થળ સંકોચ છે. વિશેષમાંજી શ્રીરામચન્દ્ર યુધિષ્ઠરાદિ સમર્થોને પણ જ્ઞાન છતાં પ્રારબ્ધકર્મનું ફળ અવશ્ય ભોગવવું પડ્યું છે તે વાત રામાયણ નેં મહાભારત આદિમાં સુપ્રસિદ્ધ છે. આથી જ્ઞાની કે અજ્ઞાની ગમે તે હોય તો પણ દેહનું પ્રારબ્ધકર્મ

---

*अवश्यं भावी भावानां प्रतीकारो भवेद्यादी। तदा दुःखैर्न लीप्येरन् नळराम युधीष्ठीराः॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ભોગવ્યા વિના નિવૃત્ત થતું નથી. બીજાં સંચિત આદિ કર્મો જ્ઞાનાગ્નિથી નાશ પામે છે. અહીં શ્રુતિના અર્થવાદરૂપ પ્રામાણિક પુરૂષનાં વચનો છે કે* પ્રારબ્ધ કર્મ ભોગવવાથી જ નાશ પામે છે. તત્વબોધમાં શંકરાચાર્યજીએ પણ જ્ઞાનીના સંચિત કર્મોનો જ્ઞાનથી નાશ કહ્યો છે, ક્રિયામણ કર્મો કે જેના પાપકર્મ ને પુણ્ય કર્મ એવા બે ભેદ છે તેમાંથી જ્ઞાનીનાં પાપકર્મ જ્ઞાનીનો દ્વેષ કરનારાના માથે જાય છે ને પુણ્યકર્મો જ્ઞાનીની સ્તુતિ કરનારાઓ લઇ જાય છે તેથી પુણ્ય પાપરૂપ ક્રિયમાણ કર્મો રહિત જ્ઞાની જ્ઞાનાગ્નિથી સંચિત કર્મોને માત્ર પ્રારબ્ધકર્મના ભોગપર્યન્ત જીવનમુક્ત દશામાં રહી લોકોપકાર કરે છે. શ્રુતિ પણ આમ કહે છે. આટલા વાસ્તે સુખદુઃખ આદિ ભોગ જે પ્રારબ્ધ કર્મના ફળરૂપ છે તેનો ભોક્તા આ દેહ છે પણ હું તો અભોક્તા પરબ્રહ્મ છું, આથી 'હું દેહ છું' એવી બુદ્ધિ તજીને હું આત્મા બ્રહ્મરૂપ છું એમ નિશ્ચય કરવો કારણ કે 'હું દેહ' એવી માન્યતા દોષ રૂપ છે ને 'હું આત્મા છું' એવી માન્યતા–અનુભવ તો મહાપુણ્યરૂપ છે એમ મહાત્મા રામગુરૂ કહે છે કે—

---

*प्रारब्धं भोगतो नश्येत् शेषं ज्ञानेन दह्यते। शरीरं त्वितरत् कर्मात् द्वेष प्रीयवादीनौ : ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

देहने हुं जे कोइ, महादोषी कहोए सोई।
आत्मबुद्धि जेने भाई, महापुण्य जाणीयताई ॥३३॥

જે કોઈ મનુષ્ય આ દેહ છે તેજ હું છું એમ માને છે તે મહાદોષી છે-પાપી છે કેમકે શ્રુતિમાં પણ કહ્યું છે કે-नानृतात्पातकंपरं-અસત્ય ભાષણથી બીજું કોઇ મહા પાપ નથી. આ ન્યાયથી દેહને આત્મા કહેનારો અસત્યવાદી છે કેમકે દેહ તો પંચભૂતનું કાર્ય છે ને આત્મા તો પંચભૂતનું કારણ છે. દેહ તો દૃશ્ય, વિકારી, જડ, અનિત્ય, પરિચ્છિન્ન અને સાવયવ છે ને આત્મા તો દ્રષ્ટા, અવિકારી, ચેતન, નિત્ય, જ્ઞાનસ્વરૂપ, પરિપૂર્ણ ને નિરવયવ છે. દેહ અને આત્માનાં વિલક્ષણપણાનું પ્રતિપાદન અપરોક્ષાનુભુતિમાં ઉત્તમ પ્રકારથી શંકર ભગવાને કર્યું છે. વાતપિત્ત કફના સંયોગથી મહાદોષ ત્રિદોષ એટલે સન્નિપાત થાય છે ને તે મૃત્યુને વશ કરી દે છે તેમ દેહાભિમાની પણ સન્નિપાતીના જેવોજ રોગી છે એમ માનવું. ભગવાને ઓદ્ધવજી પ્રતિ ભાગવતમાં એકાદશ સ્કન્ધમાં કહ્યું છે કે, અહંતા અને મમતારૂપ જે બુદ્ધિ છે તેને સન્નિપાત સમજવો. એટલે કે સત્વગુણ, રજોગુણ ને તમોગુણના કાર્યમાં જે અહંતા ને મમતા છે તે સન્નિપાત સદૃશજ છે અને એવો સન્નિપાત જેને છે તે સર્વદા જન્મમરણને વશ થયા કરે છે. એ જન્મમૃત્યુરૂપ મહારોગ તેને મટ-

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તોજ નથી. જે મનુષ્ય બ્રહ્મનિષ્ઠ સદ્ગુરૂના સંગથી 'હું સચ્ચિદાનન્દ બ્રહ્મરૂપ આત્મા છું' એમ અનુભવ પૂર્વક જાણે છે તેજ પુરૂષ મહા ભાગ્યશાળી છે, બ્રહ્મ વિચારનું માહાત્મ્ય ×સિદ્ધાન્ત મુક્તાવલિમાં બતાવ્યું છે. ક્ષણમાત્રના બ્રહ્મવિચારનું જયારે આવું ફળ છે ત્યારે સર્વદા 'હું બ્રહ્મરૂપ આત્મા છું'" એમ જેની બુદ્ધિ બ્રહ્માકાર થઇ છે તેનાં મહાપુણ્યની તો ગણનાજ નથી. અહીં પુરાણ વચનો પણ સાક્ષી આપે છે વાસ્તે બ્રહ્મ વિચાર કર્ત્તવ્યરૂપ છે. આ પ્રમાણે આત્મબુદ્ધિ મહા પુણ્ય રૂપ છે એમ પ્રતિપાદન કર્યું અને હવે શુદ્ધ જ્ઞાન રૂપ એક દેવ સર્વ મનુષ્યોના મનના સાક્ષી રૂપે રહેલો છે એમ જાણીને બન્ધનનું કારણ રૂપ જે ભેદબુદ્ધિ તેનો ત્યાગ કરવો, મહાત્મા રામયુરૂ કહે છે કે—

જેને તું કહે છે દેવ, તું તે ચૈતન્ય સ્વયમેવ ॥
બીજો દેવ માને જે કોઇ, એજ બન્ધન તેને હોઈ ॥૩૮॥

જેને તું દેવ ચૈતન્ય સ્વયંપ્રકાશ કહે છે તે દેવ

---

* स्नातं तेन समस्त तीर्थ सलिले दत्तापि सर्वावनिर्यज्ञानां च कृतं सहस्र मखिला देवाश्च सम्पूजिताः। संसाराश्च समुद्रभृताः स्वपितर स्त्रैलोक्य पूज्योप्यसौ यस्य ब्रह्म विचारणे क्षणमपि स्थैर्यं मनः प्राप्नु यात्॥ देहात्मबुद्धिजं पापं न तदगोवध कोटीभिः। आत्मा हं बुद्धिजं पुण्यं न भूतं न भविष्यती ॥१॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તું ચૈતન્યરૂપ સ્વયમેવ છે અને તે ચતન્યરૂપ સ્વયં-પ્રકાશ દેવ પ્રાણીમાત્રમાં એકજ આત્મારૂપ છે વાસ્તે ચૈતન્યરૂપ દેવ હું છું એમ જાણવું અને અજ્ઞાને કરી જે ચૈતન્યરૂપ આત્મદેવને વિસરીને હું દેહ છું એમ માનીને તે ચૈતન્યરૂપ દેવ મારાથી કોઈ અળગો છે એમ જે કોઇ માને છે તે ભેદ માનનાર અજ્ઞાનીને એ ભેદ માનવો એજ બન્ધનનો હેતુ થાય છે. શ્રુતિમાં પણ કહ્યું છે કે—" જે પુરૂષ હું અન્ય છું ને દેવતા મારાથી અન્ય છે એમ માનીને અન્ય દેવતાને ઉપાસે છે તે પુરૂષ અદ્વિતીય બ્રહ્મને જાણતો નથી તેથી તે પુરૂષ દેવોના પશુતુલ્ય છે. જે મનુષ્ય અદ્વૈત બ્રહ્મમાં ભેદબુદ્ધિ કરે છે તે પુરૂષ વારંવાર મૃત્યુને પામે છે." દેવ તો એકજ એમ ગુરૂ શાસ્ત્ર દ્વારા જાણીને અભેદ બુદ્ધિ કરવી. *સ્મૃતિમાં ગુરૂ શિષ્યના સંવાદથી સર્વના મનનો સાક્ષી એકજ દેવ છે એમ કહ્યું છે. કોઇ શિષ્યે ગુરૂને પૂછયું કે હે મહારાજ! દેવને જાણવાથી સઘળાં બન્ધનની નિવૃત્તિ થાય છે એમ શ્રુતિ કહે છે તો તે દેવ કોણ છે. ગુરૂએ कोदेवः ના ઉત્તરમાં કહ્યું કે यो मनः साक्षी—જે મનનો જાણનાર તેજ દેવ. ગુરૂના ઉત્તરથી શિષ્ય વિચારી રહ્યો કે મારા મનને

* कोदेवो यो मनः साक्षी मनो मे दृश्यते मया! तर्हि देवस्त्वमेवासि एको देव इती श्रुतेः

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કોઇ જાણતું હશે ? શું ઇંદ્રાદિક દેવો જાણતા હશે કે બીજો કોઇ જાણતો હશે? શિષ્યે પછી કોઈ બુદ્ધિમાન મનુષ્યને વાત કરી જોઇ કે 'હે દયાળુ ! મારા મનને કોણ જાણતું હશે ? તે પુરૂષે ઉત્તર આપ્યો કે ' ભાઇ ! તારા મનને તો તું જાણે" આવા પ્રકારે ઉત્તર મળ્યો પણ તેમાં સંતોષ ન થતાં ઘણા માણસોને તે શિષ્યે પૂછી જોયું તો એનો એ જવાબ મળતાં એકાન્તમાં બેસી વિચારવા લાગ્યો કે ' હું મનનો સાક્ષી છું કે નહિ " વિચાર કરતાં એમ જણાયું કે સંકલ્પવિકલ્પ કરવો કે સુખદુઃખ ભોગવવાં એ મનનો ધર્મ છે. બહારના પદાર્થોમાં ગમનાગમન કરવું એ પણ મનનો ધર્મ છે તેથી મનના ધર્મોને હું જાણનાર છું તેથી મનનો સાક્ષી તો હું છું અને વળી મારૂં મન બીજી વાતમાં હતુ તેથી તમારી વાત સાંભળી નથી અથવા તો મારૂં મન આજ ઉદાસ છે એમ મનને તો હું સર્વ પ્રકારે જાણું છું તેમજ વળી મનની સ્થિરતાને કે ચંચળતાને, જાગ્રતમાં સંકલ્પવિકલ્પથી મનમાં વિષયો સ્ફુરે છે તેને તથા સુષુપ્તિમાં મનની વૃત્તિઓના અભાવને જાણવાવાળો હું પ્રકાશક છું જેથી હું ચોક્કસ મનનો સાક્ષી છું. આમ નિશ્ચય થતાં તે શિષ્યે ગુરૂ પાસે જઇને કહ્યું કે મનો મે દૃશ્યતે મયા—હે નાથ ! "મારા મનને તો હું જાણું છું" ગુરૂએ કહ્યું "ત્યારે દેવ તું જ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

છે અર્થાત્ પ્રત્યક ચૈતન્ય સ્વયંપ્રકાશ દેવરૂપ સાક્ષી આત્મા તું છે. આ પ્રમાણે સ્મૃતિના શ્લોકના ત્રણે પાદથી મનનો સાક્ષી આત્મા અને તે દેવરૂપ છે એમ નિશ્ચય થયો ને હવે તેજ સ્મૃતિના ચોથા પાદથી એ દેવ એક છે ને સર્વભુતમાં છે એ વિષે શ્વેતાશ્વતર ઉપનિષદનિ શ્રુતિનું પ્રમાણ કહે છે 'एकोदेव इति श्रुते.' બ્રહ્માથી માંડીને કીડીપર્યન્ત સર્વ ભુતો વિષે સ્વયંપ્રકાશ ચૈતન્યરૂપએક અદ્વિતીય છે તથાપિ વિચારહીન અજ્ઞાનીને અજ્ઞાનજન્ય આવરણથી દેહાભિમાનને લઈને તે દેવ અપરોક્ષ રૂપ જાણવામાં આવતો નથી તેથી તેને ગુઢ કહ્યો છે ને એ દેવ સર્વવ્યાપક સર્વ ભુતાન્તરાત્મા પુણ્યાપુણ્યરૂપ કર્મ ફળપ્રદાતા ને પૃથ્વીઆદિ સર્વ ભુતોનો અધિષ્ઠાન, પ્રાણી માત્રમાં સાક્ષી દ્રષ્ટા ચૈતન્યસ્વરૂપ છે તે વસ્તુતાથી નિષ્પ્રપંચ નિર્વિકલ્પ છે તથા તે દેવ સત્વાદિ જ્ઞાનાદિ ગુણ રહિત કેવળ નિર્ગુણ છે વાસ્તે હે શિષ્ય ! મન બુદ્ધિનો સાક્ષી જે આત્મા તેજ દેવ છે. યોગવાસિષ્ઠમાં આત્મ દેવની પૂજા વિધિ વિસ્તારથી કહી છે. એ દેવ મારાથી બીજો છે એમ ભેદબુદ્ધિ તજી દેવી કેમકે દ્વૈત માનવાથી ભય થાય છે એમ શ્રુતિમાં કહ્યું છે. ભાગવતમાં પણ કહ્યું છે કે भय द्वितीयाभिनिवेशतः स्यात् દ્વૈતમાં આગ્રહ કરવાથી જન્મમરણાદિ ભય પ્રાપ્ત થાય છે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આ પ્રમાણે સ્વયંપ્રકાશ રૂપ ચૈતન્ય દેવનું નિરૂપણ થાય છે ને હવે અમાનિત્વાદિ જ્ઞાનનાં ઉત્તમ સાધનો સમ્પાદન કરીને મહાવાકયના અખંડાર્થને લક્ષ્યાર્થને એટલે અભેદાર્થને ગુઢ ઉપદેશપૂર્વક હૃદયમાં ધારણ કરીને મનનથી ને નિદિધ્યાસનેથી હું નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુકત, પ્રત્યક, એકરસ, સચ્ચિદાનન્દ બ્રહ્મરૂપ છું એવા અનુભવથી નિર્વિકલ્પ નિષ્ક્રિય આત્માનો જેને ચમત્કાર થયેલો છે તે પુરૂષને તો જ્ઞાનામૃતેન તૃપ્તસ્ય કૃત્યકૃત્યશ્ચ દેહિનઃ નૈવાસ્તિ કિંચિત્ કર્ત્તવ્યં એ વચનો પ્રમાણે કાંઈ કર્ત્તવ્ય છે નહિં કારણ કે નિઃસ્ત્રૈગુણ્ય-ના પંથમાં વિચરનારા મહાજ્ઞાની પરમહંસને વિધિ નિષેધનાં બન્ધનો સ્વભાવથીજ છુટી જાય છે. હવે જે પુરૂષ મોક્ષેચ્છાથી શ્રવણાદિકમાં પ્રવૃત્ત છે પણ તેની વૃત્તિ બાહ્ય વિષયોના સંકલ્પથી ચલિત છે તેથી અપરોક્ષ અદ્વિતીય આત્માના અનુસન્ધાનમાં દૃઢ નિષ્ઠાવાન થતી નથી તે મુમુક્ષુને બાહ્ય વિષયોના સંક-લ્પોની નિવૃત્તિપૂર્વક મનની વૃત્તિને સ્થિરતા થવા તથા અદ્વિતીય આત્માનો અપરોક્ષ બોધ થઈને જીવન-મુકિત થઈને વિદેહમુકિત થવા માટે સમાધિના અભ્યાસની આવશ્યકતા હોવાથી મહાત્મા રામગુરૂ કહે છે કે—

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

प्रथम वृत्ति त्याग करी, वीजी उठवा न दइए ।
वचमां निर्विकल्प दशानो, अभ्यास करता रहिए ॥ ३५॥

હું દેહ છું, કર્તાભોકતા છું એ વૃત્તિ કે શબ્દાદિ વિષયોના સ્મરણવાળી વૃત્તિનો પરિત્યાગ કરીને બીજી વૃત્તિ એટલે એવા પ્રકારની અહંતામમતારૂપ વિષયાત્મક વૃત્તિને ફરીવાર ઉત્પન્ન થવા ન દેવી અને એક વૃત્તિ ઉઠે ને પાછી બીજી વૃત્તિ ઉઠે તે બન્નેની મધ્યમાં કલ્પના રહિત પોતાનાં સ્વયંપ્રકાશ સ્વરૂપમાં સ્થીતિરૂપ દશાનો અભ્યાસ કરવો. તાત્પર્ય પ્રથમ સવિકલ્પ સમાધિનો અભ્યાસ કરીને પછી નિર્વિકલ્પ સમાધિનો અભ્યાસ નિત્ય નિરન્તર કર્યા કરવો. સમાધિ બે પ્રકારની છે. એક સવિકલ્પ અને બીજી નિર્વિકલ્પ. સવિકલ્પ સમાધિ બે પ્રકારની છે. એક દૃશ્યાનુવિદ્ધ ને બીજી શબ્દાનુવિદ્ધ, અંતઃકરણમાં કામ, ક્રોધ, સંકલ્પ, ચિકિત્સા, શ્રદ્ધા, અશ્રદ્ધા, ધૈર્ય, અધૈર્ય, લજ્જા ભય આદિ જે જે કેટલીક સાત્વિક આદિ વૃત્તિઓ ઉઠે છે તે સઘળી દ્રશ્ય છે અને તે સૌ વૃત્તિઓનો હું દ્રષ્ટા સાક્ષી ચેતનેરૂપ છું એવાં અનુસંધાનથી સદા આત્માનો દૃઢ અનુભવ કરવો તેને દૃશ્યાનુવિદ્ધ સવિકલ્પ સમાધિ કહે છે. હું અસંગ છું અર્થાત્ દેહેન્દ્રિય અંતઃકરણ આદિમાં હું છું ને મને તેનો સંગ નથી. જેમ આકાશ સર્વ વસ્તુમાં હોવાછતાં

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

લેપાયમાન થતું નથી તેમ હું પણ સર્વમાં હોવા છતાં નિર્લેપ છું. હું સર્વદા સચ્ચિદાનંદરૂપ છું એટલે જાગ્રદાદિ અવસ્થામાં હોવાથી સત્ છે, એ અવસ્થાઓને જાણું છું તેથી ચિત્ છું તથા પરમપ્રેમનું આસ્પદ છું તેથી આનંદ છું. હું પોતે સહજ પ્રકાશરૂપ છું પણ મને કોઇ પ્રકાશ કરતું નથી. આથી હું સ્વયંપ્રકાશ છું. હું દ્વત રહિત છું એટલે મારા સ્વરૂપમાં દ્વતપ્રપંચનો સંબંધ નથી કેમકે તે સમગ્ર દ્વૈત પ્રપંચ કલ્પિત છે. આ રીતે હું અસંગ, સત્, ચૈતન્ય, આનંદ ને સ્વયંપ્રકાશરૂપ છું એમ શબ્દોચારપૂર્વક આત્મામાં ઉકત વિશેષણોનો અનુભવ કરવો તેને શબ્દાનુવિદ્ધ સવિકલ્પ સમાધિ કહે છે, આ પ્રકારે દશ્યાનુવિદ્ધ તથા શબ્દાનુવિદ્ધ એ બે સમાધિનો સમ્યક પ્રકારે અભ્યાસ કર્યા પછી જ્યારે અંતઃકરણમાં આનંદરૂપ આત્માના જ્ઞાનાનંદના અનુભવના આવેશથી કામ સંકલ્પ આદિ દશ્ય વૃત્તિઓનું અનુસંધાન તજી દઇને તેમજ હું અસંગ છું ઇત્યાદિ શબ્દોને પણ તજી દઇને કેવળ સંકલ્પ રહિત તૃષ્ણારૂપ-માનરૂપ સ્થીતિ તેને નિર્વિકલ્પ સમાધિ કહે છે. જેમ વાયુ વગરની જગ્યામાં દિપક નિશ્ચળ રહે છે તેમ નિર્વિકલ્પ અભ્યાસ કરવાવાળા મનુષ્યનું ચિત્ત નિશ્ચળ રહે છે તેથી નિર્વિકલ્પ સમાધિમાં કાંઇપણ દ્વૈતપ્રપંચ દેખાતો

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

નથી. આથી નિર્વિકલ્પ ચૈતન્યરૂપ આત્માનો સ્પષ્ટ અનુભવ થાય છે. શ્રીશંકરાચાર્યજી કહે છે કે ×મનમાં પ્રથમના જે નાના પ્રકારના વિકલ્પ છે તે બધા ટળી જાય ને જ્યાં સુધી બીજો કોઇ પણ પ્રકારનો વિકલ્પ ઉત્પન્ન થાય નહીં ત્યાં સુધી નિર્વિકલ્પ એક સ્વયં-પ્રકાશ ચૈતન્ય દેખાય છે, જ્યારે મનમાં કોઇપણ વિકલ્પરૂપ વૃત્તિ જાગતી નથી ત્યારે સર્વ વિકલ્પના અભાવનો પ્રકાશક ચૈતન્ય રૂપ નિર્વિકલ્પ જે આત્મા છે તેનો સ્પષ્ટ અનુભવ થાય છે. તે વેળાએ વૃત્તિ પણ કેવળ સુખાકાર નિર્વિકલ્પ થાય છે. ત્યારે કોઇપણ વિક્ષેપ પ્રતીત થતો નથી. તે નિર્વિકલ્પવૃત્તિ થવા સારૂં અભ્યાસ કરવો યોગ્ય છે અને તેથી એમ જણાય છે કે–જેટલા વિકલ્પો છે, તે બધા અંતઃકરણમાં રહ્યા છે તથા આત્મા છે તે સ્વભાવેજ નિર્વિકલ્પ છે. એ કાંઇ અંતઃકરણના વિકલ્પોથી સવિકલ્પ થતો નથી પરંતુ તે નિર્વિકલ્પ આત્માનો સદ્ગુરૂના ઉપદેશથી, વેદાંત શાસ્ત્રથી ને નિર્વિકલ્પ સમાધિના અભ્યાસથી જેને બોધ નથી થયો તેને આત્મા વિકલ્પવાળો છે એમ ભ્રાંતિ થાય છે તેથી

× नष्टे पूर्वं विकल्पे तु चावदन्यस्य नोदयः ॥ निर्विकल्प चैतन्यं स्पष्ट तावद्विभासते ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ભ્રમની નિવૃત્તિ વાસ્તે બ્રહ્મનિષ્ઠાગુરૂના શરણે જઇ વેદાંતશાસ્ત્રનું શ્રવણ મનન કરી નિદિધ્યાસનદ્વારા 'હું આત્મા નિર્વિકલ્પ છું એવો દૃઢ અનુભવ થવા માટે સમાધિનો અભ્યાસ કરવો. ઉત્તમ અધિકારીને જે સાધનો પોતાની સ્ત્રી મૈત્રેયીને યાજ્ઞવલ્કયે ઉપદેશ્યાં છે તે સાધનો મહાત્મા રામગુરૂ કહે છે કેઃ-

श्रवण मनन निदिध्यासन करी,
करीए साक्षात्कार ।
सच्चिदानन्द ब्रह्म हुं,
कहे छे बेद पुकार ॥ ३६ ॥

પ્રથમ વેદાંત શાસ્ત્રનું શ્રવણ કરવું. છ પ્રકારનાં *લિંગદ્વારા વેદાંત વાકયોનો અદ્વિતીય બ્રહ્મમાં જે

---

*ઉપક્રમોપસંહાર, અભ્યાસ, અપૂર્વતા, ફળ, અર્થવાદ ને ઉત્પત્તિ એ છ લિંગ કહેવાય છે તેમાં--

૧ પ્રકરણ પ્રતિપાદ્ય અર્થનું પ્રકરણના આદિ અંતમાં જે પ્રતિપાદન કરવું તે ઉપક્રમ ઉપસંહાર છે જેમ છાન્દોગ્ય શ્રુતિમાં છઠ્ઠા અધ્યાયમાં પ્રકરણથી પ્રતિપાદ્ય જે એક અદ્વિતીય સ્વગત, સજાતીય વિજાતીય ભેદ રહિત બ્રહ્મવસ્તુ તેનું પ્રકરણના આરંભમાં પ્રતિપાદન કરીને પ્રકરણનિ અંતમાં પણ આ સઘળું જગત્ આત્મરૂપ છે એમ ઉપસંહાર કરેલ છે.

૨ પ્રકરણથી પ્રતિપાદ્ય જે અદ્વિતીય બ્રહ્મ વસ્તુ તેનું

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તાત્પર્ય તેનું નામ શ્રવણ કહેવાય છે. શ્રવણ કરેલ જે

પ્રકરણમાં ફરી ફરી પ્રતિપાદન કરવું તે અભ્યાસ, જેમ છાન્દોગ્ય શ્રુતિમાં ઉદ્દાલકમુનિએ પોતાના પુત્ર શ્વેતકેતૂને 'તત્વમસિ' તે તું છે" એ વાકયનો અનેક દ્રષ્ટાંતોથી નવ વાર ઉપદેશ કરેલ છે તેમ. આનું નામ અભ્યાસ છે.

૩ પ્રકરણથી પ્રતિપાદિત જે અદ્વિતીય આત્મવસ્તુ તેનું બીજાં પ્રમાણોથી જે અવિષયી કરણ-પ્રતિપાદન ન થવું તેનું નામ અપૂર્વતા. જેમ ઉપનિષદમાં શ્રુતિ વિના અન્ય પ્રમાણોથી બ્રહ્મનું અગમ્યપણું કહ્યું છે તેમ અથવા સ્વયંપ્રકાશરૂપ બ્રહ્મ પોતેજ પ્રમાણોનું પ્રકાંશક હોવાથી તે તે અન્ય પ્રમાણની અપેક્ષા નથી.

૪ પ્રકરણે પ્રતિપાદ્ય કરેલું જે આત્મજ્ઞાન તેનું અથવા તો આત્મજ્ઞાનના સાધનરૂપ શ્રવણાદિકના અનુષ્ઠાનનું તે તે સ્થળે શ્રુતિમાં સાંભળવામાં આવેલું જે પ્રયોજન તેનું નામ ફળ છે તે જેમ "બ્રહ્મનિષ્ઠ આચાર્યના ઉપદેશથી પુરૂષ આત્માને જાણે છે." "બ્રહ્મનો જાણનાર બ્રહ્મરૂપજ છે" "અત્મતત્ત્વતો જ્ઞાતા શોકને તરે છે" એમ ગુરૂદ્વારા શ્રવણાદિક સાધનથી કહેલું જે જ્ઞાનપ્રાપ્તિરૂપ પ્રયોજન ને તે જ્ઞાનથી કહેવામાં આવેલી જે મોક્ષની પ્રાપ્તિ તેને ફળ કહેવાય છ.

૫ પ્રકરણથી પ્રતિપાદ્ય જે અદ્વિતીય બ્રહ્મરૂપ તેની તે તે સ્થળે કરવામાં આવતી જે સ્તુતિ તેને અર્થવાદ કહેવાય છે. જેમ છાન્દોગ્યશ્રુતિમાં કહ્યું છે કે-સમગ્ર

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અદ્વિતીય બ્રહ્મવસ્તુ તેમાં અસંભાવનાની નિવૃત્તિ થવા માટે વેદાંતાનુસાર યુક્તિઓથી, જે ચિંતન તેને મનન કહેવાય છે. હું દેહત્રય નથી, હું જાડો, પાતળો, લાંબો, ટુંકો નથી, હું બ્રાહ્મણાદિ વર્ણ નથી, માટે બ્રહ્મચર્યઆદિ આશ્રમ નથી" એમ જે વિજાતીય પ્રત્યયના તિરસ્કારપૂર્વક હું પ્રત્યગાત્મા દ્રષ્ટા, સાક્ષી, સચ્ચિદાનંદ, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, અજન્મા, અજર, અમર, અક્રિય, અસંગ, અદ્વિતીય, બ્રહ્મરૂપ છું એમ જે સજાતીય પ્રત્યયનો પ્રવાહ તેને નિદિધ્યાસન કહેવાય છે. નિદિધ્યાસન કરીને એટલે આત્માનો નિઃસ-

---

પ્રપંચનું અધિષ્ટાનરૂપ જે બ્રહ્મ તેના શ્રવણથી સઘળો પ્રપંચ શ્રવણ કરેલો થાય છે, તેના જ્ઞાને કરીને સઘળું જગત્ જણાય છે, એમ જે બ્રહ્મની સ્તુતિ સર્વત્ર છે તે અર્થવાદ છે.

૬ પ્રકરણે કરીને પ્રતિપાદ્ય જે અદ્વિતીય આત્મવસ્તુ તેનું દ્રષ્ટાંતોથી પ્રતિપાદન કરવું તે ઉપપત્તિ કહેવાય છે. જેમ છાન્દોગ્યમાં મૃત્તિકાના પિંડને જાણવાથી ઘટશરાવાદિક મૃત્તિકાના સઘળા વિકાર જાણવામાં આવે છે અને તે ઘટાદિ નામરૂપનું મિથ્યાત્વ દેખાય છે. બીજું સુવર્ણ જાણવાથી સુવર્ણના વિકાર ને મિથ્યાત્વ દેખાય છે. આ પ્રમાણે દ્રષ્ટાંતરૂપ યુક્તિથી નામરૂપાત્મક જગતનું મિથ્યાત્વ નિરૂપણપૂર્વક જે અદ્વિતીય બ્રહ્મનું પ્રતિપાદન તે ઉપપત્તિ કહેવાય છે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ન્દેહ અપરોક્ષ અનુભવરૂપ સાક્ષાત્કાર સંપાદન કરવો. "સચ્ચિદાનંદ" સાક્ષાત્ અપરોક્ષ એટલે અહંમાદિ વૃત્તિઓનો જે પ્રકાશક સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે હું પોતેજ છું એવો જે અનુભવ તેનું નામ સાક્ષાત્કાર કહે છે. પૂર્વોક્ત શ્રવણાદિ સાધનો જ્યાં સુધી ચિત્ત શબ્દાદિક વિષયોમાં આસક્ત હોય છે ત્યાં સુધિ પ્રાપ્ત થઈ શકતાં નથી તેટલા વાસ્તે વિષયોને વિષવત્ તજવા જોઈએ ને આત્મા પ્રાપ્તિ માટે સદાકાળ સત્સંગ કરવો જોઇએ. મહાત્મા રામગુરૂ પણ છે કે—

विषय विषवत् त्याग करी,
करीए साधु संग ।
पोते सच्चिदानन्द सदा,
जेमनो तेम अभंग ॥

શબ્દાદિ પંચવિષયોને ઝેરના સમાન તજીને સત્સંગ કરવો એટલે જ્ઞાન, વૈરાગ્ય, દયા, સંતોષ આદિ દૈવી સંપત્તિવાળા બ્રહ્મનિષ્ઠશ્રોત્રિય સદ્ગુરૂ સમાન કોઇ ઉપકારક નથી. પારસમણિ તો લોહનું સોનું કરે છે પણ કાંઈ પોતારૂપ કોઇ વસ્તુને કરતો નથી પણ ગુરૂ રૂપ પારસમણિ તો જેનો સ્પર્શ કરે તેને પોતારૂપ બનાવી દે છે. વિષયત્યાગ થયા વિના મહાત્મા ગુરૂનો સંગ થાય નહીં ને તેના વિના બ્રહ્મજ્ઞાન થાય

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

નહીં અને બ્રહ્મજ્ઞાન વિના મોક્ષ થાય નહીં ×અષ્ટાવક્ર ગીતામાં પણ વિષયત્યાગની અસાધારણ જરૂર ને સદ્ગુણનો સંગ્રહ કરવાની અગત્યતા બતાવી છે. હવે સદ્ગુરૂ સમાગમથી જાણેલાં આત્મતત્વનો નિર્ણય કહીએ છીએ કે–" પોતે દેહ' ઇન્દ્રીય, પ્રાણ, મન, બુદ્ધિ આદિનો પ્રકાશક જે પ્રત્યગાત્મા તે જાગ્રદાદિ અવસ્થાત્રય વિષે, ભૂત, ભવિષ્ય વર્તમાન એ કાળ ત્રયવિષે, સચ્ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મરૂપ છે અને વળી તે પ્રત્યગાત્મા જેમનો તેમ એટલે અગોચર, અપ્રમેય, સ્વતઃસિદ્ધ, સ્વયંપ્રકાશ જેવો છે તેવોજ પ્રમાણોના અવિષયરૂપ અખંડ છે ને 'પોતે સચ્ચિદાનંદરૂપ સદા' એ પદથી એમ જણાય છે કે એ સચ્ચિદાનંદરૂપ પરમાત્મા પ્રાણીમાત્રને સ્વાત્મરૂપેથી સર્વદા પ્રાપ્ત છે પણ અવિદ્યાથી અપ્રાપ્તની પેઠે દેખાય છે. તેની પ્રાપ્તિ માટે કેટલાક મુમુક્ષુઓ જપ તપ તીર્થાદિ સાધનો કરે છે તોપણ બહારથી તે મળતો નથી. એ તો જ્યારે અનંત દયાવાળા સદ્ગુરૂ પ્રત્યગાત્મરૂપે પરમાત્માનો ઉપદેશ કરે ત્યારે એ વિદ્યાથી અવિદ્યા નિવૃત થઇ જતાં પ્રાપ્તની પેઠે તે પરમાત્મા ભાસે છે, પણ ખરૂં

× मुक्ती मीच्छसी चेत्तात वीषयान् वीष व त्यज ॥ क्षमार्जव दयातोष सत्यं पियूष वद्भज ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જોતાં એ પરમાત્મા નિત્યપ્રાપ્ત હોવાથી તેની પ્રાપ્તિ કરવાની હતીજ નહિં અને જ્ઞાનેથી ન હતી તે થઇ એમ પણ કહેવાય તેમ નથી. પરમાત્મા તો સર્વદા પ્રાપ્તજ છે છતાં ભુલથી અપ્રાપ્તની પેઠે જણાય છે વાસ્તે તેની પ્રાપ્તિ માટે બહાર દોડધામ કરવાની જરૂર નથી. પરમાત્મા પણ નિત્ય પ્રાપ્ત છતાં ભ્રમથી અપ્રાપ્ત છે એમ દેખાય છે તેની પ્રાપ્તિ ભ્રમ ટળી જતાં થાય છે એમ માત્ર કહેવાય છે. પ્રત્યગાત્મા સ્વભાવથીજ બ્રહ્મસ્વરૂપ છે તથા મુકતરૂપ છે તેથી તે પ્રથમ જીવરૂપ બન્ધવાન હતો ને હવે શિવરૂપ મુકત થયો એમ નથી. જેમ સૂર્યમાં ખરૂ જોતાં રાત્રી ને દિવસ એ બેય નથી તેમ નિરંતર અચિંત્ય ચૈતન્યઘન પરિપૂર્ણ પ્રત્યગાત્માને પ્રથમ જીવરૂપ હતો એમ કહીએ તો કર્મોપાસનાદિ સાધનોથી તે પરમાત્મારૂપ થાય છે એમ કહેવું પણ સંભવતું નથી કારણ કે જેમ સુવર્ણનો ઢોળ ચડાવ્યો હોય તે અમુક કાળ રહે ને પછી ઉતરી જાય તેમ પ્રત્યગાત્મા જીવ પણ સાધનથી પરમાત્મારૂપ બન્યો હોય તો કાળે કરીને પાછો જીવજ થાય. સ્વભાવથી જીવ હોય તો જીવ રહે ને પરમાત્મા હોય તો પરમાત્મા રહે. ઔષધીયોગથી બનાવેલું ત્રાંબાનું સુવર્ણ કાલાન્તરે ઔષધીની શકિતનો હ્રાસ થાય ત્યારે ત્રાંબુજ થઇ જાય વાસ્તે પ્રત્યગાત્માને સ્વભાવથીજ પરમાત્મા-

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

રૂપ છે એમ માનવો. કર્મોપાસનાદિ ઉપાયોથી જીવરૂપ પ્રત્યગાત્મા પરમાત્મારૂપ થાય છે એમ નથી. આથી રામગુરૂએ પણ 'જેમનો તેમ અભંગ' એમ કહ્યું છે. તે પરમાત્મા બ્રહ્મનિષ્ઠ ગુરૂના બોધથી અનુભવમાં આવતો હોવાથી સદાકાળ સત્સંગ કરવો. ×શ્રી જ્ઞાન ગીતામાં પણ સત્સંગનું માહાત્મ્ય દર્શાવે છે કે—બ્રહ્મનિષ્ઠાગુરૂના સમાગમથી સચ્ચિદાનંદ પરિપૂર્ણ નિત્ય શુધબુદ્ધ મુકત સ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત થઇને સમુદ્રતુલ્ય દુસ્તર ભવસાગરને તુરત તરી જવાય છે. આ સંસાર સમુદ્રરૂપ છે. ત્યાં સ્ત્રીપુત્રાદિકનો જે મોહ છે તે તેમાં ઘુમરીઓ છે. કામક્રોધાદિ ત્યાં મગર મચ્છ આદિ જળચરો છે. ક્ષુધા તૃષા આદિ છ ઉર્મિઓ છે તે તરંગરૂપ છે. ત્રિવિધ તાપરૂપી તેમાં વડવાગ્નિ છે, નિરંતર દુર્વાસનારૂપી ત્યાં શેવાળ છે ને નાના પ્રકારના વિષયોરૂપી પાણી તેમાં ભર્યું છે. આવો સંસાર સાગર સત્સંગ દ્વારા આત્મબોધથી તુરત તરી જવાય છે. તાત્પર્ય કે પ્રયત્નથી સ્વર્ણાશ્રમ ધર્મનાં અનુષ્ઠાનપૂર્વક યજ્ઞાદાનાદિ સાધનોથી સત્વશુધ્ધિ કરીને મળવિક્ષેપ રહિત થઇને શ્રવણાદિ સાધન સમ્પન્ન થઇ બ્રહ્મનિષ્ઠશ્રોત્રિય સદ્ગુરૂદ્વારા વેદાન્તની પ્રક્રિયાઓનો વિચાર કરી મહા-

---

× सत्संगेन परं प्राप्य दुस्तरं तरते चिरात ॥
तस्मादति प्रयत्नेन सत्संगं सततं कुरु ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વાકયના અર્થને નિરંતર વિચારવો અને સવિકલ્પ સમાધિના અભ્યાસદ્વાર નિર્વિકલ્પ સમાધિમાં આત્મ સાક્ષાત્કાર કરી જીવન્મુક્તિદ્વારાએ વિદેહ કૈવલ્યપદ પામવું એજ કર્ત્તવ્ય, જ્ઞાતવ્ય ને પ્રાપ્તવ્યની પરિસીમા છે. વિદ્વાનોએ આત્માભ્યાસ થવા માટે સમાધિ સૂચક આ પ્રમાણે શ્લોકસંગ્રહ કર્યો છે તેનું નિત્યપ્રતિ મનન કરી નિદિધ્યાસ કરી વૃત્તિરહિત બની બ્રહ્માનુભવરૂપ થવું.

अथ संग्रहश्लोकाः

॥ दृश्यानुविद्धसविकल्पसमाधिः ॥

समाधिसुप्तयोर्ज्ञानं चाज्ञानं यत्र नेष्यते ।
सविकल्पो निर्विकल्पः समाधिद्वाविमौ हृदि ॥ १ ॥

मुमुक्षोर्यत्नतः कार्यौ विपरीतनिवृत्तये ।
कृतेऽस्मिन्विपरीताना भावनाया निवर्तनम् ॥ २ ॥

ज्ञानस्याप्रतिबद्धत्वं सदानन्दश्च सिध्यति ।
दृश्यानुविद्धः शब्दानुविद्धश्चेति द्विधा मतः ॥ ४ ॥

सविकल्परतयोर्यत्तल्लक्षणं वस्मि तच्छृणु ।
कामादिप्रत्ययैर्दृश्यैः संसर्गो यत्र दृश्यते ॥ ४ ॥

सोऽयं दृश्यानुविद्धः स्यात्समाधिः सविकल्पकः ।
अहंममेदमित्यादिकामक्रोधादिवृत्तयः ॥ ५ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

दृश्यन्ते येन संदृष्टा दृश्याः स्युरहमादयः ।
कामादिसर्ववृत्तीनां द्रष्टारमविकारिणम् ॥ ६ ॥
साक्षिणं स्वं विजानीयाद्यस्ताः पश्यतिनिष्क्रयः ।
कामादीनामहं साक्षी दृश्यन्ते ते मया ततः ॥ ७ ॥
इति साक्षितयात्मानं जानात्यात्मनि साक्षिणम् ।
दृश्यं कामादि सकलं स्वात्मन्येव विलापयेत् ॥ ८ ॥
नाहं देहो नाप्यसुर्नाक्षवर्गो नाहङ्करो नो मनो नापि बुद्धिः ।
अन्तस्तेषां चापि तद्विक्रियाणां साक्षी नित्यः प्रत्यगेवाहमस्मि ॥९॥
वाचः साक्षी प्राणवृत्तेश्च साक्षी बुद्धेः साक्षी बुद्धिवृत्तेश्च साक्षी ।
चक्षुः श्रोत्रादीन्द्रियाणां च साक्षी साक्षी नित्यः प्रत्यगेवाहमास्मि १०
नाहं स्थूलो नापि सूक्ष्मो न दीर्घो नाहं बालो नो युवा नापिवृद्धः ।
नाहं काळो नापि मूको न षण्ढः साक्षी नित्यः प्रत्यगेवाहमस्मि ॥११॥
नाहं योगी नो वियोगी न रोगी नाहं क्रोधी नैव कामी न लोभी ।
नाहं बद्धो नापि युक्तो न मुक्तः साक्षी नित्यः प्रत्यगेवाहमस्मि ॥१२॥
नान्तः प्रज्ञो नो बहिः प्रज्ञको वा नैव प्रज्ञो नापि चापज्ञ एषः ।
नाहं श्रोता नापि मन्ता न बोद्धा साक्षी नित्यः प्रत्यगेवाहमस्मि ॥१३॥
न मेऽस्ति देहेन्द्रियबुद्धियोगो नपुण्यलेशोऽपि न पापलेशः ।
क्षुधापिपासादि षडूर्मिदूरः सदा विमुक्तोस्मि चिदेव केवलः ॥१४॥
अपाणिपादोऽहमवागचक्षुषी अप्राणएवास्म्यमना ह्यबुद्धिः ।
व्योमेव पूर्णोऽस्मि विनिर्मलोऽस्मि सदैकरुपोऽस्मि चिदेव केवलः ९५
इति स्वमात्मानमवेक्षमाणः प्रतीतदृश्यं प्रविलोपयन्सदा ।
जहाति यद्वाविपरीतभावं स्वाभाविकं भ्रान्तिवशात्प्रतीतम् ॥ १६ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

विनिषिध्याखिलं दृश्यं स्वस्वरूपेण या स्थितिः ।
सा संध्या तदनुष्ठानं तद्दानं तद्धि भोजनम् ॥ १७ ॥
विज्ञातपरमार्थानां शुद्धसत्त्वात्मनां सताम् ।
यतीनां किमनुष्ठानं स्वानुसंधि विनापरम् ॥ १८ ॥

योगं समारोहति यो मुमुक्षुः क्रियान्तरं तस्य न युक्तमीषत्
क्रियान्तरासक्तमनाः पतत्यसौ तालद्रुमारोहणकर्तुवद्ध्रुवम् ॥ १९ ॥
योगारूढस्यसिद्धस्य कृतकृत्यस्यधीमतः नास्त्येवहि बाहिर्दृष्टिःका कथा
तत्र कर्मणाम् । दृश्यानुविद्धःकथितः समाधिः सविकल्पकः ॥ २० ॥

शब्दानुविद्धसविकल्पसमाधिः ॥

शुद्धोऽहं बुद्धोहं प्रत्यग्रूपेण नित्यसिद्धोऽहम् ।
शान्तोऽहमनन्तोऽहं सततपरानन्दसिन्धु वाहम् ॥ १ ॥
आद्योऽहमनाद्योऽहं वाङ्मनसा साध्यवस्तुमात्रोऽहम् ।
निगमवचोवेद्योऽहमनवद्याखण्डबोधरूपोऽहम् ॥ २ ॥
विदिताविदितान्योऽहं मायातत्कार्यलेशशून्योऽहम् ।
केवलदृगात्मकोऽहं संविन्मात्रः सकृद्धि भातोऽहम् ॥ ३ ॥
अपरोऽहमनपरोऽहं बाहिरन्तश्चपि पूर्ण एवाहम् ।
अजरोऽहक्षमरोऽहं नित्यानन्दोऽहमाद्वितीयोंऽहम् ॥ ४ ॥
प्रात्यगभिन्नमखण्डं सत्यज्ञानादिलक्षणं शुद्धम् ।
श्रुत्यावगम्यं तथ्यं ब्रह्मैवाहं परं ज्योतिः ॥ ५ ॥
नामरुपव्यतीतोऽहं चिदाकारोऽहमच्युतः ।

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

सुखरुपस्वरुपोऽहमहमेवाहमव्ययः ॥ ६ ॥
मायातत्कार्यदेहादि मम नास्त्येव सर्वदा ।
स्वप्रकाशैकरुपोऽहमहमेवाहमव्यः ॥ ७ ॥
गुणत्रयव्यतीतोऽहं ब्रह्मादीनाञ्चसाक्ष्यहम् ।
अनन्तानन्दरुपोऽहमहमेवाहमव्ययः ॥ ८ ॥
अन्तर्यामिस्वरुपोऽहं कूटस्थस्सर्वगोस्म्यहम् ।
परमात्मस्वरुपोऽहंमहमेवाहमव्ययः ॥ ९ ॥
निष्कलऽोहं निष्क्रयोऽहं सर्वास्माद्यस्सनातनः ।
अपरोक्षस्वरुपोऽहमहमेवाहमव्ययः ॥ १० ॥
द्वन्द्वादिसाक्षिरुपोऽहमचलोऽहं सनातनः ।
सर्वसाक्षिस्वरुपोहमहमेवाहमव्ययः ॥ ११ ॥
एवंसन्मात्रगाहिन्या वृत्या तन्मात्रग्राहकैः ।
शब्दैः समर्पितं वस्तु भावयेन्निश्चलो यतिः ॥ १२ ॥
कामादिदृश्यप्रविलापपूर्वकः शुद्धोऽहमित्यादिकशब्दमिश्रः ।
दृश्येव निष्टस्य य एषभावः शब्दानुविद्धः कथितः समाधिः ॥ १३ ॥

॥ निर्विकल्पसमाधिः ॥

दृश्यस्यापि च साक्षित्वात्समुल्लेखनमात्मनि ।
निवर्त्तितमनोवस्थो निर्विकल्प इतीयते ॥ १ ॥
सविकल्पसमाधिं यो दीर्घकालं निरन्तरम् ।
संस्कारपूर्वकं कुर्यान्निर्विकल्पोऽस्य सिध्यति ॥ २ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

निर्विकल्पकसमाधिनिष्ठया तिष्ठतो भवति नित्यता ध्रुवम् ।
उद्भवाद्यपगतिर्निरर्गला नित्यनिश्चलनिरन्तरनिर्वृतिः ॥ ३ ॥

विद्धानहमिदंमिति वा किंचिद्बाह्याभ्यन्तरवेदनाशून्यः ।
स्वानन्दामृतसिन्धुनिमग्नस्तूष्णोमास्ते कश्चिदनन्यः ॥ ४ ॥

निर्विकल्पं ब्रह्म यत्तत्तस्मिन्नेवसुनिष्ठिताः ।
एते धन्या एव मुक्ता जीवन्तोऽपि बहिर्दृशाम् ॥ ५ ॥

यथा समाधित्रितयं यत्नेन क्रियते हृदि ।
तथैव बाह्यदेशेऽपि काय द्वैतनिवृत्तये ॥ ६ ॥

तत्प्रकारं प्रवक्ष्यामि निशामय समासतः ।
अधिष्ठानं परं ब्रह्म सच्चिदानन्द लक्षणम् ॥ ७ ॥

तत्राध्यस्तमिदं भाति नामरुपात्मकं जगत् ।
सत्वं चित्वं तथानन्दरूपं यद्ब्रह्मणस्त्रयम् ॥ ८ ॥

अध्यस्तजगतो रूपं नामरुपमिदं द्वयम् ।
एतानि सच्चिदानन्दनामरुपाणि पञ्च च ॥ ९ ॥

एकीकृत्योच्यते मूर्खैरिदं विश्वमिति भ्रमात् ।
शैत्यं श्वेतं रसं द्राव्यं तरङ्ग इतिनामच ॥ १० ॥

॥ बाह्यदृश्यानुविद्धसमाधिः ॥

नामरूपे पृथक्कृत्वा ब्रह्मण्येव विलापनम् ।
अधिष्ठानं परं ब्रह्म सच्चिदानन्दमद्वयम् ।
यत्तदेवाहमित्येव निश्चितात्मा भवेद्ध्रुवम् ॥ १ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

इयं भूर्न सन्नापि तोयं न तेजो न वायुर्न खं नापि तद्भावजातम् ।
यदेषामधिष्ठानभूतं विशुद्धं सदेकं परं सत्तदेवाहमस्मि ॥ २ ॥

न शब्दो न रूपं न च स्पर्शको वा तथा नोरसो नापि गन्धो न चान्यः
यदेषामधिष्ठानभूतं विशुद्धं सदेकं परं सत्तदेवाहमस्मि ॥ ३ ॥

न सद्द्रव्यजातं गुणा न क्रिया वा न जातिर्विशेषा न चान्यः कदापिः ।
यदेषामधिष्ठानभूतं विशुद्धं सदेकं परं सत्तदेवाहमस्मि ॥ ४ ॥

न देहो न चाक्षाणि न प्राणवायुर्मनो नापि बुद्धिर्न चितं ह्यहंधीः ।
यदेषामधिष्ठानभूतं विशुद्धं सदेकं परं सत्तदेवाहमस्मि ॥ ५ ॥

न देशो न कालो नदिग्वापि सत्स्यान्न वस्त्वन्तरं स्थूलसूक्ष्मादिरूपम् ।
यदेषामधिष्ठानभूतं विशुद्धं सदेकं परं सत्तदेवाहमस्मि ॥ ६ ॥

एतद्दृश्यं नामरूपात्मकं योऽधिष्ठानं तद्ब्रह्म सत्यं सदेति ।
गच्छंस्तिष्ठन्यो शयानोऽपि नित्यं कुर्याद्विद्वान्बाह्यदृश्यानुविद्धम् ॥ ७ ॥

॥ ब्राह्यशब्दानुविद्धसमाधिः ॥

अध्यस्तनामरूपादिप्रविलापेन निर्मलम् ।
अद्वैतं परमानन्दं ब्रह्मैवास्मीति भावयेत् ॥ १ ॥

निर्विकारं निराकारं निरञ्जनमनामयम् ।
आद्यन्तरहितं पूर्णं ब्रह्मैवाहं न संशयः ॥ २ ॥

निष्कलङ्कं निरातङ्कं त्रिविधच्छेदवर्जितम् ।
आनन्दमक्षरं मुक्तं ब्रह्मैवास्मीति भावयेत् ॥ ३ ॥

निर्विशेषं निराभासं नित्यमुक्तमविक्रियम् ।

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

प्रज्ञानैकरसं सत्यं ब्रह्मैवाहं संशयः ॥ ४ ॥
शुद्धं बुद्धं तत्त्वसिद्धं परं प्रत्यगखण्डितम् ।
स्वप्रकाशं पराकाशं ब्रह्मैवास्मीति भावयेत् ॥ ५ ॥
सुसूक्ष्ममस्तितामात्रं निर्विकल्पं महत्तमम् ।
केवलं परमाद्वैतं ब्रह्मैवाहं न संशयः ॥ ६ ॥
इत्येवं निर्विकारादिशब्दमात्रसमर्पितम् ।
ध्यायतः केवलं वस्तुलक्ष्ये चित्तं प्रतिष्ठति ॥ ७ ॥

॥ निर्विकल्पसमाधिः ॥

ब्रह्मानन्दस्सावेशादेकीभूय तदात्मना ।
वृत्तेर्या निश्चलावस्था स समाधिरकल्पकः ॥ १ ॥
उत्थाने वाप्यनुत्थानेऽप्यप्रमत्तो जितेन्द्रियः ।
समाधिषटकं कुर्वीत सर्वदा प्रयतो यतिः ॥ २ ॥
नमोनमः कारणकारणायते नमो नमो मङ्गलमङ्गलात्मने ।
नमो नमो वेदविदांमनीषिणामुपासनीयाय नमो नमो नमः ॥१॥
अथातः संप्रवक्ष्यामि ध्यानं संसारनाशनम् ।
आकाशे निर्मलं शुद्धं भासमानं सुशीतलम् ॥ २ ॥
सोममण्डलमापूर्णमचलं दृष्टिगोचरम् ।
ध्यात्वा मध्ये महादेवं परमानन्दविग्रहम् ॥ ३ ॥
उमार्धदेहं वरदमुत्पत्तिस्थितिवर्जितम् ।
शुद्धस्फटिकसंकाशं चन्द्ररेखावतसकम् ॥ ४ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

त्रिलोचनं चतुर्बाहुं नीलग्रीवं परात्परम् ।
ध्यायेन्नित्यं सदासोंऽहमिति ब्रह्मविदांवर ॥ ५ ॥
अथवा वैदिकेशुद्धेऽप्याग्निहोत्रादिमध्यगे ।
आत्मानं जगदाधारमानन्दानुभवः सदा ।
गङ्गाधरं विरुपाक्षं विश्वरुपं वृषध्वजम् ॥ ६ ॥
चतुर्भुजंसमासीनं चन्द्रमौलि कपर्दिनम् ।
रुद्राक्षमालाभरणमुमायाः पतिमीश्वरम् ॥ ७ ॥
गोक्षीरधवलाकारं गुह्यादगुह्यतरं सदा ।
अत्यद्भुतमनिर्द्वंद्वमहं बुद्ध्या विचिन्तयेत् ॥ ८ ॥
आत्मायं केवलःस्वच्छःशान्तः सूक्ष्मः सनातनः ।
अस्ति सर्वान्तर साक्षी चिन्मात्रसुखविग्रहः ॥ ९ ॥
अयं स भगवानीशः स्वयंज्योतिः सनातनः ।
अस्माद्विजायते विश्वमत्रैव प्रविलीयते ॥ १० ॥
अयं ब्रह्माशिवो विष्णुरयमेन्द्रः प्रजापतिः
अयं वायुरयं चाग्निरयं सर्वाच्च देवताः ॥ ११ ॥
आत्मानं चेद्विजानीयादयमस्मीति पूरुषः ।
किमिच्छन्कस्यकामाय शरीरमनुसंज्वरेत् ॥ १२ ॥
भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्तेचास्यकर्माणि दृष्टे ह्यात्मनि सुव्रत ॥ १३ ॥
यतो वाचोनिवर्तन्ते अप्राप्य मनसा सह ।
ज्ञात्वाऽऽत्मानं परानन्दं न विभेति कुतश्चन ॥ १४ ॥
तस्मात्सर्वप्रयत्नेन श्रद्धया गुरुभाक्तितः ।

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

उत्स्य प्राकृतं भावं शिवोहमिति भावयेत् ॥ १५ ॥
नमो नमो नमस्तुभ्यं पुनर्भूयो नमो नमः ।
ॐकारान्ताय सूक्ष्माय मायातीताय ते नमः ॥ १६ ॥

॥ नमः शिवाय साम्बाय ब्रह्मणे सर्वसाक्षिणे ॥

नमस्तेदेवदेवानामादिभूत सनातन ।
पुरुषाय पुराणाय नमस्ते परमात्मने ।
जरामरणरोगादिविहीनायामलात्मने ॥ १ ॥
ब्रह्मणां पतये तुभ्यं जगतां पतये नमः ।
लोकालोकस्वरूपाय लोकानां पतये नमः ॥ २ ॥
शङ्खचक्रगदापद्मपाणये विष्णवे नमः ।
नमो हिरण्यगर्भाय श्रीपतेभूपते नमः ॥ ३ ॥
नमः स्वयंभुवे तुभ्यं सूत्रात्मादिस्वरूपिणे ।
विराट् प्रजापते साक्षाज्जगत्काय नमो नमः ॥ ४ ॥
विश्वतैजसरूपाय प्राज्ञरूपाय ते नमः ।
जाग्रस्वप्नस्वरूपाय नमः सुप्त्यात्मने नमः ॥ ५ ॥
अवस्थासाक्षिणे तुभ्यमवस्थावर्जिताच्युत ।
तुरीयाय विशुद्धाय तुर्यातीताय ते नमः ॥ ६ ॥
प्रथमाय समस्तस्य जगतः परमात्मने ।
ॐकारैकस्वरूपाय शिवाय शिवद प्रभो ॥ ७ ॥
सर्वविज्ञानसंपन्न नमो विज्ञानदायिने
जगतां योनये तुभ्यं वेधसे विश्वरुपिणे ॥ ८ ॥
नित्यशुद्धाय बुद्धाय मुक्ताय सुखरुपिणे ।
नमो वाचामतीताय नमोऽगम्याय ते नमः ॥ ९ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

अप्रमेयाय शान्ताय स्वयंभानाय साक्षिणे ।
नमः पुंसे पुराणाय श्रेयःप्राप्त्यैकहेतवे ॥ १० ॥
आकाशादिप्रपञ्चाय नमस्तद्रूपशंकर ।
मायारूपाय मायायाः सताहेतो जनार्दन ॥ ११ ॥
नमः प्रद्युम्नरूपाय नमः संकर्षणात्मने ।
नमोऽनिरुद्धरुपाय वासुदेवाय ते नमः ॥ १२ ॥
योगाय योगगम्याय योगानामिष्टसिद्धये ।
नमस्ते मत्स्यरुपाय नमस्ते कूर्मरूपिणे ॥ १३ ॥
नमस्तुभ्यं वराहाय नारसिंहाय ते नमः ।
नमो वामनरुपाय नमो रामत्रयात्मने ॥ १४ ॥
नमः कृष्णाय सर्वज्ञ नमस्ते कल्पिकरुपिणे ।
कर्मिणां फलरूपाय कर्म रुपाय ते नमः ॥ १५ ॥
कर्मकर्त्रे नमस्तुभ्यं नमस्ते कर्मसाक्षिणे ।
नमो विज्ञाप्तिरुपाय नमो वेदान्तरुपिणे ॥ १६ ॥
गुणत्रयात्मने तुभ्यं नमो निर्गुणरुपिणे ।
अद्भुतायामहेशाय शिवप्राप्त्यैकहेतवे ॥ १७ ॥
नमो नक्षत्ररुपाय नमस्ते नमस्ते सोमरुपिणे ।
नमः सूर्यात्मने तुभ्यं नमो वज्रधरायच ॥ १८ ॥
नमस्ते पद्मनाभाय नमस्तेशार्ङ्गपाणये ।
नमस्तुभ्यं विशालाक्ष नमः श्रीधरनायक ॥ १९ ॥
नमः संसारतप्तानां तापनाशैकहेतवे ।
श्रौतस्मार्तैकनिष्ठानामचिरोदव मुक्तीद ॥ २० ॥
अन्येषामपि सर्वेषां संसारैकप्रदाव्यय ।

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

नमोऽसुरविमर्दाय नमो विद्याधरार्चित ॥ २१ ॥
क्षीरौदशायिने तुभ्यं नमो वैकुण्ठवासिने ।
नमो रागाभिभूतानां वैराग्यप्लवदायिने ॥ २२ ॥
नमस्ते देवदेवेश नमस्ते करुणालय ।
नमस्ते सर्वजन्तुनां भुक्तिमुक्तिफलप्रद ॥ २३ ॥
नमस्ते सर्वलोकानां सृष्टिस्थित्यन्तकारण ।
नमस्ते भावभीतानां भावभीतिविमर्दन ॥ २४ ॥
नमस्ते वेदवेदान्तैरर्चनीय द्विजोत्तमैः ।
नमस्ते शूलहस्ताय नमस्ते वह्निपाणये ॥ २५ ॥
नमस्ते विश्वनाथाय नमस्ते विश्वयोनये ।
नमस्ते निलकण्ठाय नमस्ते कृत्तिवाससे ॥ २६ ॥
नमस्ते सोमरूपाय नमस्ते सूर्यरूपिणे ।
नमस्ते वह्निरूपाय नमस्ते जलरूपिणे ॥ २७ ॥
नमस्ते भूमिरूपाय नमस्ते वायुमूर्तये ।
नमस्ते व्योमरूपाय नमस्ते ह्यात्मारूपिणे ॥ २८ ॥
नमस्ते सत्यरूपाय नमस्तेऽसत्यरूपिणे ।
नमस्ते बोधरूपाय नमस्तेऽबोधरुपिणे ॥ १ ॥
नमस्ते सुखरुपाय नमस्तेसुखरुपिणे ।
नमस्ते पूर्णरुपाय नमस्तेपूर्णरुपिणे ॥ २ ॥
नमस्ते ब्रह्मरुपाय नमस्तेऽब्रह्मरुपिणे ।
नमस्ते जीवरुपाय नमस्तेऽव्यक्तरुपिणे ॥ ३ ॥
नमस्ते व्यक्तरुपाय नमस्तेऽव्यक्तरुपिणे ।

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

नमस्ते शब्दरुपाय नमस्तेऽशब्दरुपिणे ॥ ४ ॥
नमस्ते स्पर्शरुपाय नमस्तेऽस्पर्शरुपिणे ।
नमस्ते रुपरुपाय नमस्तेऽरुपरुपिणे ॥ ५ ॥
नमस्ते रसरुपाय नमस्तेऽ रसरुपिणे ।
नमस्ते गन्धरुषाय नमस्तेऽगन्धरुपिणे ॥ ६ ॥
नमस्ते देहरुपाय नमस्तेऽदेहरुपिणे ।
नमस्ते प्राणरुपाय नमस्तेऽप्राणरुपिणे ॥ ७ ॥
नमस्तेश्रोत्ररुपाय नमस्तेऽश्रोत्ररुपिणे ।
नमस्ते त्वक्स्वरुपाय नमस्तेऽत्वक्स्वरुपिणे ॥ ८ ॥
नमस्ते दृष्टिरुपाय नमस्तेऽदृष्टिरुपिणे ।
नमस्ते रसनारुप नमस्तेऽरसनात्मने ॥ ९ ॥
नमस्ते घ्राणरुपाय नमस्तेऽघ्राणरुपिणे ।
नमस्ते पादरुपाय नमस्तेऽपादरुपिणे ॥ १० ॥
नमस्ते पाणिरुपाय नमस्तेऽपाणिरुपिणे ।
नमस्ते वाक्स्वरुपाय नमस्तेऽवाक्स्वरुपिणे ॥ ११ ॥
नमस्ते लिङ्गरुपाय नमस्तेऽलिङ्गरुपिणे ।
नमस्ते पायुरुपाय नमस्तेऽपायुरुपिणे ॥ १२ ॥
नमस्ते चित्तरुपाय नमस्तेचित्तरुपिणे ।
नमस्ते मातृरुपाय नमस्तेऽमातृरुपिणे ॥ १३ ॥
नमस्ते मानरुपाय नमस्तेऽमानरुपिणे ।
नमस्ते मेयरुपाय नमस्तेऽमेयरुपिणे ॥ १४ ॥
नमस्ते मितिरुपाय नमस्तेऽमितिरुपिणे ।
नमस्ते सर्वरुपाय नमस्तेऽसर्वरुपिणे ॥ १५ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

रक्षरक्षमहादेव क्षमस्व करुणालय ।
भक्तचित्तसमासीन ब्रह्मविष्णुशिवात्मक ॥ १६ ॥

सौम्यं महेश्वरं रक्षेत्सत्यविज्ञानमद्वयम् ।
वन्दे संसाररोगस्य भेषजं परमंमुदा ॥ १७ ॥

यस्य शक्तिरुमादेवी जगन्माता त्रयीमयी ।
तमहं शङ्करं वन्दे महामायानिवर्त्तये ॥ १८ ॥

यस्यविघ्नेश्वरः श्रीमान्पुत्रः स्कन्दश्चवीर्यवान ।
तं नमामि महादेवं सर्वदेवनमस्कृतम् ॥ १९ ॥

यस्य प्रसादलेशस्य लेशलेशलवांशकम् ।
लब्ध्वा मुक्तो भवेज्जन्तुरतं वन्दे परमेश्वरम् ॥ २० ॥

यस्य लिङ्गार्चनेनैव व्यासः सर्वार्थवित्तमः
अभवत्तं महेशानं प्रणमामि घृणानिधिम् ॥ २१ ॥

यस्य मायामयं सर्व जगदीक्षणपूर्वकम् ।
तं वन्दे शिवमीशानं तेजोराशिमुमापतिम् ॥ २२ ॥

यः समस्तस्य लोकस्य चेतनोचेतनस्य च ।
साक्षी सर्वान्तरः शंभुस्तं वन्दे साम्बमीश्वरम् ॥ २३ ॥

यं विशिष्टा जनाःशान्ता वेदान्तश्रवणादिना ।
जानन्त्यात्मतया वन्दे तमहं सत्यचित्सुखम् ॥ २४ ॥

(प्रक्रिया–विवेक चुडामणिः)

प्रारब्धं सिदध्यति तदा तदा देहात्मना स्थितिः ।
देहात्ममानो नैवेष्टः प्रारब्धं त्यज्यतामतः ॥ १ ॥

शरीरस्यापि प्रारब्धकल्पना भ्रान्तिरेव हि ।
अध्यस्तस्य कुतः सत्त्वमसत्यस्य कुतो जनिः ॥ २ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

अजातस्य कुतो नाशः प्रारब्धमसतः कुतः ।
ज्ञानेनाज्ञानकायस्य समूलस्य लयो यदि ॥ ३ ॥
तिष्ठत्ययं कथं देह इति शङ्कावतो जडान् ।
समाधातुं बाह्यदृष्टया प्रारब्धं वदति श्रुतिः ।
नतु देहादि सत्यत्वबोधनाय विपश्चिताम् ॥ ४ ॥
नाह देहो न च प्राणो नेन्द्रियाणि तथैव च ।
न मनोऽहं न बुद्धिश्च नैव चित्तमहङ्कृतिः ॥ १ ॥
नाहं पृथ्वी न सलीलं नच वह्निर्न चानिलः ।
न चाकाशो स शब्दश्च न च स्पर्शस्तथा रसः ॥ २ ॥
नाहं गन्धो न रुपं च न मायाहं नसंसृतिः ।
सदा साक्षिस्व रुपत्वाच्छिव एवास्मि केवलः ॥ ३ ॥
न कर्ता नैव भोक्ता च नच भोजयिता तथा ।
केवलं चित्सदानन्दं ब्रह्मैवाऽत्मा यथार्थतः ॥ ४ ॥
जलस्य चलनादेव चञ्चलत्वं यथा रवेः ।
तथाऽहंकारसम्बःधादेव संसार आत्मनः ॥ ५ ॥
तस्मादन्यगता वर्णा आश्रमत अपि केशव ।
आत्मन्यारोपिता एब भ्रान्त्या तेनाऽऽत्मवेदिनः ॥ ६ ॥
न विधिर्न निषेधश्च न वर्ज्यावर्ज्यकल्पना ।
आत्मविज्ञानिनामस्ति तथानान्यज्जनार्दन ॥ ७ ॥
आत्मविज्ञानिनो स्तिष्ठामीश्वरीमम्बुजेक्षण ।
मायया मोहिता मर्त्या नैव जानन्ति सर्वदा ॥ ८ ॥
एवमात्मानमद्वंद्वं निर्विकल्पं निरञ्जनम् ।
नित्यं शुद्धं निराभासं संविन्मात्रपरामृतम् ।

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

यो विजानाति वेदान्तैः स्वानुभूत्या च निश्चितम् ।
सोऽति वर्णाश्रमी नाम्ना स एव गुरुरुत्तमः ॥ ९ ॥
स एव वेदवित्तमः सएव मोचकप्रदः ।
स एव सर्वमोचकः सएव सर्व कारणम् ॥ १० ॥
स एव सत्यचिद्घनः सएव मुक्तिरुत्तमा ।
सएव सर्वभक्तिदः सएव सर्वमुच्यते ॥ ११ ॥
परिपूर्णमनाद्यन्तमप्रमेयमविक्रियम् ।
एकमेवाद्वयंब्रह्म नेह नानास्ति किंचन ॥ १ ॥
सद्घनं चिद्घनं नित्यमानन्दघनमक्रियम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥ २ ॥
प्रत्येगकरसं पूर्णमनन्तं सर्वतोमुखम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥ ३ ॥
अहेयमनुपादेयमनादेयमनाश्रयम् ।
एकमेवाद्वयं ब्रह्म नेन नानास्ति किंचन ॥ ४ ॥
निगुणं निष्कलं सूक्ष्मं निर्विकल्पं निरञ्जनम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥ ५ ॥
अनिरूप्यस्वरुपं यन्मनो वाचामगोचर ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥ ६ ॥
सत्समृद्धं स्वतः सिद्धं शुद्धं बुद्धमनीदृशम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥ ७ ॥
निरस्तरागा विनिरस्तभोगाः शान्ताः सुदान्ता यतयो महान्तः ।
विज्ञाय तत्त्वं परमेतदन्ते प्राप्ताः परां निवृतिमात्मयोगात् ॥ ८ ॥
भवानपीदं परतत्त्वमात्मनः स्वरुपमानन्दघनं विचार्य ।

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

विधूय मोहं स्वमनः प्रकल्पितं मुक्त कृतार्थो भवतु प्रबुद्धः ॥ ९ ॥
वेदान्तसिद्धान्तनिरुक्तिरेषा ब्रह्मैव जीवः सकलं जगच्च ।
अखण्डसूपस्थितिरेव मोक्षा ब्रह्मद्वितोये तयः प्रमाणम् ॥ ९० ॥
स्वानुभूत्या स्वयं ज्ञात्वा स्वमात्मानमखण्डितम् ।
संसिद्धः सन्मुखं निष्ठेन्निर्विकल्पात्मनात्मानि ॥ ११ ॥
किञ्चित्कालं समाधाय परे ब्रह्मणि मानसम् ।
उत्थाय परमानन्दादिदं वचनब्रवीत् ॥ १२ ॥
बुद्धिविनष्टा गलिता प्रवृत्तिर्ब्रह्मात्मनोरकतयाधिगत्या ।
इदं न जानेऽप्यनिदं न जाने किंवा कियद्वा सुखमास्थपारम् ॥१३
वाचा वक्तुमशक्यमेव मनसा मन्तुं न वा शक्यते ।
स्वानन्दामृतपूरपूरितपरब्रह्माम्बुधेर्वैभवम् ॥ १४ ॥
अम्भोराशिविशीर्णवार्षिकशिलाभावं भजन्मे मनो ।
यस्यांशांशलवे विलीनमधुनानन्दात्मना निवृत्तम् ॥ १५ ॥
क्व गतं केन वा नीतं कुत्र लोनमिदं जगत् ।
अयुनैव मया दृष्टं नास्ति किं महददभुतम् ॥ १६ ॥
किं हेयं किमुपादेयं किमन्यत्कि विलक्षणम् ।
अखण्डानन्दपीयूषपूर्णे ब्रह्ममहार्णवे ॥ १७ ॥
न किंचिदत्र पश्यामि न गुह्णामि न वेद्म्यहम् ।
स्वात्मनैव सदानन्दरूपेणास्मि विलक्षणः ॥ १८ ॥
नमो नमोस्ते गुरवे महात्मने विमुक्तसङ्गाय सदुत्तमाय ।
नित्याद्वयानन्दरसस्वरूपिणे भूम्ने सदापारदयाम्बुधाम्ने ॥ १९ ॥
यत्कटाक्षशशिसान्द्र चन्द्रिकापातधूतभवतावजश्रमः ।
प्राप्तवानहमखण्डवैभवानन्दमात्मपदमक्षयं क्षणात् ॥ २० ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

धन्योऽहं कृतकृत्योऽहं विमुक्तोऽहं भवग्रहात ।
असङ्गोऽहमनङ्गोऽहमलिङ्गोऽहमभङ्गुरः ।
प्रशान्तोऽहमनन्तोऽहममलोऽहं चिरंतनः ॥ २१ ॥
अकर्ताहमभोक्ताहमविकारोऽमक्रियः ।
शुद्धबोधस्वरुपोऽहं केवलोऽहं सदाशिवः ॥ २२ ॥
द्रष्टुः श्रोतुर्वक्तुः कर्तुर्भोक्तुर्विभिन्न एवाहम् ।
नित्यनिरन्तरनिष्क्रयनिः सीमासङ्गपूर्णबोधात्मा ॥ २३ ॥
नाहमिदं नाहमदोनाप्युभपोखभासकं परं शुद्धम् ।
ब्राह्याभ्यंन्तरशून्यं पूर्णब्रह्माद्वितीयमेवाहम् ॥ २४ ॥
निरुपमनादितत्त्वं त्वमहमिदमद इति कल्पनादूरम् ।
नित्यानन्दैकरसं सत्यं ब्रह्माद्वितीयमेवाहम् ॥ २५ ॥
नारायणोऽहं नरकान्तकोंऽहं पुरान्तकोऽहं पुरुषोऽहमीशः ।
अखण्डबोधोऽहमशेषसाक्षी निरीश्वरोऽहं निरहं च निर्ममः ॥ २६ ॥
सर्वेषु भूतेष्वहमेव संस्थितो ज्ञानात्मनान्तर्बहिराश्रयःसन् ।
भोक्ता च भोज्यं स्वयमेव सर्वं यद्यत्पृथग्दृष्टमिदन्तया पुरा ॥ २७ ॥
मय्यखण्डसुखाम्भौधौ बहुधा विश्ववीचयः ।
उत्पद्यन्ते विलीयन्ते मायामारुतविभ्रमात् ॥ २८ ॥
स्थूलादिमावा मयि कल्पिताभ्रमादारोपितानुस्फुरणेन लोकैः ।
काले यथा कल्पकवत्सरायनर्त्वादयो निष्कलनिर्विकल्पे ॥ २९ ॥
आरोपितं नाश्रयदूपकं भवेत्कदापि मूढैरतिदोषदूषितैः ।
नाद्रींकरीत्यूषरभूमिभागं मरीचिकावारिमहाप्रवाहः ॥ ३० ॥
आकाशवल्लेपविदूरगोऽहमादित्यवद्भास्यविलक्षणोऽहम् ।

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

अहार्यवन्नित्यविनिश्चलोऽहमम्भोधिवत्पारविवर्जितोऽहम् ॥३१॥
न मे देहेन सम्बन्धो मेघेनेव विहायसः ।
अतः कुतो मे मद्धर्मा आग्रत्स्वप्नसुषुप्तयः ॥३२॥
अपाधिरायाति स एव गच्छति स एव कर्माणि करोति भुक्ते।
स एव जीर्यन्म्रियते सदाहं कुलाद्रिवन्निचल एव संस्थितः ॥३३॥
न मे प्रवृत्तिर्न चमे निवृत्तिः सदैकरूपस्य निरंशकस्य ।
एकात्मकोयो निविडो निरंतरो व्योमेव पूर्णःसकथंनु चेष्ठते ॥३४॥
पुण्यानि पापानि निरिन्द्रियस्य निश्चेतसो निर्विकृते निराकृतेः ।
कुतो ममाखण्डसुखानुभूतेर्बुतेह्यनन्वागतमित्यापि श्रुतिः ॥३५॥
छायया स्पृष्टमुष्णं वा शीतं वा सुष्टु दुष्टुवा ।
न स्पृशत्येव यत्किंचित्पुरुषं तद्विलक्षणम् ॥३६॥
न साक्षिणं साक्ष्यधर्मा संस्पृशन्ति विलक्षणम् ।
अविकारमुदासीनं गृहधर्माः प्रदीपवत् ॥३७॥
रवेर्यथा कर्मणि साक्षिभावो वहनेर्यथा दाहनियामकत्वम् ।
रज्ज्वोर्यथारोपितवस्तुसङ्गस्तथैव कूटस्थचिदात्मनो मे ॥३८॥
कर्तापिवा कारयितापि नाहं भोक्तापि वा भोजयितापि नाहम् ।
दृष्टापि वा दर्शयितापि नोहं सोऽहं स्वयंज्योतिरनीदृगात्मा ॥३९॥
चलत्युपाधौ प्रतिबिम्बलौल्यभौपाधिकं मूढधियो नयन्ति ।
स्वबिम्बभूतं रविवद्विनिष्क्रियं कतास्मि भोर्क्तास्मिहतोऽस्मिहेति॥४०॥
जले वापि स्थळे वापि लुठत्वेष जडात्मकः ।
नाहं विलिप्ये तद्धर्मैर्घटधर्मैर्नभो यथा ॥४१॥
कर्तृत्वभोक्तृवखलत्वमत्तता जडत्वबद्धत्वविमुक्ततादयः ।
बुद्धेर्विकल्पा न तु सान्ती वस्तु स्वस्मिन्परे ब्रह्मणि केवलेऽद्वये ॥४२॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

सन्तु विकारा प्रकृतेर्दशधा शतधा सहस्त्रधा वापि ।
किं मेऽशङ्कचितस्तैर्न धनः क्वचिदंबरं स्पृशति ॥४३॥
अव्यक्तादिस्थूलपर्यन्तमेतद्विश्वं यत्राभासमात्रं प्रतीतम् ।
व्योमप्रख्यं सूक्ष्ममाद्यन्तहीनं ब्रह्माद्वैतं यत्तदेवाहमस्मि ॥४४॥
सर्वाधारं सर्ववस्तुप्रकाशं सर्वाकारं सर्वगं सर्वशून्यम् ।
नित्यं शुद्धं निश्चलं निर्विकल्पं ब्रह्माद्वैतं यत्तदेवाहमस्मि ॥४५॥
यत्प्रस्यस्ताशेषमायाविशेषं प्रत्यग्रपंप्रत्ययागम्यमानम् ।
सत्यज्ञानानन्तमानन्दरूपं ब्रह्माद्वैतं यत्तदेवाहमास्त्रि ॥४६॥
निष्क्रियोऽस्म्यविकारोऽस्मि निष्कलोऽस्मि निराकृतिः ।
निर्विकल्पोऽस्मि नित्योऽस्मि निरालम्बोऽस्मि निर्द्वयः ॥४७॥
सर्वात्मकोऽहं सर्वोऽहं सर्वातीतोऽहमद्वयः ।
केवलाखण्डबोधोऽहमानन्दोऽहं निरन्तरम् ॥४८॥
स्वाराज्यासाम्राज्यविभूतिरेषा भवत्कृपाश्रीमहिमप्रसादात् ।
प्राप्तामयाश्रीगुरवे महात्मने नमो नमस्तेऽस्तुपुनर्नमोऽस्तु ॥४९॥

मलाढ्यविषयव्यूहभाण्डोपस्करसंकटमम् ।
अज्ञानक्षारवलितं नेष्टं देहगृहं मम ॥१॥
लब्ध्वापि तरलाकारे कार्यभारतरङ्गिणि ।
संसारसागरे जन्म बाल्यं दुःखाय केवलम् ॥२॥
अशक्तिरामदस्तृष्णा मूकता मूढबुद्धिता ।
गृध्नु वा लोलता दैन्यं सर्वं बाल्यं प्रवर्तते ॥३॥
रोषरोदनरौद्रासु दैन्यजर्जरितासु च ।
दशासु बन्धनं बाल्यमालानं कारिणामिव ॥४॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

न मृतौ न जरा रोगे न चापदि न यौवने ।
ताश्चिन्ताः परिकृन्तन्ति हृदयं शैशवेषु याः ॥५॥
तिर्यग्जातिसमारम्भः सर्वैरेवावधीरितः ।
लोके बालसमाचारो मरणादपि दुःखदः ॥६॥
सुनिर्मलापि विस्तीर्णा पाविन्यपि हि यौवने ।
मतिःकलुषतामेति प्रावृषीव तरङ्गिणी ॥७॥
मानमोहान्मदोन्मत्तं यौवनं यीऽभिलप्यति ।
अचिरेण सदुर्बुद्धिः पश्चात्तापेन युज्यते ॥८॥
मांसपाञ्जालिकायास्तु यन्न लोकेऽङ्गपञ्जरे ।
स्नाय्वस्थिग्रन्थिशालिन्याः स्त्रियः किमिव शोभनम् ॥९॥
त्वङ्मासरक्तबाष्पाम्बु पृथक्कृत्वा विलोचनम् ।
समालोकय रम्यं चेत्किं मुधा परिमुह्यसि
इतः केशा इतोरक्तमितीयं प्रमदातनुः ।
किमेतया निन्दितया करोति विपुलाशयः ॥११॥
वासोविलेपनैर्यानि लालितानि पुनः पुनः ।
तान्यङ्गान्यङ्ग लुण्ठन्ति क्रव्यादाः सर्वदेहिनाम् ॥१२॥
अपर्याप्तं हि बालत्वं बलात्पतति यौवनम् ।
यौवनं जरा पश्चात्पश्य कर्कशर्ता मिथः ॥१३॥
दासाः पुत्राः स्त्रियश्चैव बान्धवाः सुहृदस्तथा ।
हसन्त्युन्मत्तकमिव नरं वार्धक्यकम्पितम् ॥१४॥
अहंकारः कलङ्काय बुद्धयः परिपेलवा ।
अहंकारः कलकामबुद्धयः परिपेलवाः ।
क्रिया दुष्फलदायिन्या लीलाः स्त्रीनिष्ठतां गताः ॥१५॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

वाञ्छाविषयशालिन्यः सच्चमत्कृतयः क्षताः ।
नार्यो दोषपताकिन्यो रसा नीरसतां गताः ॥१६॥
अन्यच्च ततातितरामरम्ये मनोरमे चेह अगत्स्वरुपे ।
न किंचिदायाति तदर्थजातं येनातिविश्रान्तिमुपैति चेतः ॥१७॥
बाल्ये गते कल्पितकेलिलोले मनोमृगे दारदरीषु जीर्णे ।
शरीरके जर्जरतां प्रयाते विदूयते केवलमेव लोकः ॥१८॥
जरातुषाराभिहतां शरीरसरोजिनीं दूरतरे विमुच्य ।
क्षणाद्गते जीवितचञ्चरीके जनस्य संसारसरोऽवशुष्कम् ॥१९॥
नाना योनिसहस्राणि पुरा प्राप्तानि वै मया ।
आहारा विविधा भुक्ताः पीताश्च विविधा स्तनाः ॥२०॥
अहो दुःखदधौमग्नो न पश्यामि प्रतिक्रियाम ।
यदि योन्याः प्रमुच्येय तत्प्रपद्ये महेश्वरम ॥२१॥
वैराग्यातिशयेनेव मोक्षकामनया पुनः ।
निरस्य सर्वकर्माणि शान्ती भूयाज्जितेन्द्रियः ॥२२॥

ઉપર પ્રમાણે નિર્વિકલ્પ સમાધિનો અભ્યાસ કરવો. ×જાગ્યાથી તે સુતાપર્યંત તથા વિવેક થયા પછી તે દેહપાત પર્યંત શ્રદ્ધાભક્તિ પુરસ્સર વેદાંત-શાસ્ત્રના વિચારથી કાળ અતિક્રમણ કરવો. મનમાં કામક્રોધાદિકને જરાપણ અવસર ન આપવો. ×ગંગામાં સ્નાન કરવાથી ગંગા પાપને મટાડે છે, ચંદ્રમા બહા-

---

× आसुसरामृतेः कालं नयेत् वेदांत चिन्तया । दद्यान्नाब सरंकिंःचत् कामादीनां मना गपि । गंगा पापं शशी तापं दैन्यं

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

રના તાપને મટાડે છે, ને કલ્પતરૂ ઇચ્છિત ભોગ આપી દીનતાને ટાળે છે પરંતુ સત્સંગ તો પાપ, તાપ તથા દીનતા એ ત્રણેને તુરતજ મટાડે છે. યદ્યપિ શાસ્ત્રનો બોધ થતાં આત્મજ્ઞાન થાય છે તોપણ દેહ છે ત્યાંસુધી દેહવ્યવહારથી બ્રાહ્યવૃત્તિ રહે છે ને આ મન ચંચળ હોવાથી સર્વદા સત્સંગ ન હોય તો પ્રપંચમાં અહંમમાધ્યાસથી વિપરીત બુદ્ધિ થાય છે તે ન થાય એટલા વાસ્તે સત્સંગની સર્વદા આવશ્યકતા છે. × કહ્યું છે કે–વેદાંતશાસ્ત્ર, ગુરૂને ઇશ્વરનું જ્યાંસુધી આયુષ્ય છે ત્યાંસુધી સેવન કરવું. જ્ઞાન થયા પછી જેનાથી જ્ઞાન થયું તેવું વેદાંતશાસ્ત્ર, ગુરૂ ને ઇશ્વર એઓનું જે જ્ઞાની સેવન ન કરે તે કૃતઘ્ની થાય છે વાસ્તે તે દોષમાંથી બચવા માટે જ્યાંસુધી દેહ રહે ત્યાંસુધી તેઓને સેવવાં એટલે પરિપૂર્ણ, અખંડ, એક રસ, પરમાત્માના જ્ઞાને કરીને આ દુસ્તર ભવસાગરથી પાર થવા સારૂં ઇશ્વર, વેદાંત ને ગુરૂમાં શ્રદ્ધા ભક્તિ રાખી શ્રવણ મનન આદિનો અભ્યાસ કરી સર્વદા સત્સંગમાંજ કાળ ગાળવો. મહાત્મા શંકરાચાર્યજી કહે છે કે–क्षणमपि सज्जन संगतिरेका भवति भवार्णव तरणे नौका.

कल्पतरु स्तथा । पापं तापं ज दैन्यं च हरेत्साधु समागमः ॥१॥

यावदायुस्त्रयो वंद्या वेदान्तो गुरु रीश्वरः आदौ ज्ञानप्रसिद्ध्यर्थं कृतघ्नत्वापनुत्तये ॥१॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તુલસીદાસજી પણ કહે છે કે—એક ઘડી આધી ઘડી, આધિમેં પુનિ આધ; તુલસી સંગત સંતકી, હરે કોટિ અપરાધ. આખા બ્રહ્માંડનાં સુખો એક છાબડામાં ને એક છાબડામાં અરધી ઘડીનું સત્સંગનું સુખ મુકીએ તો પણ તેના બરાબર બ્રહ્માંડનું સુખ થતું નથી. છેવટમાં તો—

नाहं ननामि देवान् देवानतीत्य न सेवते देवम ।
न तदनुकरोति विधानं तस्मै यतते नगो नमो मह्यम ॥

सारोद्धार

સ્થુલ સૂક્ષ્મ કારણ નહીં, નહિ મહાકારણ નામ;
જાગ્રત્સ્વપ્ન સુષુપ્તિ હું, નહિ હું કોશ તમામ.
વિશ્વ, તેજસ પ્રાજ્ઞ નહિં, પ્રાત્યગાત્મા અભિમાન;
નિત્યબુદ્ધ મુકત સ્વરૂપ હું, નિરાલમ્બ નિષ્કામ.
તત્પદ ઉપાધિ માયા અને ત્વમ્પદ અવિદ્યા નામ;
બંને વાચ્ય તજે હીરો, હું પોતે ભગવાન્.
ગુરૂ, વેદાન્ત અને સદા, પરમેશ્વરમાં પ્રેમ;
હીરો નિત્ય થતાં થતું, મહામોક્ષનું ક્ષેમ.

इतिश्रीमत्परमहंसपरिव्राजकाचार्य श्रीमदखंडानन्दसरस्वती श्रीरामगुरुप्रणीतमूलपंचीकरण दोहा चोपाई सहितं शीघ्रबोधिनी टीकया समलंकृतं वेदान्त कविना हीरालालेन शर्मणा जादवरायात्मजेन विरचितं वेदान्त पंचोकरणं समाप्तम्.

॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ॐ

॥ श्री मच्छंकराचार्यविरचितं ॥

पंचीकरणं.

—o—

श्रीमत्सुरेश्वराचार्यकृतवार्तिकयुतं

अथातो परमहंसानां समाधिविधिं व्याख्यास्मामः

સુત્રાર્થઃ—[ભગવાન શંકરાચાર્યે મુમુક્ષુઓના કલ્યાણાર્થે આ પંચીકરણ નામનું પ્રકરણ કર્યું છે.] રાગદ્વેષ રહિત જેઓના નીર્મળ હૃદય થયાં છે તેઓના માટેઃ—અથાતો હવે પછી પરંમહંસ જ્ઞાનીઓનો સમાધિ વીધી હું કહું છું- એમ ભગવત્પાદ પ્રતીજ્ઞા કરે છે [દેવ ગુરૂ સુરેશ્વરાચાર્યે પંચીકરણપર વાર્તિક કર્યું છે.]

वार्तिकम्.

ॐकारः सर्ववेदानां सारस्तत्व प्रकाशकः ।
तेन चित्तसमाधानं मुमुक्षुणां प्रकाश्यते ॥१॥

ભાવાર્થ—ઓંકાર એ સર્વ વેદના સાર રૂપ છે, અને બ્રહ્મતત્વને પ્રકાશ કરનાર છે- તે પ્રણવની ઉપાસનાવડે મુમુક્ષુઓના ચિત્તના સમાધાનને નિરૂપણ કરાય છે.॥૧॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અનુવાદ દોહા.

ઓંકાર સર્વે વેદનો, સાર સાર છે સાર;
બ્રહ્મતત્ત્વને સર્વદા, પ્રકાશ તે કરનાર. ૧
મુમુક્ષુના મનનું થવા, સમાધાન સૌ રીત;
નિરૂપણ પ્રણવ ઉપાસના, કરાય છેજ ખચીત. ૨

सच्छब्दवाच्यमविद्याशबलं ब्रह्म। ब्रह्मणोऽव्यक्तम्। अव्यक्तान्महत् महतोऽहंकारः अहंकारात्पञ्चतन्मात्रेभ्यः पञ्चमहाभूतानि। पञ्चमहाभूतेभ्योऽखिल जगत् ॥

સુત્રાર્થઃ—સત્ શબ્દનો વાચ્યાર્થ અવિદ્યા અર્થાત્ શબળ બ્રહ્મ છે. બ્રહ્મથી અવ્યક્ત, અવ્યક્તથી મહત્ (મહતત્વ) મહત્થી અહંકાર, અહંકારથી પાંચ તન્માત્રા, પાંચ મન્માત્રાથી પંચ મહાભૂત અને પંચ મહાભૂતોથી અખિલ જગત્.

ભગવત્પાદ સત્ બ્રહ્મમાંથી આ જગત્ કયા પ્રકારે થયું તેનો ક્રમ બતાવી આ પંચીકરણ પ્રકારણનો પ્રારંભ કરે છે. શ્રુતિઓમાં જગત્ની ઉત્પત્તિ સંબંધે અનેક પ્રકાર કહ્યાં છે, પરંતુ બ્રહ્મ સંબંધે ુતિના વિચારો એકજ બીંદુમાં સમાપ્ત થાય છે તેનો હેતુ એવો છે કે મૂળે જગત્ વાસ્તવીક છે નહિ તેથી શ્રુતિઓ તેનું પ્રતિપાદન કરવા ઇચ્છતીજ નથી. કારણ કે શ્રુતિનો મુખ્ય આશય પ્રવૃત્તિદ્વારા નિવૃત્તિમાં

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સ્થિતિ થવા રૂપ છે. આત્યંતિક દુઃખની નિવૃત્તિ-પૂર્વક પરમાનંદ સુખની પ્રાપ્તિરૂપ મોક્ષ એ સર્વ નિગમવાસનાનું તાત્પર્ય હોવાથી શ્રુતિમાં સદ્વસ્તુ બ્રહ્મ છે તેનુંજ યથાર્થ પ્રતિપાદન કર્યું છે, અને અસત્ વસ્તુ એટલે કે સમસ્ત પ્રપંચ છે તેનો તો અનેક પ્રકારે ઉત્પન્ન પામ્યો કહી નિષેધ કર્યો છે. વેદાંત-મતમાં અનેક પ્રક્રિયાઓ છે પરંતુ જે પ્રક્રિયાથી જીજ્ઞા-સુના મનનું સમાધાન થાય તે પ્રક્રિયા તે જીજ્ઞાસુને માટે પરમ પ્રમાણરૂપ છે. આ પંચીકરણ પ્રકરણપર ઘણી ઉત્તમ પ્રકારની ટીકાઓ થઈ છે અને આ સ્થળમાં પણ વિસ્તાર ભયથી ફક્ત સુત્રનો મૂળ અર્થ તે ઉપર સુરેશ્વરાચાર્યજીનું વાર્તિક અને એક દોહામાં તે તમામ રહસ્યનું મનન એમ સંક્ષિપ્ત વર્ણન કરવામાં આવ્યું છે. નિષ્પ્રપંચમાં પ્રપંચ આરોપ કરી અપવાદ કરવાથી શેષમાં સચ્ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મજ રહે છે અને તે બ્રહ્મ સિવાય અન્ય કોઇ તત્ત્વ છેજ નહિં એજ અદ્વૈત રહસ્ય છે. વેદાંત વિવર્તવાદ કહેવાય છે કારણ કે તેમાં જગત્ (પ્રપંચ) ને બ્રહ્મનો વિવર્ત છે એમ કહ્યું છે એટલે કે બ્રહ્મ પોતેજ વિવિધાકારે ભાસે છે પરંતુ જ્ઞાન થયા પછી સઘળું બ્રહ્મજ છે એમ અનુભવ થવાથી એકજ અદ્વૈત કેવળ તત્ત્વ છે એમ સમર્થ પુરૂષોએ શ્રુતિ અનુકુળ નિશ્ચય કર્યો છે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

आसीदेकं परं ब्रह्म नित्यमुक्त मविक्रियम् ।
तत्स्वमायासम्भावेशाद्बीजमव्याकृतात्मकम् ॥ २ ॥

ભાવાર્થ—પ્રથમ નિત્ય મુકત અને વિકાર રહિત એકજ પરબ્રહ્મ હતું. તે પોતાની માયામાં સારી રીતે પ્રતિબિંબિત થવાથી અવ્યાકૃતરૂપ (ઇશ્વરરૂપ) જગતનું બીજ થયું. ॥ ૨ ॥

નિત્ય મુકત ક્રિયા રહિત, પ્રથમ હતું પરબ્રહ્મ;
અવિકારને અસંગત, નિશ્ચળ બ્રહ્મ અનંત. ૩
પોતાની માયા વિષે, સારી રીતે બ્રહ્મ;
પ્રતિબિંબિત થવા થકી, ઉપજ્યો જગત પ્રપંચ. ૪
માયાના આભાસના, આકારે પરબ્રહ્મ;
થવા થકી અવ્યાકૃત, બીજરૂપ થ્યુંજ અખંડ. ૫

तस्मादांकाशमुत्पन्नं शब्दतन्मात्ररुपकम् ।
स्पशांत्मकस्ततो वायुस्तेजो रुपात्मकं ततः ॥ ३ ॥
आपो रसास्मिका स्तस्मा त्तेभ्यो गंधात्मिका मही ।
शब्दैकगुणमाकाशं शब्दस्पर्शगुणो मरुद् ॥ ४ ॥
शब्दस्पर्शरुपगुणै स्त्रिगुणं तेज उच्यते ।
शब्दस्पर्शरुपरसगुणैरापश्चतुर्गुणाः ॥ ५ ॥
शब्दस्पशरुपरसगन्धैः पञ्चगुणा मही ।
तेभ्यः सामभवत्सुत्रं लिङ्गं सर्वात्मकं कहत् ॥ ६ ॥
ततः स्थूलानि भूतानि पञ्च तेभ्यो बिराडभूत्
पञ्चीकृतानी भूतानि स्थूलानीत्युच्यते बुधैः ॥ ७ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ભાવાર્થ—તે બીજથી શબ્દગુણવાળું આકાશ થયું, આકાશથી સ્પર્શ ગુણવાળો વાયુ ઉત્પન્ન થયો, અને વાયુથી રૂપગુણવાળું તેજ ઉત્પન્ન થયું. ॥ ૩ ॥

તે તેજથી રસરૂપ એવું જળ ઉત્પન્ન થયું અને જળથી ગંધ ગુણવાળી પૃથ્વી ઉત્પન થઇ. તેમાં આકાશ એક શબ્દ ગુણવાળુંજ છે, અને વાયુ શબ્દ અને સ્પર્શ એવા બે ગુણવાળો છે. ॥૪॥

તેજ શબ્દ, સ્પર્શ અને રૂપ એમ ત્રણ ગુણવાળું કહેવાય છે, અને જળના શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ એ ચાર ગુણો છે. ॥ ૫ ॥

પૃથ્વી એ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એમ પાંચ ગુણવાળી છે. તે અપંચીકૃત પંચ મહાભુતથી સુત્રાત્મા કે જે સર્વના લીંગ શરીરરૂપ કે મહત્ તે ઉત્પન્ન થયા. ॥ ૬ ॥

તે અપંચીકૃત મહાભૂતથી પાંચ સ્થુલભુત ઉત્પન્ન થયાં અને તેથી વિરાટસ્વરૂપ ઉત્પન્ન થયું. પંચીકૃત એવાં પંચમહાભુતને વિદ્વાનો સ્થુલભુતો એવી સંજ્ઞાથી કહે છે. ॥૭॥

તે અવ્યાકૃત બીજથી, શબ્દ ગુણ આકાશ;
તે આકાશથી સ્પર્શ ગુણ, વાયુ પ્રગટયો ખાસ. ૬

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તે વાયુથી તેજ ગુણ, તત્વ થયું છે તેજ;
ઉત્પત્તિ તે તેજથી, રસ ગુણ જળથી છેજ. ૭
ગંધવતી પૃથ્વી થઈ, રસ ગુણ જળથી ખાસ;
એવા અનુક્રમથી થયો, સૂક્ષ્મ ણુતનો ઠાઠ, ૮
આકાશથી વાયુ અને, થયું વાયુથી તેજ;
તેજ થકી જળ નીપજ્યું, જળથી પૃથ્વી છેજ. ૯
એક એકનાં કાર્યને, કારણ ભુતો થાય;
કારણના ગુણ કાર્યમાં, ભળતાં વૃત્તિ જણાય. ૧૦
આકાશનો ગુણ શબ્દ છે, શબ્દ સ્પર્શ બે વા'ય;
શબ્દ, સ્પર્શ ને રૂપ એ, ગુણત્રય તેજ વદાય. ૧૧
શબ્દ, સ્પર્શ, રસ, રૂપ એ, જળના ગુણ છે ચાર;
શબ્દ, સ્પર્શ રૂપ, ગંધ, રસ, પંચ પૃથ્વીના ધાર. ૧૨
એક ગુણ આકાશનો, બે ગુણનો છે વાય;
તે ગુણ તેજ તણા થયા, જળના ચાર ગણાય. ૧૩
પંચ ગુણો પૃથ્વી તણા, એ રીતે ગુણ મેળ;
એક એક છે આપનો, બીજા કારણ ભેળ. ૧૪
અપંચીકૃત સૂક્ષ્મ આ, ભુતો પાંચ ગણેજ;
તેથી સર્વ શરીરરૂપ, સુત્રાત્મા પ્રગટેજ. ૧૫
સર્વ શરીરના લીંગરૂપ, સૂક્ષ્મ કાયાવાન;
સુત્રાત્માની પ્રગટતા, સૂક્ષ્મ ભુતથી જાણ.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અપંચીકૃત ભૂતથી, થયાં પંચ સ્થુલ ભૂત;
ઉત્પન્ન પામ્યું તે થકી, વિરાટરૂપ અદભૂત. ૧૭
અપંચીકૃત ભૂતને, સૂક્ષ્મ ભૂત કહેવાય;
પંચીકૃત ભૂતો તણી, સંજ્ઞા સ્થુલ વદાય. ૧૮

पञ्चानां भूतना मेकैकं द्विजाविभज्य स्वर्द्धम्तागं विहाया-र्द्धभागं चतुर्धा विभज्येतरेषु योजिते पञ्चीकरणं मायारुपदर्श-नमध्यारोपापवादाभ्यां निष्प्रपञ्चंप्रपंच्यते ॥

સુત્રાર્થ—પંચભૂતોમાંથી એક એકના બે ભાગ કરી, અરધો ભાગ રાખી મુકી બાકીના અરધામાંથી ચાર ભાગ કરી બીજાના ભાગોમાં મેલાપ કરવો તે પંચી કરણ, અધ્યારોપ અને અપવાદથી નિષ્પ્રપંચમાં પ્રપંચનો આરોપ થાય છે. (તત્ત્વજ્ઞાન માટે પૂર્વ પુરૂષોએ આ ક્રમ કલ્પેલો છે.)

पृथिव्यादीनी भूतानि प्रत्येकं विभजे द्विधा ।
एकैकं भागमादाय चतुर्धा विभजेत्पुनः ॥ ८ ॥
एकैकं भागमेकस्मिन्भूते संवेशयतेक्तमात् ।
ततश्चाकाशभूत भागाः पञ्च भवन्ति हि ॥ ९ ॥
वाय्वादि भागाश्चत्वारो बाय्वादिष्विवभादिशेत ।
पञ्चीकरणमेतत्स्यादित्याहुस्तत्ववेदिनिः ॥ १० ॥

ભાવાર્થ—પૃથ્વી આદિ જે અપંચીકૃત પંચમહાભૂત છે, તે દરેકના બે પ્રકારે વિભાગ કરે અને પુનઃ તેનો

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

એક એક ભાગ લઇને તેના ચાર પ્રકારે વિભાગ કરે અને પછી એક એક ભાગને ક્રમપૂર્વક એક એક ભુતને વિષે નાંખે તેથી આકાશભૂતના પાંચ વિભાગો થાય છે. આ પ્રમાણે વાયુ આદિમાં વાયુ આદિના ચાર ભગોની વ્યવસ્થા કરે, એ પંચીકરણ થયું એમ તત્વ-વેત્તાઓ કહે છે. ॥ ૮ ॥ ૯ ॥ ૧૦ ॥

અપંચીકૃત પૃથ્વ્યાદિ જે, તે દરેક(ના) બે ભાગ;
પુનઃ ભાગ અકેકના, કરવા ચાર વિભાગ. ૧૯
એક એક એ ભાગને, ક્રમ પૂર્વક વિદ્વાન્;
એક એક ભુતે પછી, મેળવતો જ તમામ. ૨૦
પાંચ ભાગ આકાશના, આમ કર્યાથી થાય,
આમજ વાયુ આદિમાં, વ્યવસ્થા ભાગ કરાય. ૨૧
વાયુ આદિના ચારને, વાયુ આદિમાં એમ;
કરે વ્યવસ્થા ક્રમવડે, પંચીકરણ તે તેમ. ૨૨
ઘઉં ચોખા, મગ, બાજરી, વાલ પંચ એ ધાન;
શેર શેર પ્રત્યેકની, ઢગલી ભુત પ્રમાણ. ૨૩
અકેક તે ઢગલી તણા, કરતાં બે બે ભાગ;
અરધા અરધા શેરના, દશ પ્રત્યેક વિભાગ. ૨૪
ચારે ધાન્યના ચાર આ, પંચ પંચ લઈ ભાર;
ઘઉંની અળગી ઢગલીમાં, ભેળવતાં લે સાર. ૨૫

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વીશ ભાર ઘઉં ઢગલીમાં, મળતાં આ વીશ ભાર;
શેર થયું તે ખીચડું, એકંદર નિરધાર-
એક શેરનું ખીચડું, એકજ તત્વ પ્રમાણ;
અવર ચારની આમ તું, મેળવણી ઉર આણ- ૨૭
આ હિસાબે ભુતનાં, તત્વોને કર મેળ;
દૃશ્ય બધાં એ તાહરાં, તું નવ તેની પેર. ૨૮

ॐ पंचीकृत पंचमहाभूतानि तत्कार्यं सर्वं विराडित्युच्यते एतत्स्थूलशरीरमात्मनः ।

સુત્રાર્થ—પંચીકૃત પંચમહાભુતો અને તેનું સર્વ કાર્ય વિરાટ કહેવાય છે. આ પરમાત્માનું સ્થુલ શરીર છે.

पञ्चीकुतानि भुतानि तत्कार्यं च विराडभवेत् ।
स्थूलं शरीर मेतत्स्यादशरीरस्य चात्मनः ॥ ११ ॥
अधिदैवतमध्यात्ममधिभुतमिति त्रिधा।
एकं ब्रह्म विभागेन भ्रमाद्भाति न तवतः ॥ १२ ॥

ભાવાર્થ—એ પંચીકૃત ભુતો છે અને તેઓનું કાર્ય વિરાટ સ્વરૂપ છે. તે વિરાટ નિરાકાર જે પરમાત્મા તેનું સ્થુલ શરીર છે. ૧૧

અધિદૈવ, અધ્યાત્મ અને અધિભુત એમ ત્રણ પ્રકારના વિભાગવડે એક બ્રહ્મ ભ્રમથી જણાય છે પણ તત્વથી (વાસ્તવીક રીતે એમ નથી.) ૧૨

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અપંચીકૃત ભુતનું, સુત્રાત્મા છે કાર્ય;
પંચીકૃત ભુતોતણું, વિરાટરૂપ છે કાર્ય. ૨૯
નિરાકાર પરબ્રહ્મનું, શરીર સૂક્ષ્મ છે તેજ;
સુત્રાત્માં સંજ્ઞાથકી, નામ માત્ર એ છેજ. ૩૦
નિરાકાર પરબ્રહ્મનું, શરીર સ્થુલ છે તેજ;
વિરાટરૂપ સંજ્ઞા વડે, નામ માત્ર એ છેજ. ૩૧
અધિદૈવત, અધ્યાત્મ ને, અધિભુત એ ત્રણ;
વિભાગે ભ્રમથી ભાસતું, એક અસંગત બ્રહ્મ. ૩૨
વસ્તુતઃ આ બ્રહ્મમાં. ભેદ કહે નહિં વેદ;
પણ તેમાં અજ્ઞાનથી, જોતા મૂઢો ભેદ. ૩૩

ईन्द्रियै रर्थोपलब्धिजागरितम्। एतदुभयाभिमान्यात्मा। एतत्रयमकारः

સુત્રાર્થ—ઇન્દ્રિયોવડે અર્થની ઉપલબ્ધિ તે જાગૃત, સ્થુલ શરીર અને જાગૃતનો અભિમાની આત્મા, અને અને સ્થુલ એ ત્રણ મળી આકાર છે.

इन्द्रियैरवविग्नानं देर्थतानुग्हान्वितैः ।
शब्दादिविषचं ज्ञानं तञ्चागारतमुच्यते ॥ १३ ॥
श्रोत्रमध्यात्मभित्युक्तं श्रौतव्यं शब्दलक्षणम् ।
अधिभुतं तदित्युक्तं दिशास्तत्राधिदैवतम् ॥ १४ ॥
त्वगध्यात्म मिति प्रोक्तं स्पष्टव्यं स्पर्शलक्षणम् ।
अधिभूतं तदिन्युक्तं वायुस्तत्राधिदैवतम् ॥ १५ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

चक्षुरध्यात्ममित्युक्तं द्रष्टव्यं रुपलक्षणम् ।
अधिभूतं तदित्युक्तमादित्यीऽत्राधिदैवतम् ॥ १६ ॥
जिह्वाध्यात्मं तयास्वाद्यमधिभूतम् रसात्मकाम् ।
वरुणो देवता तत्र जिह्वायामाधिदैवतम् ॥१७॥
घ्राणमध्यात्ममित्युक्तं घ्रातव्यं गन्धलक्षणम् ।
अधिभूतं तदित्युक्तमश्विनावधि धेवतम् ॥१८॥

ભાવાર્થ:—દેવતાના અનુગ્રહયુકત એવી ઇંદ્રિયોથી જે બહારના વિષયનું જ્ઞાન થાય છે તે શબ્દાદિ વિષયનું જ્ઞાન જાગ્રત અવસ્થા કહેવાય છે. ॥ ૧૩ ॥

શ્રોત્ર [કાન] અધ્યાત્મ છે, સાંભળવાના વિષયરૂપ શબ્દ અધિભૂત કહ્યો છે, અને ત્યાં દિશા એ અધિદૈવત છે ॥ ૧૪ ॥

ચામડી એ અધ્યાત્મ કહી છે, સ્પર્શ કરવાના વિષયરૂપ સ્પર્શ તે અધિભુત કહ્યો છે અને વાયુ તેમાં અધિદૈવત છે. ॥ ૧૫ ॥

ચક્ષુ અધ્યાત્મ છે, એમ કહ્યું છે, જોવાના વિષયરૂપ જે રૂપ તે અધીભૂત કહ્યું છે, અને તેમાં સૂર્ય અધિદૈવત છે. ॥ ૧૬ ॥

જિહ્વા એ અધ્યાત્મ છે, તેમજ સ્વાદના વિષયરૂપ જે રસ તે અધિભૂત છે, અને તે જિહ્વાને વિષે અધિદૈવત વરૂણ દેવ છે. ॥૧૭॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

નાસિકા એ અધ્યાત્મ કહેવાય છે, સુંઘવાના વિષયરૂપ ગંધ તે અધિભૂત કહેવાય છે. અને અશ્વનીકુમાર [પાઠાંતરમાં પૃથ્વી] એ તેમાં અધિદૈવત છે. ॥૧૮॥

દેવતાઓના અનુગ્રહે, શબ્દાદીનું જ્ઞાન;
જે ઇન્દ્રિયને થાય છે, તેજ જાગૃતિ જાણ. ૩૪

અહારના વિષયોતણું, દેવ અનુગ્રહ યુક્ત;
ઇન્દ્રિયને શબ્દાદિનું, જ્ઞાન તેજ જાગૃત. ૩૫

શ્રોત્રા ત્યાં અધ્યાત્મ છે, શ્રવણ વિષય રૂપ નાદ;
અધિભુત ત્યાં થાય છે, દિશા અધિદૈવત ભ્રાત. ૩૬

ચામડી અધ્યાત્મ છે, સ્પર્શ વિષય અધિભૂત;
વાયુ છે અધિદૈવત, એજ ખરી સમજુત. ૩૭

જિહ્વા એ અધ્યાત્મ છે, સ્વાદ વિષય રસ નામ;
અધિભૂત છે જિહ્વા વિષે, દેવ વરૂણ પ્રમાણ. ૩૮

અધ્યાત્મ છે આ નાસિકા, ગંધ વિષય રૂપ ગંધ;
છે અધિભૂત અધિદૈવત, કહે પૃથ્વી ત્યાં સંત. ૩૯

वाग ध्यात्म मिति प्रोक्तं वक्तव्यं शब्द लक्षणम् ।
अधिभूतं तदित्युक्त मग्नी स्तत्राधि दैवतम् ॥१९॥

हस्ता वध्यात्म मित्युक्त मादातव्यं च यद्भवेत् ।
अधिभूतं तदित्युक्त मिन्द्र स्तत्राधि दैवतम् ॥२०॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

पादावध्यात्म मित्युक्त गन्तव्यं तत्र यद्भवेत् ।
अधिभूतं तदित्युक्तं विष्णु स्तत्राधि दैवतम् ॥ २१ ॥
पायुरिन्द्रियमध्यात्मं विसर्गःस्तत्र यो भवेत्
अधिभूतं तदित्युक्तं मृत्युस्तत्राधिदैवतम् ॥ २२ ॥
उपस्थेन्द्रियमध्यात्मं स्त्र्याद्यानन्दस्य कारणम् ।
अधिभूतं तदित्युक्तमधिदैवं प्रजापतिः ॥ २३ ॥

ભાવાર્થ—વાણી એ અધ્યાત્મ છે, બોલવાના વિષયરૂપ જે શબ્દ અધિભૂત છે અને અગ્નિ તમાં અધિદૈવત છે. ॥ ૧૯ ॥

હાથ અધ્યાત્મ કહેવાય છે, ને ગ્રહણ કરવાનો વિષય તે અધિભૂત કહેવાય છે અને ઇંદ્ર તેમાં અધિદૈવત છે. ॥૨૦॥

પગ અધ્યાત્મ કહેવાય છે, તેમાં જે જવાનો વિષય તે અધિભુત કહેવાય છે અને ત્યાં વિષ્ણુ અધિદૈવત છે. ॥૨૧॥

ગુદા અધ્યાત્મ કહેવાય છે, તેમાં જે મળત્યાગ ધર્મ છે અધિભુત કહેવાય છે અને ત્યાં મૃત્યુ અધિદૈવત છે. ॥૨૧॥

ઉપસ્થ અધ્યાત્મ છે, સ્ત્રી આદિ વડે જે આનંદનો હેતુ તે અધિભૂત કહેવાય છે અને પ્રજાપતિ તેના અધિદૈવ છે. ॥૨૩॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વાણી એ અધ્યાત્મ છે, વાકય વિષયરૂપ શબ્દ;
તે અધિભુત ગણાય ત્યાં, અગ્નિ અધિદૈવત. ૪૦

હાથ એ અધ્યાત્મ છે, ગૃહણવિષય અધિભુત;
અધિદૈવત ત્યાં ઇંદ્ર એ, હસ્તતણી સમજુત. ૪૧

પાદ યુગલ અધ્યાત્મ છે, ગતિ વિષય અધિભુત;
ત્યાં અધિદૈવત વિષ્ણુએ, પાય તણી સમજુત. ૪૨

ગુદા અધ્યાત્મ ગણાય છે, મળ વિસર્જન ધર્મ;
છે અધિભુત અધિદૈવત, કહે મૃત્યુને સંત. ૪૩

છે અધ્યાત્મ ઉપસ્થને, રતિહેતુ અધિભુત;
પ્રજાપતિ અધિદૈવ ત્યાં, એ ઉપસ્થ સમજુત. ૪૪

मनोऽध्यात्ममिति प्रोक्त मन्तव्यं तत्र यद्भवेत् ।
अधिभुतं तदित्युक्तं चन्द्रस्तत्राधिदैवम् ॥ २४ ॥

बुद्धिरध्यात्ममित्युक्तं बोद्धव्यं तत्र यद्भवेत् ।
अधिभुतं तदित्युक्तमधिदैवं बुहस्पतिः ॥ २५ ॥

अहंकारस्तथाध्यात्ममहंकर्तव्मेयव यत् ।
अधिभुतं तदित्युक्तं रुद्रस्तत्राधिदैवतम् ॥ २६ ॥

चित्तमध्यात्ममित्युक्त चेतव्यं तत्र यद्भवेत् ।
अधिभुत तदियुक्तं रुद्रस्तत्राधिदैवतम् ॥ २७ ॥

तमोऽध्यात्ममिति प्रोक्त विकारस्तत्र यो भवेत् ।
अधिभुतं तदित्युक्तमीश्वरोऽत्राधिदैवतम् ॥ २८ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

बाह्यान्तःकरणैरेवं देवतानुग्रहान्वितैः ।
स्वं स्वं च विषयंज्ञानं तज्जागरितमुच्यते ॥ २९ ॥

येयं जागरितावस्था शरीरं करणाश्रयम् ।
यस्तयोर भिमानी स्याद्विश्व इत्यभिधीयते ॥ ३० ॥

ભાવાર્થ—મન અધ્યાત્મ કહેવાય છે, તેમાં જે મનનનો વિષય તે અધિભૂત એમ કહેલું છે, અને ત્યાં અધિદૈવ ચંદ્રમા છે. ॥ ૨૪ ॥

બુદ્ધિ અધ્યાત્મ છે એમ કહ્યું છે, તેમાં જે જાણવાનો વિષય છે તે અધિભૂત છે, અને બ્રહસ્પતિ તેના (બુદ્ધિના) અધિદૈવત છે. ॥ ૨૫ ॥

આ પ્રમાણે અહંકાર અધ્યાત્મ છે, અને અહંકારનો વિષય છે તે અધિભુત છે, અને તેમાં રૂદ્ર અધિદૈવત છે. ॥ ૨૬ ॥

ચિત્ત અધ્યાત્મ છે એમ કહ્યું છે, તેમાં છે ચિંતનનો વિષય છે તે અધિભુત કહેવાય છે, અને ત્યાં રૂદ્ર અધિદૈવત છે. (કોઈ સ્થળમાં ક્ષેત્રજ્ઞ અધિદૈવત છે.) એવો પાઠ છે. ॥ ૨૭ ॥

અજ્ઞાન અધ્યાત્મ કહેવાય છે. તેમાં જે વિકાર થાય છે તે અધિભુત કહેવાય છે અને આ સ્થળમાં ઇશ્વર અધિદૈવત છે. ॥ ૨૮ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આ પ્રમાણે દેવતાના અનુગ્રહયુક્ત એવી કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો અને અંતઃકરણચતુષ્ટયવડે જે પોતપોતાના વિષયનું કર્મ તથા જ્ઞાન ઉત્પન્ન થાય છે તે જાગરિત કહેવાય છે. ॥ ૨૯ ॥

તે આ જાગ્રદાવસ્થા અને કરણના આશ્રયરૂપ એવું શરીર તે ઉભયનો જે અભિમાની (અભિમાની ચેતન) છે તેને વિશ્વ એ નામથી કહેવાય છે. ॥ ૩૦ ॥

મન અધ્યાત્મ વદાય છે, મનન વિષય અધિભુત;
અધિદૈવત ત્યાં ચંદ્રમા, એ મનની સમજુત. ૪૫
બુદ્ધિ એ અધ્યાત્મ છે, જ્ઞેયવિષય અધિભુતઃ
બ્રહસ્પતિ અધિદૈવ ત્યાં, કહે શ્રુતિ મુનિ બુધ્ધ. ૪૬
અહંકાર અધ્યાત્મ છે, અહંવિષય અધિભુત;
જે અધીદૈવત રૂદ્ર ત્યાં, અહંકાર સમજુત. ૪૭
ચિત્ત તો અધ્યાત્મ છે, ચિંતન વિષય અધીભુત;
રૂદ્ર ત્યાં અધિદૈવ છે, એમ ચિત્ત સમજુત. ૪૮
અજ્ઞાન તો અધ્યાત્યમ છે, (તેનો) વિકાર છે અધીભુત;
અહિં અધીદૈવત ઇશને, વદતા પડિત બુધ્ધ. ૪૯
કર્મેન્દ્રિ જ્ઞાનેન્દ્રિ ને, અંતઃકરણો ચાર;
ચૌદ દેવતાના વડે, કરે ક્રિયા સંસાર ૫૦
દેવ અનુગ્રહ યુક્ત આ, ઇંદ્રિયદ્વારા જેહ;
સ્વવિષયનું, કર્મનું, જ્ઞાન જાગૃતિ એહ, ૫૧

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જાગૃતિ ને કરણના, આશ્રયરૂપ શરીર;
તે બેના અભિમાનીને, કહે વિશ્વ મુનિવર. ૫૨

अपंञ्चीकृतपञ्चगहाभूतानि पञ्चतन्मात्राणि, तत्कार्यं च पञ्चप्राणाः दशेन्द्रियाणि मनो बुद्धिश्चेति सप्तदशकं लिङ्गभौतिकं हिरण्यगभ इत्युच्यते। एतत्सुक्ष्मशरीरमात्मनः। करणेषु पसहृतेषु जागरितसंस्कारजः प्रत्ययः सविषयः स्वप्न इत्युच्यते । तदुभयाभिमान्यात्मा तैजसः एतत्रयमुकारः ।

સુત્રાર્થ—અપંચીકૃત પંચ મહાભુતની પાંચ તન્માત્રા, તેનું કાર્ય પાંચ પ્રાણ, દશ ઇંદ્રિય, મન અને બુદ્ધિ એ સત્તર તત્ત્વોનું ભૌતિ–લિંગ–હિરણ્યગર્ભ શરીર કહેવાય છે. આ, આત્માનું સૂક્ષ્મ શરીર છે. ઇંદ્રિયો ઉપશમ પામ્યા પછી જાગ્રત સંસ્કાર જન્ય પ્રત્યય સવિષય તે સ્વપ્ન કહેવાય છે. સ્વપ્ન અને સૂક્ષ્મ અર્થાત્ ગ્રાહ્ય ગ્રાહકના અભિમાનીને તજસ કહેવાય છે. સ્વપ્ન–સૂક્ષ્મ–અભિમાની એ ત્રણ મળી ઉકાર છે.

विश्वं वैराजरूपेण पश्येद्भदनिवृत्तये ।
शानेन्द्रियाणि पञ्चैव पञ्च कर्मेन्द्रियाणि च ॥ ३१ ॥

श्रोत्रत्वङ्नयनघ्राणजिह्वा धीन्द्रियपञ्चकम् ।
वाक्पाणिपादपायूपस्थाः कर्मेन्द्रियपञ्चकम् ॥ ३२ ॥

मनोबुद्धिरहंकारश्चितं चेति चतुष्टयम् ।
संकल्पाख्यं मनोरूपं बुद्धिर्निश्चयरूपिणी ॥ ३३ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

अभिमानात्मकस्तद्वदहंकारः प्रकीर्तितः ।
अनुसंधानरूपं च चित्तमित्यभिधीयते ॥ ३४ ॥
प्राणोऽपानस्तथा व्यान उदानाख्यस्तथैव च ।
समानश्चेति पञ्चैताः कीर्तिताः प्राणवृत्तयः ॥ ३५ ॥
खवाय्वग्न्यम्बुक्षितयो भूतसूक्ष्माणि पञ्च च ।
अविद्याकामकर्माणि लिङ्गं पुर्यष्टकं विदुः ॥ ३६ ॥
एतन्सूक्ष्मशरीरं स्यान्भाचिकं प्रत्यगात्मनः ।
करणोपरमे जाग्रत्संस्कारोत्थप्रबोधवत् । ॥ ३७ ॥
ग्राह्यग्राहकरूपेण स्फुरणं स्वप्न उच्यते ।
अभिमानी तयोर्यस्तु तैजसः परिकीर्तितः ॥ ३८ ॥
हिरण्यगर्भरूपेण तैजसं चिन्तयेद्बुधः ।
चैतन्याभासखचितं शरीरद्वयकारणम् ॥ ३९ ॥

ભાવાર્થ—તે વિશ્વને ભેદની નિવૃત્તિના માટે વિરાટરૂપે જુએ. (જ્ઞાની પુરૂષ અભેદ તત્ત્વ પ્રાપ્તિ નિમિત્તે વિશ્વ વૈરાટના અવાસ્તવીક ભેદનો ત્યાગ કરે એ કથન છે.) પાંચ જ્ઞાનની ઇંદ્રિયો છે અને પાંચ કર્મની ઇંદ્રિયો છે. (આ શ્લોકના ઉત્તરાર્ધનો સંબંધ તેની પછીના શ્લોકના પૂર્વાર્ધ સાથે છે એ લક્ષ્યમાં રાખવું.) ॥ ૩૬ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, ઘ્રાણ અને જીહ્વા એ પાંચ જ્ઞાન ઇંદ્રિયો છે, અને વાણી, હાથ, પગ, ગુદા અને શિશ્ન એ પાંચ કર્મઈન્દ્રિયો છે. ॥ ૩૨ ॥

મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત એ અંતઃકરણ ચતુષ્ટય છે. તેમાં મન સંકલ્પાત્મક અને બુદ્ધિ નિશ્ચયાત્મક છે. ॥ ૩૩ ॥

તેમજ અહંકાર અભિમાન ધર્મવાળો છે, એમ કહ્યું છે અને જે ચિત્ત છે તે સ્મરણ ધર્મવાળું કહેવાય છે. ॥ ૩૪ ॥

પ્રાણ, અપાન, વ્યાન ઉદાન અને સમાન એ પાંચ પ્રાણની વૃત્તિઓ કહેવાય છે. ॥ ૩૫ ॥

આકાશ વાયુ અગ્નિ જળ અને પૃથ્વી એ પાંચ સૂક્ષ્મભુત છે. જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, અંતઃકરણો, પ્રાણો, ભુતો, અવિદ્યા, કામ તથા કર્મ એ સર્વ લિંગ શરીર છે અને તેને વિદ્વાનો પુર્યષ્ટક જાણે છે. ॥ ૩૬ ॥

પ્રત્યગાત્માનું આ સૂક્ષ્મ શરીર માયિક છે, ઇંદ્રિયો ઉપશમ પામ્યા પછી જાગ્રતના સંસ્કારથી ઉત્પન્ન થએલાં જ્ઞાનીને જેમ, ગ્રહણ કરવા યોગ્ય અને ગ્રહણ કરનાર એ ઉભયના રૂપે કરીને જે સ્ફુરણ થાય છે તે સ્વપ્ન એમ કહેવાય છે અને તે ઉભયનો જે અભિમાની તે તૈજસ કહેવાય છે. ॥ ૩૭–૩૮ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પ્રાજ્ઞ પુરૂષ ઉભય શરીરના કારણરૂપ અને ચૈતન્યાભાસથી એવા તૈજસને હિરણ્યગર્ભરૂપે ચિંતન કરે. ॥ ૩૯ ॥

વિશ્વ વિરાટ્ એ ઉભયને, ભેદ નિવારણ કાજ;
ચિંતે એકજ રૂપથી, મુમુક્ષુઓ મુનિરાજ. ૫૩

શ્રોત્ર ત્વચા ચક્ષુ અને, જિહ્વા પંચમ ઘ્રાણ;
તે પાંચેને સમજવાં, નામ ઇંદ્રિયો જ્ઞાન. ૫૪

વાચા વાણી પાદ ને, શિશ્ન ગુદા એ નામ;
કર્મ નામ ઇંદ્રિ તણાં વરણે છે ભગવાન. ૫૫

મન, બુદ્ધિ, અહંકારને, ચોથું ચિત્ત પ્રમાણ;
અંતઃકરણો ચારનાં, કહ્યાં ચાર એ નામ. ૫૬

એકજ અંતઃકરણની, વૃત્તિનાજ પ્રકાર;
ચાર આ વખણાય છે, એક સત્ત્વ પરિવાર. ૫૭

તેમાં મન સંકલ્પ રૂપ, બુદ્ધિ નિશ્ચયરૂપ;
(અભિ)માનરૂપ અહંકાર છે,
ચિત્તજ સ્મરણ સ્વરૂપ. ૫૮

સંકલ્પ વિકલ્પ મન ધર્મ છે, નિશ્ચય બુદ્ધિ પ્રમાણ;
અભિમાન અહંકારનો, સ્મરણ ચિત્તનો જાણ, ૫૯

પ્રાણ અપાન, ઉદાન ને ચોથો વ્યાન સમાન;
એક પ્રાણની પાંચ આ, વૃત્તિ કહે વિદ્વાન ૬૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આકાશ વાયુ અગ્નિ, ને જળ પૃથ્વી એ નામ;
સૂક્ષ્મ ભુતનાં પાંચ છે, કીધાં શાસ્ત્ર પ્રમાણ. ૬૧

જ્ઞાન, કર્મ, એ ઇંદ્રિયો, અંતઃકરણો પ્રાણ;
ભુતો અવિદ્યા કર્મ એ, અષ્ટક થયું જ પ્રમાણ. ૬૨

પુર્યષ્ટક તેને કહે, જ્ઞાનવૃદ્ધ વિદ્વાન;
અષ્ટ પુરીનો આત્મા, મહારાય બળવાન. ૬૩

પ્રત્યાગાત્માનું સૂક્ષ્મ આ, શરીર છે માયિક;
એ નિશ્ચયથી સમજતા, જ્ઞાની તત્વ ખચીત. ૬૪

જ્યારે ઇંદ્રિય સકળ આ, વિરામતી તતખેવ,
જાગ્રત જન્ય સંસ્કારથી, જન્ય જ્ઞાનની પેર. ૬૫

ગ્રાહ્ય ગ્રાહક રૂપથી, સ્ફુરણ જે જે થાય;
તે સ્ફુરણને સર્વદા, સ્વપ્ન નામ કહેવાય, ૬૬

ગ્રહણ કરવા યોગ્ય ને, બીજું ગ્રહણ કરનાર;
એ બેથી સ્ફુરણ થતું, એજ સ્વપ્ન નિરધાર. ૬૭

ગ્રાહ્ય ગ્રાહક એમ આ, ઉભય સ્ફુરણનો જેહ;
અભિમાની તેને કહે તૈજસ સુજ્ઞ હમેશ. ૬૮

હિરણ્યગર્ભના રૂપની, ડાહ્યો જન વિદ્વાન;
તૈજસનું ચિંતન કરે, થવા લાભ નિર્વાણ. ૬૯

ચેતનના આભાસ સહ, સ્થુલ સૂક્ષ્મનું જેહ;
કારણ તૈજસ, અલગ ન, હિરણ્યગર્ભથી એહ. ૭૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વૈરાટ સુત્રાત્મા કહી, બે ઇશ્વરની કાય;
હિરણ્યગર્ભ તે ઉભયનાં, કારણરૂપ ગણાય. ૭૧

સ્થુલ સૂક્ષ્મ, એ જીવની, કીધી છે બે કાય;
તે ઉભયનુંજ કારણ, તૈજસ એ કહેવાય. ૭૨

તૈજસ છે આભાસ સહ, હિરણ્યગર્ભ છે તેમ;
માટે તેની ઐકયતા, સ્મરવી થાળા ક્ષેમ. ૭૩

હિરણ્યગર્ભ તૈજસતણું, ઐકયપણું સમજાય,
અખંડ તત્વના યોગમાં, શોક સમૂહ સમાય. ૭૪

शरीरद्वयकारणमात्माज्ञानं साभासमव्याकृतमित्युच्यते। एतत्कारणशरीरमात्मनः। तच्च न सत्, नासत्। नापिसदसत्। न भिन्नं, नाभिन्नम्। नापि भिन्नाभिन्नं कुतश्चित्। न निरवयवं, न सावयवं। नोभयम्। किन्तु केवलब्रह्मात्मैकत्वज्ञानापनोद्यम्॥

સુત્રાર્થ—શરીરદ્વયનું કારણ આત્માનું અજ્ઞાન આભાસ સહિત અવ્યાકૃત કહેવાય છે. આ આત્માનું કારણ શરીર છે. તે સત્ નથી, અસત્ નથી, સદસત્ પણ નથી, ભિન્ન નથી, અભિન્ન નથી, ભિન્નાભિન્ન પણ નથી, નિરવયવ નથી, સાવયવ નથી, ઉભય સ્વરૂપે નથી પણ કેવલ બ્રહ્મત્મૈકય જ્ઞાનવડે તજવા યોગ્યજ તે કારણ ઉપાધી છે. (ભગવત્પા-

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

દના ઉચ્ચ સિદ્ધાંતમાં આ સઘળું કારણરૂપ અવિ-
દ્યામાંથીજ ઉત્પન્ન પામ્યું અને તે અવિદ્યા-માયા-
કે પ્રકૃતિ કે શક્તિ બ્રહ્મથી ભિન્ન નથી; જો બ્રહ્મથી
બ્રહ્મની શકિતને ભિન્ન માનવામાં આવે તો તે અસત્
થાય. જે વસ્તુની ત્રણે કાળ પ્રતીતિ નથી તે અસત્
કહેવાય છે પરંતુ પ્રકૃતિનું કાર્ય બ્રહ્માંડ પ્રતીતિ વિષય
હોવાથી અસત્ નથી તેથી સત્ બ્રહ્મથી અસત્ એવું
કોઇ ભિન્ન તત્વ છેજ નહીં. જો બ્રહ્મથી બ્રહ્મની
શકિતને અભિન્ન માનીએ તો પછી બ્રહ્મની શકિત
એમ; બ્રહ્મજ હોવાથી જુદું કથન નિષ્પ્રયોજન છે.
બ્રહ્મથી બ્રહ્મની શકિત ભિન્ન પણ નથી અને અભિન્ન
પણ નથી એમ જો માનીએ તો એકજ આશ્રયમાં બે
વાત ન ઘટે કારણકે સ્વાશ્રય દોષ આવે, જેથી બ્રહ્મની
શકિત બ્રહ્મથી ભિન્નાભિન્ન છે એમ પણ ન
કહેવાય. હવે બ્રહ્મનો અને તેની શકિતને સંબંધ
રજ્જુના અને સર્પના સંબંધ જેવો અનિર્વચનીય
કલ્પિત તાદાત્મ્ય સંબંધ છે એમ કહીએ તો યથાર્થ
છે. કારણ રજ્જુમાં ભાસતો સર્પ કલ્પિત હોવાથી
પરમાર્થે રજ્જુ રૂપજ છે તેમ બ્રહ્મમાં ભાસતું પ્રકૃતિ
સહિત આ ભૌતિક જગત્ કલ્પિત હોવાથી પરમાર્થે
બ્રહ્મજ છે. સાકાર બાધ પામવા યોગ્ય છે જે તેજ
જગત્ કે માયા વિલાસ હોવાથી અનિર્વચનીય કલ્પિત

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કહેવાય છે. શશશૃંગને, વંધ્યાપુત્ર તો મૂળેજ નથી અર્થાત્ નિરાકાર છતાં બાધ યોગ્ય હોવાથી અસત્ છે, અને ત્રણે કાળે જેનો બાધ નથી થતો તેવું બ્રહ્મ સત્ સ્વરૂપ છે, અધીષ્ટાનથી કલ્પિતની સત્તા ભિન્ન ન હોવાથી બ્રહ્મમાં અનિર્વચનીય કલ્પિત તાદાત્મ્ય સંબંધ ધરાવનારી પ્રકૃતિ અને તેનું કાર્ય બ્રહ્મથી ભિન્ન નથી પરંતુ બ્રહ્મજ છે, એ સિદ્ધાંત છે.

आत्माज्ञानं तदव्यक्तमव्याकृतमितीर्यते ।
त्र सन्नासन्न सदसद्भिन्नाभिन्नं न चोभयम् ॥ ४० ॥

न सभागं न निर्भागं न चाप्युभयरूपकम् ।
ब्रह्मात्मैकत्वविज्ञान हेयं मिथ्यात्वकारणात् ॥ ४१ ॥

ભાવાર્થ:—આત્માના આશ્રયે રહેલું અજ્ઞાન તે અવ્યક્ત છે, ને તે અવ્યાકૃત એમ કહેવાય છે, તે સત્ નથી, અસત નથી અને સત્ અસત્ એ નથી; તેમ આત્માથી ભિન્ન નથી, અભિન્ન નથી, તથા ભિન્નાભિન્ન નથી. ॥ ૪૦ ॥

તે સાવયવ નથી, નિરવયવ નથી, અને ઉભયરૂપ પણ નથી. મિથ્યાપણાના જ્ઞાનથી બ્રહ્માત્માના એકપણાના વિજ્ઞાનવડે તે હેય (તજવા યોગ્ય) છે. ॥૪૧ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આત્માને આશ્રીત જે, અજ્ઞાન તેજ અવ્યકત;
અવ્યાકૃત તેને કહે, તત્વનિષ્ઠ ગુરૂ ભકત. ૭૫
સત્ નહીં ને અસત્ નહીં, સદસત નહીં કહેવાય;
આત્માથી તે ભિન્ન નહીં, અભિન્ન પણ ન કથાય.૭૬
ભિન્નાભિન્ન તે તો નહીં, અવ્યાકૃત કહેવાય;
અનિર્વચનીય સ્વરૂપ તે, મિથ્યા માત્ર મનાય. ૭૭
સાવયવ નિરવયવ તે નથી, એ ઉભય સ્વરૂપ;
અવ્યાકૃત તેવું દીસે, અતિ વિલક્ષણ રૂપ. ૭૮
મિથ્યાત્વ નિશ્ચય જ્ઞાનથી, હેય હેય તે હેય;
બ્રહ્માત્મૈકય વિજ્ઞાનથી, હેય હેય તે હેય. ૭૯

सर्वप्रकारज्ञानोपसंहारे बुद्धेः कारणात्मनामस्थानं सुषुप्तिः । तदुभयाभिमान्यात्मा प्राज्ञः । एतत्त्रयं प्रकारः ।

સૂત્રાર્થઃ—સર્વ પ્રકારના જ્ઞાનના ઉપસંહારમાં બુદ્ધિના કારણપણાં વડે જે સ્થિતિનો સુષુપ્તિ. કારણ શરીર અને સુષુપ્તિનો અભિમાની તે પ્રાજ્ઞ. દેહ અવસ્થા અને અભિમાની એ ત્રણ મળી પ્રકાર.

ज्ञानानामुपसंहारो बुद्धेः कारणतास्थितिः ।
वटबीजे वटस्वेव सुषुप्तिरभिधीयते ।
जगत्कारणरूपेण प्राज्ञात्मानं विचिन्तयेत् ॥ ३३ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ભાવાર્થ—બાહ્ય તથા અંતર જ્ઞાનનો ઉપસંહાર, અને વડના બીજમાં વડની જેમ બુદ્ધિના કારણપણાં-વડે જે સ્થિતિ તે સુષુપ્તિ કહેવાય છે ॥ ૪૨ ॥

તે ઉભયનો અર્થાત ગ્રાહ્ય ગ્રાહકનો જે અભિમાની ચેતન તે પ્રાજ્ઞ નામથી ઓળખાય છે. આ પ્રાજ્ઞાત્મા જગતનાં કારણરૂપ છે એમ તેનું મુમુક્ષુ પુરૂષો ચિંતન કરે ॥ ૪૩ ॥

ઉપસંહાર જે જ્ઞાનનો, અંદર તેમ બહાર'
કારણથી સ્થિતિ બુદ્ધિની, એજ સુષુપ્તિ ધાર. ૮૦
વટરૂપ 'બી'ના કારણે, સ્થિતિ છે વટની જેમ;
કારણ વડે બુદ્ધિ તણી, સ્થિતિ સુષુપ્તિ તેમ. ૮૧
બાહ્યાંતર જ્ઞાન તણો, જે છે ઉપસંહાર
બીજ કારણે વટસ્થિતિ સમી, સુષુપ્તિ તે નિરધાર. ૮૨
ગ્રાહ્ય ગ્રાહક એ ઉભયનો, અભિમાની જે છેજ;
તે અભિમાનીને સદા, પ્રાજ્ઞ પ્રાજ્ઞ કહેજ. ૮૩
પ્રાજ્ઞાત્માને જગતનાં, કારણરૂપ સદાય;
મુમુક્ષુઓ ચિંતન કરે, તત્વ બોધ તો થાય. ૮૪

અકાર ઉકારે, ઉકારો મકારે, મકાર ઉંકારે, ઉંકારો ऽहमस्म्येव ।

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સુત્રાર્થ–આકારનો ઉકારમાં, ઉકારનો મકારમાં, મકારનો ઓંકારમાં, અને ઓંકાર તે હુંજ છું. અકારનો ઉકારમાં લય કરવો અને ઉકારનો મકારમાં લય કરવો અને મકારનો ઓંકારમાં લય કરવો. એટલે ઓંકાર સ્વરૂપ તો હુંજ છું તેથી તેજ શેષ રહું એ ભાવ છે.

विश्वतैजससोंषुप्तविराट्सूत्राक्षरात्मभि ।
विभिन्नमिव समोहादेकत वं चिदात्मकम् ॥ ४४ ॥

विश्वादिकत्रयं यस्माद्वैराजादित्रयात्मकम् ।
एकत्वेन सम पश्येदन्याभावप्रसिद्धये ॥ ४५ ॥

ચૈતન્ય રૂપ એક તત્ત્વ અતિ અવિવેકથી, વિશ્વ, તૈજસ પ્રાજ્ઞ વિરાટ સુત્રાત્માને અક્ષરાત્મ રૂપે ભેદ પામ્યું હોય તેવું જણાય છે. ॥ ૪૪ ॥

ભાવાર્થ—આ પ્રમાણે વિશ્વાદિક વરાજાદિ ત્રણ રૂપેજ છે. તેથી અન્યના અભાવની સારી રીતે સિદ્ધિ થવા કાજે તેઓને એક પણાંવડે કરીને મુમુક્ષુ પુરૂષ જુએ. ॥ ૪૫ ॥

એક તત્વ ચૈતન્ય આ, અવિવેકે બહુ થાય;
વિશ્વ તૈજસ આદિ સહુ, ભેદ વિષય દેખાય. ૮૫

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વસ્તુતઃ ચૈતન્યથી, બ્રહ્મ બ્રહ્મ છે એક;
અજ્ઞાને વિશ્વાદિથી, ભાસે જેમ અનેક. ૮૬

વિશ્વ તૈજસ પ્રાણ ને, વિરાટ સુત્રાત્મા [જ];
અક્ષરાત્મ ભેદે ભાસતું, એકજ તત્વજ ખાસ. ૮૭

એક અખંડ પરબ્રહ્મને, જોવાને જન બુદ્ધ;
વિરાજાદિ વિશ્વાદિને, જોતો એક સ્વરૂપ. ૮૮

વિશ્વ વિરાટને સર્વદા, જોવાં એક અભેદ;
વિશ્વ એજ વિરાટ છે, વિરાટ વિશ્વ કયાં ભેદ! ૮૯

હિરણ્યગર્ભને તજસ, જોવાં એક અભેદ;
સુત્રાત્મા પર્યાય એ, હિરણ્યગર્ભનો છેજ. ૯૦

પ્રાજ્ઞ અને અક્ષર વિષે, જોવો એક અભેદ;
આત્મ વૃથા અભિમાનીમાં, તજવો મિથ્યા ભેદ. ૯૧

બીજાનાજ અભાવની, સમ્યક સિદ્ધિ અર્થ;
વિશ્વાદિ વૈરાજાદિમાં, તજવો ભેદ અનર્થ. ૯૨

ॐकारमात्रमखिलं विश्वाप्राज्ञादिलक्षणम् ।
वाच्यवाचकताभेदाद्भेदेनानुपलब्धितः ॥ ४६ ॥

अकारमात्रं विश्वं स्यादुकारस्तैजसः स्मृतः ।
प्राज्ञो मकार इत्येवं परिपश्येत्क्रमेण तु ॥ ४७ ॥

समाधिकालात्प्रागेवं विचिन्त्यातिप्रयत्नतः ।
स्थूलसूक्ष्मक्रामात्सर्वं चिदात्मनि विलापयेत् ॥ ४८ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

अकारं पुरुषं विश्वमुकारे प्रविलापयेत् ॥ ४९ ॥

मकारं कारणं प्राज्ञं चिदात्मनि विलापयेत् ।

चिदात्माहं नित्यशुद्धबुद्धमुक्तसदद्वयः ॥ ५० ॥

ભાવાર્થ—વાચ્ય વાચકતાના અભેદથી અને પૃથક્પણાંવડે અભાવ હોવાથી વિશ્વ તથા પ્રાજ્ઞાદિ લક્ષણવાળું સમગ્ર જગત્ ઓંકારમાત્ર છે. ॥ ૪૬ ॥

આકાર માત્રા વિશ્વ છે, ઉકાર માત્રા તૈજસ છે અને મકાર છે તે પ્રાજ્ઞ છે; એ રીતે ક્રમપૂર્વક જુએ. ॥ ૪૭ ॥

સમાધિના સમયની પહેલાં ઘણા પરિશ્રમથી એમ કરીને ક્રમથી સ્થુલ સૂક્ષ્મ સર્વનો (ઉત્તમ મુમુક્ષુ) ચિદાત્મા વિષે લય કરે. ॥ ૪૮ ॥

વિરાટ અને વિશ્વરૂપ અકારનો, ઉકારમાં, સારી રીતે લય કરે. સુત્રાત્માને તૈજસરૂપ ઉકારનો મકારમાં સારી રીતે લય કરે. ॥ ૪૯ ॥

અવ્યાકૃત અને પ્રાજ્ઞરૂપ મકારનો ચિદાભાસમાં સારી રીતે લય કરે, જે હું ચિદાત્મા નિત્યબુદ્ધ નિત્યમુક્ત સદ્દરૂપ અદ્વય, (આગળ સંબંધ છે) ॥ ૫૦ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વિશ્વ–પ્રાજ્ઞ લક્ષણ બધું, સચરાચર બ્રહ્માંડ;
વાચ્ય વાચક ઐકયથી, ૐકાર માત્ર તમામ. ૯૩

વાચ્ય વાચકતણા, અભેદથી બ્રહ્માંડ;
પ્રણવ માત્ર તેને કહે, પંડિતજન વિદ્વાન્. ૯૪

અકાર માત્રા વિશ્વ છે, ઉકાર તૈજસ થાય;
મકાર માત્રા પ્રાજ્ઞ છે, ક્રમે એમ જોવાય. ૯૫

અકાર માત્ર વિરાટ છે, હિરણ્યગર્ભ ઉકાર;
અક્ષર માત્ર મકાર છે, ક્રમથી થાય વિચાર. ૯૬

વસ્તુતઃ બ્રહ્માંડ આ, બ્રહ્મ બ્રહ્મ છે બ્રહ્મ;
અન્ય વસ્તુ દેખાય તે, ભ્રમ ભ્રમ છે ભ્રમ. ૯૭

સમાધિ સમયનિ પૂર્વમાં, કરી ઓંકાર વિચાર;
ચિદાત્મમાં સ્થુલ સુક્ષ્મનો, કરવો લય તતકાળ. ૯૮

વિરાટ વિરાટ વિશ્વ અકારનો, ઉકારમાં લય થાય;
સુત્રાત્માને તેજસ, ઉકાર મકારે જાય. ૯૯

અવ્યાકૃત ને પ્રાજ્ઞ બે, મકાર ચિદાત્મામાંય;
વિવેકથી સારી રીતે, લયતા પામી જાય. ૧૦૦

નિત્યશુદ્ધ ને નિત્યબુદ્ધ, ચિદાતમા સદરૂપ;
અદ્વય પરમાનંદ હું, વાસુદેવ સ્વરૂપ. ૧૦૧

(આ દોહાના આગળ સંબંધ માટે જુઓ પાન નં ૨૬૩)

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

अहमात्मा साक्षी केवलश्चिन्मात्रस्वरूपः, नाज्ञानं नापि तत्कार्यम् । किन्तु नित्यशुद्धबुद्ध मुक्तसत्यस्वभावं परमानन्दाद्वयं प्रत्यग्भूतचैतन्यं ब्रह्मैवाहमस्मीत्यभेदेनावस्थानं समाधिः । "तत्त्वमसि" (छान्दो० ६।८।७) "ब्रह्माहमस्मि" (परमहं० ३) "प्रज्ञानमानन्दंब्रह्म" ए० । बृ० ३ । ९), "अयमात्मा ब्रह्म" (बृह० २।५।१९)

इत्यादिश्रुतिभ्यः ॥ इति पञ्चीकरणं भवति ॥ ॐ ॥

इति श्रीमच्छंकराचार्यविरचितं पञ्चीकरणम् ॥

સૂત્રાર્થ:—હું આત્મા સાક્ષી કેવળ ચિન્માત્ર સ્વરૂપ છું. અજ્ઞાન નથી, અજ્ઞાનનું કાર્ય નથી, નિત્ય-બુદ્ધ, નિત્યશુદ્ધ નિત્યમુક્ત સ્વભાવવાળું પરમાનંદ અદ્વય પ્રત્યગભૂત ચૈતન્ય બ્રહ્મ એજ હું છું એમ અભેદ સ્વરૂપે જે અવસ્થાને તેજ સમાધી કહેવાય છે. નીચેનાં શ્રુતિવાકયથી પંચીકરણ સાર નીકળે છે.

१ तत्त्वमसि	(છાંદોગ્ય)
२ ब्रह्माहमस्मि	(પરમહંસ)
३ प्रज्ञानमानंदब्रह्म	(બૃહદારણ્યક)
४ अयमात्माब्रह्म	(બૃહદારણ્યક)

આ પ્રમાણે શ્રીમચ્છંકરાચાર્ય વિરચિત પંચીકરણ સમાપ્ત.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

परमानन्दसंदाहवासुदेवोऽहमोमिति ।
ज्ञात्वा विवेचकं चित्तं तत्साक्षिणि विलापयेत् ॥ ५१ ॥
चिदात्मनि विलीनं चेतच्चितं नैव चालयेत् ।
पूर्णबोधात्मनासीत पूर्णाचलसमुद्रवत् ॥ ५२ ॥
एवं समाहितो योगो श्रद्धाभक्तिसमन्वितः ।
जितेन्द्रियो जितक्रोधः पश्येदात्मानमद्वयम् ॥ ५३ ॥
आदिमध्यावसानेषु दुःखं सर्वमिदं यतः ।
तस्मात्सर्वं परित्यज्य तत्त्वनिष्ठो भवेत्सदा ॥ ५४ ॥
यः पश्येत्सर्वगं शान्तमानन्दात्मनमव्ययम् ।
न तेन किञ्चिदाप्तव्यं ज्ञातव्यं वावशिष्यते ॥ ५५ ॥

भावार्थ—(પચાસમા શ્લોકના અર્થથી સંબંધ મેળવવો) પરમાનંદ સમુદ્રરૂપ અને વાસુદેવ સ્વરૂપ છું તે હું ॐકાર સ્વરૂપ છું એમ સમજીને વિવેચન કરનાર જે ચિત્ત તેનો તેના સાક્ષીરૂપ ચિદાત્મામાં સારી રીતે લય કરે. ॥ ૫૧ ॥

ચિદાત્મામાં લય પમાડેલાં તે ચિત્તને પછી કયાંઇ પણ ચલાયમાન ન કરે અને, પૂર્ણ અને અચળ સમુદ્રની જેમ પૂર્ણબોધ સ્વરૂપે સ્થિર (અચળ) થાય. ॥૫૨॥

આ પ્રમાણે શ્રદ્ધા ભક્તિવાળો જિતેન્દ્રિય, જિતક્રોધ અને એકાગ્રચિત્તવાળો યોગી અદ્વય આત્માને જુએ. ॥ ૫૩ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જે કારણથી આદિ, મધ્ય અને અવસાનમાં આ સકળ જગત્ દુઃખ રૂપ છે તે હેતુથી સર્વનો પરીત્યાગ કરીને સદા તત્વમાં નિષ્ઠાવાળો થાય. ॥ ૫૪ ॥

જે યોગી સર્વવ્યાપક, શાંત, આનંદરૂપ અને અદ્વય એવા આત્માને જુએ છે, તે યોગીને બીજું કાંઇ પ્રાપ્તવ્ય કે જ્ઞાતવ્ય અવશેષ રહેતું નથી. ॥ ૫૫ ॥

(એકસો એકના દોહાનો સંબંધ ધ્યાનમાં રાખી આગળ પ્રવૃત્તિ કરવી.)

તે હું છું ૐકાર રૂપ; એમ ચિંતવું :ચિત;
લય તે ચિત્તનો સાક્ષીરૂપ, ચિદાત્મમાંય ખચીત. ૧૦૨

સારિ રીતે થાય છે, માટે સુજ્ઞ કોવીદ;
સાક્ષીરૂપ ચિદાત્મમાં, લય કરતા આ ચિત્ત. ૧૦૩

તકાર ચિત્તવિષે દિસે, છેક ભ્રમ અધ્યાસ;
વિશેષ જ્ઞાનથી ટાળતા; તકાર સજ્જન ખાસ. ૩૦૪

ચિત્ નામ ચૈતન્ય થૈ. રહેતા સંત અનંત;
ચિત્ત તણો લય સાક્ષીમાં, કરતાં થાતા બ્રહ્મ. ૧૦૫

ચિદાત્મમાંજ વિલીન આ, ચિત્તન વીર ખચીત;
ચલાયમાન કરતા અહીં, વસતા થૈ સત્ ચિત્. ૧૦૬

અચળ રહેતા બ્રહ્મમાં, સમુદ્ર તુલ્ય સુજાણ;
સમુદ્ર સમ પરિપૂર્ણ તે, રહેતા બુદ્ધિમાન. ૧૦૭

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પૂર્ણ બોધ સ્વરૂપથી, સ્થીર ધીર થઇ જાય;
ધક્ષ્ય અખંડાનંદમાં, સંત સદાય સમાય. ૧૦૮

આમ શ્રદ્ધા ભક્તિ સહ, જીતેન્દ્રિય જિતક્રોધ;
એકાગ્રચિત્ત એવા સદા, સાવધ યોગી લોક. ૧૦૯

અદ્વય જોતા આતમા, જ્ઞાન નેત્રથી નિત્ય;
પ્રારબ્ધ ક્ષય આ રીતથી, કરતા સંતખચીત. ૧૧૦

પ્રરબ્ધ રૂપી વાયરો, શરીર રૂપી પાન;
જ્યાં જ્યાં વસડી જાય ત્યાં, વિચરે છે વિદ્વાન. ૧૧૧

પરમારથમાં ગાળતા, પ્રારબ્ધ યોગી લોક;
પૂર્ણ બોધથી અવરનો, હરતા ભવ ભય શોક. ૧૧૨

આખર આવા જ્ઞાનીઓ, બ્રહ્મરૂપ સ્થિર થાય;
પ્રારબ્ધ ક્ષય થયા પછી, બ્રહ્મરૂપ થઈ જાય. ૧૧૩

કીટ ભ્રમરના ધ્યાનથી થાતો ભ્રમર સ્વરૂપ;
સંત બ્રહ્મના ધ્યાનથી, થાતા બ્રહ્મ સ્વરૂપ. ૧૧૪

સંચીતને ક્રિયમાણનો, કરી જ્ઞાનથી નાશ;
પ્રારબ્ધ ફળ પુરાં કરી, ભળે બ્રહ્મમાં ખાસ. ૧૧૫

પ્રારબ્ધ સૌને શીર છે, મટે નહીંજ કદાય;
સંચીત ને ક્રિયમાણનો, જ્ઞાને નાશ કરાય. ૧૧૬

નળ, બળરામ, યુધિષ્ઠિર, રખડયા વનમાં એજ;
મહિમા છે પ્રારબ્ધનો, પ્રારબ્ધો ન મટેજ. ૧૧૭

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અજ્ઞાની તો કામના, કરે જગતમાં ખુબ;
સંચિત ને ક્રિયમાણમાં, થાતા તે તો ડુબ. ૧૧૮
તેથી તેને જગતમાં, જનમ મરણ બહુ થાય;
કર્મતણી ગ્રંથી બધી, મજબુત ત્યાં બંધાય. ૧૧૯
સંત જનો તો સર્વદા, કરે કર્મ નિષ્કામ;
વિહીત તે પણ આચરે, નિષિદ્ધનું નહિં નામ. ૧૨૦
તેથી તેના જ્ઞાનથી, સંચિત અને ક્રિયમાણ;
બળી જતાં પડતો નહીં, તે ચોરાશી ખાણ. ૧૨૧
અંતઃકરણ શુદ્ધિ તણી, પૂર્વક કર્મ પરોક્ષ;
જ્ઞાનતણાં સાધન ગણી, કરતા પંડિત લોક. ૧૨૨
નિષ્કામ કર્મ કર્યાવડે, અંતર ચોખ્ખું થાય;
જ્ઞાની ફળ સંકલ્પ વિણ, કરતા કર્મ સદાય. ૧૨૩
સકામ કર્મના યોગથી, કર્મગ્રંથી બંધાય;
નિષ્કામ કર્મ કર્યાવડે, ઉલટી છુટી જાય. ૧૨૪
જ્ઞાની તો કર્મો કરી, ઉલટા અળગા થાય;
પ્રારબ્ધ ક્ષય પામ્યા પછી બ્રહ્મરૂપેજ સદાય. ૧૨૫
આદિ મધ્ય ને અંતમાં, જે હેતુથી જગત;
દુઃખરૂપ છે તે હેતુમાં, નહીં થઈ આસકત. ૧૨૬
વિષય વિશ્વના ત્યાગીને, તત્વ નિષ્ઠ વિદ્વાન;
નિષ્ઠા રાખી બ્રહ્મમાં, થાતા બ્રહ્મ સમાન. ૧૨૭

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સર્વત્ર વ્યાપક શાંત જે, અદ્વય આનંદરૂપ;
એવો જુએ આતમા, જે યોગી ગુણ ભુપ. ૨૮

તે યોગીને જાણવા, યોગ્ય નહીં અવશેષ;
તે યોગીને પામવા, યોગ છે અવશેષ. ૧૨૯

પરમાનંદ સ્વરૂપ તે સુખ સુખનું સુખ;
તે યોગી તો જ્ઞાનનું રૂપ રૂપ છે રૂપ. ૧૩૦

સર્વ પ્રાણી હૃદયસ્થ જે, વાસુદેવ પરબ્રહ્મ;
જે જુએ વિદ્વાન તે, કૃત્ય છે સંત. ૧૩૧

वासुदेवं परंब्रह्म सर्व भूताशये स्थितम् ।
कृतकृत्यो भवेद्विद्वाञ्जीवन्मुक्तो भवेत्सदा ॥ ५६ ॥

कदाचिद्व्यवहारेषु द्वैतं यद्यपि पश्यन्ति ।
बोधात्मव्यतिरेकेण न पश्यति चिदन्वयात् ॥ ५७ ॥

किन्तु पश्यन्ति मिथ्येवं दिङमोहेन्दुविभागवत् ।
प्रतिभासशरीरः स्यात्तदा प्रारब्धसंचयात् ॥ ५८ ॥

"तस्य तावदेव चिर" मित्यादि श्रुतिरब्रीत् ।
प्रारब्धस्यानुवृत्तिस्तु मुक्तस्याभासमात्रतः ॥ ५९ ॥

सर्वदा मुक्त एव स्याज्ज्ञाततत्वः पुमानसौ ।
प्रारब्धशेषभोगस्य संक्षये तदनन्तरम् ॥ ६० ॥

अविद्यातिमिरातीतं सर्वभासविवर्जितम् ।
चैतन्यममलं शुद्धं मनोवाचामगोंचरम् ॥ ६९ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

वाच्यवाचकनिर्मुक्तं हेयोपादेयवर्जितम् ।
प्रज्ञानधनमानन्दं वैष्णवं पदमश्नुते ॥ ६२ ॥

ભવાર્થ—સર્વ પ્રાણીઓના હૃદયમાંસ્થિત વાસુદેવ પરબ્રહ્મને જે જુએ તે વિદ્વાન કૃત્યકૃત્ય થાય છે અને સદા જીવન્મુકત થાય છે ॥ ૫૬ ॥

તે જો કે વ્યવહારમાં કયારેક દ્વૈતને જુએ છે, પણ ચૈતન્યના અન્વયથી બોધાત્માથી વ્યતિરેકરૂપે નથી જોતો. ॥ ૫૭ ॥

પણ દિશાની ભ્રાંતિ અને ચંદ્ર વિભાગની જેમ તે દ્વૈતને મિથ્યારૂપેજ જુએ છે અને શરીરની પ્રતિતિ તો પ્રારબ્ધ સંચય યોગથી થાય છે. ॥ ૫૮ ॥

તેને વિદેહાવસ્થામાં પ્રારબ્ધના ક્ષય પર્યંતનોજ વિલંબ છે ઇત્યાદિ શ્રુતિ પણ એ પ્રકારે કહે છે. મુક્ત પુરૂષને પ્રારબ્ધની અનુવૃત્તિ તો આભાસ માત્રથીજ છે.

જાણેલું છે તત્વ જેણે એવો આ મુમુક્ષુ સર્વદા મુક્તજ છે; અને પ્રારબ્ધ ભોગના શેષનો સારી રીતે નાશ થયા પછી અવિદ્યારૂપ અંધારાથી પર, સર્વ આભાસથી અત્યંત રહિત, ચૈતન્યરૂપ, શુદ્ધ, મન વાણી નો અવિષય, વાચ્ય વાચક ભેદરહિત. તજવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્યથી રહિત, સર્વજ્ઞાનસંપતિ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સ્વરૂપ અને આનંદરૂપ એવાં પરમાત્મ પદને પામે છે. ॥ ૬૦ ॥ ॥ ૬૧ ॥ ॥ ૬૨ ॥

સર્વ હૃદયમાં છે રહ્યું, વાસુદેવ પરબ્રહ્મ;
તેને જાણી મનનથી, મુકત થાય છે સંત. ૧૩૨
મેલી મમતા વિશ્વની, ભજ્યું નામ ભગવાન;
તેવા ઉત્તમ જ્ઞાનીને, શું મૃત્યુથી હાણ. ૧૩૩
લાભ અલાભ સમાન છે, વિશ્વ કુટંબ સમાન;
હીરો તેવા સંતનો, મહિમા અદ્ભુત જાણ. ૧૧૪
તે જ્ઞાની વ્યવહારમાં, જો કે દેખે દ્વૈત;
(ચેતનના)અન્વયથી બોધાત્મના વ્યતિરે કેન ખચીત. ૧૩૫
પણ દિશાના ભ્રમસમ, ચંદ્ર ભાગ સમ ધીર;
મિથ્યારૂપે દ્વૈતને, દેખે જ્ઞાની વીર. ૧૩૬
પ્રારબ્ધના સંચય વડે, પ્રતીત માત્ર આ કાય;
જ્ઞાનીને થાતી સાદા, તે છે મુકત સદાય. ૧૩૭
આત્મારૂઢ વિદ્વાનને, વિશ્વ નહીં દેખાય;
બ્રહ્મરૂપ બ્રહ્માંડ આ, અદ્વય એક જણાય. ૧૩૦
પ્રારબ્ધ માત્ર જે સંતનુ, શરીર માત્ર જણાય;
તેને શ્રુતિઓ ગાય છે, જીવન મુકત સદાય. ૧૩૯
પ્રારબ્ધ ક્ષય પર્યંત છે, જ્ઞાનીની તો દેહ;
પ્રારબ્ધ નાશે થાય છે, વિદેહ મુકત નર એહ. ૧૪૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પ્રારબ્ધની અનુવૃત્તિ તો, છેજ માત્ર આભાસ;
વિદેહ મુકિતમાં સ્થીર છે, જ્ઞાની નિત્યે ખાસ. ૧૪૧

જડ ચૈતન્ય વિવેક છે; થાવા આતમજ્ઞાન;
જ્ઞાનીની દૃષ્ટિ વિષે, બ્રહ્મરૂપ બ્રહ્માંડ. ૧૪૨

ઉત્તમ દ્રષ્ટિ સંતની, વૃષ્ટિ દયા વરસાદ;
સૃષ્ટિ વ્યષ્ટિ સમષ્ટિમાં દેખે બ્રહ્મ અપાર. ૧૪૩

જાણેલું છે તત્વને, એવો આ વિદ્વાન;
મુકત મુકત એવો સદા, યોગી ઉત્તમ જાણ. ૧૪૪

અવિદ્યા તિમિર અતીતને, સર્વાભાસ રહીત;
ચેતનરૂપ મન વાણીનો નહિં વિષય જે નિત્ય. ૧૪૫

વાચ્ય વાચક ભેદથી, રહિત આનંદ રૂપ;
ગ્રાહ્યાગ્રાહ્ય રહીતને, સર્વ જ્ઞાન ઘન રૂપ. ૧૪૬

એવો જે પરમાત્મા, તેનાં પદને ખાસ,
પ્રાપ્ત કરે પ્રારબ્ધનો, ક્ષય થાતાં મુનિરાજ. ૧૪૭

इदं प्रकरणं यत्नाज्ज्ञातव्यं भगवत्तमै : ।
अमानित्वादिनियमैर्गुरुभक्तिप्रसादतः ॥ ६३ ॥

इमां विद्यां प्रयत्तेन योगी संध्यासु सर्वदा ।
समभ्यसेदिहामुत्र भोगानासक्तधीः सुधीः ॥ ६४ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

रागद्वेषादिरहितः स्वात्मानं चिन्तयेत्सदा ।
स एव जीवन्मुक्तो वा न पुनर्भवसंभव : ॥ ६५ ॥

इति श्रीमत्सुरेश्वराचार्यविरचितं पञ्चीकरण-
वार्तिकं संपूर्णम् ॥

ભાવાર્થઃ—આ પ્રકરણ અમાનિત્વાદિ નિયમોથી અને ગુરૂ ભકિતના પ્રસાદથી પવિત્રાશય પુરૂષોએ પ્રયાસપુર્વક સમજવા યોગ્ય છે.

(અમાનિપણું અદંભીપણું, અહિંસા, ક્ષમા, સરળતા, આચાર્યની સેવા, પવિત્રતા, સન્માર્ગમાં સ્થિતિ, શરીરાદિને વશ રાખવાં તે ઇંદ્રિયના ભોગોમાં અનાસકિત, નિરહંકારત્વ, જન્માદિ દુઃખોમાં દોષદ્રષ્ટિ સ્ત્રયાદિમાં મમતાનો અભાવ, સ્ત્રયાદિમાં અહંબુદ્ધિનો અભાવ, ઇષ્ટાનિષ્ટમાં સમભાવના, ઇશ્વરની અવ્યભિચારિણી ઉપાસના, વિજન સ્થળમાં વાસ, વિષયાસકત જનોનો ત્યાગ, આત્માનાત્માનાં જ્ઞાનમાં નિષ્ઠા. અને તત્વજ્ઞાનનું ફળ જે મોક્ષ તેમાં પરમપ્રેમ–દ્રષ્ટિ ઇત્યાદિ વિશ લક્ષણો અમાનિત્વાદિ કહેવાય છે,

આ લોક પરલોકના ભોગોમાં આસકિત વિનાની બુદ્ધિવાળો તથા નિર્મળ પ્રજ્ઞાવાળો સાધક પુરૂષ આ વિદ્યાનો સર્વદા સંધ્યાકાળમાં સારી રીતે અભ્યાસ કરે. ॥ ૬૪ ॥

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જે પુરૂષ રાગદ્વેષાદિ વિનાનો થઇ નિરંતર સ્વાત્મ-ચિંતન કરે તે ખરેખર જીવનમુકત છે, અને તે નસપુનરાવર્તતે નસપુનરાવર્તતે ઇત્યાદિ શ્રુતિ કથન મુજબ પુનર્ભવ પામતો નથી. ॥ ૬૫ ॥

આ પ્રકરણનો યોગ્ય છે, કરવો નિત્ય વિચાર;
અમાનિત્વાદિ નિયમોવડે, ગુરૂ કૃપા અનુસાર. ૧૪૮
યત્નવડે આ જાણવું, જ્ઞાન જ્ઞાનનું જ્ઞાન,
કરવું બ્રહ્માનંદમાં, સ્નાન સ્નાન નિત સ્નાન. ૧૪૯
ઇહિ લોક પરલોકના, ભોગ વૃથા છે શોક;
કાગ વિષ્ટાવત્ બુદ્ધિ ત્યાં, કરતા કોવિદ લોક, ૧૫૯
તે નિર્મળ યોગી જનો, આ પ્રકરણનો રોજ;
અભ્યાસ આદરી પામતા, મુકિત મોટી મોજ. ૧૫૧
રાગદ્વેષથી રહિત રહિ, નિરંતર સ્વાત્મ વિચાર;
કરતો જે જન બંધ ત્યાં, પુનરાવૃત્તિ દ્વાર. ૧૧૫
તેજ ખરો વેદે યતિ, જીવન મુકત પ્રમાણ;
પુનર્જન્મ તેને નહીં. હીરો દીન અજાણ. ૧૫૩

વેદાંત કવિ હીરાલાલ કૃત શ્રીમત સુરેશ્વરાચાર્ય
વિરચીત પંચીકરણ વાર્તિકનું ભાષાંતર.
સંપૂર્ણ.

વેદાંતકવિ હીરાલાલ જાદવરાય બુચ કૃત દોહા-
નુવાદ કાવ્ય સંપૂર્ણ.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શાર્દુલ

પાતાળે ગગને વને દશદિશે, ને અંતરિક્ષે જળે;
ભસ્મે ને શ્રુતિ કાષ્ટ લોષ્ટ સઘળે, ને સ્થાવર જંગમે.
શૈલે સિંધુ ..... :સૂર સરમાં સર્વૌષધી બીજમાં;
પુષ્પાગ્રે છઉં એકવ્યાપી શિવ હું હીરોજ અસ્તિત્વમાં.

—: પૂર્ણાહુતિ :—

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સચિત્ર

ત્રિકાળ-જ્ઞાન-કોશ

અથવા

અદ્ભુત વિદ્યાઓનો મહાસાગર.

આવૃતી ૩ જી — કિંમત રૂ. ૮-૦-૦ પોસ્ટેજ ૦-૧૦-૦

હમણાં જ નવી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે.

આ પુસ્તકમાં નીચેની ૧૪ વિદ્યાઓ આપેલી છે. પૃષ્ઠ સંખ્યા ૪૨૦ પાકું પુઠું, ૧૩૮ પરિચ્છેદોમાં એકંદરે ૯૬૯ બાબતોની માહિતી અને ૧૦૯ ચિત્રો અથવા આકૃતિઓ આપેલી છે. આવો સંપૂર્ણ વિગતોથી ભરેલો ગ્રંથ હજી સુધી ગુજરાતી ભાષામાં બહાર પડયો નથી.

૧ **માનસ વિદ્યા** અથવા મેન્ટલ સાયન્સ, ત્વચા, આંખ, કાન, નાક, જીભ એ ઇંદ્રિયોની શક્તિની માહિતી અને તેને કેળવવાની રીતો. ૨. **આકર્ષણ વિદ્યા** અથવા પર્સનલ મેગ્નેટિઝમ. મનુષ્યમાં રહેલી આકર્ષણ શક્તિને કેળવવાની અને તેનો ઇચ્છા મુજબ ઉપયોગ કરી માણસનું આકર્ષણ તથા વશીકરણ કરવાની અનેક રીતો. આકર્ષણ શક્તિને પ્રસારવાની અને તેવી શક્તિવાળા માણસના પંજામાંથી છૂટવાની રીતો. (૩) **મસ્તક વિદ્યા** અથવા ફ્રેનોલોજી.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

માણસના મસ્તકની જુદી જુદી શક્તિ અને તેના માથા પર હાથ ફેરવીને જાણી લેવાની રીત, અનેક ચિત્રો અને સંપૂર્ણ સમજુતી સાથે. (૪) **માનસ સંદેશ વિદ્યા** અથવા મેંટલ ટેલીપથી વિચાર શક્તિ કેળવીને એક બીજા તરફ માનસિક સંદેશા કેવી રીતે મોકલી શકાય તે ચિત્રો સાથે સમજાવેલું છે તર્કવાચન અથવા માઇંડ રીડીંગ અને મેન્ટલ ફોટોગ્રાફી પણ સારી રીતે સમજાવેલી છે. (૫) **મોહીની વિદ્યા અથવા મેસ્મેરીઝમ** હાથ ઉતારા વડે માણસને મેસ્મેરીઝની શક્તિથી ઉંઘાડવો, તેની કુટેવો સુધારવી, દર્દો મટાડવા, તેની પાસે કાર્યો કરાવવાં, જુદી જુદી જાતના હાથ ઉતારા, પશુ–પક્ષી–મનુષ્ય સર્વને હીપ્નોટાઈઝ કરવાની સહેલી અને અસરકારક રીતો ચિત્રો સાથે આપી છે. (૬) **પ્રેતાવાહન વિદ્યા** અથવા સ્પીરીચુએલીઝમ. ભૂત પ્રેતને બોલાવવાની અને તેમની સાથે, વાતો કરવાનો અનેક રીતો, ભૂતોના ફોટોગ્રાફો, ભૂતોના ચમત્કારો બનવાનાં કારણ, ભૂતનો વળગાડ મટાડવાની રીતો, એ બધું સંક્ષેપમાં આપ્યું છે. (૭) **ત્રિકાળ દર્શન વિદ્યા** હઝરત, કાજળી, ત્રિકાળ દર્શન આપનાર ત્રિકાળદર્શી વીંટી, પ્લેન્ચેટ વગેરે બનાવવાની અને વાપરવાની રીતો. (૮) **મંત્ર વિદ્યા** મંત્રોમાં રહેલી શકિત, મંત્રોને આધીન દેવતા કેમ રહે છે. મંત્રબળ સફળ થાય તે બતાવનારી રીતો, અને મોહન, વશીકરણ, આકર્ષણ, મનઃકામનાની સિદ્ધિ, અનેક દુઃખ દર્દ મટાડવા, સાપ–વીછી ઉતારવાની ઇત્યાદિના સેંકડો સંશોધન કરેલા મંત્રોનો મહાસાગર. (૯) **યંત્ર વિદ્યા** પંદરો, વીસો, શત્રુ પીડાને, કષ્ટનિવારણનો, પ્રેત કાઢવાનો, વશીકરણનો, મંગળકારી, આદાશીશી મટાડવાનો ઇત્યાદિ અનેક યંત્રોને પ્રાચીન ગ્રંથોમાંથી પ્રાપ્ત કરીને છાપેલા છે. (૧૦) **તંત્ર વિદ્યા** ઇંદ્રજાળના ચમત્કારિક પ્રયોગો જેવા કે સ્ત્રીને વશ કરવાનો, મોહન, સંતાન વશીકરણ, આકર્ષણ, સુવર્ણ બનાવવું, કોર્ટ કચેરીમાં જય મેળવો, ભૂતબાધા નિવારણ અને શરીરના રોગો મટાડવાના અનેક તાંત્રિક પ્રયોગોનો સંગ્રહ પ્રયોગો સહેલાઇથી ઘર આંગણે થઇ શકે તેવા છે. (૧૧) **સ્વપ્ન વિદ્યા** ભૂમિ; પાણી, સૂર્ય, જીવડાં, પશુ, પંખી, ધાતુઓ, દુધ, દહીં, ધાન્યો ઇત્યાદિ અનેક પ્રકારનાં સ્વપ્નો આવે ત્યારે તેનાં

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કેવાં ફળ મળે તેની, અમંગળ સ્વપ્નના નિવારણની વિસ્તૃત માહિતી (૧૨) **શકુન વિદ્યા**-અંગો ફરકવાં, કાકશબ્દ શકુન, ગરોળીકાચીંડાના શકુન, છીકના શકુન, જૈન શકુન વિદ્યા ઈત્યાદિનો સંગ્રહ (૧૩) **હસ્તાક્ષર પરીક્ષણ વિદ્યા** માણસના હસ્તાક્ષર પરથી તેની ખાસીયત જાણી લેવાની રીત. આમાં ગાંધીજી, કલાપી, મહારાણી વિક્ટોરીયા, સુજ્ઞ ગોકુલજી ઝાલા, ટોલસટોય, એલીઝાબેથ, નાનાલાલ કવિ વિગેરે જાણીતા સ્ત્રી પુરુષોના હસ્તાક્ષરના સંખ્યાબંધ નમુના આપ્યા છે. (૧૪) **કોકશાસ્ત્ર અથવા રતિવિદ્યા** સ્ત્રી પુરુષોનાં અવયવો વગેરે ઉપરથી તેમની જાતીની ઓળખાણ સ્ત્રી સમાગમના પ્રકારો, આસનો મરજી પ્રમાણેના બાળક ગુપ્ત દર્દો તથા તેના ઉપાયો, નપુંસકતાના પ્રકાર તથા ઉપાયો વંધ્યત્વનાં દર્દો અને તેના ઉપાયો, વીર્યવૃદ્ધિના ઉપાયો વગેરેનો મોટો સંગ્રહ.

આજેજ મંગાવી ખાત્રી કરો કીંમત રૂા. ૮-૦-૦ પોસ્ટેજ ૦-૬૦-૦

સર્વ જાતના પુસ્તકો મળવાનું ઠેકાણું—

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે-બુકસેલર

ત્રણ દરવાજા—અમદાવાદ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ભોજ પ્રબંધ

બલ્લાળ કવિ વિરચીત મૂળશ્લોક સહિત ગુજરાતી ભાષાન્તર

સંગ્રહ કર્તા: વિશ્વનાથ ગોવિંદજી દ્વિવેદી.

રાજા ભોજથી ભાગ્યે કોઈ હિન્દુ અજાણ્યો હશે. તેની સુવિદ્યારૂચી સર્વ પરિચીત છે. તેના દરબારમાં અનેક કવિઓ ર[illegible] જગન્માન્ય વિદ્વાનો હતા. આવા ચતુર અને વિદ્વાન પુરૂષાની કવિતાઓ, અને રાજા અને તેમના [illegible]ચ્ચે [illegible]લા પ્રસંગોચિત્ અનેક સંવાદો આમાં આપેલા છે. [illegible] [illegible]નોનો અનેક વર્ષોનો અભ્યાસ આપણે આ પુસ્તકમાં [illegible]થાએ [illegible] અને સામાન્ય જનતાને ઉપયોગી થઈ [illegible]કે તેવા રીતે રચાયેલો જોઈએ છીએ. સંસ્કૃત ભાષામાં તેની અનેક આવૃત્તિઓ થઈ છે અને છપાયાજ કરે છે. આવો સર્વ રીતે ઉપયોગી ગ્રંથ ગુજરાતી વાચકોને પણ ઉપયોગી થાય તે માટે તેનું ગુજરાતી ભાષાન્તર કરવામાં આવ્યું છે. સંસ્કૃત શ્લોકો પણ સમગ્ર આપવામાં આવેલા હોવાથી સંસ્કૃતનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ સરળ અને ખુબજ ઉપયોગી થઇ પડશે. સામાન્ય જનો માટે પણ આ પુસ્તક જ્ઞાન સાથે ગમત આપનારૂં હોઈ અનેક ગંભીર વિષયોને [illegible] અને [illegible]રૂપે વિનોદ સાથે ગોઠવેલા હોવાથી માર્ગદર્શક [illegible]શે. આ પુસ્તકની અત્યાર સુધીમાં બે આવૃત્તિઓ થઈ છે, [illegible] જ એની લોકપ્રિયતા સુચવે છે. ઉંચા ગ્લેજ [illegible]ગળ પાકું સોનેરી બાંધણીનું પુસ્તક, પૃષ્ટ સંખ્યા ૭૨[illegible] સાતસો વીસ હોવા છતાં કિંમત ફકત રૂા. ૩-૦-૦. પોસ્ટેજ જુદું.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, બુકસેલર

ડે. ત્રણ દરવાજા-**અમદાવાદ.**

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha